પ્રહલાદ બ્રહ્મભટ્ટ

# પિતામહ



# પિતામહ

લોકપ્રિય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨

## લેખકની કૃતિઓ

### નવલકથાઓ

* પિતામહ * દુર્યોધન * વફા બેવફા * કપટજાળ * પૂજાનું ફૂલ * હૈયાં મારાં નંદવાણાં * સૂની આભ અટારી * શોણલાં સ્નેહભીનાં * કાંટાની વાડ * પાણિગ્રહણ * ગુલાબે ચૂમ્યા કાંટા * અગનરેખા * શેષઅવશેષ * તરસ્યાં મોતી * આથમતાં અંધારાં * બિલોરી સમણાં * ચાંદ અમાવાસ્યાનો * રેતીનું ઘર * ઘટનાચક્ર * તાપપરિતાપ * તપોવનની તાપસી * અમૃત જાણી પીધાં ઝેર * અજવાળાં ઊતર્યાં આભલેથી * પૂર્વભવનાં ઋણ * સૂકી ધરતીનાં ગુલાબ * ઊજળું આભ : કાળી રાત * સંગ્રામ * અમે બે * અમીભર્યાં નેનાં * ઊંડા અંધારેથી * મનનાં બંધ કમાડ * મોભે બાંધ્યાં વેર * ભૂખ્યાં લોક, ભૂખી ધરા * આભાસ * ગુલ અને ફૂલ * ધુમ્મસભર્યું આકાશ * વૈશાખી વાયરા * કાચા સૂતરની ગાંઠ * તારામઢ્યું આકાશ * ભવનાં બંધન * પાંખ વિનાનાં પંખી * મંઝિલ ક્યાં ? * પાપગ્રહ * મનના આંબે મોર * ઝેરનાં પારખાં * પરોઢ પહેલાંની રાત * બારી બહાર અંતરમાં સૂનકાર * અંતર-વલોણું ૧–૨ * નાગરવેલનાં બે પાન ૧–૨ * પારકી થાપણ ૧–૨ * ખાખનાં પોયણાં * મુગ્ધા * સૂનાં હૈયાં સૂનાં મંદિરિયાં * ધરતીનું ફૂલ * માટીનાં માનવી * નવાં પ્રયાણ * કાચી માટીનું કોડિયું (બી. આ) * એક પંથ–બે પ્રવાસી * લીલી વાડી * સાધના અને સિદ્ધિ (બી. આ.)

## નવલકથાઓ

* અરમાનના અંગારા * અધૂરાં અરમાન * એક ડાળનાં પંખી (ત્રી. આ) * તૃષા અને તૃપ્તિ * ભવાટવિમાં ભૂલાં પડયાં * રસદા * * અધૂરા ફેરા * વિપુલ ઝરણું * ફૂલે લીધાં વેર * શ્યામ બાદલ રૂપેરી કોર * ચૂંદડી ઓઢી તારા નામની * મને ભવપાર ઉતારો * મધ્યાહ્નનો તાપ * પ્રફુલ્લ પોયણું * ઊઘડયાં દિલનાં દ્વાર * સ્નેહધામ સૂનાં સૂનાં * ગુલ ખીલ્યાં ફરી ! * પાનખરનો વિસામો * તુલસીક્યારે સમણાં જાગ્યાં * ભીની આંખનાં મોતી * ઊના ઊના વાયરા * વગડાનું પંખી * અધૂરી પ્રીત * સૂરજ આડે વાદળી * વિમાસણ * તૂટેલા કાચનો ટુકડો * તરસ્યાં હૈયાં * સમણાનો માળો * કોડિયાનો દીવો * ધ્રુવ પુરુષ * સપનાં ગુલાબી ખોવાણાં * પ્રપંચ ચક્ર * રાજલક્ષ્મી * અધૂરી પ્રણય ગાથા

## નવલિકાઓ

* મારી શ્રેષ્ઠ વાર્તાઓ * જિંદગીનાં રૂપ * બે પંખી-બે માળા * પૂર્ણા અને બીજી વાતો * બિન્દુ * ઉમા * ગૃહલક્ષ્મી

## જીવન

* નેતાજી (છ. આ) * નેતાજી (હિંદી આવૃત્તિ) * નેતાજીના સાથીદારો * ભગતસિંહ (જપ્ત) * સ્વામી શ્રદ્ધાનંદ * દલપતરામ * સેનગુપ્તા

## નાટકો

* લીલી વાડી * દત્તક દીકરી

BRAHMBHATT, Prahlad
PITAMAH, Novel
LOKPRIYA PRAKASHAN, Bombay
1990
891-473

© પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ

પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર ૧૯૯૦
પ્રત : ૧૨૫૦

રૂ. ૪૮—૦૦

પ્રકાશક
આર. જે. શેઠ, લોકપ્રિય પ્રકાશન
૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨

મુદ્રક
અશોકકુમાર આર. જાની, અન્નપૂર્ણા પ્રિન્ટિંગ પ્રેસ
સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૫

અર્પણ

પાનખરનો વિસામો બની રહેલી
લાડકી ચિ. **પરાગીને**—

લેખક

# પ્રસ્તાવના

તો કદાચ મહાભારતનું સર્જન પણ થયું ન હોત, જો હસ્તિનાપુરની ગાદીનો વારસ દેવવ્રત તેના પિતાની મોહાંધ બેહોશી તેના દિલને સ્પર્શી ગઈ ન હોત, ને પિતા શાન્તનુની ઇચ્છા પૂર્ણ કરવા માછી કન્યા મત્સ્યગંધાના પિતાની શરતો કબૂલ કરી ન હોત તો,

પણ ગંગાપુત્ર દેવવ્રત પિતાની હાલતથી ચિંતિત હતો, એટલે તેણે માછીમારની શરતોનો સ્વીકાર કર્યો, હસ્તિનાપુરની ગાદી પરનો પોતાનો હક્ક છોડી દીધો, એટલું જ નહિ, ભવિષ્યમાં પણ કોઈ વિવાદ જાગે નહિ તે માટે લગ્ન પણ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.

અને આ પ્રતિજ્ઞાના પાલન માટે તેણે આગ્રહ રાખ્યો. મત્સ્યગંધા જે સત્યવતીના નામે જાણીતી હતી તેનાં બન્ને સંતાનોને માટે રાણીઓ પણ તેમણે જ મેળવી, બંન્ને ભાઈઓની સંતાનવિહોણી પત્નીઓને જોતાં સત્યવતી દેવવ્રતને ગાદી સંભાળવા ને લગ્ન કરવા આગ્રહ કરે છે, પણ દેવવ્રત પોતાની પ્રતિજ્ઞામાંથી ચલિત થતો નથી એટલે જ તેની પ્રતિજ્ઞા ભીષ્મ પ્રતિજ્ઞા બની રહી.

મહાભારતનાં મહત્ત્વનાં પાત્રો અને તેમના પ્રસંગો, મહાભારતમાંથી વીણીને સ્વતંત્ર નવલકથાનું સર્જન કરવાના મારા નમ્ર પ્રયાસ રૂપે આ નવલકથા છે, તેનાં પાત્રોનો ઘાટ પણ નવલકથાના પાત્ર જેવો જ છે. એટલે મહાભારતના કોઈ પ્રસંગને અનુરૂપ પણ ન હોય એ સ્વાભાવિક છે. આમ છતાં પિતામહને સંપૂર્ણ ન્યાય આપવાની કાળજી તો રાખી જ છે.

પિતામહના હૈયામાં, જ્યારે તેમના પિતા શાન્તનુ માટે મત્સ્યગંધાની માંગણી કરી ને તેના બદલામાં માછીમારે જે શરતો મૂકી તેનો સ્વીકાર કરવા પાછળ પિતાની વૃત્તિ સંતોષવાનો હેતુ તો હતો જ, પણ સાથે સાથે હસ્તિનાપુરનું સામ્રાજ્ય ટકી રહે તેની પણ ચિંતા હતી. પાંડુના વન-પ્રસ્થાન પછી ધૃતરાષ્ટ્રને હવાલે ગાદી કરી ત્યારથી તેઓ અર્થના દાસ બની ધૃતરાષ્ટ્રના આશ્રિત બન્યા, અને જ્યારે પાંડવો સામે યુદ્ધ કરવા તૈયાર થાય છે ત્યારે તે સ્પષ્ટપણે એકરાર કરે છે કે પોતે અર્થના દાસ હોવાથી કૌરવ પક્ષે, પાંડવોની સામે યુદ્ધ કરશે.

મહાભારતનું સૌથી તેજસ્વી, પ્રબલ અને પ્રભાવશાળી પાત્ર દેવવ્રત-ભીષ્મ પિતામહ છે. અને એ પાત્રની તેજસ્વીતા ક્યાંય નબળી ન દેખાય તેની પૂરતી કાળજી પણ લેવામાં આવી છે.

મને વિશ્વાસ છે કે અગાઉની 'કપટજાળ' ને 'દુર્યોધન'ની માફક 'પિતામહ' પણ વાંચકોની પ્રીતિપાત્ર કથા બની રહેશે.

અંતમાં લોકપ્રિય પ્રકાશનના સંચાલક મિત્રોનો આભાર માનતાં આનંદ અનુભવું છું.

૬૪, આઝાદ સોસાયટી,
એલિસ બ્રિજ
અમદાવાદ-૧૫

પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ

મનુષ્ય અર્થનો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી

પિતામહ

# ૧

હસ્તિનાપુર પર અંધકાર છવાયો હતો. સર્વત્ર સૂનકાર હતો. માર્ગો સૂના સૂના હતા, આભની અટારી પર થોડા તારલા ઝબકતા હતા.

મહારાજા શાન્તનુનો રાજમહેલ પણ અંધકારની ચાદરમાં લપટાયો હતો, દાસદાસીઓ પણ નિંદ્રાધીન થયાં હતાં, દિવસભર સતત પ્રવૃત્તિથી ધમધમતા રાજમહેલમાં પણ શાન્તિ હતી, માત્ર મહારાણી ગંગાદેવી અર્ધ જાગ્રત અવસ્થામાં પોતાના પડખે સૂતેલા દીકરા પર હળવે હળવે પોતાનો હાથ ફેરવતાં ક્યારેક ઊર્મિલ બની જતાં એકદમ બેઠાં થઈ, બાળક સામે નજર માંડતાં. નવજાત બાળક શાંત હતું. આંખો બંધ કરીને પડી રહ્યું હતું.

હૈયાની ઊછળતી ઊર્મિઓ પર એકદમ પથ્થર મૂકી હતાશામાં ઘેરાયેલી ગંગાદેવી પુનઃ શૈયામાં પડતું નાખતાં બબડી, 'દુર્ભાગી, તને અહીં કોણે મોકલ્યો? વૈભવો, સુખચેનને જોયા વિના જ તારું જીવન હમણાં સમાપ્ત થશે, દુર્ભાગી!'

ગંગાદેવીની નજર સમક્ષ પોતાની કુખે જન્મેલા સાત સાત સંતાનોને તેણે જળસમાધિ લેવડાવી હતી, તેનાં દૃશ્યો સમક્ષ રમવા લાગ્યાં.

જ્યારે તે પ્રથમ પ્રસૂતા બની ત્યારે, મહારાજા શાન્તનુ તેને સમજાવતા હતા, 'ગંગાદેવી, આખરે હસ્તિનાપુરને તેનો ભાવિ મહારાજા પ્રાપ્ત થશે ત્યારે રાજ્યના લોકો કેવો હર્ષોલ્લાસ માણતા હશે?'

મહારાજા શાન્તનુ ઉલ્લાસભર્યા હતા, પણ ગંગાદેવી ગંભીર હતી.

'તમે કેમ કોઈ ઉલ્લાસ બતાવતા નથી, દેવી? તમારા પુત્રના જન્મનો આનંદ આખી પ્રજા માણે એ તમને ગમતું નથી?'

'પણ ઉલ્લાસ માણવાની વેળા જ ક્યાં હશે, રાજન્?' આખરે ગંગાદેવીએ જબાન ચલાવી.

'કેમ રાજકુમારનો જન્મ ઉલ્લાસ માણવાની વેળા નથી શું? જન્મના ઉલ્લાસ સાથે મૃત્યુનો શોક પણ માણવો જ જોઈશે ને?' ગંગાદેવીએ કહ્યું.

'આ શું કહો છો, દેવી? આવી અમંગલવાણી, મા તેના ભાવિ સંતાન માટે કેમ ઉચ્ચારી શકે?'

'હકીકત તો કેવળ નિશ્ચિત છે, રાજન્!' ગંગાદેવી ગંભીરતાથી કહી રહી ને ઉમેર્યું, 'તમારો રાજકુમાર જન્મશે તેના થોડા કલાકમાં જ જળસમાધિ પણ લેશે.'

'એટલે?' મહારાજા શાન્તનુ ગંભીર થતાં પૂછી રહ્યા, 'જળ-સમાધિ શા માટે? તમે તેની રક્ષા કરવાવાળા નથી શું? તે કોઈ તેને જળસમાધિ લેવડાવે?'

'કોઈ કોણ? ખૂદ તેની જનેતા જ તેને જળસમાધિ લેવડાવશે, રાજન્!'

'એટલે તમે? તમે જ તમારા સંતાનની હત્યા કરશો, દેવી?'

'હત્યા નહિ, રાજન્, પણ વચનપાલન કહો.' ગંગાદેવીએ સ્પષ્ટતા કરતાં કહ્યું. 'ભૂલી ગયા આપણા લગ્નપ્રસંગે નક્કી થયેલી શરત? હું મારા સંતાનોને જળસમાધિ લેવડાવીશ. તેમને જીવતા નહિ રાખું એમ તમને લગ્ન પહેલાં સ્પષ્ટપણે જણાવ્યું ન હતું?' ને પૂરી ગંભીરતાથી બોલી, 'એ મારી પહેલી શરત છે. હજી પણ શરતપાલન કરવી ન હોય તો મને જવા દો!'

બોલતાં બોલતાં તે ઊભી થઈ, બારણા પ્રતિ તેણે ડગ માંડચા.

શાન્તનુ ત્વરિત ગતિએ ઊભો થઈ બારણા વચ્ચે ઊભો ને ગંગાદેવીને કહી રહ્યો, 'ના, દેવી! તમે મારા સમસ્ત જીવનની ચેતના છો. તમે વિદાય થાવ પછી શાન્તનુના જીવનમાં કાંઈ જ રહેશે નહિ.' તેની આંખમાં પ્રેમ છલકાતો હતો.

'તો શરતના પાલન આડે આવવાનું ભૂલી જવું પડશે.' ગંગાદેવી દૃઢતાથી કહી રહી. 'તમે કદી પ્રેમભંગ કરશો નહિ, રાજન્!' ને હૈયાના ભાવો ઊછળી પડ્યા હોય એમ શાન્તનુને વળગી પડી. તેના હૈયા પર માથું મૂકીને હર્ષઘેલી થઈ રહી.

'મારું પણ કેવું સદ્ભાગ્ય છે, રાજન્!' ગંગાદેવી હર્ષ પુલકિત સ્વરે બોલી, 'તમારા જેવો પ્રિતમ મને મળ્યો!'

શાન્તનુ પોતાને વળગી પડેલી ગંગાદેવીની પીઠ પર ધીમે ધીમે હાથ પ્રસારતાં કહી રહ્યો, 'દેવી, મને ક્ષમા કરો. શરતના પાલનની આડે હું કદી નહિ આવું.' પણ સાથે જ તેના ચહેરા પર ખિન્નતા છવાઈ રહી. મનની ઉદાસીનતા વ્યક્ત કરતા નિસાસો નાખતા હળવેથી બોલ્યો, 'કુરુવંશનું શું થશે? તે અટકી જશે? હસ્તિનાપુરની ગાદીનો કોઈ વારસ પણ નહિ હોય?'

શાન્તનુના હૈયાથી અળગી થતા ગંગાદેવી બોલી, 'આમ અફસોસ શા માટે કરો છો, રાજન્? મેં ક્યાં માંગણી કરી છે કે ગંગાનો પુત્ર જ ગાદીવારસ બને?'

'હા, તમે માંગણી નથી કરી. પણ ગંગાના પુત્ર સિવાય બીજો કોણ ગાદીવારસ બની શકે તેમ છે?'

'તમે બીજી પત્ની કરો. તેનો દીકરો ગાદીવારસ થઈ શકશે ને?'

'બીજી પત્ની? પ્રેમમાં વળી ભાગલા હોઈ શકે, ગંગા?' દૂર ઊભેલી ગંગાનો હાથ પકડી તેને પોતાની પડખે ખેંચી હૈયાસરસી બે હાથે દબાવતાં ઊર્મિલ બનતાં શાન્તનુ પૂછી રહ્યો, 'તને એ ગમશે?'

'ગમવાનો પ્રશ્ન મારો છે, પણ તમારી ચિંતા તો દૂર થશે ને?'

ગંગાએ જવાબ દીધો.

'ના, ના, એવી કોઈ પાગલ જેવી વાત ન કરતી.' રાજા શાન્તનુ ગંગાદેવીના આવાસમાંથી બહાર ગયા. પોતાના આવાસમાં જઈ શૈયામાં પડ્યા. ગંગાદેવી પણ તેમની પાછળ પાછળ દબાતાં પગલે આવી પહોંચી. શાન્તનુની છાતીપર માથું મૂકી દ્રવિત સ્વરે પૂછી રહી, 'તમારા દિલને સંતોષ નથી ખરું ને રાજન? તમારી ચિંતા પણ મહત્ત્વની છે. એકના પ્રેમને ખાતર કુરુવંશની વેલ અટકાવવી ને ગાદી પણ બીનવારસ બનાવી દેવી ઉચિત છે, રાજન?'

'તો શું કરું?' પોતાની છાતી પર પડેલાં ગંગાદેવીના મસ્તક પર હળવે હળવે હાથ ફેરવતાં શાન્તનુ વ્યથાપૂર્ણ સ્વરે પૂછી રહ્યો.

'તમે ગંગાને જવા દો. આ પુત્રનું લાલનપાલન કરો ને રાજ્યવંશ ચાલુ રાખો.'

'ના, એ શક્ય નથી દેવી!' ગંગા વિનાનું જીવન મારા માટે શક્ય નથી.' મહારાજા શાન્તનુ ગંગાથી અલગ થવા તૈયાર ન હતા ને ગંગા પણ લગ્ન વખતની તેની શરતમાંથી પીછેહઠ કરવા પણ તૈયાર ન હતી.'

* * *

શિકારે નીકળેલા મહારાજા શાન્તનુ શિકારની પાછળ ઘોડો દોડાવતા સાથીઓથી એકલો પડી ગયો હતો. તે ખૂબ થાકી પણ ગયો હતો. તેની નજરમાં ભરી બેઠેલો શિકાર ઝાડીઓની પાછળ અદ્દશ્ય થતાં તે હતાશ પણ થયો હતો. તેણે એક વટવૃક્ષ નીચે ઘોડો થોભાવ્યો. નીચે ઊતરી વૃક્ષના ટેકે બેઠક જમાવી, તનમનનો થાક ઉતારવા લાગ્યો. તેની આંખોનાં પડળ બિડાતાં હતાં. ત્યાં તેની સમક્ષ એક રૂપવતી સૌંદર્યમઢી, આંખોના ઉલાળા ઉછાળતી યુવતી તેને સાદ દઈ રહી હતી, 'ખૂબ થાકી ગયા લાગો છો. જરા જળપાન કરશો?'

મહારાજા શાન્તનુના કર્ણપ્રદેશ પર મીઠો સ્વર અથડાતાં તેણે આશ્ચર્ય આંખો ખોલી ને તેની સામે જળ ભર્યું. પાત્ર લઈને

ઊભેલી રૂપરૂપના અવતારશી યુવતીને જોતાં આશ્ચર્યમુગ્ધ બન્યો. યુવતીના યૌવનભર્યા દેહનાં અર્ધ વિકસિત અંગોને રૂપે મઢેલી તેની કાયાને નજરમાં ભરતો ચિત્તશૂન્ય બની ગયો હોય એમ બેસી જ રહ્યો.

'લ્યો, જરા જળપાન કરો, થાક હળવો થશે!' યુવતીએ તેની સમક્ષ જળપાત્ર ધરતાં હાથ લંબાવ્યો.

પણ શાન્તનુ તો યુવતીના સૌંદર્યનું પાન કરતો હતો.

યુવતી પણ વૃક્ષના ટેકે બેઠેલા શાન્તનુને નજરમાં ભરી, મનમાં હરખાતી હતી. તેનેય સમવયસ્કની જરૂર હતી. કોણ જાણે કેમ, પણ શાન્તનુ જાણે તેના દિલદિમાગ પર છવાઈ ગયો હતો, પણ તેનો દમામ જોતાં યુવતીનાં મનનાં ઓરતાં ઠરી જતાં હતાં.

'કેવી મૂર્ખ છે તું? આ રાજાની રાણી થવાની તારી કોઈ યોગ્યતા છે ખરી?' યુવતીના દીલના ઊંડાણમાંથી પ્રશ્ન ઊઠતો હતો, 'તું ભલે સૌંદર્યવતી હો, યૌવનનો મોહક તરવરાટ પણ હો, પણ તું કોણ છે તે તો જાણે છે ને?' જાણે તિરસ્કાર વૃત્તિથી કોઈ તેને કહેતું હતું: 'જા, કોઈ ગમારને શોધી કાઢ.' તે ગંભીર, અસ્વસ્થ પણ હતી.

પણ ત્યાં શાન્તનુએ તેના હાથમાંનું જળપાત્ર લીધું ને તૃષા છીપાવવા જળપાન કરવા માંડયું.

યુવતી પણ હવે મનોકલ્પનાના ભયથી શાંત થઈ હતી.

'ખૂબ તૃષા લાગી છે, નહિ? બીજું લઈ આવું?' યુવતી પૂછી રહી.

'હા, તૃષા તો ખૂબ લાગી છે, પણ—' બોલતાં બોલતાં શાન્તનુ અટકી ગયો. તેની નજરમાં યુવતી ભરાઈ હતી, તેની આંખોમાં તુફાન હતું. પ્રથમ દૃષ્ટિએ જ શાન્તનુને યુવતીનું યૌવનથી થનગનતું દેહસૌંદર્ય ગમી ગયું. જળપાત્ર લેતાં યુવતીના કરનો જે આછોપાતળો સ્પર્શ થયો હતો. તેણે શાન્તનુની ચેતના હરી લીધી.

'પણ બણુની ચિંતા ન કરો. અહીં પાસે જ છે. હમણાં વધુ

પાણી લઈ આવું છું !' એમ બોલતાં યુવતી જળપાત્ર લઈને દોડી.

શાન્તનુ દોડતી યુવતીની પીઠ પાછળ નજર નાખી રહ્યો, હવામાં ઊડતી એની સાડીનો પાલવ તેનાં અંગોને ખુલ્લાં કરતો હતો. શાન્તનુ એનું રસપાન કરી રહ્યો હતો.

અહીં આવા નિર્જન વગડામાં આ અપ્સરા ક્યાંથી આવી ચડી હશે ? કેવી કામણગારી છે ? જાણે હૈયે દબાવી તેના અધરના રસપાન કરું ? શાન્તનુની વિહ્વળતા વધી પડી.

ત્યાં હાંફતી હાંફતી યુવતી જળપાત્ર સાથે શાન્તનુ સમક્ષ ઉપસ્થિત થઈ. શાન્તનુ તો યુવતીના સૌંદર્ય કેફમાં જ મસ્ત હતો. તેણે યુવતીના હાથમાંથી જળપાત્ર લેતાં તેનો હાથ પણ પકડયો.

જાણે યુવતી પણ તેની ઇચ્છા જ અમલી બનતી હોય એમ ઉલ્લાસ ભર્યા શાન્તનુની પડખે બેઠી. શાન્તનુ તેને નજરમાં ભરી રહ્યો હતો તો યુવતીના લોચનિયા લજ્જાના ભારથી ઝૂકી ગયા હતા. પાણી ભરેલું જળપાત્ર હજી શાન્તનુના હાથમાં જ હતું. પ્રયત્નપૂર્વક લોચનિયાં ઊંચાં કરતાં યુવતીએ કહ્યું, 'જળપાન કરી લ્યો, પછી થોડો આરામ કરો !'

શાન્તનુ સ્વગત બબડતો હતો, 'તમે જો સાથે હો તો આરામ પણ પ્રોલ્લાસભર્યો બની રહે.' પણ આ શબ્દો હોઠ પર લાવવાની તેનામાં હિંમત ન હતી.

મૂંગા મૂંગા તેણે જળપાન કર્યું ને જળપાત્ર જમીન પર મૂકતાં યુવતીને પૂછી રહ્યો, 'તમારું નામ ?'

'મારું નામ ગંગા !' શરમ ભરેલાં નેનાં પર પડળ દેતાં યુવતી બોલી ને તેણે પણ વળતો પ્રશ્ન કરવાની હિંમત કરી, 'આપ તો કોઈ રાજવી લાગો છો, ખરું ને ?'

'હા.' શાન્તનુએ પોતાનો પરિચય દેતાં કહ્યું, 'પણ દિલને કરાર નથી, જિંદગીમાં કોઈ ઉલ્લાસ-આનંદ પણ નથી. રાજ-ભવનની સૂની દીવાલો વચ્ચે નિરસ જિંદગી જીવું છું.' ને પછી

પડખે બેઠેલી ગંગાનો હાથ પોતાના હાથમાં લેતા બોલ્યો, 'તમે અહીં એકલાં જ હશો ખરું ને?'

'હા, માબાપ હતાં, પણ અત્યારે તો એકલી જ છું.'

'તો અહીં આવા નિર્જન વગડામાં તમે એકલાં શી રીતે રહી શકો? કોઈનો સહવાસ નહિ. જિંદગી જાણે વેરાન-વગડા જેવી જ હશે ને?'

'ના રાજન્, જિંદગી તો હરીભરી છે, વગડામાં નિર્જનતા પણ નથી, અહીં પશુઓ છે, તેમનો સહવાસ આનંદદાયક છે, પંખીઓનો કલરવ, કલશોર, કેટલાં મીઠા હોય છે?' ને મયુરનાં નૃત્યો, કોયલનો ટહુકાર મનને ભર્યું ભર્યું જ રાખે છે. ક્યાંય કશો ઉલ્કાપાત નથી, ક્યાંય ચિંતા પણ નથી.' યુવતી શાન્તનુ સમક્ષ તેના જીવનની કિતાબનાં પાનાં ઉકેલતી હતી.

'છતાં પણ માનવ સહવાસની અધૂરપ તો ખરી જ ને? કદાચ તમે બીમાર પડો તો તમારું કોણ?' શાન્તનુ જાણે એકલવાયા જિંદગી જીવતી યુવતીનો હમદર્દી બનતો હતો. તેણે પ્રશ્ન કર્યો, 'માનવી સાથે જિંદગી જીવવાની ઇચ્છા થતી નથી શું?'

શાન્તનુનો પ્રશ્ન સાંભળીતાં અંતરના ઊંડાણમાંથી નિસાસો સરી પડ્યો હોય એમ નિશ્વાસ નાખતાં જવાબ દઈ રહી, 'ઇચ્છા તો થાય, આખરે ગંગા પણ માનવી તો છે જ ને?'

'તો અહીં કેમ પડી રહો છો?'

'ક્યાં જાઉં? કોની સાથે રહું?'

'તમે ઇચ્છો તો માર્ગ બતાવું!'

શાન્તનુના દિલમાં ગંગાના જવાબમાંથી ઉત્સાહ જાગ્યો. પોતે ગંગાના સૌંદર્યના મોહમાં તરબતર હતો. તેના હૈયાની પાટી પર ગંગાની તસ્વીર પણ અંકિત થઈ ચૂકી હતી. તેના નિરસ જીવનમાં ગંગાના થોડી ક્ષણોના સહવાસે રસ છલકાતો થયો હતો. તે પોતે નિમંત્રણ દેવા ઉત્સુક હતો, પણ ગંગાના જવાબથી

ઉત્સાહિત બનેલો શાન્તનુ ગંગાને પોતાની સાથે આવવા ઇજન દેવા ઉત્સુક બન્યો હતો.

'હા, માર્ગ બતાવો તો ખરા?' ગંગાએ જવાબ દીધો. 'ક્યારેક તો એ માર્ગ શોધવો તો પડવાનો જ હતો ને?' તેણે ઉમેર્યું.

'તો મારી સાથે ચાલો!'

'ક્યાં રાજમહેલમાં?' શાન્તનુના જવાબથી આશ્ચર્ય અનુભવતી ગંગા પૂછી રહી. તેણે શંકા વ્યક્ત કરી, 'તમે રાજા ને હું વગડાનું પંખી!' ને બોલી, 'ના, ના, તમારું ઈજન બરાબર નથી.'

'પણ હું તમને ચાહું છું, ગંગાદેવી!' ગંગાની ઠેઠ નજદિકમાં જઈ, ગંગાદેવીના કાનમાં જાણે દિલની આરઝુ ઠાલવતો હોય એમ શાન્તનુ કહી રહ્યો.

'ચાહો છો એટલે? થોડી ક્ષણોમાં તમે ચાહવા પણ લાગ્યા?' ગંગા બોલી ને ઉમેર્યું, 'થોડા દિવસ પછી ભૂલી પણ જશો ખરું ને?'

'ના, તમે મારા દિલના આસન પર જામી પડ્યા છો. તમારું આ મદભર્યું યૌવન, આ મોહક સૌંદર્ય, આ કામણગારા નેનાંને હૈયાના અરમાનો નિરર્થક જવા દેવા માંગતા નથી.' ગંગાનો હાથ પકડી તેને પોતાની છાતી પર મૂકતાં પૂછી રહ્યો. 'તમને સંભળાય છે મારા હૈયાની ધડકન? એ ધડકન તમારા આલિંગન વિના શાંત થાય તેમ નથી.'

ગંગા તો શાન્તનુના આ બકવાસને જાણે પાગલ માણસનું ગાંડપણ સમજી હોય એમ શાન્તનુ સામે પહોળી આંખો માંડી રહી.

શાન્તનુની ઉત્તેજના ક્ષણે ક્ષણે વધતી હતી. યૌવનમસ્ત ગંગાની સૌંદર્ય મઢેલી કાયાને આશ્લેષ દેવા ઉત્તેજીત થયો હતો.

'તમે હસ્તિનાપુરના મહારાજા.. શાન્તનુના રાજભવનમાં

આવવા તૈયાર હશે.' મહારાજા શાન્તનુનો પરિચય પામતાં ગંગાની ઉત્તેજના પણ જાગતી હતી, પણ તે અધિર ન હતી. તેની ઉત્તેજના અવ્યક્ત જ રહેતી. ગંભીરતા ધારણ કરી મહારાજા શાન્તનુના દિલમાં રમતાં ભાવોનું નિરીક્ષણ કરતી બેઠી હતી.'

'કહો, કહો!' વ્યથાપૂર્ણ સ્વરે શાન્તનુ પૂછી રહ્યો, 'તમને મહારાણી બનવું ગમતું નથી?'

'મહારાણી!' સાશ્ચર્ય ગંગા પૂછી રહી.

'હા, હસ્તિનાપુરના મહારાણી—'

'પણ લોકો શું કહેશે? વગડાના પંખીને રાજમહેલના પિંજરમાં પૂરી દીધા પછી તેની શી દશા થશે?'

'શંકા ન કરો, ગંગાદેવી. હું તમને હૈયાસરસી રાખીશ. રાજ્યમાં તમારું માનપાન મહારાજા શાન્તનુ જેટલું જ રહેશે, ચિંતા ન કરો.' ને પોતાનો હાથ લંબાવી ગંગાના હાથમાં મૂકતાં બોલ્યો, 'આ મારું વચન છે.'

'ભલે. તમારા વચન પર મને ઈતબાર બેસે છે, પણ—'

'પણ શું? હવે ચાલો મારી સાથે—'

'ના, એમ નહિ. મને પણ થોડો સમય વિચારવા તો દેશો ને?'

'જરૂર. પણ કેટલો સમય?'

'આજની રાત્રી. કાલ સવારે મારો નિર્ણય જણાવીશ.'

'આજની રાત્રી?' શાન્તનુ પણ ગંગાદેવીની સૌંદર્યજાળમાં એટલો બધો ખૂંપી ગયો હતો કે તેને માપવા માટે નિર્જન ભયાવહ વગડામાં રાત્રી ગાળવા પણ તે તૈયાર હતો.

'હા, રાત્રી દરમ્યાન હું વિચાર કરી લઉં.' ગંગા બોલી.

'ભલે એમ કરો.' શાન્તનુએ ગંગાની દરખાસ્તને મંજૂરી દેતાં કહ્યું, 'તો કાલ સવારે આ વૃક્ષ હેઠળ હું તમારા આગમનની પ્રતિક્ષા કરતો બેઠો હોઈશ.'

શાન્તનુના આ નિર્ણયથી ગંગાનું આશ્ચર્ય ખૂબ વધી ગયું.

એટલું જ નહિ, પણ મહારાજાની પ્રિત વિષેનો ભાવ પણ વધી પડયો.

તેણે સાશ્ચર્ય પ્રશ્ન કર્યો : 'હસ્તિનાપુરના મહારાજા આ વૃક્ષ હેઠળ રાત્રી-વાસો કરશે ? આ નિર્જન ઘોર જંગલમાં ? જ્યાં રાની પશુઓ રાત્રીની મોજ માણવા ઘૂમતાં હોય છે, ત્યાં તમે એકલાં અહીં રાત્રી વ્યતિત કરો એ ઠીક ગણાશે ?'

'ઠીક અઠીકના પ્રશ્નનો હવે છેદ ઊડી ગયો છે, ગંગાદેવી !' શાન્તનુએ ગંગાના ખભા પર માથું ઢાળી દેતાં કહ્યું. 'જ્યાં ગંગાદેવી મારી પડખે છે, ત્યાં રાની પશુઓનો ભય પણ શો ?'

શાન્તનુએ તેનાથી વિખૂટા પડેલાં સાથીઓ તેને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા હતા. દૂર દૂર સુધી ઘોડાઓની હાર જામી હતી. સશસ્ત્ર સાથીઓ મહારાજા શાન્તનુ સમક્ષ ઊભા ઊભાવિદાયની તૈયારી કરતા હતા. તેમને આદેશ દીધો, 'તમે સૌ વિદાય થાવ.'

'ને તમે મહારાજ ?'

'હું રાત્રી વનમાં ગુજારીશ.'

'પણ તમે એકલા ?'

'ના, હું એકલો નથી.' ને પડખે બેઠેલી ગંગા પ્રતિ દૃષ્ટિપાત કરતાં બોલ્યા, 'મારા જીવનનો સહવાસ મને પ્રાપ્ત થયો છે. તેના સથવારે વગડો શું કે રાજમહેલ શું ? બધું જ સરખું છે. તમે નિરાંતે પાછા ફરો.' ને વળી ઇચ્છા વ્યક્ત કરતાં કહ્યું, 'મંત્રીજીને કહેજો કે કાલ પ્રભાતે મહારાજા શાન્તનુ મહારાણી ગંગાદેવી સાથે પધારે છે. તેમનું સામૈયું કરવાની બધી જ ગોઠવણ કરે.'

સાથીઓ સૌ વિસ્મય પામ્યા. સૌની નજર મહારાજાની પડખે બેઠેલી ગંગા પ્રતિ હતી. સૌના મનના ભાવો ભિન્ન ભિન્ન હશે. પણ સૌ નિશ્ચિતપણે સ્વીકારતાં હતાં કે અભૂતપૂર્વ મોહક, સૌંદર્યથી મઢેલી યૌવના પર મહારાજા શાન્તનુ મોહી પડ્યા છે. પણ સાથે તેમના મનમાં પ્રશ્ન પણ ઊઠતો હતો, 'આવું આહ્લાદક સૌંદર્ય

અહીં વગડામાં ક્યાંથી ?'

ગંગા પણ હવે નિર્ણય કરી બેઠી હતી. રાત્રીવાસ આ ઘોર ભયાવહ જંગલમાં ગુજારવાના મહારાજાના નિર્ણયે મહારાજાના પ્રેમમાં વિશ્વાસ બેઠો. તે પણ હવે હસ્તિનાપુરની મહારાણી બનવાનાં સ્વપ્નો નેનાંમાં ભરી બેઠી હતી.

'મહારાજ, મારે ખાતર આપ આવું જોખમ શા માટે ખેડો છો ?' ગંગાએ પ્રશ્ન કર્યો.

'તો તમારે તમારો નિર્ણય તત્કાલ જણાવવો જોઈએ.' શાન્તનુએ જવાબ દીધો.

'નિર્ણય જણાવું તે પહેલાં મારે એક વચન જોઈએ છીએ.' ગંગાએ વાત મૂકી.

'હા, હા, વચન એક નહિ, અનેક માંગો.' ઉત્તેજનાપૂર્ણ સ્વરે શાન્તનુ બોલ્યો ને પછી પ્રશ્ન કર્યો, 'તમને પુરુષના વચન પર ઈતબાર તો છે ને ? એ ઈતબારના અભાવે તો તમે કોઈ વચન માંગતા નથી ને ?' એકદમ આવેશમાં આવી શાન્તનુએ ગંગાનો હાથ પકડી, સૂર્ય સામે નજર કરીને બોલ્યો, 'હે સવિતા-નારાયણ, હે વનદેવતા, હે વનનાં પશુપંખીઓ, તમારા સૌની સાક્ષીએ ગંગાદેવીનો હું મારી પત્ની તરીકે સ્વીકાર કરું છું. તમે તેના સાક્ષી બની રહો.'

ગંગા પ્રતિ દૃષ્ટિપાત કરતાં શાન્તનુ પૂછી રહ્યો, 'હવે તમારે કોઈ વચનની જરૂર છે ખરી ?'

'હા, મહારાજ. હું અહીં વગડામાં સ્વતંત્ર જીવન જીવું છું, મારા કાર્યમાં કોઈ દરમ્યાન થતું નથી. કોઈ દરમ્માન થાય એ મને મંજૂર પણ નથી.'

શાન્તનુ ગંગાદેવી સામે મોં મલકાવતાં બોલ્યો, 'બરાબર છે તમારી વાત !' ને પછી ખાતરી ઉચ્ચારતાં કહ્યું, 'તમારી કોઈ પણ ઇચ્છાની આડે કોઈ આવશે નહિ. તમારા કોઈ પણ કાર્યની આડે

પણ શાન્તનુ કદી નહિ આવે.' પ્રેમ છલકાવતી આંખો ગંગા સામે માંડતાં પૂછ્યું, 'હવે કોઈ વચનની જરૂર છે ખરી?' પછી હૈયામાં ઊછળતા પ્રેમને ઠાલવતા શાન્તનુ બોલ્યો, 'દેવી, તમારી કોઈ પણ ઇચ્છાની હું કદી પણ અવગણના નહિ કરું. તમારા દિલને રંજ થાય તેવી કોઈ વાત પણ નહિ કરું.'

છતાં પણ ગંગા તેની જે ઇચ્છા વ્યક્ત કરવા માંગતી હતી, તે ઇચ્છા સ્પષ્ટ કરવા વચ્ચે જ બોલી :

'કહો, તમે જે ઇચ્છો તે કહો.'

'મને સંતાન જોઈતા નથી.' લજ્જાના ભારથી ઝૂકી ગયેલી નજરે ગંગાએ તેની વાત પેશ કરી.

ગંગાની વાત સાંભળતાં શાન્તનુ થોડીક ક્ષણો માટે ગંભીર બનીને ગંગા સામે નજર માંડી રહ્યો. તેની નજરમાં આશ્ચર્ય હતું. સ્ત્રી મા બનવાની ઝંખના સતત કરતી જ હોય છે. માતૃત્વ વિનાનું સ્ત્રીજીવન અધૂરું અપૂર્ણ રહે છે, છતાં ગંગાને મા બનવું નથી?

પણ તરત જ તેણે આ શંકાનું સમાધાન શોધ્યું, 'ભલે ગંગા અત્યારે ગમે તેવા તર્કો લડાવે, પણ તેના ખોળામાં સંતાન રમતું હશે ત્યારે તેનું માતૃવાત્સલ્ય ખીલી ઊઠશે. ખોળામાંથી બાળકને ઉઠાવી, હૈયા સાથે દબાવીને બાળકના કુમળા સુલાયમ ગાત્રોને ચૂંબનથી ભીંજવી દેશે.'

આ તર્ક સાથે જ શાન્તનુએ સ્મિત વેરતાં જવાબ દીધો : 'ભલે. જો તમે માતા બનવા ઇચ્છતાં જ ન હો તો હું શું કરવાનો હતો? જેવી તમારી ઇચ્છા.'

શાન્તનુના રોમેરોમ ગંગા છવાઈ ગઈ હતી. એટલે ગંગાની શરતોની સમીક્ષા કરવા જેટલી પણ તેનામાં સ્વસ્થતા ન હતી.

'તમે આ શરતોનું પાલન તો કરશો જ ને એવો વિશ્વાસ રાખું ખરો?' ગંગા હજી પણ શાન્તનુના દિલને ઢંઢોળવાનો પ્રયત્ન કરતી હતી. તેણે શાન્તનુ સમક્ષ જે શરતો મૂકી હતી તે શરતો

કોઈ પણ પુરુષ કદી પણ સ્વીકારે નહિ એવી તેને ખાતરી હતી. એટલે અત્યારે પોતાના મોહપાસમાં બંધાયેલો શાન્તનુ ક્યારેક તેના વચનનો ભંગ પણ કરે તેવી આશંકા સહજ હતી.

તેણે સ્પષ્ટતા કરી, 'જુઓ રાજન, તમે જે ક્ષણે શરતનો ભંગ કરશો તે ક્ષણથી આપણા લગ્નસંબંધોનો અંત આવશે. હું પાછી મારા વગડામાં પહોંચી જઈશ.'

'હા, હા, પણ શરતનો ભંગ કરું તો ને?' શાન્તનુ સ્મિત વેરતા બોલ્યો ને ગંગાના મનની શંકાનું સમાધાન કરતા ગર્વભેર બોલ્યો, 'દેવી શાન્તનુ ક્ષત્રિય છે. તે વચનની કિંમત બરાબર જાણે છે. તમે નિર્ભય રહો. શાન્તનુ તમારા માર્ગમાં કદી પણ અંતરાય-રૂપ નહિ બને.'

ગંગાના બે ખભા પર હાથ મૂકી તેની નજરમાં નજર મેળવી નેત્રપલ્લવી રચતો પૂછી રહ્યો, 'હવે કાંઈ પૂછવું છે?'

'ના, રાજન્!' ગંગા પણ શાન્તનુના હૈયાસરસી ચંપાઈ જવા ઉત્સુક હતી.

હસ્તિનાપુરમાં આનંદ છવાયો હતો. મહારાજા શાન્તનુ અને મહારાણી ગંગાદેવીનું જનતાએ ઉમળકાભેર સ્વાગત કર્યું. ગંગાદેવીનો સૌંદર્ય મઢ્યો દેહ યૌવનના ઉમંગોથી ભર્યો ભર્યો હતો.

ગંગાની પ્રથમ પ્રસૂતા પછી થોડા દિવસોમાં જ તરતના જન્મેલા બાળને લઈ, નદી પ્રતિ પ્રયાણ કરવા મહેલમાંથી બહાર પડી ત્યારે મહેલની દાસીઓ તેના પ્રતિ ચિંતાભરી નજર માંડી રહી હતી. કુતૂહલવશ ગંગાનો ચૂપકીદીથી પીછો પણ કર્યો. તેણે જે દૃશ્ય જોયું તે એટલું તો ભયંકર હતું કે તે ત્યાં જ બેભાન થઈને જમીન પર પડી હોત. તેની આંખે અંધારાં આવ્યાં. તેણે પ્રયત્નપૂર્વક સ્વસ્થતા જાળવી. ગંગા રાજમહેલમાં આવી પહોંચે તે પહેલાં તે તેના સ્થાને ગોઠવાઈ ગઈ.

ગંગાએ જ્યારે રાજમહેલમાં પગ દીધો ત્યારે તેની સ્વસ્થતા

ગજબની હતી. પોતાના હાથે જ પોતાના બાળકને આમ જળસમાધિ કરાવતી ગંગા પ્રત્યે દાસીના મનમાં ભારોભાર રોષ હતો.

પણ મહારાણી ગંગાના વદન પર ક્યાંય ગમ દેખાતો ન હતો. સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક તે પલંગમાં પડી અને થોડીક ક્ષણોમાં પ્રગાઢ નિદ્રામાં સરી પડી.

શાન્તનુની ઇચ્છા વિરુદ્ધના ગંગાના આ ઘાતકી પગલાં વિષે રાજમહેલમાં સૌના મનમાં ભારે રોષ હતો. ગંગા તેનાથી અજ્ઞાત પણ ન હતી, પણ તે જાણતી હતી કે કોઈનો રોષ કામ આવે તેમ નથી.

તે સ્વસ્થ અને શાંત હતી. તેના નિર્ણયમાં મક્કમ હતી. તેણે સાત સાત સંતાનોને જન્મ દીધો ને બાળક જગતને જોવા માટે પોપચાં ઉઘાડે તે પહેલાં તેને જળસમાધિ પણ કરાવી દીધી હતી.

હમણાં જ તે પુનઃ પ્રસૂતા બની હતી. તેની પડખે નવજાત બાળ પોપચાં બીડીને પડ્યું હતું. ગંગા તેના દેહપર હાથ પ્રસારી તેને ઠપકાવતી હતી, પણ બાળક શાંત હતું.

બાળક પર હાથ ફેરવતાં ફેરવતાં તેના મનના ભાવો હમણાં ઊછળી પડશે એવા ભયથી તેણે જ બાળકને પડખેથી દૂર કર્યું.

'હમણાં થોડો કાળ આ મહેલના સુખશૈય્યામાં પડ્યો રહે, દુર્ભાગી!' એમ બબડતી તે પલંગમાં પડી મધરાતની પ્રતીક્ષા કરતી હતી. સાત સાત સંતાનોને જન્મ દીધા પછીની થોડીક ક્ષણોમાં જળસમાધિ કરાવી દેનાર ગંગાના દિલમાં માતૃભાવ જાગતો જ ન હતો. આઠમા બાળકનો પણ અંજામ તેણે નિશ્ચિત કર્યો હતો.

તે મધરાતની પ્રતિક્ષા કરતી હતી. દાસ-દાસીઓ પણ ત્યારે ભરનિદ્રામાં હશે, મહારાજા તો વચનબદ્ધ છે એટલે તેમના તરફથી કોઈ ભય ન હતો પણ દાસ-દાસીઓમાંથી કોઈ તેને અટકાવે નહિ, એટલે તે મધરાત પછી જ તેના નિર્ણયને અમલમાં મૂકવા માંગતી હતી.

# ૨

મહારાજા શાન્તનુ પણ ચિંતિત હતો.

મહારાણીએ આઠમા પુત્રને જન્મ દીધો હોવાના સમાચાર જ્યારે તેને મળ્યા ત્યારે જ તેને મન સાથે નિર્ણય કર્યો હતો.

તેની સમક્ષ ઊભેલા સેવકના ચહેરા પર ગંભીર ઉદાસીનતા હતી. તે જાણતો હતો આ બાળકને પણ મહારાણી જળસમાધિ લેવડાવશે. ને મનમાં પણ પ્રશ્નો ઊઠતાં, 'મહારાણી શા માટે નિજ સંતાનના જન્મ પછી તરત જ જળમાં ફેંકી દેતી હશે?' ને વળી પ્રશ્ન ઊઠતો, 'મહારાજા પણ કેમ આ અધમ કૃત્યને શાંતિથી બરદાસ કરતા હશે?'

શાન્તનુ પોતાની સમક્ષ ગંભીર ઉદાસીન ચહેરે ઊભેલા સેવકની મનોવ્યથા સમજી ગયા હોય એમ તેને વિશ્વાસ દેતાં કહ્યું, 'જા સૌ સારું થશે. ચિંતા કરવાની જરૂર નથી!'

માત્ર સેવકો જ નહિ પણ મંત્રીમંડળ પણ મહારાણીના અઘોર કૃત્યને શાંતિથી બરદાસ કરતાં મહારાજા વિષે ચિંતિત હતું. તેમણે શાન્તનુ સમક્ષ પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું પણ હતું, 'મહારાજ, આપ શાંતિથી મહારાણીના અઘોર કૃત્યને બરદાસ કરી રહ્યા છો?' ને પછી પ્રશ્ન કરતાં, 'તો કુરુવંશ હવે અહીં જ સમાપ્ત થશે ને આ હસ્તિનાપુરની ગાદી પર કોણ બિરાજશે? હસ્તિનાપુરની જનતાના ભાગ્ય સામે આપ આંખને બંધ રાખો એ કેમ ચાલશે, મહારાજ?'

શાન્તનુ મંત્રીના વચનો ધ્યાનપૂર્વક સાંભળતો હોય એમ તેના ચહેરા સામે સ્થિર દૃષ્ટિ માંડી બેઠો હતો. મહારાણીએ સાત સાત સંતાનોને જળસમાધિ કરાવી તેની વેદના મંત્રીના ચહેરા પર અંકિત થયેલી હતી તો શાન્તનુ પણ ચિંતીત હતો.

મંત્રીએ નિસ્તબ્ધ બેઠેલા મહારાજા સામે તીવ્ર દૃષ્ટિપાત કરતાં પ્રશ્ન કર્યો, 'પણ તમે આ બધું જાણવા છતાં શાન્ત કેમ છો? હવે આઠમા સંતાનને પણ મહારાણી જળસમાધિ કરાવે તે પણ તમે શાંતિથી બરદાસ કરી લેશો?'

પ્રત્યુત્તરમાં શાન્તનુ ગંભીર વદને બેઠો હતો. મંત્રીના પ્રશ્નોની જાણે તેના મન પર કોઈ જ અસર થવા પામી ન હોય તેટલો સ્તબ્ધ હતો.

શાન્તનુની આ સ્થિતિ જોતાં મંત્રી પણ વધુ લજ્જીત થતો હોય એમ કહી રહ્યો, 'રાજન્, તમે ભલે શાંત રહ્યા, પણ હવે આઠમા સંતાનને મહારાણી જળસમાધિ કરાવે તે ચલાવી લેવાશે નહિ.'

શાન્તનુએ પૂછ્યું, 'તમે શું કરશો?'

'હા, જો તમે શાંત હશો, નિષ્ક્રિય હશો તો હસ્તિનાપુરની ગાદીના વારસને માટે મારે મારો રાજ્યધર્મ અદા કરવો પડશે.' તેણે સંભળાવ્યું.

મંત્રીના જવાબમાં દૃઢતા હતી તે શાન્તનુ સ્પષ્ટપણે જોઈ શકતો હતો. મનોમન તેણે મંત્રીને તેની વફાદારી વિષે બિરદાવ્યો પણ ખરો.

હજી પણ શાન્તનુ શાંત હતો. તે માત્ર મંત્રીના ઉગ્ર ચહેરા સામે ટગર ટગર દૃષ્ટિપાત કરી રહ્યો હતો.

શાન્તનુનું શાંત વલણ મંત્રીને અકળાવતું હતું. તેણે તરત જ સેવકને મહારાજાના દેખતાં જ હુકમ કર્યો :

'જા, મહારાણીના મહેલની દાસીઓને મારા નામે તાકીદ કર કે, મહારાણી મહેલની બહાર નીકળે એટલે મને તેની ત્વરિત

જાણ કરે.'

'તમે શું કરશો, મંત્રીવર્ય ?' શાન્તનુ જાણે મંત્રીની યોજના વિષે જાણવા માંગતો હોય એમ પૂછી રહ્યો ને વધુ પ્રશ્નો કર્યા, 'મહારાણીને તમે અટકાવશો ? એ રાજકીય અપરાધ નહિ ગણાય ?'

'જરૂર !' દૃઢતાપૂર્વક મંત્રી બોલ્યો, 'મહારાણીને હસ્તિનાપુરના રાજકુમારને જળસમાધિ કરતાં અટકાવતાં મહારાજા જો મને દોષિત ગણી દંડ દેશે તો હું ખુશીથી એ દંડ ભોગવીશ, પણ હસ્તિનાપુરની જનતા ભાવિમાં ન ધણિયાતી બને તે જોવા હું તૈયાર નથી, મહારાજ !' ને શીર નમાવી ફરી બોલ્યો, 'બેઅદબી થતી હોય તો માફ કરશો.'

'હવે કાંઈ બાકી છે, મંત્રીવર્ય ?' શાન્તનુ પણ હવે વિચારચક્રાવે ચઢ્યો હતો. મંત્રીના વચનોએ તેના દિલમાં પણ અજંપો પેદા કર્યો હતો.

'ના, રાજન્ ! વધું પડતું બોલાયું હોય તો માફ કરશો.' મંત્રીએ નમ્રતાથી જવાબ દીધો. બોલતાં બોલતાં તેની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેતો થયો. તેણે ગદ્‌ગદ કંઠે શાન્તનુને યાચતાં કહ્યું, 'રાજન્, આ શબ્દો મારા નથી. પ્રજામનનો હું પડઘો પાડી રહ્યો છું.'

શાન્તનુ પણ હલબલી ઊઠ્યો હતો. મંત્રીના વચનોને તે મનમાં વાગોળતો હતો, પણ તેની પાસે કોઈ ઉપાય ન હતો. તેણે ગંગાની શરતનો સ્વીકાર કર્યો ત્યારે જ તેણે પરિણામોનો વિચાર કરવો જોઈતો હતો, પણ ત્યારે ગંગાના રૂપે મઢ્યા ને યૌવનનાં ફાગ ખેલતાં દેહને જ નજરમાં ભરી બેઠો હતો. તેને ભાવિ વિષે કોઈ કલ્પના પણ કરવાની જરૂર ન હતી. તે માત્ર ગંગાને જ ઇચ્છતો હતો, એટલે તેણે ગંગાની બધી શરતો માન્ય રાખી હતી. હવે તે શું કરી શકે તેમ હતો ? ગંગાના પ્રથમ પુત્રના જન્મ વખતે તેણે ગંગાને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ ગંગા

તેના નિર્ણયમાં મક્કમ હતાં ને પોતે પણ વચનબદ્ધ હતો. લાચારીથી તે પાછો ફર્યો હતો, ને ગંગાએ તેના સંતાનને જળ-સમાધિ કરાવી હતી. માત્ર એક જ નહિ, સાત સાત સંતાનોને તેણે જળસમાધિ કરાવી હતી. પોતે તે જાણતો હતો. દરેક પ્રસંગે મહેલનો દાસીગણ મહારાજા પાસે આવી મહારાણીને અટકાવવા પ્રાર્થના પણ કરતો હતો પણ અસહાય મહારાજા શું કરે?

ગમગીન વદને પોતાના કક્ષમાં ડગ દેતાં શાન્તનુનું મન બળવો પોકારતું હતું.

'શા માટે પોતે આ ખૂની વ્યવહાર ચલાવી લે? વચન દીધું છે, પણ આ ખૂની વ્યવહાર અવિરત, અખંડપણે ચાલ્યા જ કરે તે હસ્તિનાપુરના મહારાજાને માટે લજ્જાસ્પદ નથી? બીજાઓનાં મનમાં તેના વિષે કેવા ભાવ જાગતા હશે?'

જેમ જેમ શાન્તનુના મનમાં વિચારોની ઉગ્રતા વધતી ગઈ, તેમ તેમ તે કોઈ નિર્ણય પર આવવા મથામણ પણ કરતો હતો.

'કુરુવંશનું પણ તારે નામોનિશાન મિટાવી દેવું છે શું?' સામેની દીવાલમાંથી કોઈ તેને પૂછતું હતું. તું છેલ્લો જ હશે. તારું રાજપાટ બીજાઓનાં હસ્તક જશે, તારી જિંદગીનાં પરાક્રમો પણ સાફ થયાં હશે, તને એ ગમશે ખરું?'

'બોલ, બોલ, તને આ ગમશે?' પ્રશ્નમાં જુસ્સો હતો. 'એક સ્ત્રીના સૌંદર્ય પાછળ શાન્તનુએ તેના વંશનું નિકંદન જવા દીધું એમ ઇતિહાસકાર નોંધશે એ તને ગમશે?'

'કહે, કહે, શો નિર્ણય છે તારો?' પ્રશ્ન વધુ ઉગ્ર સ્વરે પૂછતો હતો ને શાન્તનુ શૂન્યચિત્ત બે હાથ વચ્ચે માથું દબાવી બેઠો હતો. તેના અંતરના ઊંડાણમાંથી જવાબ મળતો હતો, 'પ્રશ્નો વાત્સવિક છે, તારે તેનો જવાબ દેવો જોઈએ.'

તેની નજર સમક્ષ દૃશ્ય ખડું થતું. ગંગાદેવી તેના હાથમાંના બાળકને નદીમાં જળસમાધિ કરાવવા તૈયારી કરતી હતી, વસ્ત્રોનો

ફછોટો મારી બાળકને ઉડાવીને પાણીના મધ્યભાગમાં જવા તત્પર હતી.

'ઓહ!' અચાનક જ તેણે નિસાસો નાખ્યો. તેની પોતાની જ અસહાયતા તેને ખટકવા લાગી. તેણે આ ભયંકર દૃશ્ય સામે બે હાથે આંખો બંધ કરી ને સ્વગત બબડચો, 'ના, ના, મારો જ વારસ આમ વગર મોતે જળસમાધિ લે તે હું સહન કરી શકું નહીં.'

'બરાબર, પણ તું કેટલો નિર્બળ છે? આવા, સાત સાત તારા સંતાનોને ગંગાએ આમ જ જળસમાધિ કરાવી છતાં તું મૂંગો રહ્યો, નિર્બળની જેમ માત્ર જોતો જ રહ્યો.' પ્રશ્નકારની વ્યથા જાણે ઉગ્ર બની હોય એમ બોલ્યો, 'રણમેદાનમાં મોટામોટા વિજયો મેળવનાર શાન્તનુ એક નારીના હાથે પરાજીત થતો હતો.'

'બસ કરો, હવે અટકી જાવ.' ગુસ્સાભેર ઊભા થતાં શાન્તનુ બોલ્યો.

'કોણ અટકી જાય, રાજન્? તમે તો અટકી જ ગયા છો ને?' ગંગા તો અટકવાની નથી જ. તમે જાતે તેને અટકાવી પણ શકવાના નથી. તેના ભીતરમાંથી તેને કોઈ ઢંઢોળતું હતું, તેની મર્દાનીને પડકારતું હતું.

તેણે વિહ્વળ દૃષ્ટિએ કક્ષમાં ચોપાસ નજર નાખી.. તેને આવી તાતી ધારદાર વાણીમાં કોણ ઢંઢોળતું હતું તે જોવાનો પ્રયત્ન કર્યો, પણ ત્યાં કોઈ ન હતું. જાણે તેનો પડછાયો જ તેને ઢંઢોળતો હતો.

તેણે આખરી નિર્ણય કર્યો, 'ના, હવે મારા સંતાનને મહારાણી જળસમાધિ નહિ કરાવી શકે. હું જાતે જ તેને અટકાવીશ.'

પણ જ્યારે તે સ્વસ્થ થયો ત્યારે તેનો નિર્ણય જાણે અદૃશ્ય થતો હતો. શાન્તનુ પોતે જ પોતાના નિર્ણય વિરુદ્ધ દલીલો કરતો હતો.

ગંગાદેવીનું યૌવન મઢ્યું શરીર તેની નજર સમક્ષ ઊપસી રહ્યું. ઘણાં ઘણાં પ્રયત્નો પછી ગંગાદેવી તેના જીવનની સહભાગી

થઈ હતી. તેના સહવાસે તેના જીવનમાં પ્રફુલ્લતા પાંગરી રહી હતી, તેને નારાજ કેમ કરાય? પોતે તેના માર્ગમાં અવરોધક બનશે તો તે વિદાય થશે, પછી જીવનમાં કેવળ શુષ્કતા સિવાય બીજું શું હશે? જેમ જેમ શાન્તનુ વિચારવમળમાં ગોથા ખાવા લાગ્યો તેમ તેમ ગંગાદેવી પ્રત્યેનો તેનો અનુરાગ વધુ જોરદાર બન્યો. તેણે થોડીક ક્ષણો પહેલાં લીધેલો નિર્ણય છોડી દીધો. ના, ના, ગંગાદેવીને ગુમાવવાની મારી ઇચ્છા નથી. સંતાન પ્રત્યેનો માતૃપ્રેમ ક્યારેક તો તેના દિલમાં જાગશે જ ને? ત્યારે તે પોતે પણ પોતાના કૃત્ય બદલ પસ્તાવાની આગમાં સળગતી થશે.

ભલે એના હૈયામાં પડેલાં માતૃત્વને જાગ્રત થવા દો. શાન્તનુ શૈય્યામાં પડ્યો. મનને વિચારોના વમળમાંથી મુક્ત કરી, શાન્ત નિંદ્રા માણવા પ્રયત્ન કરતો હતો, પણ ત્યાં મંત્રીજીની આકૃતિ તેની સમક્ષ ખડી થઈ. રોજનો ચહેરો આજે બદલાઈ ગયો હતો. શાન્તનુના બદલાયેલાં વલણથી જાણે રોષે ભરાયેલો હોય એમ મંત્રી શાન્તનુને તેનો નિર્ણય જણાવતો હતો.

'બેઅદબી માફ કરો, મહારાજા! પણ આજે મહારાણી રાજકુમારને જળસમાધિ કરાવવા જઈ શકશે નહિ. તેમના કક્ષની ચોપાસ મેં પાકો બંદોબસ્ત કર્યો છે.' ને પછી ઉમેર્યું, 'આપને જણાવવાની મારી ફરજ અદા કરવા આવ્યો છું, મહારાજા.'

મંત્રીનો નિર્ણય જાણતાં શાન્તનુ એકદમ બેઠો થઈ ગયો, ને મંત્રી સામે ક્રોધભરી દૃષ્ટિ નાખતાં પૂછી રહ્યો, 'આ વ્યવસ્થા કરવાની તમને કોણે સૂચના કરી, મંત્રીજી?'

'સૂચના!' મંત્રી વિનમ્રતાથી જવાબ દેતો હતો, 'રાજ્ય અને કુરુવંશના હિત ખાતર આ નિર્ણય મારે જાતે જ લેવો પડ્યો, રાજન્!' ને પછી બોલ્યો, 'મને ક્ષમા કરો, પણ સાતસાત રાજકુમારોની હત્યાની હકીકતથી રાજ્યની જનતા પણ હવે થાકી ગઈ છે. આપના શૌર્ય ને પ્રતાપને પણ ઝાંખપ લાગી છે. લોકો ગમેતેવી વાતો

કરે છે.' ને બોલતાં બોલતાં મંત્રીજીનો કંઠ ભરાઈ ગયો હોય એમ ગદ્‌ગદ કંઠે બોલ્યો, 'હસ્તિનાપુરના મહાપ્રતાપી મહારાજા વિષે લોકો ગમે તેવી વાતો કરે એ હું હવે સહન કરી શકતો નથી.'

એકદમ આવેશ વધી પડતાં મંત્રી બોલ્યો, 'મારા મહારાજા સત્વહીન નથી, મારા મહારાજા સૌંદર્યના ગુલામ નથી. સાત સાત રાજકુમારોની હત્યા પોતાની નજરે જોઈ રહેનાર રાજનના નયનો ખુલ્લા કરવા ને આઠમા રાજકુમારને જીવતદાન મળે, હસ્તિનાપુરનો યુવરાજ જીવન પામે એવાં મહારાજા પોતે જ પગલાં ભરશે એમ હું માનતો હતો. પણ હવે આજ રાત્રે જો યુવરાજને જળસમાધિ લેવાની હોય તો મારે જ રાજ્યના મંત્રી તરીકે તાકીદે પગલાં લેવાની મારી વફાદારી મને તાકીદ કરી રહી છે. ને પછી શાન્તનુ સમક્ષ શીર ઝુકાવી ઊભો રહ્યો, 'આપ આપની તલવારથી આ ધડ પરથી માથું જુદું કરજો. હું તેનો પણ સહર્ષ સ્વીકાર કરીશ.'

શાન્તનુ મંત્રીના જોરદાર, ધારદાર પ્રવચનને સાંભળી રહ્યો હતો. પ્રારંભમાં મંત્રીનો નિર્ણય જાણતા તે ગુસ્સે થયો હતો. પણ મંત્રીની વાણી જેમ જેમ જોરદાર બનીને વહી રહી, મંત્રીની રાજ્ય અને કુરુવંશ માટેની લાગણીનો તેને સ્પર્શ થયો તેમ તેમ શાન્તનુ પણ હલબલી ઊઠ્યો હતો. મંત્રીને દંડ દેવાની તેનામાં હિંમત પણ ન હતી. નિસ્તબ્ધ શાંત ગંભીર મુખમુદ્રા સાથે તે મંત્રી સામે દૃષ્ટિપાત કરી રહ્યો હતો.

મંત્રી પણ પોતાની વાણીનો મહારાજા પર જે પ્રભાવ પથરાતો હતો તેનો સંતોષ માણતો હતો.

'પછી ?' શાન્તનુ જાણે ઊંડા વિચારમાંથી જાગ્રત થતો હોય એમ મંત્રી સામે જોઈ પૂછી રહ્યો.

'પછી શું ? મહારાણીની પાસેથી રાજકુમારનો હવાલો લઈશ ને તમારી સમક્ષ મૂકીશ.'

'પણ, મહારાણી વિદાય થશે તો ?' શાન્તનુના મનમાં જે

ગડમથલ ચાલતી હતી તેનો પડઘો પાડતાં શાન્તનુએ પૂછ્યું, 'એ અપરાધ જેવો તેવો હશે? તમે જ મહારાણીને રાજ્યમાંથી દૂર કરી એવું તહોમત તમારે શીરે મુકાશે તો?'

'ના, મહારાજા. મારે મહારાણીને વિદાય કરવાના જ ન હોય. મહારાણી પ્રત્યે પૂરતી અદબથી વર્તીશ.'

'શું કરશો?'

'હા, મહારાજા, મહારાણી જ્યારે રાજકુમારને લઈ મહેલ-માંથી બહાર આવશે ત્યારે હું તેમની સમક્ષ દીનભાવે ઊભો રહી, તેમના હાથમાંના રાજકુમારની માંગણી કરીશ.'

'ના, મુશ્કીલ મંત્રીજી, ગંગાદેવી એમ સરળતાથી તેના દીકરાનો હવાલો તમને નહિ દે!'

'જાણું છું, રાજન્, સાત સાત સંતાનોને જળસમાધિ કરા-વનાર મહારાણી નારીત્વથી અલિપ્ત છે. નારીના દિલમાં માતૃત્વ હોય છે, ને કંગાલ સ્ત્રી પણ તેના માતૃત્વને ખાતર જીવનના દોહ્યલાં સંકટો પણ હસતાં મોંએ બરદાસ કરે છે, પણ સંતાનને વિમૂખ થવા દેતી નથી.' પણ મહારાણીના દિલમાં માતૃત્વની ભાવવાહી લાગણીઓ પર કોઈએ વજનદાર શીલા મૂકી દીધી છે, એટલે મારી નમ્ર પ્રાર્થના, દીનતાભરી માગણીનો મહારાણી ઉપ-હાસ જ કરશે ને તેનું કાર્ય પૂર્ણ કરવા જશે જ.'

શાન્તનુની જિજ્ઞાસા વધી પડી. મંત્રીજીની કલ્પના યથાર્થ હતી. એટલે તેણે પૂછ્યું, 'તમે તેને શી રીતે બચાવશો?' મહા-રાણી જળમાં મૂકી દેશે પછી તમે શું કરશો? મહારાણી તેના સંતાનને જળસમાધિ કરાવે તે પહેલાં તમે તેના હાથમાંથી ઝૂંટવી તો નહિ જ લ્યો ને? એવો અત્યાચાર તો તમે કરો જ નહિ ને?'

'ખરું છે, મહારાજા! મહારાણીની લાગણી પણ દુભાય તેવું કોઈ જ કાર્ય મારાથી થાય પણ નહિ.'

'તો પછી તમે યુવરાજને બચાવશો શી રીતે? મહારાણી-

પદનું ગૌરવ પણ જાળવશો શી રીતે?' શાન્તનુ પણ મંત્રીની યોજના વિષે જાણવા માગતો હતો. તેને એટલો તો વિશ્વાસ હતો જ કે મંત્રી મહારાણીને દુ:ખ થાય તેવું કોઈ કદમ ઉઠાવશે નહિ.'

'તો પછી યુવરાજને તે બચાવે શી રીતે?'

મંત્રી પણ હવે નિખાલસપણે મહારાજા સમક્ષ પોતાની યોજના વિષે સ્પષ્ટ થવા ઉત્સુક હતો. ગંગાદેવીના સ્વમાનને મહારાણી તરીકેના તેના મોભાને જરા પણ જફા પહોંચે નહિ, મહારાણીને પણ એવી કોઈ ફરિયાદ મહારાજા સમક્ષ કરવાની વેળા જ ઊભી ન થાય તેવી રીતની તેની યોજના વિષે હવે સ્પષ્ટ થવા તૈયારી કરતો હતો.

તેણે હળવેથી, જાણે દીવાલો પણ સાંભળે નહિ તેમ ચોપાસ ઝીણી નજરે અવલોકન કર્યા પછી શાન્તનુની નજદિકમાં આવી ધીમેથી બોલ્યો, 'મહારાજ, મહારાણી યુવરાજને જળમાં મૂકે તે પછીની બીજી ક્ષણે જ જળમાંથી યુવરાજને ઉઠાવી લેવા માટેની બધી વ્યવસ્થા આજ સાંજથી નદી પર કરવામાં આવી છે. મહારાણી તેમના સંતાનને જળમાં પધરાવે તેની બીજી જ ક્ષણે નજદિકમાં છુપાયેલા તરવૈયા બાળકને ઉઠાવી લેશે. મહારાણી જાણે તે પહેલાં તે વિદાય પણ થઈ જશે.'

મહારાજા શાન્તનુ મંત્રીની યોજના પર ખુશ થતાં બોલ્યા, 'શાબાશ મંત્રીજી, તમારી વિચક્ષણ બુદ્ધિને ધન્યવાદ.'

'નહિ, મહારાજા. હસ્તિનાપુરની ગાદીનો વારસ સલામત રહે તે જોવાની જ મારી ફરજ છે. એ ફરજ અદા કરતા આપ નારાજ થાવ ને મારું માથું ધડથી જુદું થાય એ મને મંજૂર છે.'

મંત્રીની લાગણીથી શાન્તનુ પણ પ્રભાવિત થયો હતો. તેના મનમાં પણ તરંગો ઊઠતા હતા. થોડા સમય પહેલાં ગંગાદેવીના પ્રેમભંગના ભયથી ધ્રૂજતા તેમણે ગંગાદેવીના માર્ગમાં અંતરાયભૂત થવાનો વિચાર પડતો મૂક્યો હતો. એ વિચાર હવે ફરી જાગતો હતો.

'જો મંત્રી આટલી હિંમત કરી શકતો હોય તો મારે શા માટે શાંત રહેવું જોઈએ? સાત સાત સંતાનોને ગંગાદેવીએ જળ-સમાધિ કરાવી ત્યાં સુધી હું તેના માર્ગમાં અંતરાયભૂત થયો નથી.' મારી આ નિર્બળતા વિષે પ્રજાજનો પણ ક્ષુબ્ધ બની મજાક કરે છે. મંત્રીને પોતાને પણ મારી નિર્બળતા સામે મક્કમ પગલાં ભરવા તૈયાર થવું પડે છે, ત્યારે પોતે શા માટે શાંત રહે? એમાં મારી નામોશી નથી?' જેમ જેમ વિચારમાળાના મણકા ફરતા થયા તેમ તેમ શાન્તનુ પણ પોતાની નિર્બળતા વિષે શરમિંદો બની રહ્યો. જે ભગીરથ કાર્ય કરવા મંત્રી મેદાને પડે છે, તે પોતે શાંતિથી શા માટે ન પતાવે?'

તેણે મંત્રીને આજ્ઞા દીધી, 'તમારે કોઈ પગલું ભરવાનું નથી, મંત્રી!'

મંત્રી મહારાજાની આજ્ઞા સાંભળતાં વિસ્મય પામ્યો. મહા-રાજાના આ આદેશ પાછળનું રહસ્ય સમજવા તેણે મહારાજા સામે પ્રશ્નાર્થ દૃષ્ટિ માંડી.

શાન્તનુનું મન પણ હવે દૃઢ હતું. યુવરાજને જળસમાધિ કરાવવા જતાં ગંગાદેવીને રોકતા તેનું જે પરિણામ આવે તે ભોગવવા પણ માનસિક રીતે તૈયાર થતો હતો.

'હું બધું જ પતાવી દઈશ, મંત્રી. તમે નિરાંતે આરામ કરો.' શાન્તનુએ કહ્યું ને તરત જ સેવકને બોલાવીને હુકમ દીધો, 'મહારાણી પર બરાબર નજર રાખજે. તે મહેલમાંથી બહાર પગ મૂકે એટલે મને તરત જ જાણ કરજે.'

'પછી તમે બાળકને લઈ જતાં મહારાણીને અટકાવશો?' મંત્રીએ જાણવા માગ્યું.

'ના, મહેલમાં કોઈ જ કોલાહલ કરવો નથી.' શાન્તનુએ જવાબ દીધો. તેને ભય પણ હતો. ગંગાદેવીને અટકાવવા જતાં ગંગાદેવીના આકરા શબ્દપ્રહારો તેને ઝીલવા પડશે. એ પોતે અસહાય

બની, શાંતિથી એ શબ્દપ્રહારો સહન કરતો હોય એ સ્થિતિ મહેલમાં સેવકો ને દાસીઓ સમક્ષ ઊભી થવા દેવી ન જોઈએ.

'તો તમે જળમાંથી ઉઠાવી લેશો ?'

'ના, હું મારા બાળકને જળમાં મૂકવા નહિ દઉં.' શાન્તનુએ કહ્યું. 'ગંગાદેવી તેને જળમાં મૂકવા જશે, તે જ ક્ષણે તેને હું અટકાવીશ ને બાળક મારા હાથમાં લઈશ.' ને પછી બોલ્યા, 'ગંગાદેવીના આકરા, દાહક શબ્દો નદીના જળની ઠંડકથી હું શાંતિથી સહન કરી લઈશ. તેને પણ મારી કસોટી કરવી હોય તો ભલે કરે.' ને મંત્રીને વિશ્વાસ દીધો, 'તમે મને જાગ્રત કર્યો, મોહના પડળ તમે તોડી નાખ્યા, તમારા જેવા વફાદાર સાથી માટે મને આનંદ થાય છે.'

મંત્રી પણ પોતાના પ્રયાસોની સફળતાનો આનંદ માણતો વિદાય થયો. મહારાજા શાન્તનુ પણ મધરાત પછી ગંગાદેવી મહેલમાંથી બહાર નીકળે તેની પ્રતીક્ષા કરતા શૈય્યામાં પડ્યા હતા, પણ નજર બારણા તરફ હતી. સેવક તેને જાણ કરવા આવે તેની પ્રતીક્ષામાં સચિંત હતો. તેમને તેમનાં પગલાંના ભાવિ પરિણામનો પણ ખ્યાલ આવી જ ગયો હતો. ગંગાદેવી તેમને છોડીને ચાલી જશે એવો શક પણ હતો, ને તેઓ બેચેન પણ થતા હતા. ગંગાદેવી સાથેના વર્ષોના ઉલ્લાસભર્યા જીવનનાં અંતની કલ્પના તેમને ડરાવતી પણ હતી, ને ક્યારેક ગંગાદેવીને દીધેલા વચનનો ભંગ કરવાની ઇચ્છા પણ શાંત થતી હતી. પોતે એક ક્ષત્રિય તરીકે ગંગાદેવીને વચન દીધું હતું. એ વચનનો ભંગ કરવામાં તેમને ક્ષત્રિયપણું લજવાતું પણ જણાતું હતું.

તેઓ વળી નિરાશામાં ગરક થઈ જતા હતા. મન તર્કોવિતર્કોના તાર પર દોડતું હતું ને હતાશામાં પડી જતા હતા. બારણા તરફની નજર બીજી દિશામાં ફેરવતાં.

પણ ત્યાં બારણે સેવક ઊભો.

'મહારાણીઆ મહેલ છોડી રહ્યાં છે, મહારાજ ?!' સેવકે સમાચાર દીધા. શાન્તનુ એકદમ બેઠો થયો. પૂછ્યું, 'એકલાં જ છે? સાથે કોઈ દાસી નથી ?'

'ના, એકલાં જ છે. તેમના હાથમાં તેમનું નવજાત બાળક વસ્ત્રોમાં વીંટાયેલું છે.' સેવકે જવાબ દીધો.

તે સાથે જ બાળકને જળસમાધિમાંથી બચાવી લેવાના મક્કમ નિર્ધાર સાથે શાન્તનુ ઊભો થયો. મહારાણી ગંગાદેવીને મહેલમાંથી બહાર જવા દીધાં પછી તેણે મહારાણીનાં પગલાં દબાવ્યાં.

મધરાત્રીનો ચંદ્ર આભમાંથી ધરતી પર ધવલ પ્રકાશ પાથરી રહ્યો હતો. વૃક્ષો પણ ગંગાદેવીના કૃત્ય પ્રત્યે નારાજ હોય એમ શાન્ત હતાં, પવન પણ થંભી ગયો હતો. ચોપાસ નરી નિર્જનતા હતી. સૂના માર્ગો ને સૂના વાતાવરણમાં ગંગાદેવીના મજબૂત પગલાં ધરતી પર પડતાં હતાં ક્યારેક હાથમાંના નવજાત બાળક પ્રતિ તેની નજર પણ જતી, પણ બાળક પણ જાણે તેના ભાવિ વિષે પૂર્વ પરિચિત હોય એમ આંખનાં પોપચાં બંધ કરી પડી રહ્યું હતું.

શાન્તનુ હળવે હળવે ગંગાનાં પગલાં દબાવતો તેની પાછળ પાછળ ચાલતો હતો. ગંગાને તેની જાણ થાય નહિ તેની પૂરતી કાળજી રાખતો હતો. સાથે કોઈ શસ્ત્ર ન હતાં. તે રાજવી નહિ પણ કોઈ સામાન્ય માનવીની જેમ ગંભીરતાથી પગલાં દેતો હતો.

ગંગા પૂર ઝડપે રસ્તો કાપતી હતી. તેને જાણે કામ પતાવી દેવાની ઉતાવળ હોય તેમ તે ક્યારેક ઉતાવળાં પગલાં દેતી ત્યારે પવન તેની સાડીના છેડામાં ભરાઈને તેનાં અંગો સાથે ચેડાં કરતો હતો.

આખરે ગંગા નદીના વિશાળ પટ પર પહોંચી. હાથમાંના વસ્ત્રોમાં વીંટાયેલા બાળકને જમીન પર મૂકી તેણે પાણીના મધ્ય ભાગમાં જવા વસ્ત્રોનો કછોટો દીધો ને હળવેથી જમીન પર પડેલાં બાળકને ઉઠાવી તેણે જળમાં જવા પગ દીધાં ત્યારે આભમાંનો ચંદ્ર પણ

શરમાઈ ગયો હોય એમ તે વાદળ પાછળ સંતાઈ ગયો.

ગંગાદેવી પૂર્વવત્ આ બાળકને પણ નદીના મધ્યભાગમાં જઈ વહેતો કરી દેવા માંગતી હતી.

'થોભી જાવ, ગંગાદેવી!' હજી કાંઠામાં જ ગંગા ઊભી છે, ત્યાં તેના કર્ણપટે અવાજ અથડાયો. એક ક્ષણ ભર તો તે ધ્રૂજી ઊઠી. સાત સાત બાળકોને તેણે આ પ્રમાણે જ જળસમાધિ કરાવી હતી, પણ આજે પહેલી જ વાર તેને કાને 'થોભો'નો આદેશ અથડાયો હતો.

તે થોભી. પાછળ દૃષ્ટિપાત કરી ને શાન્તનુને જોતાં વિસ્મયતાથી પૂછી રહી, 'તમે મારી પાછળ શા માટે આવ્યા છો?'

શાન્તનુ પણ હવે ગંગાની નજદીક જઈ પહોંચ્યો ને કહ્યું, 'હવે આ બાળકને જળસમાધિ નહિ કરાવી શકો.'

'તમે શું કહો છો મહારાજ? તમે દીધેલાં વચનો તો યાદ છે ને?' શાન્તનુને આજ્ઞાનો પ્રતિભાવ કરતાં ગંગા પૂછી રહી, 'તમે વચનભંગ કરવા માંગો છો?'

'વચનનું પાલન તો સાત સાત બાળકોને તમે જળસમાધિ કરાવી ત્યાં સુધી મનને દબાવીં, લાગણીઓ પર પથ્થર મૂકીને કર્યું જ છે ને? પણ હજી તમે જો તમારો આ માર્ગ છોડવા તૈયાર ન હો તો આ નિર્દોષ બાળકના પિતા તરીકે તેને રક્ષણ આપવાનો મારો ધર્મ પણ મારે અદા કરવો જ જોઈએ ને?'

ગંગા શાન્તનુ સામે આશ્ચર્યભરી મીટ માંડી રહી હતી. તેના હાથમાંનાં વસ્ત્રોમાં વીંટાયેલું બાળક પણ સળવળાટ કરતું હતું.

# ૩

'હવે હું આપની વિદાય લઉં છું, રાજન્ !' પોતાના હાથમાં વસ્ત્રોમાં વીંટાળેલા બાળકને હૈયાસરસો દબાવતાં ગંગા બોલી, 'તમે વચનભંગ કર્યો છે, ખરું ને?' ને ઉમેર્યું, 'એટલે આપણી શરત પ્રમાણે આપણા લગનજીવનનો અહીં અંત આવે છે. હું વિદાય લઉં છું.'

ગંગા વિદાય થવા પગ ઉપાડતી હતી ત્યાં શાન્તુએ તેનો હાથ પકડ્યો. તેને અટકાવીને તેની નજરમાં પોતાની નજર ખૂંચાવતા દર્દભર્યા સ્વરે પૂછી રહ્યો, 'તમે આપણા સાત સાત સંતાનોને જળસમાધિ કરાવી ત્યારે મારા અમાત્યો, હસ્તિનાપુરની પ્રજા મારી નિંદા કરતા હતા. ગંગાના રૂપ લાવણ્યમાં મોહાંધ બનેલાં શાન્તનુ કુરુવંશનો અંત લાવી રહ્યો છે. હસ્તિનાપુરની ગાદીના વારસને ઇચ્છતો નથી, માત્ર ગંગાના રૂપ લાવણ્યમાં સર્વસ્વનો નાશ કરી રહ્યો છે તેને કોણ સમજાવે? એવી ફરિયાદ પણ હતી. ખિન્ન સ્વરે શાન્તનુ કહી રહ્યો, 'અમાત્યો ને પ્રજાની ભાવનાથી હું અજ્ઞાત ન હતો. તેમનાં કડવાં વચનો હું સાંભળતો ત્યારે હું ઉસ્કેરાટના સ્થાને તમારી જ પ્રતિમા મારી નજર સમક્ષ રહેતી હતી.'

'એમાં નવાઈ શી હતી, રાજન્ !' ગંગાએ ટોણો દેતાં કહ્યું, 'દીધા વચન પાળવા એ તો ક્ષત્રિયોનો વીરોનો ધર્મ છે.' આંખમાં છલકાતાં પ્રેમના સ્થાને રોષ ભરતાં પૂછી રહી, 'હવે વચનભંગ કેમ કરો છો?' ને કટાક્ષ કર્યો, 'ગંગાના દેહ લાવણ્ય ઝાંખા તો

પડ્યા નથી ને? ગંગાના નયનોમાં સતત તૂફાન કરતા પ્રેમના તૂફાનો શાંત થયા નથી ને? કે તમે પોતે ગંગાના દેહ લાવણ્યનો તેના પ્રેમનો પૂરતો ઉપયોગ કર્યા પછી હવે શાંત થયા છો? હવે તમને ગંગાની જરૂર નથી એટલે તમે તમારા અમાત્યો જે તમારી પ્રજાને શાંત કરવા કુરુવંશ અને હસ્તિનાપુરની ગાદીના વારસ માટે મને દીધેલા વચનને ભંગ કરી રહ્યા છો?'

ગંગાના લાવણ્યમય ચહેરા પર રોજનો ઉલ્લાસ કે પ્રેમનો આવેગ ન હતો. તેના સ્થાને રોષની રેખાઓ જામી હતી.

'ના પ્રિયે, હું ગંગાથી અલગ થવા ઇચ્છતો નથી. એટલે તો તમે સાત સાત પુત્રોની હત્યા કરી છતાં હું શાંત રહ્યો પણ હવે—'

'હા, હા, કહો, તમે આઠમા પુત્રની હત્યા કેમ થવા દેતા નથી?' ગંગા ભ્રૂકુટિ ચડાવી પૂછી રહી ને પછી સ્પષ્ટતા કરતાં બોલી, 'રાજન્, તમે કહો છો કે લોકો જાણે છે તે પ્રમાણે મેં આપણા સાત પુત્રોની હત્યા નથી કરી, પણ તેમને મુક્તિ દીધી છે, મારું એ કર્તવ્ય હતું.'

'મુક્તિ?' શાન્તનુ ખડખડાટ હસી પડ્યો ને બીજી ક્ષણે શાંત ગંભીર થતાં બોલ્યો, 'તરતના જન્મેલાં બાળકને જળસમાધિ કરાવી તે હત્યા નહિ, પણ મુક્તિ અપાવી કહો છો તમે?' ને પ્રશ્ન કર્યો, 'કોની મુક્તિ? નવજાત શિશુનો શો અપરાધ હતો કે તેને શિક્ષા કરવા જળસમાધિ કરાવી?'

'અપરાધ હતો. રાજન્, તમે જાણતા નથી પણ આ સાત અપરાધીઓને તેમને થયેલી શિક્ષા ભોગવ્યા પછી તેમને મુક્ત કરવાની મારી જવાબદારી હતી. મેં તેમને જળસમાધિ કરાવીને શાપમાંથી મુક્ત કર્યા!' ગંગા જબાન ખોલતી હતી. જ્યારે તેણે શાન્તનુ પાસેથી વચન લીધું ને શાન્તનુના મહેલમાં વર્ષો સુધી રહી, શાન્તનુના પ્રેમની તૃષા છિપાવતી રહી, ત્યારે પણ જે હકીકત તે શાન્તનુને કહેવા ઇચ્છતી ન હતી, જ્યારે પહેલાં બાળકને

જળસમાધિ લેવડાવવા તે વિદાય થતી હતી ત્યારે શાન્તનુની વેદનાભરી આજીજી અશ્રુભીના નયનોએ હસ્તિનાપુરના ગાદીવારસને જળસમાધિ નહિ કરાવવા શાન્તનુ પ્રાર્થના કરતો હતો, ત્યારે પણ જળસમાધિ માટેના ઇતિહાસને તે વ્યક્ત કરવા ઇચ્છતી ન હતી. સાત સાત સંતાનોને પોતે જળસમાધિ કરાવતી હતી ત્યારે શાન્તનુની વ્યથા, વેદના ને દિલ પર થતાં આઘાતથી અજ્ઞાત ન હતી, છતાં પણ મહારાજા શાન્તનુ સમક્ષ કોઈ જબાન ખોલવા ઇચ્છતી ન હતી. તે જબાન અત્યારે તે ખોલતી હતી.'

શાન્તનુની જિજ્ઞાસાને સંતોષવા જ નહિ પણ પોતે સાત સાત બાળકોની હત્યા કરી છે, એવા શાન્તનુના મનોભાવને સાફ કરવા ગંગા ભૂતકાળના ઇતિહાસને પેશ કરતી હતી.

'રાજન્! જે સાત બાળકોને મેં જળસમાધિ લેવડાવી એ આપણાં બાળકો ન હતાં કે હસ્તિનાપુરની ગાદીના વારસો પણ ન હતા.'

'શું કહો છો તમે? તમે જે બાળકોને જળસમાધિ લેવડાવી એ બાળકો આપણાં ન હતાં? તો કોણ હતાં? તમે તેમના જનેતા પણ ન હતાં?' શાન્તનુ આશ્ચર્યથી મોં પહોળું કરતાં પૂછતો હતો.

'હા. દેખીતી રીતે તમે કહો છો તે સાચું છે, પણ હકીકત જુદી છે.' ગંગા શાન્તનુના આશ્ચર્યને શાંત કરવા પ્રયત્ન કરતી હતી.

'જુદી હકીકત શી હોય?'

'હોય, ખુદ ગંગાનો જન્મ પણ તેનું કર્તવ્ય પૂરું કરવા જ થયો છે. શાન્તનુ સાથેનો પ્રેમભર્યો વ્યવહાર પણ ગંગાની ફરજ અદા કરવા માટેનો જ હતો.'

ગંગા હજી પણ સ્પષ્ટતા કરતી ન હતી, એથી શાન્તનુ પણ ઉત્તેજના અનુભવતો હતો.

'મને આ બધી ભ્રમજાળમાં નાખવાની કોઈ જરૂર નથી, ગંગાદેવી.' શાન્તનુ બોલ્યો ને ગંગાના હાથમાંનું બાળક લેવા

હાથ લંબાવીને કહી રહ્યો, 'લાવો આ બાળક.'

'ના, હવે આ બાળક મારી પાસે જ રહેશે.' ગંગા બોલી.

'પણ તમે એને જળસમાધિ દેવડાવશો ?'

'ના. હવે આ બાળકને આપણા વિચ્છેદ પછી જળસમાધિ લેવડાવવાનો કોઈ પ્રશ્ન જ નથી. હું તેને મારી સાથે રાખીશ, આભ અને ધરતી વચ્ચે તેના જેવો કોઈ પેદા ન થાય તેવી તાલીમથી તેને નિપૂર્ણ બનાવીશ.' બોલતાં બોલતાં ગંગાના હૈયામાંનું માતૃત્વ જાણે ઊછળી પડ્યું હોય એમ બાળકને હૈયાસરસું દબાવતાં બોલી, 'મારો દેવવ્રત !' પછી કડી રહી. 'મારી વિદાય વેળા નજદીક આવતાં દેવવ્રત તમને સુપ્રત કરીશ, ત્યારે તે તમામ વિદ્યામાં નિપૂર્ણ હશે.' ને સ્મિત વેરતાં પૂછી રહી, 'તમને વિશ્વાસ નથી આવતો ખરું ને, રાજન્ ?' ને ઉમેર્યું, 'સાત સાત બાળકોને જળસમાધિ કરાવી તે મારું કર્તવ્ય હતું જે પૂર્ણ કર્યું.'

'કર્તવ્ય ?' શાન્તનુ પૂછી રહ્યો.

'હા, રાજન્. મારું કર્તવ્ય મેં પૂર્ણ કર્યું.' ગંગા હવે જબાન ખોલતી હતી. તેણે કહ્યું : 'એ સાત વાસુ વશિષ્ઠના ગુનેગાર હતા. વશિષ્ટે તેમને શાપ દીધો, ને વાસુઓની પ્રાર્થનાથી વશિષ્ઠ તેમની મુક્તિ માટે મને ધરતી પર જવા કહ્યું. હું ધરતી પર આવી. વાસુઓની જનેતા બનીને જન્મતાં જ તેમને જળસમાધિ લેવડાવી. શાપમાંથી મુક્ત કર્યા ને ફરી હાથમાંના દેવવ્રત તરફ નજર કરતાં બોલી, 'દેવવ્રતને તો આ ધરતી પર જ રહેવાનું છે, એટલે તમે મને અટકાવી.'

ગંગાદેવી શાન્તનુ સમક્ષ હવે વિદાયની વેળાએ ભૂતકાળનો' ઉલ્લેખ કરતી હતી.

'તમને મારી વાતોથી આશ્ચર્ય થતું હશે નહિ ?' ગંગાએ પૂછ્યું. 'હા, આ બધી વાતો નવાઈ ભરી તો છે જ.' શાન્તનુએ ગંગાના પ્રશ્નનો જવાબ દેતાં પૂછ્યું, 'વાસુઓ વશિષ્ઠની ગાય નંદીનીને ચોરવા જાય, વશિષ્ટ તેમને શાપ દે, ને વળી તમને તેમની મુક્તિ

અર્થે ધરતી પર મોકલે, રૂપના અંબાર દેહમાં ભરી તમે શાન્તનુને જીતો ને શાન્તનુ પણ તમારા મોહપાશમાં જકડાઈને તેના સાત સાત પુત્રોને જળમાં હોમી દેવાની ગંગાની પ્રક્રિયા સામે લાચાર બની મૂંગો રહે એ બધું નવાઈભર્યું નથી શું?'

'તમને નવાઈભર્યું લાગે તે સ્વાભાવિક છે, રાજન્, પણ આ હકીકત છે.' ગંગાએ વિશ્વાસ દેવા માંડ્યો. પછી હકીકત પેશ કરતાં બોલી, 'વશિષ્ઠની ગાય નંદિની પર માત્ર વાસુઓ જ નહિ, પણ દેવો પણ નજર માંડી બેઠા હતા. સૌ નંદિનીને ઇચ્છતા હતા, પણ નંદિની વશિષ્ઠથી દૂર થવા માંગતી ન હતી.'

'એમ? એવું તે શું હતું નંદિનીમાં! માત્ર ગાય જ હતી ને?' શાન્તનુએ પ્રશ્ન કર્યો.

'હા, નંદિની હતી તો ગાય પણ દેવાંશી કોઈ તત્ત્વ, કોઈના ક્રોધનો ભોગ બની ગાય બની હોય એમ લાગતું હતું.' ગંગાએ કહ્યું. 'પણ વશિષ્ઠ તેને બરાબર સમજતા હતા એટલે તેને ગાય નામના પ્રાણી તરીકે નહિ, પણ દેવાંશી તરીકે સાચવતા તેનું ગૌરવ પણ કરતા હતા. નંદિનીની આ સ્થિતિ વાસુઓ માટે ઈર્ષા સમાન હતી. વશિષ્ઠ પાસેથી નંદિનીને વિખૂટી પાડવાના તેમણે ઘણાં ઘણાં કપટો કર્યાં. નંદિનીને ચરાવવા માટે ગયા ને પછી તેને ભુલભુલામણીમાં નાખી વશિષ્ઠથી દૂર કરવાના પ્રયત્નો પણ કર્યા. ત્રણ-ચાર દિવસ સુધી નંદિની પાછી નહિ ફરતાં વશિષ્ઠ પણ બેચેન બની ગયા. તેને ચરાવવા લઈ જનાર વાસુને તેમણે પૂછ્યું પણ ખરું, 'નંદિની દિવસો થયા કેમ આવી નથી? મને તેની ખૂબ જ ચિંતા છે. જરા તપાસ તો કરો?'

વાસુ વિશ્વાસ દેતો. તે પણ પોતાની બીજી ગાયોના જૂથથી નંદિની ક્યારે વિખૂટી પડી; ક્યાં ગઈ તેને વિષે પોતાની અજ્ઞાનતા વ્યક્ત કરતાં કહેતો: 'મને તો વિશ્વાસ હતો કે નંદિની આશ્રમમાં પહોંચી જ હશે, પણ અહીં નથી આવી તેથી મને પણ ચિંતા થાય છે.

ને પછી વ્યથાપૂર્ણ સ્વરે બોલ્યો, 'કદાચ કોઈ હિંસક પ્રાણીનો ભોગ બની હશે ?'

'ના, ના, નંદિની કોઈનો ભોગ બને તેમ નથી.' વશિષ્ઠ નંદિની વિષેનો પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતાં ગમભર્યા સ્વરે પોતાની શંકા વ્યક્ત કરતા કહી રહ્યા, 'કોઈ તેને ઉઠાવી ગયું હશે.'

'પણ કોણ ઉઠાવી જાય ?'

'કોઈ દેવતા !' નિસાસો નાખતા વશિષ્ઠે પોતાની શંકા વ્યક્ત કરતાં કહ્યું, 'પણ નંદિની ગમે ત્યાં હશે, પણ અહીં પાછી ફર્યા વિના રહેશે જ નહિ.'

'ને થયું પણ તેમ જ.' ગંગા કહી રહી. હતાશાભર્યા વશિષ્ઠ જયારે પ્રાતઃકર્મ માટે તૈયારી કરતા હતા ત્યારે તેમની સમક્ષ નંદિની ઊભી હતી. વશિષ્ઠ હર્ષઘેલા થઈ નંદિની પાસે દોડી ગયા. તેની પીઠ પર હાથ ફેરવતાં પૂછી રહ્યા, 'કોણ તને ઉઠાવી ગયું હતું ?'

નંદિની જવાબ દઈ શકી નહિ. ગૌરવભેર માથું ઊંચું કર્યું. વશિષ્ઠે પણ આનંદ પ્રદર્શિત કરતા કહ્યું, 'મને તારો પૂરતો ભરોસો છે, નંદિની ! તું મારા માટે જીવનધાત્રી છો. તું કદી પણ મારાથી અલગ થઈ શકે જ નહિ.' ને પૂછ્યું, 'ખરું છે ને નંદિની ?'

નંદિની પણ વશિષ્ઠના વિશ્વાસનું સમર્થન કરતી હોય એમ ડોક હલાવી હકાર ભણતી હતી.

'છતાં વાસુઓ તેને ઉઠાવી જવા તૈયાર થયા.' શાન્તનુએ શંકા વ્યક્ત કરી.

'હા, નંદિનીનો પ્રભાવ જ એવો હતો. બધા જાણતા હતા કે વશિષ્ઠનું જીવન નંદિની છે. એ નંદિની જેની સાથે હોય તેને જીવનની કોઈ હતાશાનો કદી પણ અનુભવ થાય જ નહિ. સદા સુખી જ હોય, એટલે દેવો તો તેને ઉઠાવી જવાની હિંમત કરી શકે નહિ. તેઓ વશિષ્ઠના પ્રભાવ ને પ્રતાપથી પરિચિત હતા. વશિષ્ઠના શાપથી તેઓ ડરતા હતા. એટલે દેવોમાંથી કોઈ પણ દેવ નંદિનીને વશિષ્ઠના

આશ્રમમાંથી ઉઠાવી જવાની હિંમત કરતા ન હતા.'

'જે હિંમત દેવો કરી શક્યા નહિ, તે હિંમત વાસુઓએ કરી?' રાજાને પ્રશ્ન કર્યો.

'હિંમત શું હોય? પણ કોઈ દેવતાના પીઠબળે તેમણે આવું સાહસ કર્યું હશે.' ગંગાએ કલ્પના કરી ને ઉમેર્યું, 'પણ જ્યારે વાસુઓ વશિષ્ઠના શાપનો ભોગ બન્યા ત્યારે કોઈ દેવતા તેની મદદે આવી શક્યા નહિ. વાસુઓ પણ વશિષ્ઠનો શાપ સાંભળતાં ધ્રૂજી ઊઠ્યા ને જે દેવતાના પીઠબળે નંદિનીને ઉઠાવી જવાની હિંમત કરી હતી. તે દેવતા તેમની મદદે આવી, ને વશિષ્ઠના શાપમાંથી તેમને મુક્ત કરાવશે એવી આશામાં તેમણે દેવના આગમનની પ્રતીક્ષા કરી. પણ દેવતાનું આગમન થયું નહિ એટલે વાસુઓ વશિષ્ઠના પગમાં પડ્યા. અશ્રુથી તેમનાં ચરણો ભીંજવ્યાં.'

'દયા કરો, કૃપા કરો, ગુનો માફ કરો, ગુરુદેવ!' વાસુઓ વશિષ્ઠના પગમાં પડી દયાની ભીખ માંગતા હતા.

નંદિનીએ તેને બળપૂર્વક લઈ જતાં વાસુઓનો મુકાબલો તો કર્યો જ હતો, પણ જ્યારે તેને બંધનમાં નાખીને જમીન પર ઘસડી જવાનો પ્રયત્ન થયો, ત્યારે તેણે વશિષ્ઠની નિંદ્રા તૂટે એવો જોરદાર અવાજ કર્યો. વશિષ્ઠની નિંદ્રા તૂટી તેવો નંદિનીનો ભયભીત અવાજ પારખી ગયા, ને સફાળા બહાર દોડી આવ્યા. ત્યારે વાસુઓ નંદિનીને ઘસડી જવા માટે પોતાની તમામ તાકાત જમાવતા હતા.

પણ વશિષ્ઠને જોતાં તેમના હાજા ગગડી ગયા. નંદિનીને બંધન અવસ્થામાં મૂકી તેઓ ભાગવા લાગ્યા, પણ વશિષ્ઠે તેમને અટકાવ્યા. 'ઊભા રહો, નહિ તો જીવતા સળગાવી દઈશ.' તેમણે ધમકી દીધી.

વાસુઓ વશિષ્ઠની તાકાત, પ્રભાવ ને તેમની સિદ્ધિઓથી સારી પેઠે પરિચિત હતા એટલે તેઓ અટકી ગયા. તેમના ચહેરા પર

ભયની રેખા પણ ઊપસી રહી હતી.

નંદિની હવે સ્વસ્થ હતી. વશિષ્ઠે તેને બંધનમુક્ત કરીને તેની પડખે ઊભા રહ્યા. વાસુઓ સામે ક્રોધ દૃષ્ટિ માંડી રહ્યા. વાસુઓને જાણે તેમના જીવનનો અંત આવતો જણાતો હતો. જેની હિંમત, શક્તિ ને વિશ્વાસે તેમણે આ અપરાધ કરવાની હિંમત બતાવી, તેના તો ક્યાંય દર્શન પણ થતાં ન હતાં.

શાંતિથી ગંગાની કથની સાંભળી રહેલાં રાજને પ્રશ્ન કર્યો, 'તમે ત્યાં ક્યાંથી?'

ગંગાએ સ્પષ્ટતા કરી, 'હું વાસુઓનાં આક્રંદથી જાગી ઊઠીને શું થયું છે તે જોવા બહાર આવી. ત્યાં વાસુઓ વશિષ્ઠના ચરણોમાં માથા ઝુકાવી અશ્રુની સરિતા વહાવતા હતા.

વશિષ્ટ મક્કમ હતા. વાસુઓના આક્રંદ આંસુ કે આજીજીની તેમના મન પર કોઈ અસર જણાતી ન હતી. તેઓ પણ વાસુઓને પાઠ ભણાવવા માગતા હતા.

'ક્ષમા કરો ગુરુદેવ!' વશિષ્ઠના ચરણો પાસે ઝુકાવેલું મસ્તક પ્રયત્નપૂર્વક ઊંચું કરી, વાસુઓનો મુખી બે હાથ જોડી દીનભાવે ક્ષમા યાચતો હતો.

પણ ગુરુદેવના ચહેરા પરની સખ્તાઈની રેખા વધુ તંગ બનતી હતી.

'આખરે તેમણે શાપ દીધો.'

'શાપ દીધો? કેવો શાપ હતો?'

'ધરતી પર માનવ બનીને હડધૂત જીવન પામો.' વશિષ્ઠના શાપથી વાસુઓ ધ્રૂજી ઊઠયા. ધરતી પર જવાની કલ્પના જ તેમને ભય પમાડતી હતી. તેમણે ફરી આક્રંદ શરૂ કર્યું.

'દયા કરો હવે ગુરુદેવ!' મુખી વિનવતો હતો ને ઉકેલ શોધતો હતો, 'શાપમાંથી મુક્તિ અપાવો ગુરુદેવ!'

કોણ જાણે કેમ પણ ગુરુદેવનું હૈયું પીગળી રહ્યું, 'મુક્તિ?

શાપમાંથી મુક્તિ જોઈએ છીએ તમને ?' તેઓ બોલ્યા.

'હા, ગુરુદેવ !'

'શાપ તો પાછો ખેંચી શકાય નહિ, પણ હા, મુક્તિનો માર્ગ જરૂર શોધી શકાય !' ગુરુદેવ સચિંત મૌન થયા. તેમની નજર કોઈ ઉકેલ શોધતી હતી.

ત્યાં તેમની નજર દૂર ઊભેલી પ્રભાવશાળી નારી પર પડી. વશિષ્ઠ તેને જાણતા હતા. આશ્રમમાં રહેતી એ તપસ્વિની હતી. ગુરુદેવે તેને બોલાવી. તપસ્વિની ગુરુદેવ સમક્ષ વિનમ્રતાથી ઊભી.

'આજ્ઞા ગુરુદેવ !' તપસ્વિની પૂછી રહી.

'તારે એક કામ કરવું પડશે. થશે ?' વશિષ્ઠે પૂછ્યું.

'આપની આજ્ઞાની અવગણના કેમ થઈ શકે, ગુરુદેવ ?'

'આજ્ઞા નથી, પણ ઇચ્છા ખરી !'

'આપની ઇચ્છા એ મારા માટે તો આજ્ઞા સમાન છે, ગુરુદેવ !' તપસ્વિની કહી રહી.'

'આ અપરાધીઓને મેં શાપ તો દીધો જ છે, પણ હવે થોડી દયા પણ આવે છે.' વશિષ્ઠ બોલી રહ્યા. 'આખરે તેઓ પણ આ ભૂમિના જ છે ને ? તેમને મનુષ્ય લોકમાં જવાનો મારો શાપ મિથ્યા તો થઈ શકે તેમ નથી. પણ તેમને તારી મદદ હોય તો માનવ જન્મનો તત્કાળ અંત આવે ને તેઓ પાછા આ ભૂમિ પર આવી શકે !' પછી તપસ્વિની સામે આશાભરી દૃષ્ટિ માંડતા પૂછી રહ્યા, 'તમે તેમને સહાયભૂત થશો ?'

'આપની આજ્ઞા હોય તો મારે આપની ઇચ્છાનો અમલ કરવો જ જોઈએ ને ?'

'પણ એ માટે તમારે પૃથ્વી પર જવું પડશે.'

'જઈશ, પછી ?'

'પછી તમારે પ્રસૂતા થવું પડશે.'

'એટલે મારે પૃથ્વી પરના માનવી સાથે લગ્નપણ કરવા પડશે ?'

'હા, અનિવાર્યપણે.' વશિષ્ઠે જણાવ્યું. 'પ્રસૂત થયા પછી જન્મેલા બાળકને તારે જાતે જ તેને જળસમાધિ પણ કરાવવી પડશે.'

'એટલે મારી કૂખે જન્મેલાં સંતાનને મારે જ હાથે જળસમાધિ કરાવવી એમ?' બોલતાં બોલતાં તપસ્વિનીની આંખો પહોળી થઈ, 'મારે એવાં પાપકર્મ કરવા નથી, ગુરુદેવ.' તેણે જણાવ્યું. 'પાપ-કર્મ નથી, પુણ્યકર્મ છે.'

'પુણ્ય શેનું? બાળકને જળસમાધિ કરાવનાર માતા પણ પૃથ્વી લોકપર તિરસ્કારને પાત્ર બને. કદાચ આ અપરાધની તેને સજા પણ થાય.'

'સજા!' સજાનો ભય વ્યક્ત કરતી તપસ્વિની સામે મુક્તહાસ્ય વેરતા વશિષ્ઠ બોલ્યા, 'તારે ક્યાં પૃથ્વી પર માનવલોકમાં લાંબો વખત રહેવું છે? તારું કામ પતી જાય પછી તું પણ પાછી ફરીશ ને?'

'પણ લોકનિંદા!'

'હા, એ ભય ખરો, પણ તું જેની સાથે લગ્ન કરે તેની સાથે શરત કરજે, તારા માર્ગમાં તે અંતરાયભૂત ન બને.'

'એવી શરત કોણ સ્વીકારે, ગુરુદેવ?'

'સ્વીકારનારો મળી જ રહેશે, તપસ્વિની! તારા રૂપસૌંદર્યમાં મોહાંધ બનીને પુરુષ તારી શરત અચૂક સ્વીકારશે ને તું નિરાંતે તારા પુત્રને જળસમાધિ કરાવી શકશે.' વશિષ્ઠે વિશ્વાસ દેતાં પૂછ્યું, 'એ બધી વ્યવસ્થા થઈ શકશે.'

તપસ્વિની પણ આ તપ માટે તૈયાર થઈ. તેને માટે ગુરુદેવની આજ્ઞા પ્રમાણે જીવવાનું એ એક તપ જ હતું. તેને પણ પૃથ્વી અને માનવ વિષે જોવું હતું, જાણવું પણ હતું.

'એટલે તમે વશિષ્ઠ ગુરુની ઇચ્છા પ્રમાણે જ ગંગા બની નિર્જન સ્થાને રહેવા લાગ્યા એમ જ ને?' શાન્તનુ વચ્ચે જ પ્રશ્ન કરી રહ્યો.

'હા. તમારા આગમનની પ્રતીક્ષા પણ કરતી હતી.' ગંગા બોલી.

'મારા આગમનની?' સાશ્ચર્ય શાન્તનુ પૂછી રહ્યો.

'હા, સ્ત્રીના દેહ લાલિત્ય પર પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરનાર રાજવી તને નજરમાં ભરશે ને તારી ગમે તેવી શરતનો તે સ્વીકાર કરશે. પોતાના વંશનો ગાદીવારસનો તારે હાથે નાશ થવા છતાં પણ તારા માર્ગમાં તે કદી અવરોધક બનશે નહિ. ગુરુદેવે મને અહીં આવતાં પહેલાં વિશ્વાસ દીધો હતો એટલે તમારી પ્રતીક્ષા કરતી હતી.'

'હવે સમજાયું કે તમે વૃક્ષ નીચે વિશ્રામ કરતા શાન્તનુ માટે જળપાનની વ્યવસ્થા કેમ કરી હતી?' શાન્તનુએ જવાબ દીધો.

'કહો, હવે કાંઈ પૂછવું છે રાજન્?' ગંગા શાન્તનુને પૂછી રહી.

'હવે આ દેવવ્રતને તમે રાખશો તો મારા વચનભંગનો શો અર્થ? વચનભંગના કારણે તમને તો ગુમાવી દીધા, પણ જેને માટે વચનભંગ કર્યો તે દેવવ્રતને પણ તમે જ લઈ જાવ છો? પછી મારું શું?'

ગંગાએ શાન્તનુની ચિંતાનો જવાબ દેતાં કહ્યું, 'આ દેવવ્રતને હું જળસમાધિ કરાવવા માંગતી ન હતી માત્ર દેખાવ હતો. પેલા સાત અપરાધી વાસુઓને તો માનવદેહમાંથી મુક્તિ આપવાની હતી, એટલે તેમને જળસમાધિ કરાવી. પણ પ્રભાસ નામના આઠમા વાસુને તો પૃથ્વી પર લાંબા સમય સુધી રહેવાનું જ હતું. સાતે વાસુઓએ એને પોતાનો અંશ સમર્પિત કર્યો છે. વંશવેલો નહિ વધારવા તકની શરતે તેણે પૃથ્વી પર રહેવું એમ પણ નક્કી થયું છે, એટલે દેવવ્રત વિષે આમ કોઈ જ ચિંતા ન કરશો. યોગ્ય સમયે દેવવ્રત તમારે હવાલે થશે જ. આભ અને પૃથ્વીની વચ્ચે જ તે અમરત્વ પામશે.'

ગંગા દેવવ્રતને લઈ વિદાય થઈ. ઝડપથી પવનના વાવા-ઝોડાની ગતિથી ચાલતી ગંગાની પીઠ પ્રતિ ક્યાંય સુધી દૃષ્ટિ માંડી રહેલો શાન્તનુ ગંગાની પીઠ દેખાતી બંધ થઈ ત્યારે તે ભાનમાં

આવ્યો. હૈયાના ઊંડાણુમાંથી એક નિસાસો નાખતાં બબડ્યો, 'ગંગા ગઈ. જીવનનો ઉજાસ પણ સાથે લેતી ગઈ. હવે અંધારામાં બાથોડિયાં ભરતાં જીવન પૂરું કરવાનું.'

હતાશાભર્યો શાન્તનુ જ્યારે મહેલમાં પાછો ફર્યો ત્યારે સૂના મહેલની દીવાલો જાણે હમદર્દ બની. ગંગા સાથેના પ્રણયના ફાગ ખેલતાં દશ્યો રજૂ કરતી હતી.

ગંગાની વિદાય પછી શાન્તનુ મનની બેચેની દૂર કરવા શિકારે જતો હતો. શિકાર પાછળ દોડતાં તે મનની બેચેની જ ભૂલવા મથતો હતો. શિકારે જવાનો તેનો રોજનો ક્રમ થઈ પડ્યો હતો. ક્યારેક તે ગંગા જ્યાં રહેતી હતી, ને જ્યાંથી બન્ને પ્રેમ-ગ્રંથિએ બંધાયા હતા, એ વનમાં પણ જતો ને ગંગાનાં દર્શન કરવાની ખેવના પણ કરતો, પણ ગંગા ત્યાં ન હતી. ગંગાનું આવાસ સ્થાન પણ ન હતું. નિરાશ થઈ શાન્તનુ પાછો ફરતો.

પણ આ વખતે બે બાળકો તેની નજર સમક્ષ જણાયા – ગૌતમ ઋષિ અને જાતયજ્ઞ નામની દેવ કન્યા. એ બે બાળકોને કેટલીય ક્ષણો અપલક દૃષ્ટિથી શાન્તનુ જોઈ રહ્યો. તેના દિલમાં દેવવ્રતની યાદ તાજી થઈ. આ બાળકો પ્રત્યે વાત્સલ્ય ભાવના ઝરણાં વહેતાં થયાં. દેવવ્રતને તો ગંગા તેની સાથે લઈ ગઈ હતી, પણ વિશ્વાસ દેતી ગઈ હતી, 'રાજન્, આ તમારી થાપણ યથા સમયે તમને પરત કરીશ જ. પણ તેનો ઉછેર, તેની તાલીમ મારી નજર હેઠળ થાય તેવી મારી ઇચ્છા છે.'

શાન્તનુ અનુત્તર હતો. ગંગાના હાથમાંના નાના બાળકને ઝૂંટવી લેવાની વૃત્તિ જાણે તેના દિલમાં જાગતી જ ન હતી.

દેવવ્રતને ગંગા પાછો આપી દેશે જ એવો વિશ્વાસ તો શાન્તનુને હતો જ પણ તત્કાળ તેનો વાત્સલ્યભાવ, આ બે બાળકો પર ઢળતો થયો ને તેણે બંને બાળકોનો કબજો લીધો. રાજમહેલમાં લાવ્યા પછી બંને માસૂમ બાળકોના ઉછેરની સાર-

સંભાળ માટે વ્યવસ્થા કરી. તેમની કૃપાથી ઉછરેલાં આ બે બાળકોનાં નામ કૃપ અને કૃપિ તરીકે જાણીતા થયાં. શાન્તનુ કલાકો સુધી તેમની સાથે રહેતો. તેના મનનો વિષાદ પણ તેમના સહવાસે શાંત થતો.

સમય વીતતો હતો, કૃપ પાછળથી કૃપાચાર્ય તરીકે જાણીતા થયા, વનમાં શિકાર પાછળ દોડતાં શાન્તનુની સામે ગંગા દેવવ્રત સાથે ઊભેલી જણાઈને શાન્તનુનું હૈયું હરખી રહ્યું. વર્ષો પછી નજર સમક્ષ ઊભેલી ગંગાના દેહ પરના યૌવનના ઉન્માદ તેજ હવે ઝાંખા પડતા હતા. ચહેરા પરની તેજસ્વીતા પણ ઝંખવાઈ ગઈ હતી! છતાં શાન્તનુના દિલનો ઉન્માદ શાંત થયો ન હતો. દેવવ્રત હવે કિશોરાવસ્થામાં હતો, એટલે ગંગાને બે હાથમાં ભીંસી દેવાની શાન્તનુની ઇચ્છાનો અમલ થઈ શકયો નહિ.

ગંગા પણ મલકાતી હતી. તેનો મલકાટ શાન્તનુની ઇચ્છા અધૂરી રહી તેને વિષેનો હતો.

'રાજન્!' બન્ને ઘણો સમય અવાક એકબીજાનું અવલોકન કરતાં મૂંગા ઊભાં હતાં, ત્યાં ગંગાએ શાન્તનુને જાગ્રતાવસ્થામાં લાવવાનો પ્રયત્ન કર્યો.

શાન્તનુ જાગ્રતાવસ્થામાં આવતો હોય એમ બોલ્યો, 'હા કહો, ગંગાદેવી?'

'આપની થાપણ આપને પાછી દેવા આવી છું.' ગંગાએ કહ્યું ને પડખે ઊભેલા દેવવ્રતને આજ્ઞા દીધી, 'બેટા, આ તારા પિતાજીને પ્રણામ કર.' દેવવ્રત દેખાવે તેજસ્વી હતો. તેમની કીકીઓમાં પણ તેજ હતું. માતાની આજ્ઞા થતાં તેણે શાન્તનુના ચરણોમાં મસ્તક ઝુકાવી દીધું. 'પ્રણામ પિતાજી!' તે બોલ્યો.

શાન્તનુ પણ ગંગા સાથે ઊભેલા દેવવ્રત સામે દૃષ્ટિપાત કરી રહ્યો હતો. તેના મનમાં પણ ભાવ જાગતો હતો, દેવવ્રત જ હશે, ને હૈયું હરખાઈ ઊઠયું. સ્વગત બબડયો, 'મારો દેવવ્રત!'

પોતાના ચરણોમાં ગરદન ઝુકાવીને રહેલા દેવવ્રતને બે હાથે ઊભો કરી, હૈયાસરસો દબાવતાં ગદ્‌ગદ સ્વરે તેના મનોભાવ ઠાલવી રહ્યો. 'મારો દેવવ્રત !' ને પછી તેની ચિબુક પકડી તેની નજરમાં નજર મિલાવતાં ભાવવાહી સ્વરે બોલ્યો, 'કુરુવંશ અને હસ્તિનાપુરની ગાદી માટેનું રત્ન !'

ગંગા સામે આભારવશ દૃષ્ટિપાત કરતાં શાન્તનુ બોલ્યો: 'તમે વચન પાળ્યું ખરું.'

'હા, રાજન્‌ !' દેવવ્રત ક્ષાત્રતેજનો તેજસ્વી પૂંજ બની રહે, તેના પિતાજીનું નામ રોશન કરે એટલું જ નહિ. પણ ગંગા પુત્ર તરીકે સૌ તેને સન્માને. એ રીતે તેને બધા પ્રકારની તાલીમ આપી છે. શસ્ત્રવિદ્યા જ નહિ પણ તપ અને ત્યાગની વિદ્યામાં પણ તે નિપૂણ છે. ગંગા પડખે ઊભેલા દેવવ્રતના માથા પર પ્રેમાળ હાથ મૂકતાં તેના દિલના ભાવો પણ તેના પ્રિતમ તેના સ્વામી શાન્તનુ સમક્ષ ઠાલવતાં ગદ્‌ગદ સ્વરે બોલી રહી : 'ગંગા સાથેના સહજીવનની આ યાદ તમને દેતી જાઉં છું. હવે ગંગા પણ વિદાય થશે. તેનો સમય ને તેનું કર્તવ્ય પૂર્ણ થયાં. હવે ગુરુદેવની આજ્ઞા પ્રમાણે દેવભૂમિમાં પાછી ફરીશ.'

તેણે શાન્તનુ પ્રત્યે પ્રેમ છલકાવતી આંખો માંડી તેનું દિલ લાગણીઓથી ભરાઈ આવ્યું. આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં.

શાન્તનુની સ્થિતિ પણ ગંગા જેવી જ હતી. લાગણીભીના સ્વરે તે બોલ્યો, 'તમે જશો ખરું ને ?'

'હા, કર્તવ્ય પૂર્ણ થયું.' જમીન સરસી દૃષ્ટિ ઠેરવતાં ગંગા બોલી, 'તમે ગંગાને ભૂલી જ જજો. દેવવ્રતને ગંગાની ભેટ માની તેનું જતન કરજો.' પછી દેવવ્રત વિષેની પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતાં બોલી, 'દેવવ્રત તેના પિતાની આજ્ઞાનો કદી પણ અનાદર નહિ કરે.' તેણે દેવવ્રતને કહ્યું, 'બેટા, તારી તાલીમના દર્શન તો તારા પિતાને કરાવ !' ને ઉમેર્યું, 'તારા પિતા પણ ઘણા શક્તિશાળી ને

પરાક્રમી છે. એમને તેમના દીકરાના પરાક્રમની જાણ થવા દે દેવવ્રત!'

માતાની આજ્ઞા થતાં દેવવ્રતે પાસે વહેતાં ગંગાનદીના જળપ્રવાહ સામે ધનુષ્ય ઉપાડયું ને બાણમાંથી છૂટતાં તીરો ગંગા નદીના વહેતા જળપ્રવાહના વેગને શાંત કરતા હતા. જેમ જેમ બાણવર્ષા વધતી રહી તેમ તેમ નદીનો ઉન્માદી જળપ્રવાહ શાંત થયો. નદીના જળ થંભી ગયા.

'વાહ, દેવવ્રત વાહ!' દેવવ્રતનું પરાક્રમ જોતાં શાન્તનુ પણ ઉત્તેજનાપૂર્ણ બની દેવવ્રતને હૈયે દબાવી બોલી ઊઠયો, 'મારો દેવવ્રત મહાપરાક્રમી થશે જ.'

ગંગા પણ હર્ષાન્વિત થતાં બોલી, 'રાજન્! દેવવ્રત બૃહસ્પતિ, પરશુરામ, શુક્રાચાર્ય જેવા મહાસમર્થ ગુરુદેવો પાસેથી વિવિધ વિદ્યાઓ અને શસ્ત્રતાલીમ પામ્યો છે. પિતાના સુખ માટે જરૂર જણાતા ત્યાગ પણ કરશે તેવો મારો વિશ્વાસ છે.'

દેવવ્રત ભણી નજર કરતાં પૂછી રહી: 'મારી શ્રદ્ધા સાચી છે ને દેવવ્રત?'

દેવવ્રતે ગંગાની શ્રદ્ધાનું સમર્થન કરતાં કહ્યું: 'મા, તમારી શ્રદ્ધા સર્વથા સત્ય જ છે. પિતાજીના મનની શાંતિ કાજે ગમે તેવા બલિદાન દેતાં તારો દેવવ્રત પીછેહઠ નહિ જ કરે.'

દેવવ્રતનો જવાબ સાંભળતાં ગંગાના ચહેરા પર ખુશાલી ચમકી રહી. શાન્તનુ પણ ભાવવિભોર બનતાં દેવવ્રતને હૈયા સરસો દબાવી રહ્યો ને બોલ્યો, 'મારો દેવવ્રત હવે હસ્તિનાપુરનો યુવરાજ બનશે. પછી હસ્તિનાપુરની ગાદી પર બિરાજશે ને મહારાજા બનશે.'

'પણ એ દિવસો જોવા ગંગા હાજર નહિ હોય તેનું જ મને દુઃખ જરૂર હશે.' વ્યથાપૂર્ણ સ્વરે શાન્તનુ કહી રહ્યો.

આખરે ગંગા અને શાન્તનુ વિખૂટાં પડયાં. વર્ષો પછી બન્ને મળ્યાં. બન્નેના દિલના ભાવો રમણે ચઢયા, પણ બંનેએ સ્વસ્થતાપૂર્વક પરિસ્થિતિ સાચવી લીધી.

દેવવ્રતને લઈને શાન્તનુ હસ્તિનાપુરમાં પાછો ફર્યો ત્યારે મહારાજાની સાથે દેવવ્રતને જોતા તેના તેજપ્રભાવથી સૌ ચકિત થયા.

'તમે ચિંતા કરતા હતા ને મંત્રીજી!' આશ્ચર્યભરી નજરે દેવવ્રત પ્રતિ દૃષ્ટિપાત કરી રહેલાં મંત્રીજીને શાન્તનુ સંબોધન કરતો હતો. આ ગંગાપુત્ર દેવવ્રત. હવે હસ્તિનાપુરની ગાદી બીનવારસી નહિ રહે.'

પણ મંત્રી તેના મનની મૂંઝવણ સાફ કરવા માંગતો હતો,. જ્યારે ગંગા તેના આઠમા પુત્રને જળસમાધિ કરાવ્યા વિના પોતાની સાથે લઈ ગઈ ને સમય થતાં તેને પરત કરશે એવી વાત શાન્તનુએ મંત્રીને કરી ત્યારે મંત્રીના મનમાં શંકાનાં જાળાં હાલતાં હતાં. શાન્તનુ સમક્ષ સ્પષ્ટપણે તેના મનની શંકા વ્યક્ત કરી શકતો ન હતો, પણ તેને ગંગા વિષે વિશ્વાસ ન હતો. તે સ્વગત બબડયો હતો, 'મહારાજાને શાંત કરવા ગંગાએ આવું નાટક કર્યું હશે. તેને જળસમાધિ જ કરાવી દેશે. પણ હવે તે જોઈ શકતો હતો કે, તેની શંકા અસ્થાને હતી. દેવવ્રતને જાણે હસ્તિનાપુરના યુવરાજ પદ માટે તૈયાર કરવા જ ગંગા તેને પોતાની સાથે લઈ ગઈ હતી એમ તેને સમજાયું હતું.

દેવવ્રતે મંત્રીજીને વંદન કર્યા ને કહ્યું, 'હવે પિતાજીનો ચિંતાભાર મારા માથે રહેશે, જરૂર હોય ત્યાં મને તમે કહેજો. હવે પિતાજીને સંપૂર્ણ શાંતિભર્યું જીવન જીવવા દેજો.'

'ધન્ય, ધન્ય.' મંત્રી બોલી ઊઠયા.

શાન્તનુ દેવવ્રત સાથે રાજભવનમાં દાખલ થયો. હસ્તિનાપુરની ગાદીનો તેજસ્વી વારસ પ્રાપ્ત થયાના સમાચારે હસ્તિનાપુરની પ્રજા પણ આનંદોલ્લાસ માણવા લાગી.

# ૪

દૂર દૂર ઘોડો થોભાવી શાન્તનુ નદીના તટે લંગારેલી હોડીમાં બેઠેલી નવયૌવના પ્રતિ એકાગ્ર નજર માંડી બેઠો હતો. રૂપસૌંદર્ય અને જોબનના અમૃતપાન કરવા અધિર બન્યો હતો. ક્ષણે ક્ષણે તેની ઉત્તેજના વધતી હતી, મન સાથે તરંગો પણ ઊઠતા હતા.

'કદાચ ગંગા જ નવા અવતારે ધરતી પર આવી હશે તો?' શાન્તનુના મનમાં તરંગ ઊઠયો ને તેણે જવાબ દીધો. 'કદાચ શાન્તનુનો પ્રેમ તેને ખેંચી લાવ્યો હશે. શાન્તનુએ તેને સતત પ્રેમથી ભીંજવી દીધી હતી ને? એ પ્રેમ તેને દેવભૂમિમાં પણ સતાવતો હશે.' એ પછી નિશ્ચયાત્મક સ્વરે બોલ્યો, 'હા, હા, શાન્તનુનો પ્રેમ સમર્પણ તેને દેવભૂમિમાં પણ શાંતિથી રહેવા દેતું નહિ હોય એટલે તેણે નવા વેશે ધરતીપર પદાર્પણ કર્યાં હશે.'

તરંગોમાં ગરક થઈ ગયેલા શાન્તનુના હૈયામાં આનંદનો ધોધ વહેતો હતો.

'મારી પ્રતીક્ષા કરતી હશે!' ઘોડા પરથી નીચે ઊતરતાં ઉલ્લાસભર્યો શાન્તનુ બબડયો, 'મારે તેની પાસે જવું જોઈએ.' જાણે નદીકાંઠે હોડીમાં બેઠેલી નવયૌવનાને આશ્વાસન દેતો હોય એમ બોલ્યો : 'આવું છું. દેવી ગંગા તને હું જાણી ગયો છું. તું જેમ મારા વિના તલસતી હતી, તેમ વર્ષો થવા છતાં હું પણ તારા વિયોગની વેદના વેઠતો સતત તારું જ રટણ કરતો જીવતો રહ્યો છું.'

ઉત્સાહભેર તેણે કદમ ઉઠાવ્યા. નદીના કાંઠા પ્રતિ તે જેમ જેમ કદમ ઉપાડતો હતો, તેમ તેમ તેની ઊર્મિઓ નર્તન કરતી હતી. હૈયું હરખાઈ રહ્યું હતું.

આખરે નદીના કાંઠે પહોંચ્યો.

હોડીમાં બેઠેલી મત્સ્યગંધાએ હોડી માટે કોઈ મુસાફરનું આગમન થતું હોવાની કલ્પના સાથે સતેજ બની તેણે હલેસા પર હાથ મૂક્યો ને કાંઠા પાસે ઊભેલા શાન્તનુ પ્રતિ અપેક્ષાભરી દૃષ્ટિ નાખી રહી, પણ શાન્તનુ સ્તબ્ધ સ્થિર તેના પ્રતિ નજર નાખતો ઊભો હતો. મત્સ્યગંધા પણ કાંઠે ઊભેલા શાન્તનુ પ્રતિ અજાણતાં પણ ખેંચાઈ હતી. તેણે શાંતિનો ભંગ કરતાં પૂછ્યું, 'આપને સામે કાંઠે જવું છે? બેસી જાવ. હોડી તૈયાર છે.' એમ બોલતાં તેણે હલેસાં ઉપાડ્યાં.

શાન્તનુની તાજુબી એ હતી કે, જોબનભરી આ નવયૌવનાના દેહસૌંદર્ય તેના પદ્મની પાંદડીઓ શો કોમળ ચહેરો ને મૃદુ વાણી જાણે સ્મિત કરતા જણાતા હતા.

'ના, આ ગંગાદેવીનો પુનરાવતાર નથી.' તે સ્વગત બબડ્યો ને સાથે જ શંકા જાગી, 'તો કોણ હશે?' ને મત્સ્યગંધાનો પરિચય જાણવા તેણે જ તેની સાથે વાત કરવાનો પ્રારંભ કર્યો.

'તમે અહીં હોડીમાં કેમ બેઠા છો?' શાન્તનુએ પૂછ્યું, 'તમે કોણ છો?'

'હું મત્સ્યગંધા, માછીમારની દીકરી. પ્રવાસીઓને સામે કાંઠે લઈ જવા હોડી હંકારું છું.' મત્સ્યગંધાએ જવાબ દીધો. તેણે પણ કેટલીય ક્ષણોથી પોતાની સામે મીંટ માંડી રહેલા શાન્તનુનો પરિચય મેળવવા વળતો પ્રશ્ન કર્યો, 'આપ મહાનુભાવ કોણ છો? ઘણા વખતથી આપ ઊભા ઊભા મારું નિરીક્ષણ કરી રહ્યા છો શા માટે?'

'હું હસ્તિનાપુરનો મહારાજા શાન્તનુ છું.' શાન્તનુએ

પોતાની પિછાન દેતાં કહ્યું ને ઉમેર્યું, 'મારી સામે બેઠેલી સૌંદર્ય-મૂર્તિનું અવલોકન કરી રહ્યો છું.' પોતાનો મનોભાવ વ્યક્ત કરતાં બોલ્યો, 'આવું માદક, મોહક ને અનુપમ સૌંદર્ય આમ વેડફાઈ જતું કેમ હશે? તેનો વિચાર કરું છું.'

શાન્તનુની પિછાનને તેણે પોતાના વિષે વ્યક્ત કરેલાં મનોભાવથી મત્સ્યગંધા પણ ઉત્તેજીત બની. તેનાં રોમરોમ ખીલી ઊઠયાં.

'માછીમારની દીકરી જળ પર હોડી ચલાવી પોતાની આજિવિકા મેળવે નહિ તો શું કરે?' મત્સ્યગંધાએ જવાબ દીધો.

'પણ આ રૂપ, આ સૌંદર્ય, આ માદકતા આમ વેડફી કેમ દેવાય?' શાન્તનુ પૂછતો હતો.

'તો શું કરું? ક્યાં મૂકું? તેને સાચવું પણ શી રીતે?' મત્સ્યગંધા શાન્તનુના મનોભાવ બરાબર સમજી ગઈ હોય એમ બોલી રહી, 'રૂપસૌંદર્ય ને નજાકતના જતન તો રાજમહેલમાં થઈ શકે. અહીં નદીના જળમાં આભમાંથી વરસતાં તાપમાં તો થઈ શકે જ નહિ ને?'

'તો રાજમહેલમાં કેમ પહોંચી જતી નથી?'

'રાજમહેલ?' ખડખડાટ હાસ્ય વેરતી મત્સ્યગંધા પૂછી રહી. 'માછીમારની દીકરીને ભગવાને સૌંદર્ય દીધું, યૌવનનો ઉલ્લાસ પણ દીધો, પણ તેના જતન માટે તેની માવજત થઈ શકે તે માટે તેને મહેલમાં મૂકવાની કોઈ જોગવાઈ જ કરી નથી. એટલે તો અહીં તાપમાં તેનાં સૌંદર્યને શેકાઈ જવા દેવું પડે છે.'

'સાચી વાત છે. ભગવાને ભલે કોઈ જોગવાઈ ન કરી, પણ હું જોગવાઈ કરું તો?' શાન્તનુ પૂછી રહ્યો.

'તમે?' આશ્ચર્યભરી આંખ શાન્તનુ સામે માંડતા મત્સ્યગંધા પૂછી રહી, 'તમે હસ્તિનાપુરના મહારાજા, તમે વળી મત્સ્યગંધા જેવી નાચીઝ નારીના દેહ સૌંદર્યના જતન કરવા તેને રાજમહેલમાં લઈ જવા તૈયાર છો?'

મત્સ્યગંધા પણ શાન્તનુ પ્રતિ ખેંચાતી હતી. તેના સૌંદર્ય મઢ્યા દેહને વિષે ક્યારેય કદી પણ કોઈએ શાન્તનુ જેવી હમદર્દી બતાવી જ ન હતી. શાન્તનુ જ પહેલો પુરુષ હતો ને તે મહારાજા હતો એટલે તે પણ શાન્તનુ પ્રતિ ખેંચાતી હતી.

શાન્તનુ હળવે હળવે આગળ વધ્યો ને કાંઠા પરની મત્સ્યગંધાની હોડીમાં બેઠક જમાવતાં પૂછી રહ્યો, 'બોલો, તમે તૈયાર છો ?' ને પ્રલોભન દેવા માંડ્યું, 'હસ્તિનાપુરની મહારાણી બનશો ? મહારાજા શાન્તનુના પ્રેમથી સતત ભીંજાતાં રહેશો ?' મત્સ્યગંધાના હાથમાંના હલેસાંને ખેંચી લઈ તેને જળસમાધિ કરાવતાં બોલ્યો, 'આ હલેસાં તમારે માટે નથી.'

'પણ પિતાજીની મંજૂરી તો જોઈએ ને ?' મત્સ્યગંધાએ દરખાસ્ત મૂકી, 'તમે પિતાજી સમક્ષ વાત મૂકો.'

પણ શાન્તનુ દબાતાં સ્વરે પૂછતો હતો, 'તારા પિતા તૈયાર થશે ?'

'શા માટે તૈયાર નહિ થાય ?' મત્સ્યગંધાએ પૂછ્યું ને ઉમેર્યું, 'પોતાની દીકરી રાજરાણી થાય, એ હકીકતથી ક્યા બાપનું દિલ આનંદથી છલકાઈ ન ઊઠે ?' ને વિશ્વાસ દીધો, 'જરૂર મારો બાપ મહારાજા શાન્તનુની દરખાસ્તનો ઉમળકાભેર સ્વીકાર કરશે.'

પોતાના મનની શંકા વ્યક્ત કરતાં બોલી, 'પણ તમે લોકલાજ, ટિકા ને બદબોઈના ભયથી પછી મને માછીમારની દીકરી હલકાવર્ણની દીકરી રાજરાણી થઈ શકે નહિ એમ કહી હડસેલો તો નહિ દો ને ?' ને ટિકા કરી, 'હા, પુરુષ જાતનો ભરોસો નહિ. તેમાં પણ તમે તો રાજા-મહારાજા.'

મત્સ્યગંધાની આંખમાં તરવરાટ હતો. તે પણ શાન્તનુના પ્રેમરસના આચમન કરવા ઉત્સુક હતી.

તેણે શાન્તનુને વિશ્વાસ દીધો, 'બાપ તેમની દીકરીના આવા પરમ સૌભાગ્યનો કોઈપણ અનાદર કરશે નહિ, ઊલટા ખુશખુશાલ

બનતાં પોતાના પરમ સૌભાગ્યનો આનંદ માણતા હશે.'

'તો ચાલો!' શાન્તનુ ઉતાવળો થયો હતો. હોડીમાંથી ઝડપથી ઊભો થતો હતો, ત્યાં મત્સ્યગંધાએ હાથમાંનાં હલેસાંને જળમાં ઘુમાવ્યું. સ્થગીત હોડીમાં જાણે પ્રાણ પુરાયો હોય તેમ જળસપાટી પર દોડવાનો પ્રારંભ કર્યો.

'આપણે નિરાંતે થોડો નિરાંતનો, મિલનનો, મધુરો આનંદ માણવા સામા કાંઠે જઈએ છીએ.' હોડીને ગતિ મળતા સાશ્ચર્ય પોતાની સામે જોઈ રહેલા શાન્તનુને મત્સ્યગંધાએ જવાબ દીધો ને મુખ મલકાતાં પ્રશ્ન કર્યો,' પ્રેમના સ્વપ્નનો આનંદ પણ માણવો જોઈએ ને?'

શાન્તનુનો વિશ્વાસ હવે વધી પડચો હતો. મત્સ્યગંધાએ પોતે જ હવે તેના પ્રેમમાં તરબતર બનતી હતી. તે પણ મત્સ્યગંધાને હૈયાના આસન પર સ્થાપી ચૂકચો હતો. બંને પ્રેમદેવતાની ઉપાસના કરતા હોડીમાં બેઠાં બેઠાં ભાવિના શમણાં શોધતાં હતાં.

મત્સ્યગંધાનો આનંદ અપાર હતો. પોતે હસ્તિનાપુરની મહારાણી બનશે એવી કલ્પનાથી તેનું હૈયું આનંદથી છલકાતું હતું. તેનાં માનપાન, વૈભવ, પ્રભાવ વિષે પણ તેની આંખોમાં નશો હતો.

હોડી કાંઠા નજદીક હતી. મત્સ્યગંધા પહેલી ઊતરીને શાન્તનુનો હાથ પકડી, તેને હોડીમાંથી કાંઠા પર પગ દેવામાં સહાયભૂત બની રહી.

'હવે આ હાથ છોડી દેવાશે નહિ!' હોડીમાંથી કાંઠાની જમીન પર પગ દેતાં પોતાનો હાથ પકડી તેને સલામત રીતે ઊતરી જવામાં સહાયભૂત થયેલી મત્સ્યગંધા પ્રતિ હાસ્ય વેરતાં શાન્તનુએ કહ્યું.

પ્રત્યુત્તરમાં મત્સ્યગંધાએ મલકાતા મુખડે કહ્યું, 'હજી મારો હાથ મારા બાપાએ તમારા હાથમાં મૂકચો નથી ત્યાં સુધી તમે અધિકારની વાત કેમ કરી શકો?'

'તમારા પિતાજી ના ભણશે જ નહિ.' શાન્તનુએ પોતાને

વિશ્વાસ વ્યક્ત કર્યો ને સહાસ્ય બોલ્યો, ' પોતાની પુત્રી હસ્તિનાપુરની મહારાણી બને, ઝૂંપડામાંથી રાજમહેલમાં મહાલતી થાય એ કયા પિતાને ન ગમે ? ' ને નિશ્ચયાત્મકભાવે ઉમેર્યું, 'તમારા પિતા પણ ના ભણશે જ નહિ.'

કલાકો બંને નદીના બીજા તટ પરની વનરાજીમાં પ્રણય-ગોષ્ઠિ કરતાં રહ્યાં. ગોષ્ઠિનો દોર જેમ જેમ લંબાતો ગયો, તેમ તેમ બંને નજદીક આવતાં ગયાં. શાન્તનુ તો મત્સ્યગંધાના યૌવન છલકાવતાં દેહને સૌંદર્યથી મઢેલું જોઈ મુગ્ધ બની ગયો હતો. મત્સ્યગંધાને હૈયાસરસી જકડી લેવા અધિર બન્યો હતો, પણ મત્સ્ય-ગંધા તેને દાદ દેતી ન હતી. ક્યારેક શાન્તનુની અવળચંડાઈથી બચવા તેનાથી દૂર પણ થતી હતી.

' ક્યાં સુધી દૂર રહેશો ? ' પોતાની પાસે ખેંચવા મત્સ્યગંધા પ્રતિ હાથ લંબાવી શાન્તનુ મોં મલકાવતાં પૂછતો ને ઉમેરતો, ' એકાદ ક્ષણનો વિયોગ પણ મારાથી બરદાસ થઈ શકે તેમ નથી. '

' જાણું છું, મહારાજા ! ' શાન્તનુની જેમ મત્સ્યગંધા પણ શાન્તનુમાં સમાઈ જવા તત્પર હતી, પણ તેના બાપની ઇચ્છા સર્વોપરી હતી, એટલે તે તેના બાપની મંજૂરી વિના પોતાના દિલમાં જ નહિ, પણ રોમેરોમ વ્યાપી રહેલા શાન્તનુની ઇચ્છાને દાદ દેતી ન હતી. શાન્તનુ મત્સ્યગંધાના સૌંદર્યમાં એટલો બધો મોહાંધ બન્યો હતો કે તે હવે વિલંબ બરદાસ કરવા તૈયાર ન હતો. તેણે મત્સ્યગંધાને સમજાવવાનો પ્રયત્ન પણ કર્યો, ' પુખ્તવયના જુવાનો પોતાની ઇચ્છા પ્રમાણે લગ્ન કરે તેમાં માબાપ અવરોધક બને જ નહિ. તું અકારણ તારા બાપથી ડરે છે. તારા બાપ મહારાજા શાન્તનુને તેની દીકરી પોતાનું સમર્પણ કરે તેમાં અવરોધક બનશે જ નહિ. '

' તમે જે કહો છો તે મહારાજા તમારા સમાજ માટે હશે, અમારા સમાજમાં તો પિતાની પસંદગીવાળા જુવાનને જ તેની

દીકરીને લગ્ન કરવા પડે. દીકરા-દીકરીને સ્વેચ્છાએ કોઈ વ્યવહાર કરવાની છૂટ નથી.' મત્સ્યગંધા પોતાના સમાજની રીત સમજાવતી હતી ને પછી ઉમેર્યું, 'એટલે બાપની મંજૂરી જરૂરી છે.'

મત્સ્યગંધાની વાત શાન્તનુને વિચિત્ર જણાઈ. ગંગાએ તો આવી કોઈ દલીલ કરી જ ન હતી. તેણે તો તરત જ મારા પ્રેમનો સ્વીકાર કર્યો હતો. હા, થોડીક શરતો જરૂર મૂકી હતી, એટલે તેને મત્સ્યગંધાની દલીલ સમજાતાં ન હતી. પણ હવે જ્યારે મત્સ્યગંધા પોતે તો સમર્પણ થવા તૈયાર છે, પણ તેના બાપની મંજૂરીનું મહત્ત્વ જો તેને હોય તો એ મંજૂરી મેળવવામાં વિલંબ પણ કરવાની જરૂર શી છે? તેને વિશ્વાસ હતો કે મત્સ્યગંધાનો બાપ, માછી-મારની દીકરીને હસ્તિનાપુરના મહારાજા શાન્તનુ પોતાની રાણી બનાવવા પસંદ કરે તે જાણીને હર્ષઘેલો બની જશે ને તરત જ અનુમતિ પણ દઈ દેશે.

વિશ્વાસની તાકાતે શાન્તનુ ઘોડા પર બેઠો. તેણે મત્સ્યગંધાને પણ પોતાની સાથે ઘોડા પર લેવા પ્રયત્ન કર્યો, પણ મત્સ્યગંધા તૈયાર ન હતી.

'મોડા પડશો!' શાન્તનુ સમજાવતો હતો.

'ભલે મોડું થાય, મારે કોઈ ઉતાવળ નથી.' મત્સ્યગંધાએ જવાબ દીધો ને કહ્યું, 'તમે ઊપડો. તમને ઉતાવળ પણ છે, ને મહારાજા પગે ચાલે એ ઠીક પણ નહિ ગણાય.'

સ્મિત વેરતી મત્સ્યગંધાએ તેનો માર્ગ પકડ્યો. શાન્તનુ ઘોડાપર ગોઠવાઈને માછીમારના ઝૂંપડા તરફ ઘોડાને દોડાવ્યો. ઘોડાની ઝડપ વધી પડી. શિકાર તેની નજરમાંથી દૂર થાય નહિ, એ માટે શિકારની પાછળ દોડવાની ઘોડાની તાકાત જબરી હતી. કદાચ ઘોડો પણ શાન્તનુની ઉતાવળને સમજતો હશે એટલે તેણે પૂર ઝડપે માર્ગ કાપવા માંડ્યો ને જોતજોતામાં શાન્તનુ મત્સ્યગંધાના પિતા સમક્ષ ઊભો.

માછીમારને પણ આશ્ચર્ય થયું. હસ્તિનાપુરના મહારાજા

શાન્તનુને તે જાણતો હતો. ઘણી વખત તેમનાં દર્શન પણ તેણે કર્યાં હતાં એટલે શાન્તનુને તે જાણતો હતો. તેને પોતાના ઝૂંપડે જોઈ નવાઈ પામ્યો. બેઠો હતો ત્યાંથી ઊભા થઈને હાથ જોડી નમ્રતાથી પૂછી રહ્યો, 'મહારાજ, માર્ગ ભૂલ્યા કે શું? આપ અમારા જેવા માછીમારોના ઝૂંપડે ક્યાંથી? કહો, આપ ક્યાં જવા માંગો છો, કહો તો માર્ગ બતાવું?'

'ના, હું તમારી પાસે જ આવ્યો છું.' ઘોડા પરથી ઊતરતા શાન્તનુએ કહ્યું.

'મારી પાસે દીન, ગરીબ, માછીમાર પાસે હસ્તિનાપુરના મહારાજા પધારે એ તો મારા અહોભાગ્ય કહેવાય!' પોતાની દીનતા ગરીબાઈથી વ્યથિત માછીમાર મહારાજાને બેસવા માટેનું આસન શોધતો હતો પણ પોતાની ખાટલી સિવાય બીજું કોઈ આસન ન હતું. ખાટલી પરની ગોદડી પણ કેટલી ગંધાતી હતી? માછલાંની બદબોથી ભરીભરી એ ગોદડી પર મહારાજાને આસન પણ કેમ દેવાય? માછીમાર ત્યારે વિમાસણમાં હતો.

પણ શાન્તનુને તેની કોઈ જરૂર ન હતી.

'હું તમારી પાસે માંગવા આવ્યો છું. શાન્તનુ મૂળ વાત પર આવતા બોલ્યો, 'દેશો ને? નારાજ તો નહિ કરો ને?' માછીમારની મૂંઝવણ અપાર હતી. પોતાની પાસે માંગવા મહારાજા પોતે આવે એ ઘટના જ વિચિત્ર જણાતી હતી. મહારાજા હુકમ કરી શકે છે. એ હુકમના અમલ માટે મહારાજાના સેવકો ક્યાં નથી? મહારાજા માંગવા શા માટે સામે પગલે જાય?

ગદ્‌ગદ કંઠે માછીમાર બોલ્યો, 'મારા જેવા ગરીબ માછીમાર પાસે આપને દેવા જેવું શું હોય તે આપું?' ને ઝૂંપડામાં ચોમેર દૃષ્ટિપાત કરતાં બોલ્યો, 'આ ઝૂંપડું ને આ દુર્ગંધભરી ખાટલી સિવાય બીજું કાંઈ નથી, બાપુ!' તેનું હૈયું ભરાઈ આવ્યું હોય એમ તે કહી રહ્યો, 'મારી પાસે આપને દેવા જેવું કાંઈ છે,

એ વાત આપને કોઈએ સાવ જૂઠી કહી હોય એમ લાગે છે.' માછીમાર શાન્તનુના પગમાં પડ્યો.

શાન્તનુએ પોતાના ચરણોમાં પડેલા માછીમારને બે હાથે ઊભો કર્યો, ને તેની જિજ્ઞાસા સંતોષવાનો પ્રયત્ન કરતો હોય એમ બોલ્યો, 'તમારી પાસે જે છે તે બીજા પાસે નથી! મને તેની ખૂબ આવશ્યકતા છે.' ને ઉમેર્યું, 'તે મેળવવા આવ્યો છું.'

શાન્તનુ બોલતો હતો, પણ હજી માછીમાર કાંઈ સમજી શકતો ન હતો. તેણે જવાબ દીધો, 'તમને જરૂર હોય એવી કોઈ ચીજવસ્તુ જો મારી પાસે હોય તો તમે જરૂર લઈ જાવ. તમે મહારાજા છો, મહારાજાની ઇચ્છાની અવગણના કેમ થાય, બાપુ?'

'બરાબર. હું પણ તમારી પાસેથી આવા જ જવાબની આશા રાખતો હતો.'

'તો કહો, કઈ વસ્તુની આપને જરૂર છે, જે મારી પાસે છે.' માછીમાર હવે સ્પષ્ટપણે જાણવા માંગતો હતો. શાન્તનુ ભલે કહે પણ તે પોતે તો જાણતો જ હતો કે પોતાની પાસે એવી કોઈ વસ્તુ નથી કે જે મહારાજાને અર્પણ કરી શકે.

શાન્તનુના હૈયાનો વિશ્વાસ પ્રબળ હતો. માછીમારના જવાબ પછી તે જાણે અર્ધી બાજી જીતી ગયો હોય એમ તેને માંગણીના સ્વીકાર્ય વિષે પૂરતો વિશ્વાસ હતો.

'તો સાંભળો!' શાન્તનુ પણ હવે સ્પષ્ટ માંગણી કરવા તૈયાર થયો.

'હા, કહો બાપુ!' બે હાથ જોડી નમ્રતાથી ઊભેલા માછીમારે જવાબ દીધો ને કહ્યું, 'તમારી માગણીની અવગણના તો નહિ જ કરું.'

'મને ખાતરી છે!'

'તો કહો, આપને શું જોઈએ?'

'આપની પુત્રી મત્સ્યગંધાનો હાથ માંગવા તમારી પાસે આવ્યો

છું.' શાન્તનુએ સ્પષ્ટતા કરતાં પૂછ્યું, 'આપશો ને?'

મહારાજાની દરખાસ્તે થોડો ક્ષણો માટે માછીમારના રોમ રોમ હર્ષપુલકિત થઈ ગયા.

'મત્સ્યગંધાની મંજૂરી મને મળી ગઈ છે, માત્ર તેના પિતા તરીકે તમારી મંજૂરી મેળવવા તેનો આગ્રહ છે. એટલે અહીં તમારી પાસે આવ્યો છું.'

શાન્તનુની દરખાસ્ત સ્વીકારવા માછીમાર પણ ઉત્સુક હતો, મત્સ્યગંધાના ભાગ્ય ઊઘડી ગયા તેનો તેને અનહદ આનંદ પણ હતો, પણ તે ઉતાવળો થવા માંગતો ન હતો. તે જાણતો હતો કે મહારાજા ગંગાદેવીના પ્રેમમાં હતા, ને પછીની બધી જ ઘટના તેના સ્મરણપટ પર રમતી થઈ.

'શો વિચાર કરો છો?' શાંત ચિત્તશૂન્ય ઊભેલા માછીમારને શાન્તનુ પૂછી રહ્યો.

'વિચાર તો શો હોય મહારાજા, પણ...'

'પણને વચ્ચે લાવવાની જરૂર નથી.'

'ખરું પણ બીજાના હકનો પણ વિચાર તો કરવો જ જોઈએ ને?' માછીમાર ડરતાં ડરતાં બોલતો હતો. ને પછી પ્રશ્ન કર્યો, 'આપને પુત્ર તો હશે જ ને?'

'હા દેવવ્રત મારો તેજસ્વી પુત્ર!' શાન્તનુએ જવાબ દીધો ને પૂછ્યું, 'પણ તેનું શું છે?'

'કહું, મહારાજ!' દીનભાવે ઊભેલો માછીમાર હવે વધુ સ્વસ્થ, વધુ દૃઢ બન્યો હતો. તેણે કહ્યું, 'મત્સ્યગંધા હસ્તિનાપુરની મહારાણી બને તેનો આનંદ ઘણો છે, પણ તે ભવિષ્યમાં રાજમાતા પણ બને તે જોવાની મારી ઇચ્છા છે.'

'એટલે?' શાન્તનુ માછીમારની ઇચ્છા જાણતાં સહેજ અસ્વસ્થ બનતો હોય એમ પૂછી રહ્યો.

'બાપુ! આપ તો શાણા છો. અણસારે આપ બધું પામી

જાવ તેવા શક્તિશાળી છો.' સાવ નમ્ર બન્યો હોય એમ બે હાથ જોડીને વંદન કરતા માછીમાર કહી રહ્યો, 'આપને એક રાજકુમાર છે, એટલે મત્સ્યગંધાના સંતાન વિષે પણ વિચારવું તો જોઈએ ને ?'

'પણ તેનું અત્યારે શું છે ?' શાન્તનુ ગુસ્સામાં હતો.

'અત્યારે જ છે, મહારાજ !' માછીમાર પણ મક્કમ હોય એમ બોલ્યો, 'ભવિષ્યમાં કોઈ બખેડો થાય ને મહારાણીને આંસુ વહેતાં કરવા ન પડે એ માટે જે કાંઈ હોય તે અત્યારે જ સ્પષ્ટ થઈ જવું જોઈએ. ભવિષ્યમાં મહારાણીનું કોણ હોય ?'

'શું સ્પષ્ટ કરવા માંગો છો તમે ?'

'જુઓ મહારાજા વાત સ્પષ્ટ છે. મત્સ્યગંધાના પેટે દીકરો જન્મે તે હસ્તિનાપુરનો ગાદીનો વારસ બને તેવું તમારે સ્વીકારવું જોઈએ. હા, મારી એ શરત ગણો તો શરત છે !'

મહારાજા શાન્તનુ તો માછીમારની શરત સાંભળતાં સ્તબ્ધ થઈ ગયો. 'નાચીઝ માછીમારની આ હિંમત ?' તે સક્રોધ સ્વગત બબડ્યો.

તેની નજર સમક્ષ દેવવ્રત ઊભો હતો. હજી હમણાં જ તેના યુવરાજપદ માટેની મંત્રીની માંગણી વિષે વિચારતો હતો, ત્યાં તેનો છેદ ઉડાડવાની માછીમારની દરખાસ્તથી તે સળગી ઊઠ્યો. તેણે તરત જ પાછા ડગ દેતાં કહ્યું, 'મત્સ્યગંધાને જો તેના ભાવિ વિષે કોઈ શંકા ન હોય તો તમે શા માટે શંકા કરી અઘટિત માંગણી કરો છો ? તમે જાણો છો કે દેવવ્રત હસ્તિનાપુરની ગાદીનો હક્કદાર છે. તેનો હક્ક છીનવી લેવાની વાત મને મંજૂર નથી.'

'તો મને પણ મારા ભાણુજા, તમારી ગેરહાજરીમાં અનાથ બની દેવવ્રતના આશ્રિત તરીકે જીવે એ વાત મંજૂર નથી.' માછીમારે શાન્તનુની દલીલનો વળતો જવાબ દેતાં કહ્યું, 'મત્સ્યગંધાના સંતાનો માછીમારની સંતતિ તરીકે અવગણનાને પાત્ર થાય એ હકીકત મને મંજૂર નથી.'

'ખોટી વાત છે. કેવળ કલ્પનાનો તુક્કો જ છે.' ઉશ્કેરાટમાં આવી જતાં શાન્તનુએ કહ્યું, 'મત્સ્યગંધાના સંતાનોને માછીમારના નહિ પણ મહારાજા શાન્તનુના સંતાનો હશે ને દેવવ્રત જેટલાં જ તેમના પણ માનપાન હશે, ઉપરાંત તેમના માટેની ખાસ વ્યવસ્થા પણ હશે.'

માછીમાર શાન્તનુની મોહાંધ દૃષ્ટિ પામી ગયો હતો. તેને ખાતરી હતી કે મહારાજા મત્સ્યગંધાના સૌંદર્ય પર મોહાંધ થયા છે, એટલે તેની દરખાસ્તને તેઓ અવશ્ય સ્વીકારશે જ એટલે તે મક્કમ હતો.

'આપ ગમે તે કહો પણ મને વિશ્વાસ આવવો જોઈએ. એટલા માટે દીકરીનો હાથ તમારા હાથમાં મૂકું તે પહેલાં ભાવિ વિષે ખાતરી મળવી જોઈએ.' માછીમાર કહી રહ્યો, 'તમે વચન આપો એટલે મત્સ્યગંધાનો હાથ તમારા હાથમાં મૂકી દઉં.'

શાન્તનુ ગંભીર હતો. દેવવ્રતના હક્કની અવગણના કરવા તે તૈયાર ન હતો, તો મત્સ્યગંધાના મોહમાંથી મુક્ત પણ થઈ શકતો ન હતો.

ગમગીન ચહેરે શાન્તનુ માછીમારના ઝૂંપડેથી પાછો ફર્યો. મન ખિન્નતાથી ભરાઈ ગયું હતું. તેની દૃષ્ટિ સમક્ષ સતત મત્સ્યગંધા રમતી હતી. મત્સ્યગંધાને પામવા દેવવ્રતના હક્કને ફગાવી દેવાની તેની ઇચ્છા પણ ન હતી. મત્સ્યગંધાના સહવાસની તેની ઝંખના એટલી તો પ્રબળ હતી કે ઘોડા પર બેઠો બેઠો પણ તેના વિચારમાં ગરક હતો.

મત્સ્યગંધા શાન્તનુ સમક્ષ તેના પિતાએ મૂકેલી દરખાસ્તથી થોડી હરખપદુડી જરૂર બની હતી પણ શાન્તનુના પ્રત્યાઘાતો મત્સ્યગંધાના સંતાનો વિષેની તેની ખાતરીભરી સ્પષ્ટતા પછી બાપાએ હઠ કરવાની જરૂર ન હતી એમ તેને લાગતું હતું. તે પણ શાન્તનુના પ્રેમમાં મસ્ત હતી. શાન્તનુ સાથે જે થોડો સમય

તેણે ગુજાર્યો તે પછી તેને પણ શાન્તનુના પ્રેમમાં વિશ્વાસ હતો. શાન્તનુ તેના દિલના દ્વાર પર ટકોરા દેતો હતો, ને મત્સ્યગંધા પ્રિયતમને હૈયાના આસને સ્થાપવા ઉત્સુક હતી. દિલના દ્વાર ઉઘાડવા તે તત્પર હતી, પણ બાપા તેના માર્ગમાં ઊભા હતા.

'ખોટો હઠાગ્રહ છે, બાપા!' તેણે તેના દિલની વ્યથા માછીમાર સમક્ષ ઠાલવતાં કહ્યું, 'માછીની કન્યા રાજ્યની મહારાણી બને, રાજમહેલના વૈભવ ભોગવે, સુખચેનની જિંદગી જીવે એ ઓછું સદ્ભાગ્ય છે કે, આવી શરતો મૂકીને દીકરીના નસીબના ઊઘડવા મથતા પાંદડાને તમે બીડી દો છો?'

માછીમાર પિતા કેટલીય ક્ષણો પોતાની દીકરી સામે વિસ્મયતાથી જોતો રહ્યો, 'મત્સ્યગંધા તેની દીકરી તેને આ શબ્દો સંભળાવે છે શું?' તેના મનમાં પ્રશ્ન ઊઠતો હતો. તેની નજર સમક્ષ મત્સ્યગંધાની ભૂતકાળની ભૂલ રમતી હતી. એ ભૂલને સુધારવા તેને પોતાને કેટલો શ્રમ વેઠવો પડતો હતો? પરાશરનો શાપ તેને લાગે નહિ તે માટે તેને કેટલી કરામત કરવી પડી હતી?

મત્સ્યગંધા જાણે એ ભૂતકાળ ભૂલી જઈને રાજમહેલના વૈભવો માણવાના ઉત્સાહમાં ભાવિ વિષે વિચારવા જ માંગતી નથી. દૃઢતાપૂર્વક બબડ્યો, 'ગમેતેમ પણ મત્સ્યગંધા આખરે સ્ત્રી જાતની નબળાઈથી મુક્ત શી રીતે હોય? તે ભૂતકાળના પુનરાવર્તનની કલ્પના ન કરી શકે, ને મોહમાં ગરક બની ફરી ભૂલ કરવા તૈયાર થાય, પણ હું કેમ ભૂલ કરવા દઉં?' ને ઉમેર્યું, 'શાન્તનુ આખરે તો પુરુષ જ છે ને? વળી રાજા છે. એટલે જેમ પરાશરે કર્યું તેમ રાજા પણ તેના પરના મોહના પડળ શાંત થાય ને માછીની દીકરી સાથે લગ્ન કરવા માટે લોકો તેની ટિકા કરે, એટલે મત્સ્યગંધાને ધકેલી દે ને આંસુ વહાવતી દીકરી પુનઃ બાપાના ઝૂંપડે આવે.'

'ના, ના, મારી દીકરીને હવે હું એવી કોઈ સ્થિતિમાં મૂકવા માગતો નથી.' માછીમારે તેના નિર્ણયને દોહરાવતાં કહ્યું, 'રાજાની

ઇચ્છા હોય તો ભલે આવે, પણ મારી શરત સાફ છે. મત્સ્યગંધાનો દીકરો જ હસ્તિનાપુરની ગાદીનો વારસ થવો જોઈએ.' ને ઉમેર્યું, 'દેવવ્રત માટે ભલે તેઓ ગમે તે જોગવાઈ કરે, પણ હસ્તિનાપુરની ગાદી તો મારા ભાણાની જ હોય, બીજું કોઈ નહિ.'

જ્યારે માછીમાર તેના નિર્ણયમાં મક્કમ હતો, શાન્તનુ પાસે તેણે મૂકેલી વાતનો સ્વીકાર થવો જ જોઈએ. તેને જો મત્સ્યગંધાનો પ્રેમ પામવો હોય, તેના સૌંદર્યના પાન કરવા હોય તો તેણે મારી વાતનો સ્વીકાર કરવો જ જોઈએ એમ માનતો હતો. ત્યારે મત્સ્યગંધાની હાલત જુદી હતી. તે રાજા શાન્તનુના સ્વપ્નામાં રમતી હતી. તેના રોમેરોમમાં શાન્તનુ છવાઈ ગયો હતો.

'બાપાની મંજૂરીની વાત જ મારે કરવી જોઈતી ન હતી, નદી કાંઠાપર હોડી મૂકી મારે શાન્તનુ સાથે ઘોડા પર બેસી જવું જોઈતું હતું. બાપા પછી શું કરવાના હતા? રાજા સામે માથું ઊંચું કરવાની કોનામાં હામ છે?' મત્સ્યગંધાના મનમાં વિચાર દોડતા હતા. તેને આ પરિસ્થિતિ માટે પોતાની ભૂલ જ જવાબદાર જણાતી હતી.

હવે શું? ગમે તેમ પણ શાન્તનુ રાજા છે. તે પોતે પણ રાજવંશના નિયમો-રિવાજોનો ત્યાગ કેમ કરી શકે? તે પોતે કદાચ મત્સ્યગંધાના પ્રેમમાં ભાન ભૂલી બાપની શરત મંજૂર પણ કરે, પણ પછી? તેના મંત્રી, તેના આપ્તજનો તેની વાતનો વિરોધ કરે તો, અરે દેવવ્રત પણ હવે ક્યાં નાનો છે? તેનું યુવરાજપદ હવે જાહેર થવાનું છે, એટલે તે પોતે પણ તેના પિતાની વાતનો સ્વીકાર કરવા તૈયાર ન થાય તો?

મત્સ્યગંધાના મનોપ્રદેશ પર તરંગો જોરજોરથી અથડાતા હતા, 'અરે હજી મારે ખોળે દીકરો રમવા તો દો, તેને મોટો તો થવા દો. એ દરમ્યાન મહારાજાને કાંઈ થયું તો? પછી દેવવ્રત તેનો હક્ક છોડવા કેમ તૈયાર થાય? તેના પિતાએ ભલે વચન દીધું

પણ તેને શું ?'

મત્સ્યગંધા જેમ જેમ વિચાર ચક્રાવે ઘૂમતી હતી, તેમ તેમ તેના ભાવિની ઉજ્જવળતા પર અંધકારનો પડદો નાખી દેવા માટે બાપ પર ગુસ્સે ભરાતી હતી. તેના રોમેરોમ સળગી રહ્યાં હતાં.

'જેનું કોઈ અસ્તિત્વ નિશ્ચિત નથી, તેના નામે વર્તમાનને અંધકારભર્યો બનાવવાની મૂર્ખતા તેના બાપે શા માટે કરવી જોઈએ ?' તેનો મનોદ્વેગ વધી પડચો હતો. દિવસ દરમ્યાન તે બાપ સાથે નદીકાંઠે હોડી ચલાવવા જવા ઇચ્છતી ન હતી. બધો વખત શૂન્યચિત્તે તે ઝૂંપડાની દીવાલો પાછળ બેસી રહેતી. તેની આંખમાં શાન્તનુના પ્રેમનાં સ્વપ્નાં રમતાં હતાં.

માછીમાર પણ દીકરીની મનોવ્યથાથી અજ્ઞાત ન હતો. તે મત્સ્યગંધા સમક્ષ દલીલ કરતો ને પોતાની દરખાસ્તનું સમર્થન કરતાં કહેતો, 'આ તો રાજા, વાજા ને વાંદરા કહેવાય. ગાંડો કાલ તને હાંકી કાઢે તો તું અને તારાં બાળકો ક્યાં જશો ? રસ્તા પર રખડતાં થઈ જશો.' ને પછી ગંભીરતા ધારણ કરતાં કહ્યું, 'એટલે આપણા જેવાએ મોટાનો વિશ્વાસ કરવો નહિ. જે હોય તે પહેલેથી બધું જ નક્કી કરવું જોઈએ.'

'શું નક્કી કરવું છે ?' ગુસ્સામાં મત્સ્યગંધા પૂછી રહી. ને ઉમેર્યું, 'હજી લગ્ન થયા નથી, ત્યાં સંતાનોનો પ્રશ્ન ક્યાં આવ્યો ?' ને પૂછી રહી, 'સંતાનો તમારી દીકરીના જ હશે, રાજા તેનો બાપ નહિ હોય ? તેને પોતાના સંતાનો પ્રત્યે પ્રેમ નહિ હોય ? ગમે તેટલા સંતાનો હોય પણ માબાપ તેમની જરૂરતોને સંતોષવા પ્રયત્નશીલ હોય છે જ.' મત્સ્યગંધાનો ચહેરો ઉશ્કેરાટથી લાલઘૂમ બની ગયો હતો. તેનાં આંખોમાં ઘોર નિરાશા હતી. આવેશમાં આવી તેણે બે હાથે પોતાનું માથું કૂટતાં કહ્યું, 'તમે જ તમારી દીકરીના સુખીજીવનમાં આગ ચાંપી રહ્યા છો. હવે મહારાજા પાછા નહિ આવે ને મારે નસીબે તો હોડી હાંકવાની

જ છે!'

ઉશ્કેરાયેલી દીકરીને શાંત્વન દેતાં બાપ બોલ્યો, 'બેટી! જરા ધીરજ તો રાખ. હું બરાબર સમજી ગયો છું કે રાજા તારા પર એટલા બધા મોહિત છે કે તને મેળવવા ગમે તેવી આકરી શરતો હશે તોપણ તેનો સ્વીકાર કરશે. જરા શાંત થા!'

'શાંત જ છું ને?' બાપની દલીલ સામે અણગમો વ્યક્ત કરતાં મત્સ્યગંધા બોલી. 'ગરીબના નસીબ ગરીબ જ હોય છે. હોઠે આવેલો અમૃતનો પ્યાલો ફેંકી દીધા પછી ફરી અમૃતપાન ક્યાંથી થાય?'

માછીમાર શાંત હતો. દીકરીના ઉકળાટ સામે દલીલ કરવાની તેની ઇચ્છા ન હતી, પણ તેનો વિશ્વાસ હતો, મહારાજા શાન્તનુ મત્સ્યગંધાના સહવાસ વિના જીવી શકશે નહિ એટલે કોઈ માર્ગ જરૂર શોધશે. હા, ત્યાં સુધી ધીરજ રાખવી પડશે.

# ૫

દિવસો થયા શાન્તનુ બિછાનાવશ હતો. તેના વદન પર ઉદાસીનતા છવાઈ ગઈ હતી. ભાગ્યે જ વાત પણ કરતો, શૂન્યમનસ્ક તે પડી રહેતો હતો. શિકારેથી પાછા ફર્યા પછી તેની આ હાલત જોતાં મંત્રીના મનમાં શંકાનાં વમળો ઊઠવા લાગ્યાં. તેના દેહપર તો કોઈ વનપશુના આક્રમણના કોઈ ચિહ્નો જોવા મળતાં ન હતા. રાજવૈદ પણ શાન્તનુની હાલત વિષે કોઈ નિર્ણય પર આવી શકતા ન હતા, એટલે મંત્રીને શક હતો. કોઈ ભયંકર વનપશુના શિકાર કરવાનો મહારાજાએ પ્રયત્ન કર્યો હોય અને વનપશુ મહારાજાના બાણુથી ઘવાયો ન હોય. તે પણ રોષે ભરાયો હોય ને પોતાને મૃત્યુ દેવા આવેલા મહારાજા સામે આક્રમણ કરવા ધસી ગયો હોય. મહારાજા પણ પોતાની જિંદગી માટે ભય જોતાં ધ્રૂજી ઊઠ્યા હોય. ગમેતેમ કરીને જીવ બચાવી નાઠા હોય ને તેના ભયની મહારાજાના મન પર વિપરિત અસર થવા પામી હોય તો ?

પણ મહારાજાની શિકાર વિષેની નિપૂણતાથી મંત્રી અજ્ઞાત ન હતો, એટલે બીજી ક્ષણે આ કલ્પનાને તે જાતે જ હસી કાઢતો. ‘ના, મહારાજા એમ કાંઈ ભય પામે નહિ. શિકાર તો તેમને માટે સાવ આસાન બાબત છે. ના, ના, મહારાજા ભયથી પિડાતા નથી.’ તે પણ નિશ્ચયપૂર્વક કહેતો.

તો મહારાજા શાન્તનુ આમ શૂન્યમનસ્ક, ચેતનવિહીન કેમ બની ગયા છે? આ પ્રશ્ન સૌને ચિંતા કરાવતો હતો.

દેવવ્રત પિતાની સેવામાં હાજર હતો. વૈદ દવા દેતા ને દેવવ્રત શાન્તનુની સારવાર કરતો, પણ શાન્તનુની ઠરી ગયેલી ચેતના જાણે જાગ્રત થતી જ ન હતી.

'મહારાજા!' ચિત્તશૂન્ય પડી રહેલા શાન્તનુને મંત્રી પૂછતો, 'રાજકુમારને યુવરાજપદે સ્થાપવા વિષે આપે શો નિર્ણય લીધો? સમય નક્કી કર્યો છે?' ને પછી કહેતો, 'હવે આપની તબિયત બરાબર રહેતી નથી એટલે રાજકુમાર યુવરાજપદે હોય તો થોડો બોજો તેઓ પણ ઉઠાવી શકે. આપને પરેશાન થવું ન પડે. થોડા દિવસો પહેલાં જ રાજકુમાર દેવવ્રતને યુવરાજપદે સ્થાપવાનો મહારાજાએ નિર્ણય કર્યો હતો, તેમનો નિર્ણય સૌને ગમ્યો હતો. મંત્રીએ નિર્ણય અમલમાં મૂકવા મહારાજાને સલાહ દેતા હતા ને મહારાજાએ પણ શિકારેથી પાછા ફર્યા પછી નિશ્ચિત સમય વિષે નક્કી કરવા જણાવ્યું હતું, પણ મહારાજા શિકારથી ચેતના ગુમાવી દીધેલા ચિત્તશૂન્ય જેવી હાલતમાં પાછા ફર્યા હતા. તત્કાળ તેમને સારવારની જરૂર હોવાથી યુવરાજપદનો પ્રશ્ન મંત્રીએ ઊભો કર્યો ન હતો, પણ મહારાજા દિવસો થયા બિછાનામાં હતા. તત્કાળ કોઈ નિર્ણય લઈ શકે તેમ ન હતા. રાજ્યના ઘણાં મહત્ત્વના પ્રશ્નો વિષે મંત્રી પણ મૂંઝવણ અનુભવતો હતો, એટલે તેણે મહારાજા સમક્ષ વાત મૂકી.

શાન્તનુ પણ દ્વિધામાં હતો. તેની દૃષ્ટિ સમક્ષ મત્સ્યગંધાની પ્રતિમા રમતી હતી. પોતે જેને દિલના દાન દઈ દીધા છે, મનથી જેને પોતે સમર્પણ થઈ છે એવા તેના પ્રિતમને તે જાણે શાંત્વન દેતી હતી, 'તમે બાપની શરતો સ્વીકારો, પણ હું તેનો અમલ કરવા તૈયાર નથી. હજી તો કેટલાં વર્ષો જશે, ત્યાં સુધી બાપ તેમને દીધેલા વચનોનું તમે પાલન કરો છો કે નહિ તે જોવા હાજર પણ નહિ હોય!' ને શાન્તનુની નજીક જઈ તેનો હાથ પકડી તેને ઊભો કરવાનો પ્રયત્ન કરતાં કહી રહી, 'ઊઠો. આમ હતાશ કેમ થઈ

ગયા છો.?'

શાન્તનુ મત્સ્યગંધાના સહારે જાણે બિછાનામાંથી પ્રયત્નપૂર્વક ઊભો થવા પ્રયત્ન કરતો.

મંત્રી આ દૃશ્ય જોઈ રહ્યો હતો. તેનું મન આનંદથી ભરાઈ ગયું. પોતાના પ્રશ્ન વિષે નિર્ણય કરવા જાણે શાન્તનુ ઊઠતો હતો. કદાચ પોતાની સાથે ચર્ચા કરવાની પણ ઇચ્છા હશે તેવી કલ્પના કરતો, ઊભા થવાનો પ્રયત્ન કરતા શાન્તનુને ટેકો દેવા, તેના હાથ પકડવા આગળ વધ્યો પણ શાન્તનુની કલ્પનાની મત્સ્યગંધા ત્યાં નજરે પડતી ન હતી, એટલે હતાશ થતો પુનઃ બિછાનામાં પડ્યો.

મંત્રી પણ હતાશ થયો. શાન્તનુ બિછાનામાં પડ્યો પડ્યો મંત્રી સામે જોતો લાચારી અનુભવતો હતો.

દેવવ્રત પૂછતો, 'આપની તબિયત વિષે મને ખૂબ ચિંતા થાય છે. જરા સ્પષ્ટપણે કહો તો ખરા શું થાય છે? આપ આમ ચિત્તશૂન્ય કેમ બની ગયા છો?' પ્રત્યુત્તરમાં શાન્તનુ દેવવ્રત પ્રતિ લાગણીભરી નજર નાખતો કેટલીય ક્ષણો દેવવ્રત સામે મીટ માંડ્યા પછી તે હૈયાના ઊંડાણમાંથી નિસાસો નાખતો ને પડખું બદલી દેતો.

દેવવ્રત પણ હતાશ થતો.

વર્ષો પહેલાં શાન્તનુની આવી જ હાલત થઈ હતી. ગંગાદેવી તેનાથી વિખૂટી પડી ત્યારે શાન્તનુ જાણે જીવન હારી બેઠો હોય એમ ભાંગી પડ્યો હતો. ક્ષણે ક્ષણે તે ગંગાનું જ રટણ કરતો હતો. રાજકાજમાં તે કોઈ રસ પણ લેતો ન હતો.

પણ ત્યારે તેની મનોવ્યથાને સૌ સમજતા હતા. ગંગા પ્રત્યેનો તેનો પ્રેમ એટલો બધો હતો કે, ગંગાના ભવનમાંથી તે ભાગ્યે જ બહાર ડોકાતો. રાજકાજની પોતાની ફરજો પ્રત્યે પણ તે ઉદાસીન હતો. ઘણી વખત અનિવાર્યપણે તેની મંજૂરીની કે સલાહની જરૂર પડતી ત્યારે મંત્રી પોતે ગંગાના ભવનના દ્વારે ઊભો રહેતો ને શાન્તનુને સંદેશો મોકલતો. તમારી અનુમતિની જરૂર

છે. વા, તમારી સલાહની જરૂર છે. મંત્રી મળવા માંગે છે પણ જ્યારે સેવક ગંગાના પ્રેમરસના ઘૂંટડા ભરતા શાન્તનુને સંદેશ દેતા ત્યારે શાન્તનુ ખિજાઈ પડતો પણ મંત્રીને મળ્યા વિના તેનો છૂટકો જ ન હતો એટલે તે મંત્રીને અંદર લઈ આવવા સેવકને આજ્ઞા દેતો.

મંત્રી રાજ્યના મહત્ત્વના પ્રશ્ન અંગે શાન્તનુની સલાહ માંગતો હતો. હમણાં જ તેને જાણ થઈ હતી. હસ્તિનાપુર પર આક્રમણનો ભય હતો. હસ્તિનાપુરનો રાજવી ગંગાના પ્રેમમાં મશગૂલ હોઈ રાજકાજમાંથી તેણે નિવૃત્તિ લીધી હોવાથી હસ્તિનાપુરને જીતવાનું કામ હવે ઘણું આસાન જણાતુ હતું ને આક્રમણની તૈયારી પણ કરતો હતો.

આવી મહત્ત્વની બાબત વિષે મંત્રીમંડળ કોઈ નિર્ણય લઈ શકે નહિ. મહારાજાએ જ તેને વિષે મંત્રીમંડળ સાથે વિચાર-વિનિમય કરી નિર્ણય લેવો જોઈએ. તેમ જ આક્રમણનો સામનો કરવા લશ્કરને પણ તેમણે જ તૈયાર થવાનો આદેશ દેવો જોઈએ, એટલે મંત્રી શાન્તનુના ક્રોધની પરવા કર્યા વિના શાન્તનુ સમક્ષ ઉપસ્થિત થયો હતો.

'આવી બાબતોમાં મને શા માટે પરેશાન કરો છો મંત્રી ?' મંત્રી પાસેથી બધી હકીકત જાણ્યા પછી શાન્તનુએ ઠપકાભરી નજરે પ્રશ્ન કર્યો, 'તમે જ નિર્ણય લઈ શકો છો.' મંત્રીએ નમ્રતાથી જવાબ દીધો, 'ના મહારાજા, આ પ્રશ્ન ઘણો જ ગંભીર છે, તેને વિષેનો નિર્ણય તો આપે જ કરવો જોઈએ.'

'પણ તમારે આક્રમણનો પ્રતિકાર તો કરવો જ જોઈએ એમ માનતા નથી ?'

'માનું છું. તે માટેની તત્કાલ તૈયારી થઈ શકે તે માટે આપની મંજૂરી માટે તો અહીં આવ્યો છું.'

'તો તૈયારી કરો !'

'પણ આપની હાજરી વિના એ શક્ય છે ખરું ?'

'મારી હાજરીની શી જરૂર છે ?' શાન્તનુ બોલ્યો ને સ્મિત કરતાં કહી રહ્યો, 'મારો મંત્રી નિર્માલ્ય નથી. તેની શક્તિ, સૂઝ-સમજમાં મને વિશ્વાસ છે.'

'વિશ્વાસ માટે આપનો આભાર, મહારાજા !' મંત્રીએ જવાબ દીધો, 'પણ આવી કટોકટીભરી સ્થિતિ વખતે આપની સતત હાજરી જરૂરી છે. મંત્રી કરતાં મહારાજાનો પ્રભાવ ઘણો હોય, લશ્કરને તૈયાર કરવા, જરૂર પડે આપ મેદાન પર ક્યાં નથી દોડી જતાં ? એટલે કદાચ એવી સ્થિતિ ઊભી થાય ત્યારે આપ હાજર હો તો કોઈ નિર્ણય લઈ શકાય ને મહારાજા ?'

મંત્રી શાન્તનુને ગંગાના બંધનમાંથી મુક્ત કરી બહાર લાવવાનો પ્રયત્ન કરતો હતો. તેણે દૃઢતાપૂર્વક કહ્યું, 'આપની હાજરી અનિવાર્ય છે.'

શાન્તનુને મંત્રીની દલીલ ગમતી ન હતી. ગંગાના સાંનિધ્યમાંથી થોડીક ક્ષણો પણ વિખૂટા પડવાની તેની ઇચ્છા ન હતી. તેની દૃષ્ટિમાં ગંગા જ હતી. મંત્રી સામે નિરાશાભરી દૃષ્ટિ નાખતો શાન્તનુ બેઠો રહ્યો. મંત્રીને જવાબ દેવાની પણ તેમનામાં તાકાત ન હતી.

મંત્રી પણ તેના નિર્ણયમાં મક્કમ હતો, એટલે તે શાન્તનુને નમ્રતાથી કહેતો હતો : 'હસ્તિનાપુરનો પરાજય થાય તો મહારાજા તેનો અપયશ તમને જ મળશે, લોકો પણ તમારી નિંદા કરશે.' પછી શાંતિથી શાન્તનુને સમજાવી રહ્યો.

'થોડો સમય આપ રાજકાજમાં સક્રિય રહો તો આક્રમણખોર પણ સમજી જશે કે મહારાજા શાન્તનુની તાકાતનો મુકાબલો કરવાનું તેને માટે અશક્ય છે. કદાચ આક્રમણ કરવાની તેની વૃત્તિ પણ શાંત થશે.'

જાણે પ્રાર્થના કરતો હોય તેમ બે હાથ જોડી મંત્રી

શાન્તનુને પ્રાર્થી રહ્યો, 'આપ આટલું તો કરો જ.' કેટકેટલા પ્રયત્નો પછી શાન્તનુ ગંગાદેવીના બાહુપાશમાંથી મુક્ત થઈ બહાર આવ્યો હતો. બહારની દુનિયામાં અનેક પ્રશ્નો હતા. શાન્તનુ સમક્ષ બે પ્રશ્નો રજૂ થતાં પણ શાન્તનુના મનોપ્રદેશ પર ગંગા રમતી હતી. ગંગાની કાજળભરી તોફાની આંખો તેની સામે મંડાતી, મૂંગા રહીને પણ તેના પ્રિયતમને ઈજન દેતી : 'તમારી ગંગા વિરહ-વેદનામાં સળગી રહી છે. તમે તેની નજદિક પણ આવતા નથી ?'

શાન્તનુ વિહ્વળ બનતો. મંત્રીએ તેની સમક્ષ પેશ કરેલા મહત્ત્વના પ્રશ્ન પ્રતિ ઉદાસીન રહેતો.

પણ એ પ્રસંગ પછી ગંગાની વિદાય પછી શાન્તનુ ધીમે ધીમે સ્વસ્થતા ધારણ કરતો હતો. દેવવ્રતની પુનઃપ્રાપ્તિ પછી તો શાન્તનુ મૂળ સ્વરૂપે રાજકાજની ધૂરા બરાબર સાંભળતો હતો, ત્યાં એકાએક આવું થયું ? સૌને તેનું અચરજ હતું, પણ મંત્રીની ચાણક્યબુદ્ધિમાં પ્રશ્ન ઊઠ્યો, 'વળી ગંગાની યાદ વર્ષો પછી તાજી થઈ હશે ? ગંગાના પ્રેમની ભીનાશ વર્ષો પછી વળી પાછી મહારાજાના મનોપ્રદેશ પર છવાઈ ગઈ હશે ?'

મંત્રી તેની આ વિચારધારા પર સતત ચિંતન કરતો હતો. જેમ જેમ તેનું ચિંતન વધતું ગયું તેમ તેમ તેને પ્રતીતિ થવા લાગી કે મહારાજ શાન્તનુ ગંગાના નહિ પણ ગંગા જેવી જ કોઈ રૂપસૌંદર્ય મઢેલી કાયાવાળી જોબનિયા છલકાવતી નવયૌવનાના કામણથી ઘવાયા છે. તેમનું સમગ્ર ચિત્ત કોઈ નવયૌવનામાં જ રમતું થયું છે. પણ પ્રશ્ન એ હતો કે, એ નવયૌવના કોણ હશે ? મહારાજાને ક્યાં મળી હશે ? મહારાજાએ તેના સહવાસનું સુખ માણ્યું હશે ? આ પ્રશ્નોના જવાબ તો મહારાજા સિવાય કોણ આપી શકે ? તે મહારાજા પાસેથી જવાબ શોધવા માંગતો હતો, પણ તેને શંકા હતી, મહારાજા તેના દિલની વાત મંત્રી સમક્ષ કરશે ખરા.

શાન્તનુ બેચેન હતો. જ્યારે તેણે માછીમારનું ઝૂંપડું છોડ્યું ત્યારે તેને વિશ્વાસ હતો કે, મત્સ્યગંધા પણ તેના બાપના પગલાંથી નિરાશ થઈ જ હશે. તેના દિલદિમાગ પર શાન્તનુની તસ્વીર પથરાઈ જ ગઈ છે. તે પણ શાન્તનુની જ ઝંખના કરતી બેચેન હશે. આખરે તે દોડતી તેના પ્રિયતમના બાથમાં ભીંસાઈ જવા અધીરી પણ થતી હશે, એટલે તે તેના બાપને છોડીને દોડતી અહીં આવી પહોંચશે.

આ આશાએ શાન્તનુની નજર હંમેશાં દ્વાર પર જ રહેતી. દ્વારપાળને પણ તેણે સૂચના દીધી હતી: 'જો કોઈ યૌવના પોતાને મળવા આવે તો તેને અટકાવવી નહિ.'

પણ દિવસોની તેની પ્રતિક્ષા નિષ્ફળ જતી હતી. બેવશ બની દ્વાર પરથી નજર ફેરવી લઈ પડખું બદલતાં બબડતો, 'તે પણ શું કરે? તેના બાપે તેને અટકાવી દીધી હશે? તેને તેની શરતનો સ્વીકાર કરાવવો છે, એટલે બન્ને જીવોને તરફડતા રાખવા માંગતો હશે.' તે એક ઊંડો નિસાસો નાખતો હતો.

મંત્રી શાન્તનુ સમક્ષ તેની કલ્પનાને તર્કબદ્ધ બનાવવા પ્રશ્નો કરતો હતો, 'ગંગાની યાદ પુનઃ તાજી થઈ લાગે છે, ખરું ને મહારાજ?'

'પણ હવે વર્ષો થયાં, ગંગા પણ આ પૃથ્વી પરથી વિદાય થઈ હશે. હવે તેની યાદમાં પરેશાન થવાનો કોઈ અર્થ ખરો?' મહારાજને શાંત્વન દેતો હોય એમ મંત્રી કહેતો: 'દેવવ્રત તમારી નજર સમક્ષ છે. તેને યુવરાજપદે સ્થાપિત કરીને ગંગાની ઇચ્છા પૂર્ણ કરો. આમ બેચેન બનીને પડી રહેવાનો કોઈ જ અર્થ નથી.'

શાન્તનુ શાંત હતો, પણ મંત્રીના પ્રશ્ને તેના દિલમાં હલ-ચલ મચાવી દીધી હતી. પોતે ગંગાને ભૂલી ગયો હતો. વર્ષો થયાં પોતે સંપૂર્ણ સ્વસ્થ પણ હતો. દેવવ્રત એ ગંગા સાથેના તેના પ્રણયનું પ્રતીક તેની સમક્ષ હતો, એટલે ગંગાની યાદ તેને પરેશાન

કરી રહી છે એવી કોઈ કલ્પના મંત્રીની હોય તો તે સાચી નથી, પણ મંત્રીની હકીકતનો ઇન્કાર કરવા શાન્તનુ તૈયાર ન હતો. મૂંગો મૂંગો તે મંત્રી સામે જોતો રહ્યો.

મંત્રી હવે શાંત રહી આ પરિસ્થિતિને વધુ વખત બરદાસ કરવા ઇચ્છતો ન હતો. રાજવૈદે કરેલાં નિરૂપણ પ્રમાણે શાન્તનુ દેહના કોઈપણ દર્દથી પિડાતો ન હતો. કોઈ બીમારી પણ ન હતી, માત્ર માનસિક અસ્વસ્થતાની બીમારી હતી. આ માનસિક અસ્વસ્થતા કદાચ ગંગાની સ્મૃતિથી પેદા થાય તેવી મંત્રીની કલ્પના ખોટી પણ ન હતી.

રાજવૈદ પણ એવો જ અભિપ્રાય દેતા હતા : 'મહારાજા કોઈ માનસિક આઘાતથી પિડાય છે.' આ આઘાત શાને કારણે થયો તે જાણવા મંત્રી પ્રયત્ન કરતો હતો.

'આપ કેમ કોઈ જવાબ દેતા નથી, મહારાજ?' મંત્રીએ પોતાના પ્રશ્નનો જવાબ દેવાના બદલે મૂંગા રહેલા શાન્તનુને પ્રશ્ન કર્યો ને વિશ્વાસ દીધો, 'આપ જણાવો તો ખરા? તેનો ઉપાય પણ શોધી શકાશે.'

'શકય નથી!' આખરે શાન્તનુએ જબાન ખોલીને હતાશા ઠાલવતાં કહ્યું, 'કોઈથી કાંઈ પણ થઈ શકે તેમ નથી.'

'પણ હકીકત તો જણાવો, મહારાજ?'

મહારાજાએ દિવસો પછી જબાન ખોલી તેથી ઉત્સાહીત થતાં મંત્રીએ બીજો પ્રશ્ન કર્યો, 'સાચે જ...' તેનો વિશ્વાસ પણ વધી પડયો.

'ભારે હઠીલો છે. એ તેની વાતનો સ્વીકાર કરાવ્યા સિવાય જરા પણ આગળ વધે તેમ નથી.' અફસોસ કરતાં શાન્તનુ કહી રહ્યો.

શાન્તનુના જવાબ પછી મંત્રી એટલું તો સમજી ગયો કે મહારાજા વળી કોઈ યૌવનામાં ચિત્ત પરોવી બેઠા છે. એ યૌવના

પણ મહા પહોંચેલી માયા હશે. ગંગાએ જેમ શરત મૂકી હતી, જે દેખીતી રીતે કોઈ પણ પુરુષ તેનો સ્વીકાર કરી શકે નહિ તેવી હતી, છતાં મહારાજા ગંગાના પ્રેમમાં એટલા તો તરબતર હતા કે જે શરત કોઈ મૂર્ખ પણ કદી સ્વીકારવા તૈયાર થાય નહિ, તેવી ગંગાની શરતનો તેમણે સ્વીકાર કર્યો હતો. ગંગાએ મહારાજાના વંશનું નિકંદન જ કાઢવા માંડયું હતું. સાત સાત સંતાનોને જળસમાધિ કરાવી પણ મહારાજા કાંઈ કરી શકયા નહિ.

'કદાચ બીજી ગંગા જ મહારાજાને રમાડતી હશે.' મંત્રીની કલ્પનાનો દોર જેમ જેમ લંબાતો હતો, તેમ તેમ તેનો રોષ પણ ઉગ્ર બનતો હતો. હવે મહારાજાને મૂર્ખ નહિ બનવા દેવા જોઈએ.

'પણ વાત તો કરો, બીજી ગંગા કોણ છે? તેની શરતો શી છે?' મંત્રી પૂછી રહ્યા.

'બીજી ગંગા કોઈ શરત કરતી નથી. તેણે તો મને તેનું સમર્પણ કરી પણ દીધું છે.'

'તો તમે તેને સાથે કેમ ન લાવ્યા?' વચ્ચે જ મંત્રીએ પ્રશ્ન કર્યો, 'અહીં કોણ વિરોધ કરવાનું હતું? દેવવ્રતને તો સમજાવી લેવાત, પણ આમ દુઃખી થવાની શી જરૂર હતી?'

'પણ તેનો બાપ શરતો મૂકે છે.'

'એવી તે કેવી શરત હશે તેના બાપની?' મંત્રીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું. 'દીકરી મહારાણી બને એ હકીકત ઓછી મહત્ત્વની છે કે, વળી શરત મૂકે છે?' ને પ્રશ્ન કર્યો: 'આપ તેનો સ્વીકાર ન કરી શકો એવી તે કેવી શરત છે?'

'મને ન પૂછો મંત્રીવર્ય!' વ્યથાપૂર્ણ વદને શાન્તનુ બોલ્યો, 'તેને જ પૂછો ને તમે જ નિર્ણય કરજો.'

'તો તેનું નામ જણાવો.'

'જાણીને શું કરશો? તેની શરતને કોઈ પણ રીતે હું સ્વીકારી શકું તેમ નથી.' ગમભર્યા સ્વરે શાન્તનુએ કહ્યું.

'બરાબર. આપ તેની શરતનો સ્વીકાર ન કરી શકો, પણ હું તેને કોઈ બાલીશ શરત નહિ કરવાને, તેની સામાન્ય દીકરી હસ્તિનાપુરની મહારાણી બને છે તેને જ મહત્ત્વ આપવા સમજાવી શકું ને?'

'સમજે તેવો નથી છતાં તમે જો સફળ થાવ તો ઘણું સારું.' શાન્તનુએ મંત્રીને અનુમતિ દીધી ને હકીકતથી વાકેફ કર્યો.

* * *

'ઓહો પધારો પધારો, મંત્રીવર્ય. આપનાં પુનિત પગલાં આ નાચીઝ માછીમારને ત્યાં?'

માછીમારના ઝૂંપડે ઊભેલા મંત્રીવર્યને જોતાં માછીમાર હર્ષ હાલવતો હોય એમ બોલ્યો, પણ મનોમન એ મત્સ્યગંધાને સંભળાવતાં હતા, 'જોયું ને દીકરી? આખરે તારા બાપની શરતનો સ્વીકાર થઈ જ રહ્યો છે ને? હું જાણું છું મહારાજની મોહાંધતા! ગંગાની છોકરા નદીમાં ફેંકી દેવાની શરત સ્વીકારનાર મહારાજા મારી શરતનો કદી અસ્વીકાર નહિ જ કરે, ભલે થોડું મોડું થાય!'

'શું થાય ભાઈ!' મંત્રી ધીમેથી માછીમારના ખભા પર હાથ મૂકતાં કહી રહ્યો, 'સમય આવે ધૂળની પણ જરૂર પડે છે ને?'

'હા, બાપજી!' માછીમાર મંત્રીના પગમાં પડ્યો. 'ધૂળ પણ આપના જેવા મોટા માણસના પગ તેના પર પડે તેથી ધન્ય બની જાય છે ને?' ને બોલ્યો, 'હું ભલે ધૂળ હોઉં પણ આજે આપના પુનિત પગલાંથી હું ધન્ય બન્યો.'

મંત્રી માછીમારની વાણીથી ખુશ થતાં વિચારી રહ્યો, 'બુદ્ધિશાળી છે માટે જ મહારાજ સમક્ષ શરત મૂકી ને?'

'કહો, શી સેવા કરું?' માછીમાર પૂછી રહ્યો.

'સેવા?'

'હા, આપની સેવા કરવાનું મારું ગજું નથી. હું તો પામર, ગરીબ માછીમાર છું.'

મંત્રી માછીમારના જવાબથી મનમાં બબડયો. 'પામર, ગરીબ ખરો, પણ ફાળ મોટી ભરે તેવો હોશિયાર છે.'

પોતાની સમક્ષ બે હાથ જોડી નમ્રતાથી ઊભેલા માછીમારના ચહેરા પર નજર ટેકવી ને તેનું અવલોકન કરી લીધું.

'ગરીબ પાસે પણ ઘણી વખત એવી ઉપયોગી વસ્તુ હોય છે, કે જેને પ્રાપ્ત કરવા રાજા-મહારાજાઓને પણ તેનાં બારણાં પાસે ઊભવું પડે.' મંત્રી બોલ્યા.

'ના, ના, એવી વાત ન કરો બાપા!' માથા પરનું ફાળિયું ઉતારી મંત્રીના પગ પાસે મૂકતાં માછીમાર બોલ્યો, 'મારી પાસે આ ફાળિયું છે. આપને તેની શી જરૂર હોય બાપા? કહો તો દઈ દઉં. હું ઉઘાડા માથે ફરીશ.'

મંત્રીના મોં પર મલકાટ હતો. માછીમાર કેવી અદાથી વાત કરતો હતો! જાણે કોઈ શરત કરવા ઇચ્છતો જ ન હોય એમ તે પોતાનું ફાળિયું આપી રહ્યો હતો.

'ના. તને ઉઘાડા માથે ફરવા માંગતો નથી.'

'તો બીજું શું છે? મારી પાસેથી શું તમને દઉં?'

'ઘણું છે.'

'તો માંગો.'

'હું તારી પુત્રી મત્સ્યગંધાને મહારાજા માટે માંગવા આવ્યો છું.' આખરે મંત્રીએ તેની વાત મૂકી. પોતાની માંગણી પરત્વે માછીમારના પ્રત્યાઘાત જાણવા તેના ચહેરા સામે જોઈ રહ્યો.

માછીમાર તો મંત્રીના આગમન સાથે જ જાગી ગયો હતો. તે પણ મંત્રીની વાત સાંભળતાં મલકાટ કરતો હોય એમ બોલ્યો, 'મત્સ્યગંધાના ધન્યભાગ્ય! માછીમાર જેવા નાચીઝ માનવીની દીકરી હસ્તિનાપુરની મહારાણી થાય એ તો તેનાં સદ્‌ભાગ્ય કહેવાય પણ...'

'સદ્‌ભાગ્ય પણ ક્યાં આવ્યું?' માછીમારને બોલતો અટકાવી મંત્રી પૂછી રહ્યા, 'સદ્‌ભાગ્યને બનવા દેવું જોઈએ.'

'જાણું છું સદ્દ્ભાગ્ય હંમેશા માટે સદ્દ્ભાગ્ય જ રહે. તેની મને ચિંતા છે, મંત્રીવર્ય!'

'એમાં વળી ચિંતા શી? સદ્દ્ભાગ્ય હંમેશાં સદ્દ્ભાગ્ય જ રહે છે.'

'ના. બાપુ ના!' માછીમાર બોલ્યો, 'જનક વિદેહી સીતા અયોધ્યા પતિ રામને પરણ્યા એ એનું સદ્દ્ભાગ્ય જ હતું ને? પણ રામે જ તેને વનમાં ધકેલી દીધી હતી ને?' માછીમારે કહ્યું ને પૂછ્યું: 'કહો, 'સીતાનું સદ્દ્ભાગ્ય રામે દુર્ભાગ્ય ન બનાવ્યું?'

પછી કહી રહ્યો, 'એટલે જ મારી દીકરીનાં આજનાં સદ્દ્ભાગ્ય ક્યારેય પણ દુર્ભાગ્ય ન બને એની થોડી ચિંતા કરું છું.'

'તારી ચિંતા અકારણ છે.'

'ના બાપા ના, મારી ચિંતા સકારણ છે.' માછીમાર દલીલ કરતો હતો, 'મહારાણી સીતા તો જનક રાજાની રાજકુમારી હતી, છતાં સદ્દ્ભાગ્યમાં પથરો પડ્યો, તો મારી દીકરી તો એક માછીમારની દીકરી છે. તેના સદ્દ્ભાગ્યમાં ગમે ત્યારે પથરો પડે!' પછી દઢતા-પૂર્વક કહી રહ્યો, 'હું એવા દુર્ભાગ્યના દિવસો જોવા માગતો નથી. ભલે તે કોઈ માછીમાર જુવાનને જ પરણે, મહેલમાં ન રહે, ઝૂંપડામાં રહે પણ એ સદ્દ્ભાગ્ય કદી ઝૂંટવાઈ જવાનું તો નથી જ ને?'

માછીમારની દલીલો જોરદાર હતી. મંત્રીના મન પર પણ તેની અસર થતી હતી, પણ માછીમારની દરખાસ્તનો સ્વીકાર કરવા તે પણ તૈયાર ન હતો. દેવવ્રતના હક્ક પર તરાપ મારવા જેવી દરખાસ્ત મંત્રી કેમ સ્વીકારે?

તેણે માછીમારને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'તારી દીકરીના સદ્દ્ભાગ્ય માટે બીજી કોઈ શરત નથી?' મંત્રીએ પૂછ્યું.

'બીજી શરત શી હોય?' માછીમાર પણ બરાબર સમજી ગયો હતો કે મહારાજા મત્સ્યગંધામાં સંપૂર્ણપણે ખોવાઈ જ ગયા

છે એટલે તો મંત્રી જાતે આવ્યા છે, એટલે તેની વાત પર મક્કમ હતો. તેણે તેની મૂળ વાતને દોહરાવતાં કહ્યું, 'મારી દીકરીનો દીકરો ગાદીપતિ હોય તો જ દીકરીના માનપાન રહે. તેને કોઈ મુશ્કેલી ન પડે.' ને દલીલના સમર્થનમાં બોલ્યો, 'દેવવ્રત ગાદીપતિ હોય તો ભલે બધું જ સાચવે પણ રાજમહેલમાં દેવવ્રતની પત્નીનું જ સામ્રાજ્ય હોય ને? મારી દીકરીને પણ તેની જ ઇચ્છા પ્રમાણે જીવવાનું ને? મારા ભાણાઓ પણ દેવવ્રતની મરજી પ્રમાણે જ જીવી શકે ને?' ઉત્તેજીત સ્વરે બે હાથ લંબાવી મંત્રીને કહી રહ્યો, 'ના બાપા ના, ભલે કોઈ ગરીબને પરણે, પણ જિંદગી નિરાંતભરી તો ખરી જ ને?'

'આ બધી કલ્પના અર્થહીન છે, થોડી સમજ બતાવ!' મંત્રીએ કહ્યું ને ઉમેર્યું, 'મહારાજા તેમની પ્રિયતમાના ભાવિ વિષે જોગવાઈ ન કરે એમ માનવાનું કોઈ કારણ નથી. મહારાજા તારી દીકરીને તેના દીકરાઓનાં સ્થાન, સુખ, સલામતી માટે બધી જરૂરી જોગવાઈ કર્યા વગર રહે જ નહિ એટલો તો વિશ્વાસ રાખ ભલા.'

'વિશ્વાસની વાત નથી બાપા!' માછીમારે જવાબ દીધો ને પૂછ્યું, 'જે કાલે કરવાની વાત છે તે આજે કેમ ન થાય?'

'આજે શું થાય? દેવવ્રતના હક્ક પર ત્રાપ મારે?' મંત્રીના શબ્દોમાં પણ હવે રોષ હતો. તેણે કહ્યું, 'દેવવ્રત કાલે યુવરાજ બનશે. મોટો દીકરો જ ગાદીવારસ હોય, નાના દીકરાઓને પણ રાજકાજમાં યોગ્ય સ્થાન જરૂર મળે પણ તેઓ ગાદીપતિ તો ન જ થઈ શકે.'

'તો કાંઈ નહિ બાપા!' માછીમારે કહ્યું. 'હું ક્યાં મહારાજા સાથે મારી દીકરી પરણાવવા તેમની પાસે પ્રાર્થના કરવા ગયો છું? માગું તો મહારાજાએ કર્યું છે ને? તેમને મારી માગણી મંજૂર ન હોય તો ભલે મારી દીકરીના નસીબમાં હશે તો બધું જ મળી રહેશે.'

મંત્રી પણ લાચાર હતો. માછીમારના હઠાગ્રહ આગળ તે પણ

શું કરી શકે? જો માછીમારની વાતનો સ્વીકાર કરવા મહારાજા તૈયાર હોત તો તેમણે જ હા ભણી ન હોત, તો અત્યારની વ્યથાભરી સ્થિતિ પણ ન હોત ને?

પોતે પણ માછીમારની વાતનો સ્વીકાર કરી શકતો ન હતો. મનોમન તે શાન્તનુની વાસનાને પણ ફિટકારતો હતો. ગંગા જેવી દેવકન્યા સાથે વર્ષો સુધી સહજીવન ભોગવ્યા પછી આ માછીમાર જેવા નાચીઝની દીકરીના મોહપાશમાં કેમ લપેટાયા હશે? ને આ તરંગ સાથે જ કલ્પના જાગી, 'માછીમારની દીકરીએ તો મહારાજાને પ્રેમના પાન નહિ કરાવ્યા હોય? તેને મહારાજાએ કોઈ વચન તો નહિ દીધું હોય?' પણ આ કલ્પના સાથે જ તરંગ ઊઠયો, 'જો એમ જ હોય તો મત્સ્યગંધા તેના બાપના હઠાગ્રહ સામે થઈને મહારાજાને પામવા દોડી આવી હોત!'

ગમેતેમ પણ મંત્રી નારાજ હતો. હવે માછીમાર સાથે વધુ દલીલો કરવાનો પણ અવકાશ ન હતો, છતાં મત્સ્યગંધાનું મન જાણવાની ઇચ્છા થઈ. જો મત્સ્યગંધાનો નિર્ણય અફર હોય તો તેને તેના બાપની ઇચ્છા વિરુદ્ધ લઈ જવાની વ્યવસ્થા વિચારી શકાય, પણ તે પહેલાં મત્સ્યગંધાનો વિચાર જાણવો જરૂરી હતો.

'તમારી દીકરીને મળું તો?'

'ભલે. તમે જરૂર મળો, પણ ખાતરી રાખજો કે તે પોતે મહારાજાને દિલ દઈ બેઠી હશે તોપણ તેના બાપની ઇચ્છા વિરુદ્ધ તે કાંઈ કરવાની નથી.' માછીમારે કહ્યું.

'ના, મારે પણ એવું કાંઈ જ કરવાનું નથી.'

'ભલે, આ રહી મારી દીકરી. જાવ તેને મળો.' માછીમારે અંદરના ભાગમાં બેઠી બેઠી બાપ ને મંત્રી વચ્ચેનો સંવાદ સાંભળતી ખિન્ન વદને બેઠેલી મત્સ્યગંધા પ્રતિ આંગળી કરી. મહારાજા પ્રત્યેના તેના પ્રેમને બરાબર સમજી ગયો. તેની આંખો ભીની હતી, બેચેન પણ હતી, પ્રિયતમને પામવાની તેની તત્પરતા પણ જોઈ

શકાતી હતી.

'હું શું કરું મહારાજ!' મંત્રી ઉપસ્થિત થતાં મત્સ્યગંધા દર્દભર્યા સ્વરે બોલી રહી. 'બાપની મંજૂરી વિના તો હું કાંઈ પણ કરી શકું નહિ.' પછી અશ્રુધારા વહાવતાં ગદ્‌ગદ કંઠે કહી રહી, 'જેવા મારા નસીબ! બીજું શું કહું?' ને ઉમેર્યું, 'બાપની મરજીની અવગણના પણ કેમ થાય? આખરે મારા પિતા છે ને?'

મત્સ્યગંધાના સૌંદર્ય મઢ્યા દેહપર નજર પડતાં મંત્રી પણ સ્તબ્ધ બન્યો. માછીમારની દીકરીને આવા સૌંદર્યથી મઢી દેવા માટે તે ભગવાનને ઠપકાવતો હતો, જે સૌંદર્ય સાચવી શકાય તેમ નથી, તડકામાં, નદીનાં પાણીમાં જ જેને જીવન જીવવાનું છે, તેના દેહને આવા અનુપમ સૌંદર્યથી મઢવાની ભૂલ કેમ કરી હશે? તે સ્વગત બબડ્યો! થોડા વખતમાં જ સખ્ત તાપમાં કામ કરતા આ સૌંદર્ય ઝંખવાઈ જશે ને દેહ કાળા ધાબાથી ભરાઈ જશે.

'પણ મહારાજાને મોહ પમાડે તેવી તો છે જ, મત્સ્યગંધા.' તે સ્વગત બબડ્યો.

મંત્રી નિરુતર સ્તબ્ધ ગંભીરતા ધારણ કરીને ઊભો હતો. મત્સ્યગંધા પણ પોતાની લાચારી વ્યક્ત કરી રહી હતી. આખરે તેણે મંત્રીને પૂછ્યું, 'પ્રેમ દેવતાની ઉપાસના ભોગ માગે છે. ત્યાગ વિના ઉપાસના સિદ્ધ થઈ શકતી નથી એટલું મહારાજને કહેજો.'

'પણ મહારાજા તેમના વડા પુત્ર દેવવ્રતના હક્કની અવગણના પણ કેમ કરી શકે?' મંત્રીએ દલીલ કરતાં કહ્યું, 'આ પ્રશ્ન જ બંને પ્રેમીઓનાં મિલનમાં અંતરાયભૂત છે. બીજી ગમે તેવી માગણીનો જવાબ આપી શકાય, પણ આ માગણીનો સ્વીકાર શક્ય નથી.' ને ઉમેર્યું, 'તમે તમારા બાપને કેમ સમજાવતા નથી? તમે પણ મહારાજાની જેમ વ્યથિત તો હશો જ ને?'

'હા, વ્યથા જરૂર છે પણ પિતાજીની વાત પણ સાચી છે. પિતા તરીકે તેમની દીકરીના ભાવિની સલામતિની ઇચ્છા તો કરે

જ ને?' મત્સ્યગંધા તેના પિતાની પડખે હતી એ સ્પષ્ટ હતું.

તે ઊભી થઈ ને મંત્રીને વિદાય દેતાં કહી રહી, ' પ્રેમ સંપૂર્ણ ત્યાગ માગે છે. પ્રેમની મસ્તી માણતો માનવી કોઈના ન્યાય-અન્યાયની વાત કરતો નથી. તેને તો ત્યાગ જ કરવાનો છે.' ને ઉમેર્યું. 'જો મહારાજાનો પ્રેમ સાચો હશે તો તેઓ બાપની માંગણીનો સ્વીકાર કરવા જાતે જ મને લેવા આવશે.' તે વિદાય થઈ.

મંત્રી પણ હતાશાભર્યા હૈયે ત્યાંથી વિદાય થયો.

# ૬.

'મા, ઓ મા, ક્યાં છો તમે ?'

માછીમારના ઝૂંપડા પાસે ઊભો ઊભો દેવવ્રત સાદ દેતો હતો. 'મા, જલદી કરો. પિતાજીની તબિયત ખરાબ છે.' તમને યાદ કરે છે. હું તમને લેવા આવ્યો છું, મા ઉતાવળા થાવ.'

કેટલીય વાર દેવવ્રત સાદ દેતો જ રહ્યો, પણ ઝૂંપડામાંથી કોઈ ડોકાતું જ ન હતું. દેવવ્રત ઝૂંપડામાં જવા ઇચ્છતો ન હતો.

શાન્તનુની તબિયત દિવસો થયા લથડતી જતી હોવાથી દેવવ્રતની ચિંતા વધી પડી હતી. પિતાની માંદગી આમ તો વૈદના જણાવ્યા પ્રમાણે નરી નજરે દેખાય તેવી ન હતી. કોઈ માનસિક આઘાતની અસર તેમના દેહ પર જણાતી હતી. આ માનસિક આઘાત વિષે જાણવા મંત્રીની સાથે તે પણ ઘણા ઘણા પ્રયત્નો કરતો હતો, પણ શાન્તનુ મત્સ્યગંધા વિષે કાંઈ કહેવા ઇચ્છતો ન હતો.

પણ મંત્રીના ઘણા પ્રયત્નો પછી શાન્તનુએ માછીમારની દીકરી મત્સ્યગંધાના પ્રેમમાં હોવાની અને મત્સ્યગંધાને પામવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યારે મંત્રી પણ થોડાંક ક્ષણો શાન્તનુની વાસનાની તીવ્રતા જોતાં મનમાં સમસમી રહ્યો હતો.

શાન્તનુએ માછીમાર સાથેની વાત પણ કરી. દેવવ્રતના હકનો છેદ ઉડાડી મત્સ્યગંધાના દીકરાને ગાદીપતિ બનાવવાની વાતનો સ્વીકાર કરવા પોતે તૈયાર નથી તે પણ સ્પષ્ટપણે જણાવી દીધું.

મંત્રી પોતે પણ માછીમાર પાસેથી નિરાશ થઈને પાછો ફર્યો હતો. દેવવ્રત પ્રશ્ન કરતો, 'કહો તો ખરા, પિતાજીની મનોવ્યથા શાને આભારી છે?'

'જાણીને શું કરશો યુવરાજ?'

'એનો ઉપચાર કરીશ.'

'એ શક્ય નથી.'

'શક્ય ન હોય તોપણ હું પ્રયત્ન કરીશ.'

'પણ તમારા હક્કનો નાશ નોતરે એવી હકીકત છે. મહારાજની મનોવ્યથા પણ તમારા હક્કની રક્ષા કાજે છે.'

'મારા હક્કની મને ચિંતા નથી. પિતાજીની તબિયત સુધરી જતી હોય તો પિતાજીને કહી દો કે, દેવવ્રત તેના હક્ક છોડી દેવા તૈયાર છે.'

'તો તમે ગાદી પરનો હક્ક છોડી દેવા તૈયાર થશો ખરા?' મંત્રી વિસ્મયતાથી દેવવ્રત સામે જોતાં પૂછી રહ્યો.

'જરૂર, જો પિતાજીની મનોવ્યથાનો અંત આવતો હોય તો ગાદીની મને કોઈ જરૂર નથી.' દેવવ્રત મક્કમતાથી કહેતો હતો ને પછી સહજભાવે પૂછ્યું, 'પિતાજી ગાદીનો હક્ક કોને દેવા માગે છે? મારે બીજો કોઈ ભાઈ તો છે નહિ. પછી?'

દેવવ્રતની મક્કમતા જોઈ મંત્રી પણ મૂંઝાતો હતો. પણ હવે દેવવ્રત સમક્ષ બધી જ હકીકત સ્પષ્ટ કર્યા સિવાય મંત્રી માટે બીજો માર્ગ પણ ન હતો. માછીમાર તેની વાતમાં નમતું જોખવા તૈયાર ન હતો. એટલે મંત્રીએ શાન્તનુના માછીમારની દીકરી મત્સ્યગંધા સાથેના પ્રેમની વાત કરી ને ઉમેર્યું, 'માછીમારની શરત ભારે છે. તેનો સ્વીકાર મહારાજા પોતે કરવા તૈયાર નથી.'

'શા માટે તૈયાર નથી? પિતાની જિંદગી કરતાં માછીમારની માંગણીનું મહત્ત્વ વધું છે શું?

'હા, માછીમારની માંગણીનું મહત્ત્વ ઘણું છે ને મહારાજા

તેનો સ્વીકાર પણ કરી શકે તેમ નથી.'

'ના, માછીમારની માંગણીનો સ્વીકાર કરીને પિતાજીની જિંદગી બચાવવી જોઈએ.' દેવવ્રતે પૂછ્યું. 'માછીમારની માંગણી શી છે એ તો કહો?'

'શું કહું, યુવરાજ! નાના મોંએ મોટી વાત વાત કરવા જેવી વાત છે.' મંત્રી ગુમરાહ થઈ ગયો હોય એમ બોલ્યો.

'માછીમાર તેની દીકરીને જે દીકરો થાય તે ગાદીપતિ થાય એવી શરત મૂકે છે. મહારાજા એવી શરત સ્વીકારવા તૈયાર નથી.' ને ઉમેર્યું, 'મહારાજા તેમના વડા પુત્ર દેવવ્રતના હક્કને છીનવી લેવા તૈયાર પણ કેમ થાય?'

'તો દીકરાના હક્કની રક્ષા કાજે મહારાજા પોતાનો જાન આપે તે પણ કેમ ચલાવી લેવાય?' દેવવ્રતે સામે પ્રશ્ન કર્યો.

'તો શું થાય યુવરાજ?' નિરાશભર્યા વદને મંત્રીએ પૂછ્યું.

'હું હસ્તિનાપુરની ગાદી પરનો મારો હક્ક છોડી દેવા તૈયાર છું.' દેવવ્રતે તેનો નિર્ણય જાહેર કર્યો.

'પણ એ તો મહા ભારે અનર્થ ગણાય.'

'નહિ, અનર્થ નથી. હું મારી સ્વેચ્છાથી મારો હક્ક જતો કરવા માગું છું. પિતાજી ક્યાં મારો હક્ક છીનવી લે છે?'

'પણ તમે મહારાજા જે દરખાસ્ત સ્વીકારવા તૈયાર નથી એ દરખાસ્તનો સ્વીકાર કરો તે મહારાજાને ગમશે?'

'નહિ જ ગમે, એ હું જાણું છું.' દેવવ્રત બોલ્યો, 'પણ મારે હમણાં ક્યાં તેમને જણાવવું છે? માછીમાર સમક્ષ જઈને તેની દરખાસ્ત સ્વીકારી લઈશ. માને લઈ પિતાજી સમક્ષ હાજર થઈશ ત્યારે ભલે જાણે, પણ પછી શું કરવાના હતા?'

મંત્રી દેવવ્રતના મહાત્યાગની વાત સાંભળતાં નવાઈ પામ્યો. જ્યારે હક્ક પ્રાપ્ત કરવા માટે ભાઈઓ આપસમાં લડે છે ત્યારે દેવવ્રત તેનો સ્વાભાવિક હક્ક છોડી દેવા તૈયાર થાય છે! તને

હવે અટકાવવાનું પણ સરળ ન હતું.

દેવવ્રતે દઢતાપૂર્વક પૂછ્યું, 'મારા હક્ક ખાતર શા માટે મારા પિતા આટલા દુઃખી થાય? તેમના પ્રેમ અને મમતાનું શું આવું જ પરિણામ આવ્યું?' ને ઉત્તેજિત સ્વરે કહ્યું, 'ના, ના, મારા પિતાના પ્રેમ અને મમતાને ખાતર પણ મારે મારા હક્કને છોડી દેવો જોઈએ.' તેણે માછીમાર વિષેની વિગતો મંત્રી પાસેથી મેળવી ને એકલો જ માછીમારના ઝૂંપડા પાસે પહોંચ્યો. ઝૂંપડાનું બારણું ખુલ્લું હતું. અંદરના ભાગમાં માછીમાર અને મત્સ્યગંધા હતાં.

શાન્તનુની તબિયત વિષેની જે માહિતી તેને મંત્રી દ્વારા પ્રાપ્ત થઈ હતી તેથી તે પણ ચિંતાતુર બની હતી. તે પોતે તેના બાપને સમજાવતી હતી. તેની મનોવેદના પણ અપાર હતી.

હું તમારી ઇચ્છા વિરુદ્ધ થઈને પણ મહારાજા પાસે પહોંચી જઈશ. મારા કારણે જ તેઓ પિડાતા હોય તો મારે તેમને પિડામુક્ત કરવા જ જોઈએ. મત્સ્યગંધા તેના પિતાને કહી રહી ને આક્રોશમય બની જતાં પૂછી રહી, 'મારા દીકરા વિષે તમે શા માટે અત્યારથી ચિંતા કરો છો? તેનો બાપ તેની કાળજી નહિ લે?'

'ખરું છે દીકરી!' મત્સ્યગંધાના આક્રોશને શાંત કરવા મથતા માછીમારે કહ્યું, 'પણ તું જાણે છે કે તું માછીમારની દીકરી છો. મહારાજા જીવતા હશે ત્યાં સુધી તારા માનપાન હશે, પણ મહારાજા ગત થયા પછી, તને – માછીમારની દીકરીને મહેલમાં કોઈ ઊભા રહેવા પણ નહિ દે એ ભૂલતી ના!' માછીમાર સમજાવતો હતો. 'એટલે જ મારે આવી શરત કરવી પડે છે. તારો દીકરો જ જો હસ્તિનાપુરનો રાજા હોય તો તારા માનપાન પણ જળવાઈ રહે. રાજમાતા તરીકે તને સૌ માન પણ દે—'

'મારે રાજમાતા થવું નથી. મારે તો મારા કારણે બિછાનાવશ થયેલા મારા સ્વામીની જિંદગી બચાવવી છે.' મત્સ્યગંધાની

આંખમાંથી આંસુનો ધોધ વહેતો હતો. તે બેઠી હતી ત્યાંથી ઊભી થઈ ગદ્‌ગદ સ્વરે કહી રહી, 'મને જવા દો, બાપા મને અટકાવશો નહિ.'

માછીમાર મત્સ્યગંધાની હઠથી ગુસ્સે થયો. તેણે ઊભી થયેલી મત્સ્યગંધાનો હાથ પકડી તેને જમીન પર બેસાડતાં કહ્યું, 'મૂર્ખ ન બન, જરા ધીરજ રાખ. મહારાજા જરૂર મારી વાત માનશે જ.' ને હળવેથી કહ્યું, 'જરા થોડી રાહ તો જો. પછી તારે જે કરવું હોય તે કરજે. જેવા તારા નસીબ.'

'નસીબ તો રૂડા છે, પણ તમે જ તેને ભૂંડા બનાવવા માંગો છો ને?' ગુસ્સામાં મત્સ્યગંધા માછીમારને સંભળાવતી હતી. તે પુનઃ જમીન પર બેસી ગઈ.

ત્યાં બારણે ઊભેલા દેવવ્રતનો સાદ બંનેના કાને અથડાયો. હર્ષપુલકિત થતાં માછીમાર કહી રહ્યો, 'જોયું ને? માને સાદ દેતો દીકરો માને લઈ જવા બારણે ઊભો છે.' ને ઉત્સાહભર્યાં પગલે તે બારણે ઊભો. પોતાની સામે ઊભેલા દેવવ્રત પ્રતિ થોડીક ક્ષણો નજર માંડી તેને માપી લીધો. સ્વગત બબડ્યો, 'નક્કી યુવરાજ દેવવ્રત લાગે છે.' ને સાથે જ તેના મનનો આનંદ પણ છલકાઈ રહ્યો. યુવરાજ પોતે મત્સ્યગંધાને માતું સંબોધન કરે છે ને? પણ તેણે ચહેરા પર કડકાઈ દાખવતાં દેવવ્રતને ઊંચા સાદે પૂછી રહ્યો, 'કોણ છે તું? તારી મા અહીં ક્યાંથી? જા, તપાસ કર બીજે, અહીં તારી મા નથી. સમજ્યો?'

'ના, મને ખબર છે. મારી મા અહીં જ છે.'

'આ ઝૂંપડામાં તારી મા ક્યાંથી હોય જુવાન?' માછીમાર તેને સમજાવતો હતો. 'બીજે ક્યાંક હશે, જા આગળ તપાસ કર.'

'બીજે ક્યાં તપાસ કરું! હા, કદાચ ગંગાના કાંઠે હોડકામાં કોઈ પ્રવાસીની રાહ જોતી હાથમાં હલેસું પકડી બેઠી હોય તો?' દેવવ્રતે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'તો હું ત્યાં જાઉં એમ જ ને?'

માછીમાર પણ હવે સમજી ગયો હતો. યુવરાજના મુખેથી મત્સ્યગંધાને થયેલા માના સંબોધનને સાંભળતાં જાણે અર્ધી બાજી જીતી ગયો હોય એમ આનંદમગ્ન બની રહ્યો. તેણે પૂછ્યું: 'તમારી માનું નામ શું? તમે કોણ છો?'

'મારી માનું નામ મત્સ્યગંધા છે. હું મહારાજા શાન્તનુનો પુત્ર દેવવ્રત!'

'દેવવ્રત? ગંગાપુત્ર?'

'હા, ગંગાપુત્ર!' દેવવ્રત પણ પોતે સફળતાના સીમાડે ઊભો હોવાની ખાતરી થતાં મલકી રહ્યો. ને કહ્યું, 'માને જલદી મારી સાથે મોકલો. પિતાજી બિછાનાવશ છે. તેમની દેહલતા કરમાઈ રહી છે.'

'પણ એમ કાંઈ મોકલાય? મહારાજાએ મારી શરત સ્વીકારી નથી. પછી શી રીતે મોકલું?' માછીમારે સ્પષ્ટતા કરી.

'કઈ શરત?' દેવવ્રતે પૂછ્યું ને ઉમેર્યું, 'હું તમારી શરત સ્વીકારવા તૈયાર છું. કહો તો?'

'તમે મારી શરત સ્વીકારશો?' આશ્ચર્ય વ્યક્ત કરતાં માછીમાર પૂછી રહ્યો ને કહ્યું, 'મહારાજ તો તૈયાર ન હતા.'

'મહારાજા ભલે તૈયાર ન હોય, પણ હું તૈયાર છું. કહો તમારી શરત શી છે?' દેવવ્રત ઉતાવળો થતો હતો.

'મારી શરત છે કે મારી દીકરીનો દીકરો જ હસ્તિનાપુરની ગાદીનો વારસ બને.' દેવવ્રત સામે ઝીણી નજર માંડતા માછીમારે પોતાની શરત પેશ કરતાં કહ્યું, 'તમે જાણતા નથી, પણ મહારાજા આ શરત સ્વીકારવા તૈયાર નથી.'

'ભલે મહારાજા ન સ્વીકારે, પણ ગાદીનો જે હક્કદાર છે તે પોતે જ તમારી શરતનો સ્વીકાર કરતો હોય તો?'

'એટલે તમે જ યુવરાજ દેવવ્રત છો?'

'હા, યુવરાજ નહિ દેવવ્રત કહો.' દેવવ્રતે કહ્યું, 'હવે હું આ ક્ષણથી યુવરાજ રહેતો નથી. યુવરાજના આગમનની પ્રતીક્ષા

કરવી રહી.'

'તમે જાતે થઈને ગાદી પરનો તમારો હક્ક છોડી દેવા તૈયાર છો?'

'હા, સૂર્ય, ચંદ્ર, આકાશ ને ગંગાના પુનિત જળની સાક્ષીએ હું પ્રતિજ્ઞા લઉં છું કે હસ્તિનાપુરની ગાદી પર હવે પછી મારો કોઈ જ અધિકાર નથી રહેતો. હું તેનો સ્વેચ્છાએ ત્યાગ કરું છું.'

'શાબાશ!' દેવવ્રતની પ્રતિજ્ઞાથી પ્રસન્નતા અનુભવતો માછીમાર બોલી ઊઠ્યો.

'હવે માને મોકલો, પિતાજી તેના દર્શનની ઝંખના કરે છે. ક્ષણે ક્ષણે તેમની તબિયત બગડતી જાય છે, વિલંબ ન કરો. તમારી શરત પૂર્ણ થઈ ને?' દેવવ્રત દર્દભર્યા અવાજે આગ્રહ કરતો હતો.

'યુવરાજ, તમે તો ગાદીનો હક્ક છોડી દેવાની પ્રતિજ્ઞા કરી પણ—' માછીમાર બોલતો હતો. તેને વચ્ચે જ અટકાવી દેવવ્રતે કહ્યું, 'યુવરાજ ન કહો, દેવવ્રત યુવરાજ નથી.' ને પછી પ્રશ્ન કર્યો, 'પણ શું? તમે માંગી એ વાત મેં માન્ય રાખી. હવે બીજી કોઈ વાત બાકી છે?'

'બાકી તો ઠીક, પણ તમે તો ગાદી પરનો હક્ક છોડી દીધો. પણ ભવિષ્યમાં ઝઘડો થાય તો ભાણાને ગાદી છોડવી પડે એવી સ્થિતિ પેદા થવી ન જોઈએ. ખરું ને?'

'ભવિષ્યમાં એવી સ્થિતિ પેદા થવાની સંભાવના જ ક્યાં છે?'

'સંભાવના નહિ, પણ શક્યતા તો છે જ!' માછીમાર બોલ્યો.

'કઈ શક્યતા?' દેવવ્રત આશ્ચર્યથી પૂછતો હતો, 'માનો દીકરો ગાદી પર હોય પછી તેને ઉઠાડી મૂકવાની તાકાત કોની હોય?' તેણે કહ્યું ને વિશ્વાસ દીધો. દેવવ્રત જીવતો હોય ત્યાં સુધી તો કોઈ આંગળી પણ ઊંચી કરી શકે તેમ નથી.'

'સાચી વાત છે તમારી, તમે ગાદી પરનો હક્ક જવા દીધો.

પણ તમારા સંતાનો તો તેના બાપના હક્કને ભોગવવા અવાજ ઉઠાવે જ ને?' માછીમારે ભાવિનો ભય વ્યક્ત કરતાં પૂછ્યું, 'તમે પ્રતિજ્ઞા લીધી પણ તમારા સંતાનો તેનો હક્ક માગે જ ને?'

દેવવ્રત માછીમાર સાથે લાંબી ચર્ચા કરવા માંગતો ન હતો. તેને પિતાજીની તબિયતની ચિંતા હતી. મત્સ્યગંધાને પિતાજીની નજર સમક્ષ મૂકી તેમની સ્વસ્થતા પુનઃ પ્રાપ્ત કરવાની ઉતાવળ હતી, એટલે તેણે સીધો પ્રશ્ન કર્યો :

'તમે શું કહેવા માંગો છો?'

'તમારા સંતાનોનો ભય ખરો ને?'

'તો સાંભળો, તમારો ભય નાબૂદ કરવા હું પ્રતિજ્ઞા કરું છું. હું લગ્ન કરીશ નહિ, જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળીશ. ને પૂછ્યું, 'હવે સંતોષ થયો ને?' ફરી આગ્રહ કર્યો, 'હવે માને મોકલો. રથ તૈયાર છે. હવે વિલંબ ન કરો.'

માછીમાર દેવવ્રતની પ્રતિજ્ઞાથી પ્રભાવિત થયો હતો. પોતાની માંગણી વિષે શાન્તનુ તૈયાર ન હતા, પણ તેનો દીકરો તો પોતાનો હક્ક જતો કરે છે એટલું જ નહિ, પણ ભવિષ્યમાં તેના સંતાનો કોઈ જ ઉપદ્રવ ન કરે તે માટે લગ્નજીવનનો જ ત્યાગ કરે છે. ને સ્વગત બબડ્યો, 'ધન્ય ધન્ય દેવવ્રત, ધન્ય છે તને!'

ઝૂંપડાના અંદરના ભાગમાં ઊભેલી મત્સ્યગંધા પિતાની દલીલો પર અકળાતી હતી. માત્ર પોતાની દીકરીના જ સુખવૈભવના વિચાર કરે છે ને દેવવ્રતને લગ્નજીવન પણ ભોગવવા દેતાં નથી. 'એ તે કેવી વાહિયાત વાત છે?' પણ દેવવ્રત ક્ષણનોય વિલંબ વિના બાપની દરખાસ્ત પણ સ્વીકારી લીધી. આજીવન બ્રહ્મચર્ય પામવાની પ્રતિજ્ઞા લીધી. તે મનોમન દેવવ્રત વિષેનો અહોભાવ વ્યક્ત કરતાં બોલી, 'કેવો પિતૃભક્ત છે? પિતાના સુખ ખાતર તેણે પોતાના સુખનો ત્યાગ કર્યો.'

'મા હવે ઉતાવળા થાવ. પિતાજી—' અકળામણ અનુભવતાં

દેવવ્રતે મત્સ્યગંધાને કહ્યું, 'તમારા પિતાની બધી જ માંગણીઓનો મેં સ્વીકાર કર્યો છે. હવે વિલંબ ન કરો મા!'

મત્સ્યગંધા પણ શાન્તનુને સમર્પણ થવા ઉતાવળી થઈ હતી. માછીમારની શરતનો દેવવ્રતે જરા પણ ખચકાટ વિના સ્વીકાર કરતાં તે ઉતાવળા પગલે બહાર આવીને દેવવ્રતને કહ્યું, 'ચાલો, હું તૈયાર છું.'

દેવવ્રત મત્સ્યગંધાના ચરણોમાં શિર ઝુકાવી તેનો આદર-સત્કાર કરતો હતો. મત્સ્યગંધાએ તેને બે હાથે ઊભો કરી ને ઉમળકાભેર બોલી, 'તમે ભારે ત્યાગ કર્યો છે!'

'ત્યાગ નથી મા!' દેવવ્રતે કહ્યું, 'પિતાજીની હાલત જોતાં જરૂર પડે તેમને ખાતર પ્રાણ દેવા પણ હું તૈયાર છું.' બોલતાં બોલતાં તેની આંખ આંસુથી છલકાઈ રહી ને મત્સ્યગંધા સામે જોતાં બોલ્યો. 'ઝટ કરો મા! રથમાં ગોઠવાઈ જાવ. પિતાજી રાહ જોતા હશે.'

મત્સ્યગંધા દેવવ્રતના રથમાં ગોઠવાઈ ને દેવવ્રતે રથ ચલાવ્યો. ઝૂંપડાના બારણે ઊભેલો માછીમાર પોતાની દીકરીને તેના સ્વામી પાસે જતાં આનંદભેર જોઈ રહ્યો. રથ તેની નજરમાંથી દૂર થતાં તે ઝૂંપડામાં પાછો ફર્યો. તેના મનનો આનંદ ઉછાળા મારતો હતો. 'બડી ભાગ્યશાળી મારી દીકરી.' તે સ્વગત મત્સ્યગંધાના ભાગ્યની પ્રશંસા કરતો હતો. મહારાજા કદી પણ તેની શરત સ્વીકારવા તૈયાર ન થાત. કદાચ તેમને ખ્યાલ પણ નહિ હોય કે, દેવવ્રત શરતો સ્વીકારશે. સહસા દેવવ્રત વિષેનો અહોભાવ ઢળી પડયો, 'ધન્ય ધન્ય દીકરા હો તો આવા જ હજો. બાપની જિંદગી સુખી બનાવવા માટે પોતાની આખી જિંદગી બરબાદ કરવા કયો દીકરો તૈયાર થાય?' ને આનંદમગ્ન બની તે ખાટલીમાં પડયો.

*

દેવવ્રત મત્સ્યગંધાને લઈને આવી પહોંચ્યો છે એમ જાણતાં

લોકો કુતૂહલવશ રાજમહેલ નજદિક જમા થયા. મંત્રી અને દરબારીઓ પણ દેવવ્રતની સફળતાની પ્રશંસા કરતા જમા થયા હતા. દેવવ્રતે રથ થોભાવ્યો. તેને રથમાંથી ઊતરતી મત્સ્યગંધાનો હાથ પકડીને શાન્તનુના ભવન પ્રતિ દોરી જતાં મંત્રી અને દરબારીઓએ તેને આવકાર દીધો.

'મા આવી પહોંચી, હવે પિતાજી સ્વસ્થ થશે જ.' પોતાના હૈયાનો ઉમળકો ઠાલવતો હોય એમ દેવવ્રત મંત્રી અને દરબારીઓને કહી રહ્યો. તેમણે મત્સ્યગંધાનું અભિવાદન કરતાં કહ્યું, 'મહારાજા તમારી ઝંખના કરે છે. તેમની હાલત પણ ખરાબ થઈ છે, પણ હવે ઝડપથી સ્વસ્થ થશે.'

મત્સ્યગંધા પણ તેના પ્રિયતમને મળવા ઉતાવળી હતી. ક્ષણનો વિલંબ પણ હવે તેને અસહ્ય લાગતો હતો.

'ચાલો, જલદી કરો. મહારાજા પાસે પહોંચી જઈએ પછી નિરાંતે વાતો કરીશું.' મત્સ્યગંધાએ દેવવ્રતનો હાથ પકડીને તેને ખેંચી જવા માંડયો. મત્સ્યગંધાને સાથે લઈ દેવવ્રત આવ્યો તેનું સૌને આશ્ચર્ય હતું. માછીમારની શરત વિષે જેઓ જાણતા હતા. તેઓ દેવવ્રતની સિદ્ધિ વિષે વિશેષ જાણવા માંગતા હતા.

'માછીમાર તેની શરતમાંથી પીછેહઠ કરે તેવો નથી જ.' મંત્રી મનોમન દેવવ્રતની સિદ્ધિ વિષે વિચારતા હતા. પોતે કેટલા પ્રયત્નો કર્યા છતાં માછીમાર તેની વાત છોડવા તૈયાર ન હતો. તેની દીકરી પણ મહારાજાની યાદમાં તરફડતી હતી. માછીમારને તેની પણ ચિંતા ન હતી. આવા દૃઢ નિશ્ચયવાળા માછીમારને પીગળાવવાનું કામ આસાન નથી, એટલે જ દેવવ્રતની સિદ્ધિ સૌને માટે મૂંઝવણ ભરી હતી.

દેવવ્રતે માછીમારની શરત સ્વીકારી લીધી હશે? પોતે જાતે થઈને પોતાના હક્કનો ત્યાગ કર્યો હશે? હવે માછી કન્યાનો દીકરો હસ્તિનાપુરની ગાદી પર આવશે? આવા કેટલાંય તરંગો

મંત્રીના મનમાં ઊઠતા હતા, ને તેનો જવાબ મેળવવા દેવવ્રતને મળવા ઉત્સુક હતા.

બિછાનાવશ શાન્તનુ જાણતો હતો કે માછીમારને સમજાવવામાં મંત્રી નિષ્ફળ ગયા પછી દેવવ્રત જાતે તેને સમજાવવા ગયો છે. શાન્તનુ પાસેથી વિદાય થતાં તેણે વિશ્વાસ દીધો હતો કે 'હું તમારા દર્દનો સફળતાપૂર્વક ઉપચાર કરીશ.' ને પછી બોલ્યો, 'માને હું જરૂર લઈ આવીશ.'

દેવવ્રતના આશાવાદથી શાન્તનુ ગંભીર બની રહ્યો. તેણે ઉત્સાહભર્યા દેવવ્રતને પ્રશ્ન કર્યો, 'માછીમારની શરત તું જાણે છે? એવી વાહિયત શરતનો હું સ્વીકાર કેમ કરું?'

'તમે તો ન જ કરો.'

'તો તું સ્વીકારીશ?' ચિંતાભર્યા સ્વરે શાન્તનુએ પૂછ્યું ને તરત જ બોલી ઊઠ્યો, 'ના, ના, કોઈપણ સંજોગોમાં તેની શરત સ્વીકારી શકાય તેમ નથી.'

'જાણું છું પિતાજી, આપ કોઈ પણ સંજોગોમાં તેની શરતનો સ્વીકાર કરો જ નહિ.'

'તો તું શા માટે જાય છે? મંત્રી નિષ્ફળ ગયા ત્યાં તું શી રીતે એ જિદ્દી માછીમારને જીતી શકવાનો હતો?'

'જીતવાનો પ્રશ્ન જ નથી, પિતાજી.'

'તો ત્યાં જવાની જરૂર પણ શી છે?' દેવવ્રત માછીમાર પાસે જવાની તૈયારી કરે છે એવી વાત મહારાજાને મંત્રીએ કહી ત્યારથી શાન્તનુ બેચેન હતો. તેના મનમાં ભય હતો. જુવાન દેવવ્રત કદાચ માછીમારની શરત આવેગમાં આવીને સ્વીકારી લેશે તો? તો હું એ વાત માનવાનો નથી ને વચનભંગનો દોષ કુરુવંશ પર લાગશે.

એટલે દેવવ્રતને શાન્તનુ માછીમાર પાસે નહિ જવા સમજાવતો હતો. પિતાની બેહાલતથી દ્રવી ઊઠેલો દેવવ્રત શાન્તનુની સલાહનો

સ્વીકાર કરવા તૈયાર ન હતો.

પણ જ્યારે દેવવ્રત મત્સ્યગંધાને લઈને આવી રહ્યો છે એવા સમાચાર શાન્તનુને મળ્યા ત્યારે તેનું મન તત્ક્ષણ તો પ્રફુલ્લિત થયું. તેની નજર સમક્ષ મત્સ્યગંધાની તસ્વીર ઉપસ્થિત થઈ. શાન્તનુ જાણે ઘણા લાંબા વખતે તે પોતાની પ્રિયતમાને જોતાં તેને હૈયે વળગાડવા ઉત્સુક બન્યો, પણ ત્યાં મત્સ્યગંધા ન હતી. તેની કલ્પનાતીત મૂર્તિ હતી, પણ તરત જ બીજી ક્ષણે તેનો જ આનંદ શોકમાં પલટાયો. દેવવ્રતે માછીમારની શરત સ્વીકારી જ હશે. માછીમાર તે સિવાય તેની દીકરીને મોકલવા કદી પણ તૈયાર થાય જ નહિ. ભારે હઠીલો ને જિદ્દી છે. તેને મારા વચનો પર જાણે વિશ્વાસ જ ન હતો.

શાન્તનુના ચહેરા પર ખિન્નતા પ્રસરી ગઈ. લાંબા વખત પછી મત્સ્યગંધાને આલિંગન દેવાની જે ક્ષણો ઊભી થઈ છે તેનો આનંદ-ઉત્સાહ પણ ઓસરી ગયા.

ખિન્નતાપૂર્વક શાન્તનુ બિછાનામાં પડ્યો. ચિંતાતુર નજરે બારણા પ્રતિ દૃષ્ટિપાત કરતો હતો. મનમાં ભાવ હતો. મત્સ્યગંધાને હૈયામાં સમાવી દેવા જ્યારે તેણે જાણ્યું કે દેવવ્રત મત્સ્યગંધાને પોતાના રથમાં લઈ ઝડપથી રાજમહેલ પ્રતિ આવી રહ્યો છે ત્યારે તેના રોમ રોમ આનંદથી પુલકિત બની રહ્યા. આ સમાચાર મળતાં તેની દિવસોની માંદગી પણ જાણે વિદાય લઈ રહી હતી.

બિછાનામાંથી બેઠા થઈ તેમણે મત્સ્યગંધાની પ્રતિક્ષા કરતાં ભવનમાં આંટા મારવા માંડ્યા ને અધિરાઈ વધી પડતાં બારીએ ઊભા રહી દેવવ્રતના રથના આગમનની રાહ જોતા હતા.

'પિતાજી, આપની ઇચ્છા પૂર્ણ થઈ. હું માને લઈ આવ્યો છું.' શાન્તનુના આવાસમાં પગ દેતાં દેવવ્રત કહી રહ્યો ને પોતાની સાથે જ કદમ દેતી મત્સ્યગંધાને આગળ ધરતાં કહ્યું, 'મા, પિતાજી આપની રાહ જુએ છે. તેઓ દિવસો થયા બિછાનાવશ છે, અશક્તિ પણ

ખૂબ છે એટલે હવે તમે જ તેમની સેવા-શુશ્રૂષા કરો.' ને બોલ્યો, 'મને વિશ્વાસ છે કે હવે પિતાજી ઝડપથી પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરશે.'

દેવવ્રતના શબ્દો સાંભળતાં બારી પાસે ઊભેલા શાન્તનુએ મોં ફેરવ્યું ને મત્સ્યગંધા નજરે પડતાં તેનો ઉમળકો, પ્રેમનો હિલોળો ઊછળી પડચો.

'આવો, દેવી સત્યવતી !' શાન્તનુએ મત્સ્યગંધાને આવકાર દેતાં નવું નામ દીધું ને પછી સ્પષ્ટતા કરતાં બોલ્યો, 'દેવી મત્સ્યગંધા તો તેના માછીમાર બાપ સાથે ભલે રહી, પણ તમે સત્યવતી સદા મારી પાસે રહેજો.'

પણ બીજી ક્ષણે મૂંગા મૂંગા પિતા-માતાના સુભગ મિલનનો આનંદ માણી રહેલાં દેવવ્રત પર નજર પડી ને જાણે ક્ષણ પહેલાં હૈયાના મનોપ્રદેશમાં ઉછાળા મારતાં આનંદનાં પૂર ઓસરી ગયાં હોય એમ ખિન્ન સ્વરે બોલ્યા, 'દેવવ્રત, તેં આ શું કર્યું ? માછીારની શરત મેં ધુત્કારી કાઢી હતી. મંત્રી પણ તેનાથી દૂર રહ્યા હતા. ા શરતો તેં હૈયે વળગાડી.' આંખ આંસુથી છલકાઈ પણ દેવવ્રતના ચહેરા પર પોતાનાં પગલાં વિષે કોઈ ઉદાસીનતા ન હતી. પિતાની સ્વસ્થતાનો આંખોમાં આનંદ હતો.

તેણે જ સહજ સરળતાથી જવાબ દીધો : 'પિતાજીનું આજનું રૂપ જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તેની આગળ માછીમારની શરતોની કોઈ જ ગણતરી નથી. તમે પુનઃ આનંદભર્યું જીવન પામો એ જ મારી ઝંખના હતી અને એ ઝંખના સિદ્ધ કરવા આડેના અંતરાયોને દૂર કરવા જે કાંઈ કરવું ઘટે તે કરવાની મારી ફરજ હતી.' ને મુસ્કાન કરતાં બોલ્યો, 'મારી ફરજ અદા કર્યાનો મને ઘણો જ આનંદ છે.'

દેવવ્રતના રોમેરોમ ખીલી ઊઠચા હતા. સત્યવતી પણ આભારની નજરે તેને જોઈ રહી હતી. 'સાચે જ દેવવ્રત તમે ઘણો ભોગ દીધો છે.' તેણે કહ્યું.

'મા, દીકરાને વાત્સલ્યભાવે એકવચનમાં સંબોધન કરે છે.' ને પછી ઉમેર્યું, 'તમે પણ મને એકવચન, તું કહીને સંબોધન કરો.' પોતે પણ જાણે હર્ષાન્વિત બન્યો હોય એમ બોલ્યો, 'વર્ષો પછી માનું વાત્સલ્ય મને પ્રાપ્ત થયું છે તેનો મને ખૂબ આનંદ છે.'

હૈયાના ભાવોને ઠાલવતાં બોલ્યો, 'મા, મા!' ને સત્યવતીના ચરણોમાં શિર ઝુકાવી દીધું. સત્યવતી પણ દેવવ્રતની પ્રતિજ્ઞાઓથી પ્રભાવિત તો થઈ જ હતી, પણ તેની ઊર્મિઓ અને પોતાના પ્રત્યેની લાગણી જોતાં તે ગદ્‌ગદ બની ગઈ. તેણે માતૃવાત્સલ્યભાવે દેવવ્રતનો હાથ પકડીને પોતાની પડખે ખેંચતા કહ્યાં રહી, 'દેવવ્રત, તું મારો દીકરો છે, બેટા!'

શાન્તનુ મા-દીકરાના વાત્સલ્ય-ભક્તિભાવભર્યાં દૃશ્યને ઉત્સુકતાથી જોઈ રહ્યો હતો. સત્યવતીના આગમનથી દેવવ્રત દુભાશે, કદાચ બન્ને વચ્ચે મૂંગા વિગ્રહ પણ જાગશે એવા ભયસ્થાનો આ દૃશ્યો પછી નાબૂદ થયાં હતાં.

દેવવ્રતને શાન્તનુએ પૂછ્યું, 'માછીમારે બીજી શી શરત મૂકી હતી?' ને બોલ્યો, 'ભારે ચુસ્તસુદ્દી લાગે છે. મારી સમક્ષ તો તેણે એક જ શરત મૂકી હતી.'

'હા, પણ પહેલી શરતના અનુસંધાનમાં તેણે બીજી શરત મૂકી.' દેવવ્રતે કહ્યું, 'તમારી હાલત જોતાં માને સત્વરે આપની સમક્ષ ઉપસ્થિત કરવાની જરૂર હતી.'

'એટલે બીજી શરતનો પણ તેં સ્વીકાર કર્યો?' અજાયબી વ્યક્ત કરતાં શાન્તનુ પૂછી રહ્યો.

'હા.' દેવવ્રતે કહ્યું, 'બીજી શું ત્રીજી શરત પણ તેણે મૂકી હોય તો તેનો પણ સ્વીકાર કરત. તમારી ખુશી, તમારો આનંદ ને તમારા સ્વાસ્થ્ય કરતાં વિશ્વની કોઈ પણ ચીજ મને વહાલી નથી.' બોલતાં બોલતાં ભાવવિભોર બનતાં દેવવ્રતની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. તેણે અશ્રુભીની આંખો સાફ કરતાં કહ્યું,

'તમારી આનંદભરી જિંદગી એ જ મારું સર્વસ્વ છે.'

'બીજી શરત શી હતી?'

'પહેલી શરત પ્રમાણે હસ્તિનાપુરની ગાદી પરથી હું મારો હક્કદાવો ઉઠાવી લઉં છું ને માના પેટે જે સંતાન અવતરે તેને જ હસ્તિનાપુરની ગાદી મળે એ શરતનો મેં સ્વીકાર કર્યો ને પ્રતિજ્ઞા પણ લીધી.'

'પછી બીજું શું જોઈએ?'

'પ્રથમની શરતના અનુસંધાનમાં બીજી શરત મૂકી. તેને ભય હતો કે દેવવ્રત ભલે ગાદીત્યાગ કરે પણ દેવવ્રતના સંતાનો તેના પિતાના હક્કને આગળ ધરીને ગાદી માટેનો હક્કદાવો આગળ ધરી, સંગ્રામ કરે તો તેના ભાણાને ગાદી છોડવી જ પડે ને?'

વચ્ચે જ શાન્તનુ પોતાની અજાયબી વ્યક્ત કરતાં બોલી ઊઠ્યો, 'વાહ! આ તે કોઈ વાત છે?' ને પૂછ્યું, 'પછી તેં શો જવાબ દીધો?'

'મારે માટે તો માને ઉતાવળે તમારી સમક્ષ ઉપસ્થિત કરવાનો જ પ્રશ્ન મહત્ત્વનો હતો. એટલે માછીમારને જેટલી શરત મૂકવી હોય તેટલી મૂકે. દેવવ્રતના માથાની પણ માંગણી કરે તો માથું દેવા પણ હું તૈયાર હતો. એટલે તેની બીજી શરતનો સ્વીકાર કરી તેને નિર્ભય બનાવવા માટે મારે પ્રતિજ્ઞા લેવી પડી કે હું લગ્ન કરીશ નહિ, એટલે દેવવ્રતના સંતાનો વિષેની તેની ભીતિ દૂર થઈ ને માને મોકલી દીધી.'

દેવવ્રતે લીધેલી પ્રતિજ્ઞાથી શાન્તનુ ખિન્ન તો થયો, પણ હવે પ્રતિજ્ઞાપાલન સિવાય બીજો વિકલ્પ જ ન હતો. એટલે મનના ગમને દૂર કરીને શાન્તનુએ દેવવ્રતને કહ્યું, 'તારી પ્રતિજ્ઞા ભીષ્મ જેવી છે. હું તને ભીષ્મ જ કહીશ. પછી વરદાન દીધું, 'તારી પોતાની દેહ-ત્યાગ કરવાની ઇચ્છા હશે ત્યારે જ તારું મરણ થશે, એ સિવાય તારું મૃત્યુ નહિ થાય.' ભીષ્મે જીવનભર બ્રહ્મચર્યનું પાલન કર્યું.

# ૭

હમણાં હમણાં સત્યવતીના ચહેરા પર ગહરી ઉદાસીનતા જોવા મળતી હતી જાણે કોઈ ચિંતામાં તે સળગતી હતી.

દેવવ્રત પૂછતો, 'મા, તમે હમણાં હમણાં ઉદાસીન કેમ રહો છો ? ચિત્રાંગદને ગાદી પર ગોઠવ્યો. 'મેં પ્રતીજ્ઞાનું પાલન કર્યું છે છતાં તમને કોઈ ઊણપ જણાતી હોય તો મને કહો. મારી ક્ષતિ હશે તો હું તરત જ સુધારી લઈશ.' પણ સત્યવતી કોઈ જવાબ દેતી ન હતી માત્ર એટલું જ કહેતી, 'દેવવ્રત, તારી પ્રતિજ્ઞાના પાલનમાં કોઈ જ ક્ષતિ નથી. તેં ચિત્રાંગદનો રાજ્યાભિષેક પણ ધામધૂમથી કર્યો ને મારું ચિત્ત પ્રસન્નતાથી ભર્યું ભર્યું બની રહ્યું.'

'છતાં તમારા ચહેરા પર ઉદાસીનતા કેમ છે? કોઈ પ્રશ્ન મૂંઝવે છે, મા ?'

'ના, બેટા ના. તારા વિષે કોઈ પ્રશ્ન હોય જ નહિ.' સત્યવતી બોલી.

તે દેવવ્રતની નિષ્ઠાને ઝીણવટથી જોતી હતી. તેનો દીકરો ચિત્રાંગદ હસ્તિનાપુરની ગાદી પર બેઠો પણ રાજનીતિ પ્રશ્નોની સમજ ને રાજ્યની પ્રજાને સંતોષવાની કોઈ સમજ તેનામાં ન હતી.. સત્યવતી પણ આ જાણતી હતી એટલે જ્યારે ચિત્રાંગદને રાજ્યાભિષેક કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે સત્યવતીની મૂંઝવણ અપાર હતી. શાન્તનુનું રાજ્ય બરાબર સચવાઈ રહે, પ્રજાને સંતોષ

થાય તેવો વહીવટ થવો જોઈએ. ચિત્રાંગદ બીન અનુભવી છે. તેને મંત્રીની સલાહ મુજબ વર્તવાનું રહે તો કોઈક વખત મુશ્કેલી પણ થાય. આ સંજોગોમાં વહીવટ દેવવ્રતે સંભાળવો જોઈએ. ચિત્રાંગદના રાજ્યની સર્વત્ર પ્રસંશા થવી જોઈએ એવો વહીવટ દેવવ્રત કરી શકે તેમ છે તેવો તેનો વિશ્વાસ હતો.

પણ દેવવ્રતને કહેવાય કેમ? ગાદીપરનો તેનો હક્ક તો છીનવાઈ ગયો ને ચિત્રાંગદ ગાદી પર બેઠો. હા, દેવવ્રતે જ તેને ગાદીપર બેસાડયો હતો પણ તેને યશ અપાવવાની જવાબદારી તો દેવવ્રતની નથી જ ને? પોતે કહે તો તે વહીવટની જવાબદારી લેવા ના પણ કહી શકે ને? ત્યારે પોતાને માઠું પણ લાગે ને?

એટલે દેવવ્રત સમક્ષ તેની ચિંતા વ્યક્ત કરી શકતી ન હતી. મનમાં જ તે અદીઠ સળગતી હતી પણ દેવવ્રત જાણતો હતો. તેને મન ચિત્રાંગદ કરતાં તેના પિતાના રાજ્યની વિશેષ ચિંતા હતી. ચિત્રાંગદ રાજા હોય કે દેવવ્રત હોય એથી કોઈ ફેર પડતો નથી, પણ પ્રજાને વહીવટથી સંતોષ હોવો જોઈએ તો જ શાન્તનુના રાજ્યની લોકો પ્રસંશા કરે. ઉપરાંત દેવવ્રત એ પણ જાણતો હતો કે, શાન્તનુની હાક જબરી હતી, એટલે જ કોઈ હસ્તિનાપુર સામે નજર કરવાની હિંમત પણ કરતું ન હતું. ચિત્રાંગદની કોઈ હાક ન હોય તો ગમે ત્યારે કોઈનું આક્રમણ પણ થઈ શકે. ચિત્રાંગદ પાસે કોઈ તાલીમ ન હતી. એ સંજોગોમાં હસ્તિનાપુરની હસ્તી પણ ભયમાં આવી પડે.

'ના, ના, એમ કાંઈ પિતાના રાજ્ય પરનું આક્રમણ કેમ બરદાસ થાય? ચિત્રાંગદનો પરાજય એ કાંઈ મહત્ત્વની ઘટના નથી, પણ મહારાજા શાન્તનુના હસ્તિનાપુરનો પરાજય એ મહત્ત્વની ઘટના છે. એવી ઘટના પેદા થવી ન જોઈએ.'

દેવવ્રતના મનમાં તરંગો ઊઠતા હતા, 'પિતાની પ્રબળ વાસનાવૃત્તિએ કેવી વિષમ સ્થિતિ સર્જી છે? પોતે પણ એ માટે ઓછો

જવાબદાર છે ?' પિતાની વાસનાવૃત્તિને સંતોષવા ગાદી પરનો પોતાના હક્કનો ત્યાગ કરવાની પ્રતીજ્ઞા લઈને મહારાજાને ભલે સંતોષ દીધો, પણ હસ્તિનાપુરની પ્રજાને તો દગો જ દીધો છે ને ?'

'પણ હવે શું ? ભૂતકાળની ક્ષતિઓને યાદ કરવાથી વર્તમાન સુધરી શકતું નથી. હવે વર્તમાનનો જ વિચાર થવો જોઈએ.'

દેવવ્રતે નિશ્ચય કર્યો, પોતે ગાદીપતિ નથી, ને વહીવટીધુરા ઉપાડવાની પોતાને કોઈ વાત પણ કરી નથી, છતાં પોતે જાતે થઈને વહીવટી જવાબદારી ઉપાડવા તૈયાર થયો. તેણે જ ચિત્રાંગદને કહ્યું, 'રાજન્ ! તમે નવા છો. રાજ્યના પ્રશ્નોથી પણ તમે ઘણાં ભાગે અજ્ઞાત પણ છો, એટલે આપણા પિતાનું રાજ્ય સલામત રહે, પ્રજા સંતોષપૂર્વક શાંતિથી રહે, ને કોઈ આક્રમણખોર તેની દુષ્ટ નજર હસ્તિનાપુર પર નાખી શકે નહિ તે માટે વહીવટની જવાબદારી હું સંભાળું તો ?'

ચિત્રાંગદ દેવવ્રતની તત્પરતાથી પ્રસન્ન થયો. તેણે દેવવ્રતની માંગણીનો સ્વીકાર કરતાં કહ્યું, 'મોટાભાઈની સહાયતા ને પીઠબળ મને જરૂરી છે. તમારી સલાહ પણ અનિવાર્ય છે. હું જાતે જ તમને પ્રાર્થના કરવાનો હતો, પણ તમે જાતે થઈને જવાબદારી સંભાળવાની તત્પરતા બતાવી એથી મારો મનોબોજ હળવો થયો.'

જ્યારે સત્યવતીએ આ વાત જાણી ત્યારે તેના હૈયાનો ઉમળકો વધી પડ્યો. તેણે દેવવ્રતને બોલાવીને ગદ્ગદ કંઠે કહ્યું, 'દેવવ્રત ! તારા જેવો પુત્ર મેળવીને હું ધન્ય બની છું. તેં મારો ઘણો જ ભાર હળવો કર્યો છે.'

દેવવ્રત પૂછી રહ્યો, 'મા, શી હકીકત છે ?'

'વાહ, તું જાણતો નથી ?' અજાયબી વ્યક્ત કરતાં સત્યવતી પૂછી રહી, 'ચિત્રાંગદના વહીવટને યશસ્વી બનાવવાની તારી ચિંતા ને તત્પરતાથી હું પ્રસન્ન થઈ. મારી પણ એ જ ચિંતા

હતી, ને તેં બોજ ઉઠાવી દૂર કરી.'

'મા, મેં મારી ફરજ માત્ર બજાવી છે, વિશેષ કાંઈ જ કર્યું નથી.' દેવવ્રતે જવાબ દીધો.

હસ્તિનાપુરના મહારાજા ભલે ચિત્રાંગદ હોય, પણ વહીવટ દેવવ્રતનો હતો, એટલે લોકો તો દેવવ્રતને જ રાજા માનતા હતા. ચિત્રાંગદનું રાજ્ય વ્યવસ્થિતપણે ચાલતું હતું. કોઈ જ પ્રશ્નો ઊઠતા ન હતા. દેવવ્રત બધો સમય વહીવટ પાછળ દેતો હતો.

હવે સત્યવતીના હૈયામાં બીજી ચિંતા હતી. પોતાના બંને દીકરા વયસ્ક થયા હતા, પણ તેમને દીકરી દેવા કોઈ દોડતું તેની પાસે આવતું ન હતું. ત્યારે આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લેનાર દેવવ્રત માટે માગણીઓ આવતી હતી. દેવવ્રત તેની પ્રતિજ્ઞામાં મક્કમ હતો. લગ્ન માટેની તમામ ઓફરોનો તે દૃઢતાપૂર્વક અસ્વીકાર કરતો.

'કૃપા કરી મને મારી પ્રતિજ્ઞામાંથી ચલિત કરવાનો કોઈ જ પ્રયત્ન કરતા ના!' દેવવ્રત સૌને જવાબ દેતો. તો સત્યવતીની ચિંતા પણ એ જ હતી. સૌ જાણે છે કે દેવવ્રતે આજીવન બ્રહ્મચર્ય રહેવાની પ્રતીજ્ઞા લીધી છે. તેને તેની પ્રતિજ્ઞામાંથી ચલિત કરવાની કોઈની તાકાત નથી, છતાં તેને માટે રાજવીઓ દોડે છે પણ તેમના પોતાના બંને પુત્રો માટે કોઈ પૂછવા પણ આવતું નથી.

તે પોતાની જાતને જ પૂછતી, 'તારા પુત્રો ક્ષત્રિય છે! ભલે તારો પુત્ર રાજા હોય, પણ તે માછણનો દીકરો છે ને? તેને કયો ક્ષત્રિય પોતાની દીકરી દેવા તૈયાર થાય?'

'અહા, અહા કેટલા રાજાઓ દેવવ્રતને પોતાની દીકરી દેવા દોડી આવ્યા? કેવા મહાપ્રતાપી રાજાઓ હતા? દેવવ્રતને તેઓ કેટલું સમજાવતા હતા? પ્રતિજ્ઞાનું મહત્ત્વ પણ કેટલું ઓછું આંકતા હતા.'

'હવે શું બાકી છે?' દેવવ્રતને સમજાવવા એક રાજવી

પૂછતો હતો. તેની દલીલ હતી, 'તમે ગાદીપરનો તમારો હક્ક છોડી દીધો પછી તમારા વારસો એ હક્ક માટે દાવો કરી જ ન શકે એટલે જ માછીમારનો ભય અસ્થાને હતો. તમે પિતૃભક્તિમાં તરબતર હતા એટલે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી, પણ એ ઉતાવળો નિર્ણય હતો. તેને વળગી રહી જિંદગીને વેરાન બનાવવાની જરૂર નથી. તમે લગ્ન કરી જીવનનો સુખાનંદ માણો.'

દેવવ્રત જાણે કોઈ પોતાની સમક્ષ અકારણ બકવાસ કરી રહ્યું છે એવા ભાવ સાથે ગંભીરતાથી બેઠો હતો. કોઈ ભાવને વ્યક્ત કરવા માંગતો જ ન હતો.

દેવવ્રતના મૌનથી બકવાસ કરનાર પણ મૂંઝાતો હતો. પોતે દેવવ્રતના હિતની કેટલી વાતો કરી પણ દેવવ્રતે તેનો કોઈ પ્રતિભાવ દીધો જ નહિ એટલે તેનો ઉત્સાહ પણ ઠંડો પડતો હતો.

'કેમ કાંઈ બોલતા નથી?' તેણે પ્રશ્ન કર્યો, 'શું બોલું? તમારો બકવાસ સાંભળું છું.' દેવવ્રતે જવાબ દીધો.

'બકવાસ છે આ? તમારા હિતની વાતને તમે બકવાસ કહો છો?' થોડી ઉત્તેજનાથી બકવાસ કરનાર પૂછી રહ્યો, 'હું તમને તમારી ભૂલ સમજાવતો હતો. ભૂલ સુધારવાની તક દેવા માંગતો હતો.'

'મારી ભૂલ નથી રાજન્!' દેવવ્રતે જવાબ દીધો, 'મેં સત્યવતીના પિતા સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે. એ પ્રતિજ્ઞા મેં સમજપૂર્વક લીધી છે. તેનો અમલ પણ કરી રહ્યો છું.'

'જાણું છું ભીષ્મ!' બકવાસ કરનાર રાજને દેવવ્રતને ભીષ્મનું સંબોધન કર્યું ને કહ્યું, 'તમે ગાદીત્યાગની પ્રતિજ્ઞાનું પાલન કરીને તમે ઘણો ભોગ દીધો, પણ લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞાનું પાલન કરવાની કોઈ જરૂર નથી. તમારા પોતાના સુખચેનને આમ છીનવો પણ લેવાય નહિ. માછીમારે એ સમજવું જોઈતું હતું, પણ તે ન સમજ્યો. પિતાના સ્વાસ્થ્ય માટે મત્સ્યગંધાને લઈ જવાની જરૂર હોવાથી તમે તત્કાલ એક જ ઉપાય અજમાવ્યો,

પણ હવે એના બંધનની કોઈ જ જરૂર નથી.' ને સલાહ દીધી, 'જરૂર હોય તો સત્યવતીને પણ પૂછી જુઓ.'

'મારે કાંઈ પૂછવું નથી. મેં જો ભૂલ કરી હોય તો એ ભૂલ પણ મને કબૂલ મંજૂર છે.' દેવવ્રતે છેલ્લો જવાબ દીધો ને ઊભો થતાં બોલ્યો, 'આપ જઈ શકો છો.'

સત્યવતીની દૃષ્ટિ સમક્ષ દેવવ્રતની અડગતાનાં દૃશ્યો રમતાં હતાં. દેવવ્રત તેની પ્રતિજ્ઞાના પાલનમાં મક્કમ છે. તેની મક્કમતા સત્યવતીને માટે ઘણા મોટા આશ્વાસનસમ હતી, પણ તેની ચિંતા પોતાના વયસ્ક દીકરાઓને માટે કોઈ જ માગું આવતું ન હતું તેને અંગેની હતી.

એક વખત દેવવ્રતની પડખે જ બે ભાઈઓ બેઠા હતા. દેવવ્રત પોતાની પ્રતિજ્ઞાને મક્કમતાથી દોહરાવતો હતો, પણ પેલાની નજર બે ભાઈઓમાંથી કોઈની ઉપર પડતી જ ન હતી.

દેવવ્રતે કહ્યું પણ ખરું, 'આ બંને મારા ભાઈઓ છે.' પણ પેલો તો દેવવ્રતને જ ગળે પડતો હતો. આખરે દેવવ્રતના જવાબ પછી તે નિરાશ થઈ પાછો ફર્યો, પણ ચિત્રાંગદ કે વિચિત્રવીર્ય સામે નજર પણ નાખી નહિ. દેવવ્રતના શબ્દોને તેણે કોઈ વજુદ પણ દીધું નહિ.

સત્યવતી નિસાસા નાખતી હતી. માછી કન્યાના સંતાનોને ક્ષત્રિય કુળમાંથી કન્યા મળવાની કોઈ શકયતા પણ તેને જણાતી ન હતી. ભલે તે હસ્તિનાપુરની ગાદી પર આવ્યો, પણ દીકરો તો માછણનો જ ને? આવા શબ્દો પણ તેના કાને પડચા હતા, એટલે પોતાના દીકરાઓ વગર પ્રતિજ્ઞાએ પણ જીવનભર બ્રહ્મચારી જ રહેશે એવી કલ્પનાથી તે ધ્રૂજતી હતી.

'ગાદીને શું કરવાની? જો ગાદીપતિને કોઈ દીકરી દેવા તૈયાર ન હોય તો?' હૈયાના ઊંડાણમાંથી નિસાસો નાખતા સત્યવતી બબડતી હતી.

દેવવ્રત પણ સત્યવતીની ઉદાસીનતાથી વ્યગ્ર હતો. તે પોતાની જાતને તપાસતો હતો. સત્યવતીના દિલને દુઃખ થાય તેવું કોઈ કદમ પોતે તો ઉઠાવ્યું નથી ને? તેને ખાતરી હતી કે પોતે એવું કોઈ જ કદમ ઉઠાવ્યું નથી કે જેથી સત્યવતીના દિલને દુઃખ થાય. 'ત્યારે સત્યવતી કયા દુઃખના ભારથી હતાશા અનુભવે છે?' તે પોતાની જાતને પૂછતો હતો, પણ કોઈ જવાબ મળતો ન હતો.

આખરે તેણે જ સત્યવતીને પૂછ્યું: 'મા, તમારા ચહેરા પર હમણાં હમણાં ગહરી ઉદાસીનતા કેમ જોવા મળે છે? કોઈ કારણ છે?' પ્રશ્ન કર્યો, 'મારો કોઈ અપરાધ તો નથી ને? મેં કોઈ ભૂલ તો કરી નથી ને? એની કોઈ ચિંતાથી તમે પિડાતા નથી ને?'

દેવવ્રતના પ્રશ્નો સાંભળતાં સત્યવતી ધ્રૂજી ઊઠી. તેણે પ્રયત્નપૂર્વક ચહેરા પર સ્મિત રેલાવતાં કહ્યું, 'નહિ રે, દીકરા! તારી કોઈ ભૂલ નથી થઈ. તારો કોઈ અપરાધ પણ નથી.'

'તો તમે આમ ઉદાસીન કેમ છો?'

'ઉદાસીન મારા પોતાના કારણે બની રહી છું, ભીષ્મ!' હતાશાભર્યા શબ્દોમાં ઉદાસીનતું કારણ જણાવતાં કહ્યું, 'જ્યારે મહારાજાના પ્રેમના અમૃતનું પાન કરીને હું ઉલ્લાસ માણતી હતી ત્યારે ભાવિની કોઈ કલ્પના જ ન હતી. આજે એ ભાવિની વિમાસણમાં અટવાઈ રહી છું.' ને ગમગીન સ્વરે બોલી, 'મને કોઈ માર્ગ પણ જડતો નથી. શું કરું તે પણ સૂઝતું નથી. ક્ષણભર માટે મહારાજા સાથે લગ્ન કર્યાં તે જાણે મારી ભૂલ હોય એમ મને લાગે છે.'

સત્યવતીની આંખો ભીની બની રહી.

દેવવ્રત સત્યવતીની મનોવેદનાથી દ્રવી ઊઠ્યો. તેણે પ્રશ્ન કર્યો, 'મા, મને તો જણાવો, પિતાજી સાથેના લગ્ન માટે હવે તમને પસ્તાવો કેમ થાય છે?'

'શું જણાવું ભીષ્મ?'

'જણાવો, શક્ય હશે તો તમારો ભીષ્મ તમારી મનોવેદના દૂર કરવા પ્રયત્ન કરશે.'

'પણ તારો પ્રયત્ન સફળ નહિ થાય.' વ્યથાપૂર્ણ સ્વરે સત્યવતીએ કહ્યું ને ઉમેર્યું, 'મારી ભૂલનું પરિણામ આજે મારા દીકરાઓને ભોગવવું પડે છે!'

'ના. મા, ના!' સત્યવતીની ભારોભાર વ્યથાને શાંત કરવા પ્રયત્ન કરતાં ભીષ્મ બોલ્યો, 'તમે મને ભીષ્મ કહો છો ને મા? તો તમારા ભીષ્મ પર પણ તમને વિશ્વાસ નથી? તો મારા ભાઈઓ શું ભોગવી રહ્યા છે કહો તો ખરા?'

'શું કહું ભીષ્મ?' મનોવ્યથાની વેદનાને શાંત કરવાનો પ્રયત્ન કરતી સત્યવતી બોલી, 'ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય બન્ને પુખ્ત વયના છે. ચિત્રાંગદ ગાદી પર બેઠો છે, છતાં તેમનું જાણે કોઈ સ્થાન ન હોય, કોઈ મહત્ત્વ ન હોય એવો જ વ્યવહાર હું જોઈ રહી છું. તેની વ્યથાથી સતત પિડાઉં છું.' ને પૂછ્યું, 'ભીષ્મ, તેમાં તમે શું કરી શકે? જેવા તેમના નસીબ!'

'મા, આવું ન બોલો!' દેવવ્રત પણ સત્યવતીની વેદનાભરી વાણીથી દ્રવી ઊઠ્યો હતો. તેણે કહ્યું, 'ભાઈઓના નસીબમાં ઊણપ શી છે એ તો કહો?'

'તમે શું કરી શકશો? તમારા પ્રયત્નો પણ ક્યાં સફળ થયા હતા?' સત્યવતી હવે હળવે હળવે દેવવ્રત સમક્ષ દિલના દ્વાર ઉઘાડી પોતાની મનોવ્યથાને વાચા આપવાનો પ્રયત્ન કરતી હતી ને પૂછ્યું, 'પેલો રાજન્ તમારી સમક્ષ તેની દીકરી માટે માગું કરવા આવ્યો હતો ને તમે નિશ્ચયપૂર્વક ના ભણતાં પડખે બેઠેલા બે ભાઈઓ વિષે નિર્દેશ કર્યો હતો, પણ પેલો રાજન્, તમારો જવાબ સાંભળ્યા પછી ઊભો થયો પણ તમારા ભાઈઓ પ્રતિ દૃષ્ટિપાત ફેંકી નહિ.' ને દિલનો બળાપો ઠાલવી રહી, 'જાણે તેમને જોયા જ ન હોય એમ ચૂપચાપ વિદાય થયો.'

'જેવી તેની ઇચ્છા, મા ! આપણે શું ?' દેવવ્રતે આખીય ઘટનાને હળવાશભરી વાણીમાં કહ્યું.

'ના, આપણે જ ઘણું છે.' ઉગ્રતાથી સત્યવતી બોલી ને પૂછ્યું, 'તમારા બંને ભાઈઓની આવી ઘોર અવગણના બરદાસ કેમ થાય ?' સત્યવતી જાણે દેવવ્રતનો જવાબ માંગતી હોય એમ બોલી.

'તો વિદાય થતાં રાજન્‌નું કાંડું પકડીને કહેવું જોઈતું હતું કે, આ મારા ભાઈઓ પ્રતિ નજર નાખ્યા વિના ક્યાં જાવ છો ? એમ કહો છો મા ?' દેવવ્રતે જવાબ દીધો. એના શબ્દોમાં સત્યવતીના પ્રશ્ને જગાવેલા દુઃખનો ભાવ પણ હતો.

સત્યવતીને તરત જ પોતાની ભૂલ સમજાઈ. તેણે સિફતપૂર્વક ભૂલ સુધારવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'ના, ભીષ્મ ના, તમે શા માટે તેનું કાંડું પકડો, પણ તમે જ્યારે નન્નો ભણતા હતા ને તમારા બે ભાઈઓ વિષે તેને જણાવ્યું ત્યારે તેણે ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય વિષે તપાસ તો કરવી જોઈએ ને ? આખરે તેઓ પણ ભીષ્મના બાંધવો તો છે ને ? શાન્તનુના જ બાળકો છે ને ?'

'ખરું, પણ તેની મૂર્ખતા વિષે આપણે શા માટે બળાપો કાઢવો જોઈએ, મા ?' દેવવ્રતે આશ્વાસન દેતાં કહ્યું, 'જેવી તેની બુદ્ધિ ! આપણે શું કરવાના હતા ?' ને પછી ઉમેર્યું, 'તેને સાત વાર ગરજ હોય તો આવે નહિ તો જાય તેને ઘેર. આપણે શું ?'

'ના, ભીષ્મ ના. તેને ગરજ ખરી પણ સાથે આપણેય ગરજ તો છે જ ને ?' સત્યવતી કહી રહી ને ઉમેર્યું, 'ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય હવે જુવાન થયા છે. તેમના લગ્નનો પ્રશ્ન પણ આપણા માટે આવશ્યક તો છે જ ને ?'

હવે માની મનોવ્યથાનો તાળો ભીષ્મ પામી રહ્યો. સત્યવતીની ચિંતા ઉદાસીનતાનું કારણ પણ તેને હવે બરાબર સમજાયું. તેને માટે માંગણી કરતાં નિરાશાથી પાછા ફરતાં પણ ચિત્રાંગદ કે વિચિત્રવીર્યને કોઈ પૂછતું પણ ન હતું. એ હકીકત પણ હવે તેને

બરાબર સમજાઈ.

'મા, આટલી વાતમાં તમે દુઃખી શા માટે થાવ છો?' દેવવ્રત બોલ્યો.

'તો શું કરું ભીષ્મ?'

'ભીષ્મ બેઠો છે ત્યાં સુધી તમારે કોઈ પણ પ્રશ્ન પરત્વે ચિંતા કરવાની જરૂર નથી, મા!'

'પણ આ વાત તમને શી રીતે કહેવાય?'

'કેમ ન કહેવાય? મારા બંને ભાઈઓના લગ્ન થાય તેને વિષે મારે પણ વિચારવું તો જોઈએ જ ને? હું તેમનો મોટો-ભાઈ નથી?'

'મોટાભાઈ તો ખરા જ ને? પણ કાંઈ કોઈના બારણે તમારા ભાઈઓ માટે કન્યાની ભિક્ષા માંગવા જવાના હતા?'

'ભિક્ષા શા માટે માંગવી પડે, મા?'.

'તો તમારા માટે આવનારા, તમારો નન્નો સાંભળીને પાછા ફરે છે. તમારા બે ભાઈઓ છે તે તેઓ જાણતાં તો હશે જ ને? જો કુરુવંશમાં તેમની દીકરી દેવી હોય તો તમારા ભાઈને માટે માંગણી ન કરે?' સત્યવતીના શબ્દોમાં પોતાના દીકરાઓની થઈ રહેલી અવગણના માટે ભારે દુઃખ હતું. તેણે દિલની વેદના ઠાલ-વતાં કહ્યું, 'તમે ગંગામાના દીકરા ને આ બે ભાઈઓ માછણના પેટે જન્મ્યા છે એટલે તેમના પ્રતિ નજર નાખતા લોકો અચકાય છે ને!'

'ના, મા, ના. આવા હલકા વિચારો શા માટે કરો છો? હું શાન્તનુનો દીકરો છું તો ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય શાન્તનુના દીકરા નથી? પછી ભેદભાવ કેમ હોઈ શકે?'

'તમે કહો છો ને? બીજા તો એમ જ માને છે ને? માટે અહીં આવ્યા પછી બે ભાઈઓ પ્રતિ નજર નાખ્યા વિના જ લોકો પાછા ફરે છે ને?'

'તો હવે ?'

'હવે શું ? જેવા એમના નસીબ !' સત્યવતી દુઃખના બોજ નીચે દટાઈ ગઈ હોય એમ બોલી રહી, 'કોઈ માછી કન્યાની જરૂરત હોત તો તરત જ વ્યવસ્થા કરું પણ કુરુવંશનું એવું ઘોર અપમાન મારાથી કેમ થાય ?' સત્યવતી સાડીના પાલવડે ભીની આંખો સાફ કરતાં કહી રહી, 'કુરુવંશની વેલ પાંગરશે જ નહિ તેની પણ ચિંતા તો થાય જ ને ?'

કુરુવંશની વેલ અટકી પડવાની સત્યવતીએ વ્યક્ત કરેલી ભીતિ દેવવ્રતના દિલને પણ સ્પર્શી ગઈ હતી.

'તમે તો લગ્ન કરવાના નહિ ને તમારા બે ભાઈઓને કોઈ દીકરી દેવા તૈયાર નથી પછી કુરુવંશનું શું ?' વિચાર ચક્રાવે ઘૂમતાં દેવવ્રતના મનોપ્રદેશમાં સત્યવતીએ પ્રશ્ન મૂકયો.

દેવવ્રત ગંભીર વિચારણામાં ગરક હતો.

હજી પણ સત્યવતી તેને સંભળાવતી, 'તમે પણ જવાબદાર તો ખરા જ ને ? હું તો જવાબદાર છું જ. મહારાજા સાથે મારે લગ્ન કરવા જોઈતા ન હતા, પણ ત્યારે પ્રેમમાં અમે બન્ને ભાવિ વિષે કાંઈ વિચારી શકતા ન હતા. પ્રેમમાં પાગલ બનેલાઓ ભાવિની કોઈ જ ચિંતા કરતા નથી. પણ તમે ? તમે શા માટે મારા બાપની માંગણીનો સ્વીકાર કર્યો ? તમે જો મહારાજાની જેમ મારા બાપની માંગણીનો સ્વીકાર ન કર્યો હોત તો આજની સ્થિતિ પેદા થઈ ન હોત.'

'તો મારા પિતા પ્રાણત્યાગ કરત !' દેવવ્રતે જવાબ દીધો ને ઉમેર્યું, 'પિતા પ્રાણત્યાગ કરે તેના કરતાં દેવવ્રત તમારા બાપની માંગણીનો સ્વીકાર કરે એ વધુ આવશ્યક હતું ને જે આવશ્યક હતું તેનો મેં અમલ કર્યો.'

'એટલે તમે પિતૃભક્તિ અમલમાં મૂકી મહારાજાને મનગમતી યૌવના મળી, માત્ર મને જ ચિંતા મળી એમ જ ને' સત્યવતીનાં

માનસિક પીડા અસહ્ય હતી.

'પણ તમે ચિંતા શા માટે કરો છો કહો તો ખરા મા?' દેવવ્રત ગમભર્યા સ્વરે પૂછતો હતો, 'તમારી ચિંતા દૂર કરવા હું તૈયાર છું. ગમે તે જોખમ હશે તેની પરવા નથી.'

'ચિંતા તો આ બે ભાઈઓની છે. બંને મોટા થયા છે. તારા માટે કન્યાના પિતાઓ દોડતા આવે છે પણ મારા દીકરાના કોઈ ભાવ પણ પૂછતા નથી.' આખરે સત્યવતીએ સ્પષ્ટતા કરતાં પૂછ્યું, 'તમે શું કહો? જ્યાં કન્યાનો બાપ જ નજર માંડતો ન હોય ત્યાં? તમે તો બે ભાઈઓ વિષે ઇશારો પણ કર્યો હતો.' બોલતાં બોલતાં સત્યવતી દ્રવી ઊઠી. તેની આંખ ભીની થઈ. માની મનોવેદના જાણતાં દેવવ્રત પણ ગમગીન બન્યો. તેને પણ માની ચિંતા સકારણ લાગતી હતી, પણ માની કલ્પના તેને ગમતી ન હતી. મા ભલે માછીમારની દીકરી હોય પણ તે મહારાજા શાન્તનુની પત્ની જ છે. તેનું મહત્ત્વ એ રીતે જ સમાજમાં હોવું જોઈએ. દેવવ્રત વિચારતો હતો ને તેણે મનોમન સત્યવતીની ચિંતા દૂર કરવાનો નિર્ણય કર્યો.

'મા, તમે હવે સંપૂર્ણપણે ચિંતામુક્ત થાવ. હવે મારા બે ભાઈઓના લગ્નની જવાબદારી મારા માથે.' તેણે જ સત્યવતીને વિશ્વાસ દેતાં કહ્યું.

'તમે શું કરશો? દીકરીઓના બાપને ત્યાં ટહેલ નાખશો?' સત્યવતી પૂછી રહી ને ગંભીરતાપૂર્વક બોલી, 'ના, હસ્તિનાપુરનો રાજવી સામા પગલે કોઈને ત્યાં એની દીકરીનું માગું કરવા જાય એ બરાબર નથી.'

'માગું કરવા શા માટે જાઉં?' દેવવ્રતે પૂછ્યું,

'તો શું કરશો?' સત્યવતી જાણવા માગતી હતી. તેને અત્યાર સુધીના અનુભવે એટલું તો સમજાઈ ગયું હતું કે કોઈ રાજવી ચિત્રાંગદ કે વિચિત્ર વીર્યને તેની દીકરી દેવા તૈયાર નહિ

જ થાય. ને અફસોસ કરતાં બોલી, 'આખરે તેમની મા માછીમારની દીકરી છે ને?'

સત્યવતીના મનની નિરાશા દૂર કરવા દેવવ્રતે જુસ્સાપૂર્વક જવાબ દીધો : 'મા, દેવવ્રતના કાંડા-બાવડામાં તાકાત છે. હસ્તિનાપુરની પ્રતિષ્ઠા પણ છે, એટલે આ દેવવ્રત તેના કાંડા-બાવડાની તાકાતથી તેના બે ભાઈઓ માટે યૌવનાઓ મેળવી લેશે. તમે વિશ્વાસ રાખો, મા!'

'વિશ્વાસ તો છે, ભીષ્મ.'

'તો હવે નિરાંતે આરામ કરો!'

'ખરું', પણ જરા મને કહેતો ખરો કે તું શું વિચારે છે?'

દેવવ્રતે સત્યવતીને વિશ્વાસ દેવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'જુઓ મા વર્ષો પહેલાં કાશીરાજ તેની દીકરી દેવવ્રતને દેવા પિતા પાસે આવ્યો હતો, પણ ત્યારે કાશીરાજે હસ્તિનાપુરની તુલનામાં ઊભો રહે તેમ ન હતું. પિતાજી તેમના સમોવડિયાની શોધમાં હતા એટલે કાશીરાજને તેમણે ના ભણી—'

વચ્ચે જ સત્યવતી બોલી ઊઠી, 'તો હવે? હવે શું?'

દેવવ્રતે જવાબ દીધો, 'હમણાં કાશીરાજે તેની ત્રણ દીકરીઓનો સ્વયંવર રચ્યો છે. તે માટેનું કોઈ આમંત્રણ કાશીરાજે હસ્તિનાપુરને દીધું નથી.' બોલતાં બોલતાં દેવવ્રત ઉશ્કેરાટમાં આવી ગયો ને જુસ્સાભરી વાણીમાં હાથ વીંઝતા બોલ્યો : 'હસ્તિનાપુરના આ અપમાનનો બદલો લેવા હું ક્યારનો વિચારતો હતો.' પછી વિસ્તૃતપણે પોતાની યોજના સમજાવતાં બોલ્યો, 'આમ તો કાશીરાજના અપમાનનો બદલો લેવા તેના પર હુમલો કરવા વિચારતો હતો. ચિત્રાંગદ સાથે વાત કરવા માંગતો હતો, પણ હવે હુમલાનો ખ્યાલ પડતો મૂકું છું.'

'એટલે તમે બદલો લેવાની વાત મૂકી દીધી?'

'ના મા, ના! હસ્તિનાપુરનું અપમાન હું કદી પણ બરદાસ

કરી શકું તેમ નથી, પણ હવે લશ્કરી તાકાતથી બદલો લેવાની જરૂર જણાતી નથી.'

'તો શું કરશો?'

'કાશીરાજે યોજેલા તેની દીકરીઓનાં સ્વયંવરમાં હું જાતે જઈશ.'

'વગર નિમંત્રણે?'

'હા, પણ મારું પરાક્રમ શોભી ઊઠશે, મા!'

'શું કહો છો, કાંઈ સમજાતું નથી.'

'જુઓ મા, સ્વયંવરમાં તેની ત્રણે રાજકુમારીઓ ઉપસ્થિત હશે, ને લગ્નોત્સુક રાજકુમારો પણ હશે. બરાબર એ જ વખતે હું ત્રણે રાજકુમારીઓનું અપહરણ કરીશ. મારા સાથીઓ સ્વયંવરમાંથી ત્રણે રાજકુમારીઓને ઉઠાવી જશે, ને હું સૌનો મુકાબલો કરતો ઊભો રહીશ. ત્રણે રાજકુમારી સલામત રીતે હસ્તિનાપુર પહોંચી જશે પછી હું પાછો ફરીશ.'

દેવવ્રતની યોજના વિષે સાંભળતા સત્યવતી તો ક્ષણભર આશ્ચર્યમાં ડૂબી ગઈ. તેની આંખો પહોળી થઈ ગઈ. દેવવ્રતની પ્રચંડશક્તિની મનોમન પ્રસંશા પણ કરી રહી.

'ધન્ય, ગંગાપુત્ર ધન્ય.' એકદમ ઊભી થઈ દેવવ્રતનો હાથ પકડી તેને ચૂમી લેતાં સત્યવતી બોલી, 'ચિત્રાંગદ અને વિચિત્રવીર્યને તમારા જેવો ભાઈ મળ્યો એ તેમનું કેટલું સદ્ભાગ્ય?' ને હર્ષઘેલી બની રહી.

'હવે વિશ્વાસ બેઠો મા?' સત્યવતીના ચહેરા પરની હંમેશની ગહરી ઉદાસીનતા અદૃશ્ય થઈ. એ જોઈ દેવવ્રતે પણ સંતોષપૂર્વક પ્રશ્ન કર્યો.

'હા, ભીષ્મ. તારા વિશ્વાસે તો ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય ઊભા છે. ગાદી પર ભલે મારો ચિત્રાંગદ હોય પણ રાજ્યની ધૂરા તો તમારે હાથ છે ને ભાઈ? પછી મને વિશ્વાસ કેમ ન હોય.' પણ

સાથે જ ચિંતાભર્યો પ્રશ્ન કર્યો.

'તમને કાંઈ થાય નહિ તે જોજો.'

'મા, મને કાંઈ થવાનું નથી તેની ખાતરી રાખજો.' દેવવ્રતે સત્યવતીની ચિંતા દૂર કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું. 'સ્વયંવરમાં ઉપસ્થિત રાજકુમારો યુદ્ધની તૈયારી સાથે તો નહિ જ આવ્યા હોય ને? રાજકુમારી પોતાને પસંદ કરે તેવી ઉમેદથી આવ્યા હશે, ઠાઠમાઠથી બેઠા હશે, ત્યારે દેવવ્રતના પરાક્રમ સામે તેઓ કઈ રીતે ઊભવાના હતા? એમની પાસે શસ્ત્રો પણ કેટલાં હશે? કાશીરાજ પણ શું કરવાનો હતો? તેની લશ્કરી તાકાત જમા થાય તે પડકારે તે પહેલાં તો તેની રાજકુમારીઓ હસ્તિનાપુર પહોંચી પણ ગઈ હશે.'

દેવવ્રત જેમ જેમ જુસ્સાભર્યાં વાણીમાં પોતાની યોજના સત્યવતી સમક્ષ પેશ કરતો હતો, તેમ તેમ સત્યવતીના હૈયામાંનો હરખ છલકાતો હતો. એના રોમેરોમ ઉત્તેજના અનુભવતા હતા.

'શાબાશ, ભીષ્મ શાબાશ.' સત્યવતી બોલી ઊઠી.' હસ્તિના-પુરની તાકાતનું પણ એમાં દર્શન જ હશે ને?'

'હા, મા. હસ્તિનાપુરની અવગણના કરનારને કેવી સજા થાય છે તે પણ લોકો ભલે જુએ. 'દેવવ્રત પણ પુલકિત હૈયે બોલતો હતો. ગૌરવથી તેની ગરદન ઊંચી થઈ ગઈ હતી.

દેવવ્રત વિદાય થયો ને સત્યવતી તેની પૂંઠ પાછળ આશા-ભરી નજર નાખી રહી. તેની દૃષ્ટિમર્યાદામાંથી દેવવ્રત દૂર થતાં તેનો મનોવ્યાપાર વધી પડ્યો.

દેવવ્રત વિષે જ તે વિચાર રમણે ચઢી હતી. ગંગાપુત્રની પિતૃભક્તિ પિતાના સુખ માટે પોતાના હક્કોનો ત્યાગ, પોતાના જીવન સુખનો પણ ત્યાગ કર્યો. તેના માટે સર્વસ્વના વિનાશનું કારણ બનનારી માછીમારની દીકરીના સંતાનો પ્રત્યે પણ ઉદાર વલણની તે મનોમન મુક્ત કંઠે પ્રસંશા કરતી હતી. તેને યાદ

આવ્યું જ્યારે ગંગાએ દેવવ્રતનો હવાલો તેના પિતાને સુપ્રત કર્યો ત્યારે તેણે દેવવ્રત વિષે જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે જાણે અક્ષરે અક્ષર સાચી પડતી હતી.

ગંગાએ શાન્તનુને કહ્યું હતું, 'રાજન્, આ મારો દીકરો કુરુ-વંશની પ્રતિષ્ઠા વધારશે એટલું જ નહિ તે અમર બની જશે.'

સત્યવતી પણ ઉલ્લાસભર્યા વદને બોલી ઊઠી, 'જરૂર ભીષ્મ અમર બની જશે.'

# ૮

'મા, ઓ મા! તમે ક્યાં છો? આ તમારી પુત્રવધૂઓને વધાવી લો.' ત્રણે રાજકુમારીઓને લઈને સત્યવતીના ભવનમાં પ્રવેશ કરતાં દેવવ્રતે સત્યવતીને ઉત્સાહભેર સાદ દીધો. તેને પાછા ફરવાની ઉતાવળ હતી. કાશીરાજે તેની ત્રણ રાજકુમારીઓ માટે યોજેલા સ્વયંવરમાંથી ત્રણેનું અપહરણ કરીને હસ્તિનાપુર તરફ પાછા ફરતાં તેની પાછળ શાલ્વ સૈન્ય સાથે દોડી રહ્યો છે, તેની જાણ થતાં ત્રણે રાજકુમારીઓ માને સુપ્રત કરી દેવાની ઉતાવળમાં હતો. શાલ્વનો સામનો કરવા પાછા ફરવાની ઉતાવળ હતી.

દેવવ્રતનો ઉત્સાહભર્યો સાદ સાંભળતાં સત્યવતી હર્ષભરી દોડી આવી. તેની સમક્ષ ત્રણ રાજકુમારીઓ ઊભી હતી. ત્રણે પ્રત્યે ઉલ્લાસભર્યો દૃષ્ટિપાત કરી રહેલી સત્યવતીને દેવવ્રત કહેતો હતો, 'તમે હવે લગ્નની તૈયારી કરો, ત્યાં સુધીમાં હું શાલ્વનો મુકાબલો કરી પાછો આવું છું.'

સત્યવતી કંઈ પણ કહે તે પહેલાં દેવવ્રત ઉતાવળા પગલે પાછો ફર્યો. શાલ્વ હવે આવી જ પહોંચ્યો હશે તેવી તેની ગણતરી હતી. તેણે પોતાના સૈન્યને તો શાલ્વનો સામનો કરવા પાછળ રહેવા દીધું હતું. શાલ્વને પોતાની તાકાત બતાવી દેવા દેવવ્રત પણ ઉત્સુક હતો. પોતાની તાલીમનો પહેલી જ વાર પરચો બતાવવાની તેને તક પ્રાપ્ત થઈ હતી.

માની તેના બે દીકરાઓના લગ્ન વિષેની ચિંતાને શાંત

કરવા દેવવ્રતે જ્યારે નિર્ણય કર્યો ત્યારે તેની નજર સમક્ષ કાશી-રાજ હતો. કાશીરાજે હસ્તિનાપુરની જે અવગણના કરી હતી, તેનો બદલો લેવા તેણે સ્વયંવરમાં ઊભેલી ત્રણેય રાજકુમારીઓને હિંમતપૂર્વક ઉઠાવી. દેવવ્રતના આ પરાક્રમથી સૌ ડરી ગયા હતા. પરિણામે દેવવ્રત ત્રણે રાજકુમારીઓને સલામત રીતે લઈને હસ્તિનાપુર પહોંચી ગયો હતો.

શાલ્ય રાજા દેવવ્રતને પડકારતો તેની પાછળ પડ્યો. શાલ્ય રાજાની ત્રણે રાજકુમારીઓ અંબા, અંબિકા અને અંબાલિકા પણ દેવવ્રતના આ પગલાંથી ધ્રૂજી ઊઠી હતી. તેમણે દેવવ્રતને સક્રોધ પ્રશ્ન કર્યો, 'આપ અમને ક્યાં લઈ જાવ છો?'

ક્રોધાગ્નિમાં સળગતી રાજકુમારીઓને દેવવ્રત હૈયાધારણ દેતો કહી રહ્યો, 'તમે હસ્તિનાપુરની મહારાણીઓ બનો છો. મારા ભાઈઓને તમારી જરૂર છે. તમારા ભાગ્યનો સિતારો ચમકી ઊઠશે.'

'ના, મારે હસ્તિનાપુરની મહારાણી બનવું નથી.' અંબા બોલી ઊઠી, 'હું શાલ્ય રાજાના પ્રેમમાં છું ને સ્વયંવરમાં હું તેને જ વરમાળા આરોપવાની હતી.'

'શાલ્ય રાજાના પ્રેમમાં છો તમે?' દેવવ્રતે અંબા પ્રતિ ઝીણી નજર નાખતાં પૂછ્યું, 'તમને હસ્તિનાપુરની મહારાણી થવું ગમતું નથી ખરું ને? શાલ્ય રાજાની રાણી થવું ગમે છે, પણ તેનું મહત્ત્વ શું છે? તમે જાણો છો?'

'મારે જાણવાની કોઈ જરૂર નથી.' અંબાએ જવાબ દીધો.

દેવવ્રત હવે આ વિવાદને લંબાવવા માંગતો ન હતો, પણ અંબાના કથન પછી તેને ખાતરી હતી કે શાલ્ય રાજા તેની પ્રિયતમાને હાથ કરવા જરૂર પાછળ પડશે જ, એટલે તેણે પોતાના સાથીદારોને વચ્ચે જ થોભવા આજ્ઞા કરી. ત્રણ રાજકુમારીઓને હસ્તિનાપુર પહોંચાડવા રથ દોડાવ્યા. સાથીઓને હિંમત દેતાં કહ્યું, 'હું તરત જ પાછો ફરું છું.'

અંબાને આશ્વાસન દેતાં દેવવ્રતે કહ્યું, 'જો તમારી ઇચ્છા હસ્તિનાપુરની મહારાણી બનવાની ન હોય, ને શાલ્ય રાજાને જ પરણવા માંગતા હો તો મારાથી કાંઈ અવરોધ થવાનો હતો? ભલે તમે શાલ્ય રાજા સાથે લગ્ન કરી શકશો.'

દેવવ્રતના વચનોથી અંબાના દિલમાં આશાનો સંચાર થયો. તેણે પૂછ્યું, 'તમે મને શાલ્ય રાજા પાસે મૂકી દેશો?'

'ના, એમ ન થાય. શાલ્ય રાજા તમને લેવા આવશે.'

'એટલે શાલ્ય રાજા હસ્તિનાપુર આવીને મને લઈ જશે? તમે તેને સંદેશો મોકલશો?'

'સંદેશો શા માટે? હું જાતે જ તેને લઈ આવીશ.' દેવવ્રતે જવાબ દીધો.

દેવવ્રતના જવાબથી અંબાના રોમેરોમ પુલકિત થયા. તેં હર્ષભેર નેનાં નચાવતાં પૂછ્યું, 'તમે જાતે જઈને તેડવા જશો?

'હા, તમારા પ્રેમને ખાતર મારે એટલું તો કરવું જ પ… ને?' દેવવ્રતે વિશ્વાસ દીધો.

માત્ર અંબાના દિલમાં જ નહિ, પણ અંબિકા અને અંબાલિકાના દિલમાં પણ દેવવ્રત વિષે અહોભાવ જાગ્યો હતો. હસ્તિનાપુરની મહારાણી બનાવવા પોતાને લઈ જનાર દેવવ્રતને તેઓ મનોમન વંદન કરતા હતા.

દેવવ્રતે ત્રણે રાજકુમારીઓનો હવાલો સત્યવતીને સુપ્રત કર્યો. પછી જ્યારે પાછો ફરી રહ્યો હતો, ત્યારે અંબાએ સહર્ષ પ્રશ્ન કર્યો હતો, 'શાલ્ય રાજાને તેડી લાવવા જાવ છો?'

'હા, શાલ્ય રાજાને હમણાં જ તમારી સમક્ષ લઈ આવું છું.' ઉતાવળા પગલે વિદાય થતાં દેવવ્રતે અંબાના પ્રશ્નનો જવાબ દીધો.

સત્યવતી પણ આમ ઉતાવળા પાછા ફરી રહેલા દેવવ્રતના પગલાં વિષે વિચારતી હતી. તેને ઘણું ઘણું જાણવું હતું, પણ તે પહેલાં તો દેવવ્રત ત્યાંથી વિદાય થયો હતો.

સત્યવતી ત્રણે રાજકુમારીઓ સાથે મહેલમાં આગળ વધી. હવે તેને અંબિકા અને અંબાલિકા જ પોતાના દીકરાઓ માટે પસંદ કરવાની હતી. તેણે એ બંને પ્રતિ નેહભરી નજર નાખી. બંનેના દેહસૌંદર્યથી તે પ્રભાવિત થઈ હતી.

તેણે બંનેના મનોભાવ જાણવા મૂંગી મૂંગી બેઠેલી અંબિકા અને અંબાલિકાની સાથે વાતો કરવા માંડી.

'તમને હસ્તિનાપુરની મહારાણી થવાનું ગમશે તો ખરું ને?' સત્યવતીએ પ્રશ્ન કર્યો. આ પ્રશ્નનો જવાબ આપવાનું બંને માટે આસાન પણ ન હતું. હસ્તિનાપુરમાં તેમણે પ્રવેશ કર્યો ત્યારથી જ તેમના મનોપ્રદેશ પર હસ્તિનાપુરનો પ્રભાવ પડયો હતો. સત્યવતીના મહેલના ઠાઠમાઠ અને વૈભવની પણ તેમના મન પર ભારે અસર હતી. જ્યારે સત્યવતીએ તેમની સાથે વાતો કરવા માંડી, ત્યારે તો સત્યવતીના સ્નેહાળપણાનો ભાવ સ્પષ્ટ રીતે તેમને સ્પર્શી ગયો હતો.

બંને લજ્જાના ભારથી ગરદન જમીન સરસી ઝુકાવી શાંત હતાં, પણ સત્યવતી તેમના મનોઆનંદને જોઈ શકતી હતી. એટલું જ નહિ, પણ અંબા તો શાલ્યરાજાના પ્રેમમાં હતી, ત્યારે આ બંને કોઈના પ્રેમમાં નથી એટલું પણ તે સમજી ગઈ હતી.

સત્યવતીના પ્રશ્નનો જવાબ દેવાને બદલે અંબિકાએ વળતો પ્રશ્ન કર્યો, 'અમારું અપહરણ કરનાર દેવવ્રત યુવરાજ છે ને?'

'ના. દેવવ્રતે યુવરાજપદનો અસ્વીકાર કર્યો હોવાથી તેનો નાનો ભાઈ ચિત્રાંગદ યુવરાજ છે.' સત્યવતીએ જવાબ દીધો. પછી સ્મિત વેરતાં ઉમેર્યું, 'તારા લગ્ન ચિત્રાંગદ સાથે થશે.' ને પૂછ્યું, 'તને ગમશે ને? કાલે તું મહારાણી બનીશ, તે ગાદી પર બેઠો છે.'

સત્યવતીનો ઉત્સાહ અપાર હતો. પોતાના દીકરા માછીમારની નારીના હોવાથી ક્ષત્રિય રાજા તેમના પ્રતિ દૃષ્ટિ પણ નાખતા નથી. જ્યારે દેવવ્રત ગંગાપુત્ર હોવાથી તે લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા

છતાં પણ તેને પોતાની દીકરી દેવા રાજવીઓ દોડા કરે છે, તેનો જે અફસોસ હતો તે હવે દૂર થયો હતો. દેવવ્રત તેના પેટનો દીકરો નથી, પણ પોતાના સંતાનોની તે જે કાળજી રાખતો હતો તેનાથી તેના દિલમાં દેવવ્રત વિષે ભારે આદરભાવ જાગ્યો હતો. મનોમન તે દેવવ્રતની પ્રશંસા પણ કરતી હતી. પોતાના સંતાનોને પણ મોટાભાઈ પ્રત્યે આદરભાવ રાખવાની, તેમનું બહુમાન કરવાની ને તેમની સલાહની અવગણના કદી પણ નહિ કરવાની સલાહ દેતી હતી.

સત્યવતી પાસે બેઠેલી ત્રણ રાજકુમારીઓને જોવા ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય પણ ત્યાં આવી પહોંચ્યા હતા. તેમની નજર અંબિકા અને અંબાલિકા તરફ જ હતી. તેઓ જાણતા હતા કે, અંબા તો શાલ્યરાજના પ્રેમમાં છે એટલે મોટાભાઈ તેનાં પ્રેમલગ્ન કરાવી દેવા શાલ્યરાજને લેવા ગયા છે.

સૌ શાલ્યરાજ સાથે દેવવ્રત આવી પહોંચે તેની આતુરતાભરી રાહ જોતા હતા. સત્યવતીએ લગ્નની પૂર્વ તૈયારી પણ કરી દીધી હતી.

હવે દેવવ્રત આવે એટલે કાશીરાજની ત્રણે રાજકુમારીઓના લગ્ન પતાવી દેવાના હતા.

'હજી પણ દેવવ્રત ન આવ્યો? કેટલો વખત થયો?' જેમ સત્યવતીના મનમાં પ્રશ્ન ઊઠતો તેમ તેમ અંબાના મનમાં પણ પ્રશ્ન ઊઠતો હતો.

'કદાચ દેવવ્રત જોડે આવવા શાલ્યરાજ તૈયાર ન પણ હોય, ને અંબાને તેને ત્યાં મૂકી જવા દબાણ કરતો હશે.'

'પણ તે જાતે આવીને તેની પ્રિયતમાને લઈ જવાની ના કેમ ભણતો હશે?' અંબાના મનમાં પ્રશ્નો ઊઠતાં, 'કે પછી અપહર્તા અંબા સાથે લગ્ન કરવાની તેની ઇચ્છા નહિ હોય?'

આ શંકા સાથે જ તેની વ્યથા વધી પડી. તેને બેચેન જોઈ

અંબિકા તેને સમજાવતી હતી, 'શાલ્યરાજ આવતો હશે. દેવવ્રત જેવો મહારથી તેને લેવા સામા પગલે જાય ને તે આવવાની ના પાડે જ નહિ.'

'પણ કેટલો બધો સમય થયો?' અંબા ચિંતાભર્યા સ્વરે પૂછતી હતી.

તો સત્યવતીની ઉતાવળ પણ વધતી હતી. ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય તો અંબિકા અને અંબાલિકા સાથે જ પ્રણયગોષ્ઠિ કરવામાં મશગૂલ હતા, પણ માતાની ઉપસ્થિતિમાં તેમના પ્રણય-ઉન્માદ પર અંકુશ મૂકવો પડતો હતો.

ચિત્રાંગદે સત્યવતીને પૂછ્યું, 'હજી મોટાભાઈ ન આવ્યા, કદાચ કોઈ મુશીબત હશે.' ને પૂછ્યું, 'અમે અમારા કક્ષમાં જઈએ તો? મોટાભાઈ આવે એટલે અમને બોલાવજે. અહીં બેસી રહેવાનો શો અર્થ છે, મા?'

'હવે આવતાં જ હશે, ભાઈ!' સત્યવતી દીકરાઓની ઉતાવળને સમજતી હતી. તે પોતે પણ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મનોમન અકળાતી હતી, પણ તે લાચાર હતી. તેણે પોતાના કક્ષમાં જવાની ચિત્રાંગદની દરખાસ્તનો અસ્વીકાર કરતાં કહ્યું, 'પછી અંબા એકલી જ પડે ને? તેને પણ સહવાસ તો જોઈએ ને? તેની મનોવ્યથા ઘણી જ હશે પણ શું થાય? જ્યાં સુધી મોટાભાઈ શાલ્યરાજને લઈને આવે નહિ ત્યાં સુધી ધીરજ રાખવી જોઈએ.' ને બોલી, 'થોડું મોડું થશે એટલું જ ને?'

ત્યાં દેવવ્રત આવી પહોંચ્યો. તેની સાથે જ બંદીવાન હાલતમાં શાલ્યરાજ પણ હતો.

તેણે અંબાને કહ્યું, 'આ તમારો પ્રિતમ.' હવે તમે લગ્ન કરી લો.

શાલ્યરાજને બંદીવાન સ્થિતિમાં જોતાં અંબા બેભાન બની ગઈ.

ખુદ સત્યવતી પણ શાલ્યરાજને બંદીવાન હાલતમાં જોતાં

હલબલી ઊઠી હતી.

'ભીષ્મ, શાલ્યરાજને આવી હાલતમાં કેમ લાવ્યા?' સત્યવતીએ પ્રશ્ન કર્યો, 'અંબા સાથે લગ્ન કરવાની તેની ઇચ્છા નથી, એટલે તમે તેને આમ પકડીને લઈ આવ્યા?'

'ના, મા, ના! શાલ્યરાજ તો મારી પાછળ પડ્યો હતો. મારા કબજામાંથી કાશીરાજની રાજકુમારીઓને છોડાવી જવા લશ્કર સાથે મારો પીછો કરતો હતો, એટલે તેનો સામનો કરવા માટે પણ ત્રણે રાજકુમારીઓને તમારે હવાલે કરી. તે આગળ વધે એ પહેલાં મારે પહોંચી જવું પડ્યું.' દેવવ્રતે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'પણ હું તેમને હવે મુક્ત કરું છું.' શાલ્યરાજને બંધનમુક્ત કરતાં તેના ખભા પર મૈત્રીભર્યો હાથ મૂકતાં કહ્યું, 'રાજન્! તમે હવે હસ્તિનાપુરના મિત્ર છો, નિરાંતે અમારી મહેમાનગતી માણો ને અંબા સાથે લગ્ન પણ કરો.'

બંધનદશામાંથી મુક્ત થતાં શાલ્યરાજને પણ હૈયાધારણ પ્રાપ્ત થઈ. જ્યારે યુદ્ધના મેદાન પર દેવવ્રતનાં પરાક્રમે પરાજિત થઈ, દેવવ્રતનો બંદીવાન બન્યો ત્યારે તેના મનમાં શંકાનાં વાવાઝોડાં ઊઠતાં હતાં. દેવવ્રતે પરાજિત શાલ્યરાજનો પીછો પકડીને તેને બંદીવાન બનાવ્યો હતો. હસ્તિનાપુર પ્રતિ કદમ ઉઠાવ્યા ત્યારે શાલ્યરાજને તેનું ભાવિ અંધકારમય જણાતું હતું. પણ તેની મુક્તિ પછી દેવવ્રતના મૈત્રીભાવથી તેની શંકાઓ નાબૂદ થઈ. દેવવ્રત વિષે તેને ભારે માન પણ થયું.

સત્યવતી પણ દેવવ્રતના ઉદાર વલણથી પ્રસન્નતા અનુભવતી હતી. તેણે શાલ્યરાજનું સ્વાગત કરતાં કહ્યું, 'હવે થોડો વિસામો લો, દરમ્યાન ત્રણે બહેનોનાં લગ્ન અંગેની વ્યવસ્થા થઈ રહી છે. અંબા સાથેના તમારા લગ્ન પણ અહીં જ થશે.'

શાલ્યરાજ મૂંઝાતો હતો. પોતાને બંદીવાન હાલતમાં જોતાં અંબા બેભાન બની તે જોતાં તેના મનમાં શંકા જાગતી હતી.

હવે અંબા તેની સાથે લગ્ન કરવા તૈયાર નહિ થાય ? પોતાને બંદીવાન હાલતમાં જોતાં તેના દિલમાં શાલ્યરાજ પ્રત્યે અણગમો પેદા થયો હશે ? તેના આઘાતે જ તે બેભાન બની હશે.

બેભાન અંબાની તાત્કાલિક સારવાર માટે રાજવૈદને બોલાવ્યો. રાજવૈદ તેની સારવારમાં હતો. સત્યવતી પણ તેની પાસે જ હતી.

દેવવ્રત પણ આ બનાવથી થોડો ચિંતિત હતો. તે જાણતો હતો કે પોતાના પ્રિતમને બંદીવાન હાલતમાં જોતાં અંબાના દિલ પર ભારે આઘાત થયો હશે, ને તેનાં કારણે જ તે બેભાન બની હશે.

ત્યાં શાલ્ય રાજાએ અંબા સાથેના લગ્નનો ઇન્કાર કરતાં કહ્યું, ‘હું અંબા સાથે લગ્ન કરવા ઇચ્છતો નથી.’ દેવવ્રત કે સત્યવતી તેનાં કારણો જાણવા માંગે તે પહેલાં જ તેણે સ્પષ્ટતા કરી.‘ અપહર્તા સાથે હું લગ્ન કરવા ઇચ્છતો નથી.’

શાલ્યરાજના નિર્ણયની જાહેરાતથી સત્યવતી ને દેવવ્રત જ નહિ, પણ અંબિકા અને અંબાલિકા પણ ધ્રૂજી ઊઠયાં. બંને બહેનોએ શાલ્યરાજના નિર્ણય માટે તેનો ઊધડો લેતાં કહ્યું, ‘તમે તો અંબાના પ્રેમમાં છો ને સ્વયંવરમાં પણ અંબાને પામવા જ આવ્યા હતા. તો હવે કેમ પીછેહઠ કરો છો ?’

‘કારણ કે અપહર્તા અંબા હવે મને ખપતી નથી.’ શાલ્યરાજે જવાબ દીધો.

તેના જવાબથી દેવવ્રત ઉશ્કેરાઈ ગયો. અંબિકા અને અંબા-લિકા સાથે તે અંબાને પણ ઉઠાવી લાવ્યો હતો, ત્યારે અંબાના શાલ્યરાજના પ્રેમથી તે અજ્ઞાત હતો. વળી પોતાના બે ભાઈઓને ત્રણમાંથી પસંદગી કરવાની તક મળે એ હેતુથી તે ત્રણેને ઉઠાવી લાવ્યો હતો, પણ તેથી તેમના ચારિત્રને કોઈ જફા પહોંચી નથી. તેમને પોતાની બહેનોની જેમ સાથે રાખી હતી, એટલે શાલ્યરાજના જવાબ પોતાની સામેના તોહમત જેવો લાગતો, તે એકદમ ગુસ્સે

થઈ ગયો.

શાલ્યરાજ પણ પોતાના જવાબથી દેવવ્રતના ચહેરા પર રોષની જે છાયા પથરાઈ હતી તેથી ભયભીત બન્યો હતો. પોતે જાણતો હતો કે દેવવ્રત સાથેના યુદ્ધમાં પોતે પરાજીત થઈને બંદીવાન હાલતમાં તેને અહીં લઈ આવવામાં આવ્યો હતો, પણ દેવવ્રતની ઉદારતાએ તેને બંદીખાનામાં ધકેલી દઈ તેનું રાજ્ય લઈ લેવાના બદલે તેને મુક્ત કરીને મૈત્રીભાવથી બિરદાવ્યો હતો. પણ હવે કદાચ તેનું જ પુનરાવર્તન થવાની શકયતા જોતાં તેણે હવે વધુ વાર થોભવાનું મુનાસબ ન માન્યું અને દેવવ્રત પોતાની સામેના આક્ષેપનો જવાબ આપે તે પહેલાં પલાયન થવાનું મુનાસબ માન્યું.

દેવવ્રતની રજા લીધા વિના ઘોડેસ્વાર થઈને વિદાય થયો. દેવવ્રત શાલ્યરાજના આ પગલાંથી રોષે ભરાયો હતો, પણ તેનો પીછો કરવાની જરૂર જણાતી ન હતી.

'તે હરામખોર અત્યાર સુધી પ્રેમનું નાટક જ કરતો હતો?' દેવવ્રત સ્વગત બબડયો.

અંબિકા અને અંબાલિકા પણ પલાયન થતાં શાલ્યરાજ પ્રતિ તિરસ્કારભરી નજર કરતાં ગર્જી ઊઠયાં, 'માટીપગો' કાયર, ભાગી ગયો!'

રાજવૈદની દવાની અસર ધીમે ધીમે વર્તાતી રહી. બેભાન હાલતમાં પડેલી અંબાનાં અંગોની હલનચલન જોવા મળતી હતી. સૌના મનમાં આશા રમતી થઈ. થોડા સમય પછી અંબા વધુ સ્વસ્થ થઈને બંદીવાન શાલ્યરાજને જોવા તેણે ચોતરફ નજર દોડાવી, પણ ત્યાં શાલ્યરાજ હતો નહિ. તેની આંખો પહોળી થઈ. એ તેની બહેનો પ્રતિ નજર માંડી રહી. એ નજરમાં પ્રશ્ન હતો, શાલ્યરાજ કયાં?

અંબિકા અને અંબાલિકાએ ગંભીર વદને, ખિન્ન સ્વરે કહ્યું, 'દેવવ્રતે તો તેને મુક્ત કર્યો, મિત્ર બનાવ્યો ને તારી સાથે

લગ્નની પણ તૈયારી કરવા માંડી. પણ તેણે હવે તારી સાથે લગ્ન કરવાનો ઇન્કાર કરી ચાલતી પકડી.'

અંબિકા અને અંબાલિકાના વચનોને અંબા વજૂદ દેવા તૈયાર ન હોય એમ મોટા સાદે બોલી ઊઠી, 'ના, ના, મારો પ્રિતમ લગ્ન કરવા કદી ઇન્કાર કરે જ નહિ.' ને દલીલ કરી, 'દેવવ્રતના પંજામાંથી મને મુક્ત કરવા તે દોડયો જ હશે, ને લડાઈમાં પકડાયો હશે. તેના પ્રેમને હું બરાબર જાણું છું.'

'તું શું જાણે છે?'

'તે અંબાને ચાહે છે, અંબા સાથે લગ્ન કરવા તે સ્વયંવરમાં આવ્યો હતો. જો દેવવ્રતે મારું પણ અપહરણ ન કર્યું હોત તો લગ્ન કરવા મને તેના રાજ્યમાં લઈ ગયો હોત.' અંબા શાલ્યરાજના તેના પ્રતિના પ્રેમનું વર્ણન કરતી હતી.

'પણ તેણે જ તારી સાથે લગ્ન કરવાનો ઇન્કાર કેમ કર્યો, તે જાણે છે?' અંબિકા પૂછી રહી.

'જાણવાની જરૂર નથી, બહેન!' અંબાએ જવાબમાં કહ્યું ને ઉમેર્યું, 'તેના પ્રેમને હું બરાબર જાણું છું. તે કદી ના ભણે જ નહિ, પણ દેવવ્રતના ભયથી તે ભાગી ગયો હશે.' અંબાએ કલ્પના દોડાવી.

'જો અંબા, હકીકતમાં શાલ્યરાજે અપહર્તા અંબા સાથે હવે લગ્ન કરવા નથી એવી જાહેરાત કરીને તે પલાયન થયો!' અંબિકાએ સ્પષ્ટતા કરતાં કહ્યું ને પોતાનો રોષ ઠાલવતાં બોલી, 'માટીપગો, કાયર, ખોટા બહાના બતાવીને છટકી ગયો!'

અંબિકાની સ્પષ્ટતાથી અંબા થોડીક ક્ષણો વિમાસણમાં પડી હોય એમ ગંભીરતાથી જોઈ રહી.

'હવે શું કરવા માંગે છે? પાછા જવું છે? દેવવ્રત તને મૂકી જશે?' અંબાલિકાએ તેને સીધો પ્રશ્ન કર્યો.

'પાછા જવાની હવે જરૂર નથી.'

'તો તું શું વિચારે છે?'

'મેં નિર્ણય કરી લીધો છે.' અંબા બોલી, 'હું પણ હવે તમારી સાથે જ હસ્તિનાપુરમાં રહીશ.'

'અહીં કોને પરણીશ? કોઈ ત્રીજો ઉમેદવાર નથી.'

'ઉમેદવાર ભલે ન હોય, પણ હું તેને ફરજ પાડીશ.'

'કોની વાત કરે છે તું?'

'દેવવ્રતની!' દંતાવલી વચ્ચે અધરોષ્ઠ દબાવતાં બોલી. બંને બહેનો હાસ્ય વેરી રહી. 'હસો છો શું?' બંને બહેનોને હાસ્ય કરતી જોઈ અંબા ખિજાઈ પડીને કહી રહી, 'જેમ આપણા ત્રણમાં હું મોટી છું, તેમ અહીં પણ ત્રણ ભાઈઓમાં દેવવ્રત મોટા છે. એટલે પસંદગીનો કોઈ પ્રશ્ન જ નથી. તેઓ જ આપણને ઉઠાવી લાવ્યા છે, એટલે ત્રણની વ્યવસ્થા કરવાની તેમની જવાબદારી પણ છે જ ને?'

'પણ દેવવ્રતે તો લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તું જાણે છે ખરી?'

'હા, જાણું છું. લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા તેમને એટલા માટે લેવી પડી હતી કે તેમણે ગાદી પરનો હક્ક છોડી દીધો, પણ સત્યવતીના પિતાને ભય હતો કે દેવવ્રત ભલે હક્ક ત્યાગે, પણ તેમના સંતાનો તો હક્ક માટે લડે જ ને? અને આશંકા દૂર કરવા તેમણે લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.'

'તો હવે દેવવ્રત લગ્ન કરવા કેમ તૈયાર થશે?'

'શા માટે લગ્ન ન કરે? સત્યવતીના પિતાનો જે ભય હતો એ ભય દૂર કરવા, પોતાના સંતાનોને ગાદી પરનો હક્ક છોડી દેવા તેઓ સમજાવશે. પછી ભય ક્યાં રહે છે?' અંબા દલીલ કરતી હતી, પણ તેની બહેનોને તેની દલીલ જચતી ન હતી. તેમણે ફરી સમજાવવાનો પ્રયત્ન કર્યો, 'દેવવ્રત પ્રતિજ્ઞાનો ભંગ કરે તેવી કોઈ જ શક્યતા નથી એટલે તું બીજે નજર દોડાવ!'

'શા માટે બીજે નજર દોડાવું?' બહેનોની સલાહથી ઉશ્કેરાટમાં આવીને અંબા બોલી રહી, 'જેણે મારું અપહરણ કર્યું છે તેણે જ હવે જવાબદારી સ્વીકારવી પડશે. પ્રતિજ્ઞાના તૂતને વચ્ચે લાવવાની જરૂર નથી. પ્રતિજ્ઞા જે હેતુ માટે લીધી છે એ હેતુ તો સચવાય છે ને?' ને વિશ્વાસપૂર્વક કહી રહી. 'મહારાણી સત્યવતી પણ વાંધો નહિ જ ઉઠાવે.' ને દૃઢતાપૂર્વક તેનો નિર્ણય દોહરાવતાં બોલી, 'અંબાનાં લગ્ન દેવવ્રત સાથે જ થશે. દેવવ્રતે અંબા સાથે લગ્ન કરવાં જ પડશે.'

અંબાની દલીલોનો ઉપહાસ કરતાં અંબિકા અને અંબાલિકા મનોમન હસતાં હતાં. દેવવ્રતના નિર્ણયની અડગતા વિષે તેમને ભારે વિશ્વાસ હતો. તેઓ માનતા હતા કે જો દેવવ્રત નિર્બળ હોત કે લાલચુ હોત તો પિતાના અવસાન પછી પોતાનો હક્કનો ગાદી પર ચિત્રાંગદનો કદી રાજ્યાભિષેક તેમણે કર્યો જ ન હોત, પણ હવે અંબા સાથે અકારણ જીભાજોડી કરવાની ઇચ્છા ન હતી. તેઓ શાંત થઈ, પણ શંકાનાં જાળાં તો મનની દીવાલ પર જામતા જ હતાં. દેવવ્રત સમક્ષ અંબા તેની સાથે લગ્ન કરવાની દરખાસ્ત મૂકશે, ને દેવવ્રત તેનો ઇન્કાર કરશે ત્યારે બંને વચ્ચે ભારે જંગ જામશે. અંબાના સ્વભાવથી બંને બહેનો પરિચિત હતી.

'હવે જોઈએ, પરિસ્થિતિ કેવી ઊભી થાય છે તે?' બંને મનમાં વિચારતી હતી.

જ્યારે અંબિકા અને અંબાલિકા લગ્નમંડપમાં ઉપસ્થિત થઈ ત્યારે, એકદમ રોષમાં અંબા દેવવ્રતને પૂછી રહી, 'આપણાં લગ્ન માટેની શી વ્યવસ્થા છે?'

દેવવ્રત પણ અંબાના પ્રશ્નથી થોડો સમય ગંભીર ચિંતનમાં ગરક થયો. પછી શાંતિથી અંબાને જવાબ દીધો, 'મેં તમને લગ્ન કરવાનું કોઈ વચન દીધું નથી. પછી આપણાં લગ્નનો પ્રશ્ન ઊભો થતો નથી.'

'તમે વચન દીધું નથી એ ખરું, પણ તમે ત્રણ રાજકુમારીઓને ઉઠાવી લાવ્યાં છો. બેનાં લગ્નની વ્યવસ્થા કરી, પણ ત્રીજીની વ્યવસ્થા કેમ ન કરી?' અંબાએ પ્રશ્ન કર્યો, 'બે બહેનો જો તમારા ભાઈઓ સાથે લગ્ન કરતી હોય તો ત્રીજી બહેન ત્રીજા ભાઈ સાથે જ લગ્ન કરે ને? તમે જેમ મોટા છો, તેમ હું પણ ત્રણ બહેનોમાં મોટી છું એટલે આપણી જોડી સરખી બનશે.'

દેવવ્રત શાંત હતો. અંબાના ઉશ્કેરાટની જરા પણ અસર તેના પર થઈ ન હતી. સંપૂર્ણ શાંતિથી, મલકતાં મુખે તેમણે અંબાના પ્રશ્નનો જવાબ દેતાં કહ્યું, 'અંબા તારી દલીલમાં જો મારે પ્રતિજ્ઞા ભંગ થવું હોય તો જરૂર જોર છે, પણ દેવવ્રત તેની પ્રતિજ્ઞાનો ભંગ કરવા કોઈ પણ દલીલનો સ્વીકાર કરી શકે જ નહિ.' ને ઉમેર્યું, 'જોયું નહિ? પ્રતિજ્ઞાના પાલન અર્થે મેં ગાદી પરના મારા હક્કને સ્વેચ્છાપૂર્વક ત્યાગ કર્યો, તો એ ગાદીના પ્રશ્નને હવે ઉકેલવાની જરૂર નથી.' ને દૃઢતાપૂર્વક કહ્યું, 'દેવવ્રત તેની પ્રતિજ્ઞામાંથી કદી પણ પીછેહઠ કરવા તૈયાર નથી.' ને સ્પષ્ટપણે તેને સંભળાવી દીધું, 'હું કદી પણ લગ્ન કરવાનો નથી. મારી પ્રતિજ્ઞામાં હું ગમે તેમ કપરા સંજોગોમાં પણ પીછેહઠ કરવા માંગતા નથી એટલું તું સમજી લેજે.'

દેવવ્રતના શાંત, સ્વસ્થ ચિત્તે અપાયેલા જવાબે અંબાને સળગાવી દીધી. તેના રોમ રોમ સળગી ઊઠયા હતા. તેના મનમાં દેવવ્રતના ઇન્કારે આગ પેટાવી હતી.

'તો અંબા પણ દેવવ્રત વિના બીજા કોઈની પત્ની બનશે નહિ, એ પણ તમે જાણી લો.' અંબાનાં અંગો ક્રોધથી ધ્રૂજતાં હતાં.

અલબત્ત, અંબાની આ પ્રતિજ્ઞાથી દેવવ્રત થોડો હલબલી ઊઠયો હતો. કાશીરાજના સ્વયંવરમાંથી ત્રણે બહેનોને ઉઠાવી લાવવામાં પોતે ઉતાવળ કરી છે, તેમ પણ તેને હવે સમજાતું

હતું. એટલે તો તેણે શાલ્યરાજને પરાજય આપ્યા પછી નાસી જતો અટકાવીને તેને પોતાની સાથે હસ્તિનાપુર લાવ્યો હતો. તેની કલ્પના સુંદર હતી. ત્રણે બહેનોનાં લગ્ન સાથે જ થશે. પરિણામે તેમનું મનદુઃખ પણ હળવું થશે, પણ તેની કલ્પના પર શાલ્યરાજે અપહર્તા સાથે લગ્ન કરવાનો ઇન્કાર કરીને ઘા કર્યો હતો. એમાં પોતાના વિષે પણ ગંદો આક્ષેપ હતો, છતાં પણ પલાયન થતાં શાલ્યરાજને અટકાવી, ફરીથી યુદ્ધનું મેદાન બતાવવાની તેની ઇચ્છા ન હતી.

'તો શું કરશો?' દેવવ્રતે પ્રશ્ન કર્યો ને સલાહ પણ દીધી. 'તમારી ઇચ્છા હોય તો તમે તમારી બે બહેનો સાથે અહીં હસ્તિનાપુરના મહેલમાં રહી શકો છો.'

'શા માટે અહીં રહું? લોકોની નજરમાં હું હલકી પડવા ઇચ્છતી નથી. સમજ્યા?'

'સમજ્યો નથી અંબા? તમે જિંદગી કઈ રીતે જીવશો? ફરીથી પિતાના આશરે જશો?'

'પિતાનો આશરો હવે ન હોય.'

'તો કોના સહારે જીવશો?'

'સહારો તો શોધ્યો હતો ભડનો, પણ એ દેખીતો ભડ કાયર, ડરપોક, કંગાલ નીકળ્યો.' અંબા દેવવ્રતને ઉના ઉના ડામ દઈ રહી હતી.

દેવવ્રત જરા પણ ઉશ્કેરાતો ન હતો. અંબા જ્યારે તેના વિષે પ્રલાપ કરતી હતી, હલકા શબ્દો ઉચ્ચારતી હતી ત્યારે દેવવ્રત હિમ શો ઠંડો, શાંત, સ્વસ્થ હતો. અંબાના ઉશ્કેરાટને હવે વધુ ઉત્તેજિત નહિ કરવાના ઇરાદે તે શાંત હતો.

'હું તારા અપમાનનો બદલો જરૂર લઈશ દેવવ્રત!' અંબાએ ક્રોધાવેગમાં ધ્રૂજતા ધ્રૂજતા ધમકી દીધી.

'જરૂર બદલો લેજો.' દેવવ્રત સંપૂર્ણ શાંત હતો. શાંતિથી અંબાને જવાબ દેતાં કહ્યું; 'મને ત્યારે કોઈ અફસોસ નહિ થાય.

હું તેનો પ્રતિકાર પણ કરીશ નહિ એવો વિશ્વાસ દઉં છું હવે.' તેણે પૂછ્યું, 'બદલો લેવાની ધમકીની દેવવ્રત પર કોઈ જ અસર ન હતી. એક અંબા બદલો કઈ રીતે લઈ શકવાની હતી?' તેની સાથે ભવિષ્યમાં પણ અથડામણમાં આવવાની કોઈ જ શક્યતા તત્કાળ દેતી ન હતી, એટલે તેણે અંબાના ઉશ્કેરાટને શાંત કરવાનો પ્રયત્ન કર્યો હતો.

'સમયની રાહ જોજો દેવવ્રત, અંબા તેના વચનો સમય આવે સિદ્ધ કરી બતાવશે ત્યારે તમારો કોઈ બચાવ પણ નહિ હોય.' વિદાય થતાં થતાં અંબા છેલ્લા શબ્દો બોલી રહી.

'ભલે, તમારી ઇચ્છા પૂર્ણ થશે તો મને પણ તેનો આનંદ જ હશે, અંબાદેવી!'

દેવવ્રતે પણ સ્વસ્થતાપૂર્ણ સ્વરે જવાબ દીધો.

અંબિકા અને અંબાલિકા અંબાના ક્રોધભર્યા ચહેરા સામે જોતાં જ રહ્યાં. તેને શાંત થવાની સમજાવવાની હિંમત પણ તેઓ કરી શકતાં ન હતાં.

બધી જ આંખો ક્રોધાગ્નિમાં સળગતી અંબાની દેહયષ્ટિ પ્રતિ મંડાઈ હતી. ધરતી પર જોબનપૂર્વક કદમ લેતી અંબા વિદાય થતી હતી.

# ૯

સત્યવતી ભારે દુર્ભાગી હતી. તે પોતે જ હૈયામાંની વેદના ઠાલવતાં ભીષ્મ સમક્ષ ઘણી વાર ઠાલવતી. ભીષ્મ તારા જેવો ઉદાર દિલ દીકરો હોવા છતાં હું દુર્ભાગી છું. તેં તારા પિતાને ખાતર ગાદીનો ત્યાગ કર્યો, લગ્ન ન કર્યાં, પણ જાણે તારા હક્ક પર તરાપ મારવા માટે ભગવાન મને શિક્ષા કરતો હોય એમ લાગે છે. નહિ તો મારા બંને પુત્રો આમ મને મૂકીને વિદાય કેમ થાય?

સત્યવતીની આંખમાંથી અશ્રુધારા વહેતી હતી. ભીષ્મ તેને આશ્વાસન દેતો હતો. તે પણ સત્યવતીની હાલત જોતાં દ્રવી જતો હતો. ચિત્રાંગદ એક યુદ્ધમાં માર્યો ગયો, જ્યારે હસ્તિનાપુર પર આક્રમણ થયું ત્યારે ભીષ્મે ચિત્રાંગદને રણમેદાનમાં નહિ જવા સમજાવ્યું હતું. તેણે કહ્યું હતું, 'ભાઈ, તમે મેદાનમાં ન જાવ. કોઈ પણ સંગ્રામમાં રાજવી લશ્કરને મોખરે હોતા નથી. મને જવા દો. હું હુમલાખોરને બરાબરનો પાઠ ભણાવીશ. તમે હજી યુદ્ધ કૌશલ્યમાં પારંગત નથી.' પણ ભીષ્મની સલાહનો ચિત્રાંગદે સ્વીકાર કર્યો નહિ. તેણે જુસ્સાભેર ભીષ્મની સલાહનો ઇન્કાર કરતાં ગર્વભેર કહ્યું હતું, 'મોટાભાઈ, હું પણ પૂરી તાલીમ પામ્યો છું. મને પણ પરાક્રમ બતાવવાની તક મળી છે. તો તમે મને જવા દો. તમે મારું કૌશલ્ય જોઈ પ્રસન્ન થશો.'

સત્યવતી પણ પોતાના દીકરાની જગતમાં પ્રતિષ્ઠા સ્થાપિત થાય, દુશ્મનો તેના નામથી દાઝતા થાય તે જોવા માંગતી હતી.

એટલે તેણે પણ ભીષ્મને ચિત્રાંગદને મેદાનમાં જવા દેવા સમજાવ્યો.

'ભલે, મા, જેવી આપની ઇચ્છા!' આખરે લાચારી વ્યક્ત કરતાં ભીષ્મે કહ્યું, 'મારો ભાઈ વિજેતા બનીને આવશે ત્યારે તેને હું પણ હૈયાસરસો દબાવીશ. તેના વિજયનો આનંદ પણ હું માણતો હોઈશ.'

ચિત્રાંગદને દુશ્મનની તાકાત અને કુશળતા વિષે માહિતગાર કરતાં તેની સામે ક્યારે કયા શસ્ત્રનો ઉપયોગ કરવો તેને વિષે સમજ આપતાં કહ્યું, 'ભાઈ, દુશ્મનનો મુકાબલો કરતાં પહેલાં તેની નબળી બાજુ વિષે જરૂરી માહિતી મેળવી લેજે, ને બરાબર સમયસર ઘા કરજે. જા, વિજયી થા. ભગવાન તારું રક્ષણ કરશે.'

ભીષ્મના આશિષ વચનો સાથે ચિત્રાંગદ લશ્કરને મોખરે ઊભો. રણમેદાનમાં વિશ્વાસ સાથે તેણે પગ દીધો. તેને પોતાને પણ પોતાની શક્તિ, યુદ્ધ કૌશલ્ય બતાવવાની ઘણી જ ઉમેદ હતી.

દુશ્મનની તાકાત ચઢિયાતી હતી. શાન્તનુના શાસનકાળ દરમ્યાન કુશળે હસ્તિનાપુર પર બે વખત જોરદાર હુમલા કર્યા હતા. પરાજીત થઈને તેને પીછેહઠ કરવી પડી હતી, પણ હવે શાન્તનુ નથી. ભીષ્મ શાન્તનુ જેવો બળિયો છે, પણ તે મેદાનમાં નથી. નવો ચિત્રાંગદ ઊભો છે. એ જોતાં દુશ્મન પણ વધુ ઉત્સાહી બન્યો. હસ્તિનાપુરની તાકાત સામે જોરદાર હુમલો શરૂ કર્યો. ચિત્રાંગદે પણ હિંમતપૂર્વક બહાદુરીથી દુશ્મનની તાકાતનો બરાબર મુકાબલો કર્યો હતો, પણ દુશ્મન તાકાત વિજયી બની. ચિત્રાંગદ રણમેદાનમાં મૃત્યુ પામ્યો. હસ્તિનાપુરનું લશ્કર છિન્નભિન્ન થઈ ભાગી ગયું હતું.

ચિત્રાંગદના મૃત્યુના સમાચારે હસ્તિનાપુરના રાજમહેલમાં ભારે સન્નાટો છવાઈ ગયો. ભીષ્મ પણ વિજેતા દુશ્મન હસ્તિના-પુરમાં પ્રવેશ કરે તે પહેલાં તેનો મુકાબલો કરવા હસ્તિનાપુરની બહાર જે સૈન્ય બચ્યું હતું તેને લઈને દુશ્મન આવી પહોંચે તો

પહેલાં ખડો થયો: રણમેદાનમાં ચિત્રાંગદના મૃત્યુ પછી દુશ્મન હસ્તિનાપુરના દ્વાર ખખડાવવા અધીરો બન્યો હતો. તે પૂર ઝડપે હસ્તિનાપુર તરફ આવી રહ્યો હતો, પણ તેને ભીષ્મનો મુકાબલો કરવો પડશે તેવી કોઈ કલ્પના જ ન હતી એટલે ભીષ્મને જોતાં તેની ઝડપ ધીમી પડી. તેના વિજયનો ઉન્માદ પણ શાંત થયો.

'બસ, ત્યાં જ થોભો જા.' હસ્તિનાપુરના દરવાજા પ્રતિ આગળ વધતા દુશ્મનને ભીષ્મે પડકાર દીધો ને દુશ્મન શસ્ત્ર ઉઠાવીને પ્રહાર કરે તે પહેલાં ભીષ્મે દુશ્મન દળ પર આક્રમણ કર્યું. આક્રમણનો વેગ એટલો ઝડપી હતો કે દુશ્મન શસ્ત્ર ઉઠાવે તે પહેલાં તો દુશ્મનદળનો ભીષ્મની સેનાએ કચ્ચરઘાણ કાઢી નાખ્યો. દુશ્મન આ અચાનક હુમલાથી બેબાકળો બની ગયો. તેને ભીષ્મની તાકાતની જાણ હતી. પરાજિત શાલ્યરાજને હેમખેમ પાછા ફરવા દેવાના બદલે બંદિવાન બનાવી હસ્તિનાપુરમાં લઈ ગયો હોવાની પણ તેને જાણ હતી. એટલે પોતાના સૈન્યના કચ્ચરઘાણ પછી તે હવે સલામતી ખાતર મેદાનમાંથી ભાગી છૂટયો. 'જાન બચી, લાખો પાયા!'

ભીષ્મ તેની પાછળ દોડવા માંગતો ન હતો. વિજેતાને નામોશી-ભરી પીછેહઠ કરવી પડી એ કાંઈ સામાન્ય ઘટના તો ન હતી ને?

હસ્તિનાપુરને બચાવવાના હેતુથી ભીષ્મે શસ્ત્રો ધારણ કર્યાં હતાં, ને સિદ્ધિ પ્રાપ્ત થયા પછી પરાજીતની પાછળ દોડવાની ભીષ્મને કાંઈ જરૂર જણાતી ન હતી. ચિત્રાંગદ તો રણમેદાનમાં ખપી ગયો, પણ નામોશીનો ટિકો ભીષ્મે તેના લલાટે લાગવા દીધો નહિ તેથી સત્યવતીને આનંદ હતો. દીકરો ગુમાવ્યા છતાં રાજ્ય સલામત રહ્યું એ જ ઘણી મહત્ત્વની વાત હતી. સત્યવતીના દિલમાં દીકરો ગુમાવ્યાનું ઘણું દુઃખ હતું. તે વ્યથિત પણ હતી. હવે હસ્તિનાપુરની સૂની પડેલી ગાદી પર વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક કરવાની જરૂરત પણ તે સમજતી હતી.

તેણે ભીષ્મને [illegible] હસ્તિનાપુ[illegible] કરી

ચિત્રાંગદના કપાળે કાળો ટિકો લાગવા દીધો નથી એથી મને ખૂબ સંતોષ છે. મહારાજા શાન્તનુનું નામ તમે જ ઉજ્જ્વળ રાખ્યું તેનો પણ આનંદ છે. હવે પછીનું કર્તવ્ય પણ તમારે જ અદા કરવાનું છે ને ?'

'જાણું છું, મા !' ભીષ્મ સત્યવતી પ્રતિ આદરભાવ ભરી નજર નાખતાં બોલ્યો, 'હસ્તિનાપુરનું રક્ષણ કરવું એ મારો ધર્મ હતો. પિતાનું ઋણ ચૂકવવાની એ ઘડી હતી.' ને સખેદ બોલ્યો, 'ભાઈ ચિત્રાંગદે મારું માન્યું હોત તો કદાચ પરિસ્થિતિ જુદી હોત !'

'ખરું', ચિત્રાંગદની માતા ભલે માછીમાર હોય પણ પિતા તો ક્ષત્રિય હતા ને ? પિતાનું ગરમ લોહી તેની નશોમાં પણ દોડતું હતું ને ? એટલે તે શાંત કેમ રહે ? તે જીવતો હોય ત્યારે મોટાભાઈને શા માટે હસ્તિનાપુરના રક્ષણની જવાબદારી ઉઠાવવી પડે ?' બોલતાં બોલતાં સત્યવતીની ગરદન ગૌરવભેર ઊંચી થઈ.

'હવે વિચિત્રવીર્યનો જ રાજ્યાભિષેક થશે ને ભીષ્મ ?' સત્યવતીએ પ્રશ્ન કર્યો.

'હા, ચિત્રાંગદનો કોઈ વારસ હોત તો જુદી વાત હતી.' પણ હવે તો વિચિત્રવીર્યને જ ગાદી સુપ્રત કરવી પડશે.' ભીષ્મે સત્યવતીની વાતનું સમર્થન કરતાં પૂછ્યું, 'આપ શોકમુક્ત થાઓ એટલે રાજ્યાભિષેક વિધિ શરૂ થાય.'

'શોક ?' ગમગીન વદને સત્યવતી પૂછી રહી, 'શોકના આવરણ હેઠળ હસ્તિનાપુરની ગાદી સૂની ક્યાં સુધી રહે, ભીષ્મ ?' ને વ્યથાપૂર્ણ સ્વરે બોલી રહી, 'દીકરો ગુમાવ્યાનું દુઃખ તો માના હૈયે સદાકાળ રહે, પણ તેથી રાજ્ય સૂનું કેમ રહે ?' ને પ્રયત્નપૂર્વક સ્વસ્થતા ધારણ કરતાં કહ્યું, 'તમે જ રાજ્યાભિષેકની તૈયારી કરો, વિચિત્રવીર્યને હું જણાવી દઉં છું.'

ભીષ્મ માની ઇચ્છાનો અમલ કરવા સજ્જ થયો. તેણે રાજ્યાભિષેક વિષેની મંત્રીમંડળને જાણ કરી ત્યારે મંત્રીએ દરખાસ્ત

મૂકી, 'ભાઈ, તમે જ હવે હક્કદાર ને તમે જ પાટવી છો. તમારી પ્રતિજ્ઞાનું તમે ચિત્રાંગદને ગાદી સુપ્રત કરીને પાલન પણ કર્યું છે. હવે તમે પ્રતિજ્ઞાના બંધનમાંથી મુક્ત છો એટલે તમે જ હવે ગાદી પર આવો.' તેની દલીલને વધુ જોરદાર બનાવતાં કહ્યું, 'તમે જો દુશ્મનનો મુકાબલો કર્યો ન હોત તો હસ્તિનાપુર પર તેનો વાવટો ફરકતો હોત. બધા કેદી હાલતમાં જીવતાં હોત, પણ તમે જ તેને પરાજીત કરી હસ્તિનાપુરને બચાવી લીધું. હસ્તિનાપુરની ગાદી પર તમારા જેવા તેજસ્વી, પ્રતાપી પુરુષની જરૂર છે. એક ચિત્રાંગદ ગયો. હવે વિચિત્રવીર્ય આવશે તો તે પણ શું કરી શકવાનો હતો?' ખિન્ન સ્વરે મંત્રી હળવેથી બોલ્યો, 'ક્ષત્રિયાણીનું ધાવણ જોઈએ.'

તે વધુ કાંઈ બોલે તે પહેલાં ભીષ્મે રોષપૂર્ણ ચહેરે સખ્ત શબ્દોમાં કહ્યું, 'મંત્રીજી, મારી મા વિષે હવે કોઈ અઘટિત શબ્દ ઉચ્ચારશો નહિ. તે મારી મા છે. હું એ સહન નહિ કરું.' ને ઉમેર્યું, 'હવે પછી કાંઈ પણ બોલતા નહિ. કોઈ દલીલની જરૂર નથી, મંત્રીજી.'

ભીષ્મની તાકીદ પછી મંત્રી પણ ચૂપ થઈ ગયો. ભીષ્મે સૂચના આપી, 'હવે વિચિત્રવીર્યના રાજ્યાભિષેકની તૈયારી કરો.' ને મંત્રીને વિશ્વાસ દીધો, 'ગાદી પર ગમે તે હોય પણ તે મારો ભાઈ છે. તેની હકૂમતને આંચ પણ હું કેમ આવવા દઉં?'

'જેવી આપની આજ્ઞા!' મંત્રીએ ભીષ્મની આજ્ઞાનો સ્વીકાર કરતાં કહ્યું, 'તમે તમારી પ્રતિજ્ઞામાં આટલા બધા દૃઢ છો જાણીને મને આનંદ થયો.' ને ઉમેર્યું, 'મહુંમ મહારાજાએ તમને ભીષ્મનું જે સંબોધન કર્યું છે તે સાચે જ યથાર્થ છે.'

વિચિત્રવીર્યના રાજ્યાભિષેકની તૈયારીઓ થઈ રહી હતી. હસ્તિનાપુરની જનતા પણ ઉત્સવનો આનંદ માણી રહી હતી, ત્યારે રાજમહેલના એક ખૂણામાં ચિત્રાંગદની પત્ની અંબિકા ચોધાર

આંસુ વહાવતી. ભગવાનની તસ્વીર સામે બે હાથ જોડી વંદન કરતી. નિરાશાભરી નજરે દીનભાવે વેદના સૂરે બબડતી હતી, 'મારા ખોળામાં એક દીકરો હોત તો? હસ્તિનાપુરની ગાદીનો એ વારસ હોત, ને એક દિ હું રાજમાતા પણ બની જાત.' પણ ફૂટેલાં ભાગ્ય પર જોરજોરથી પોતાના બંને હાથ ઠોકતી દર્દભર્યા શબ્દો બોલી રહી; 'ખોળો ખાલી મૂકીને તમે કેમ ચાલ્યા ગયા ચિત્રાંગદ?'

ચિત્રાંગદ તેને જવાબ દેવા ત્યાં ન હતો. તેની વ્યથાપૂર્ણ નજર સામે નવા મહારાજા વિચિત્રવીર્યનો જયઘોષ કરતાં સેવકો દોડતા હતા. વિચિત્રવીર્યના રાજ્યાભિષેકની તૈયારીમાં સત્યવતી પણ ઊલટભેર ભાગ લઈ રહી હતી. તેનું વ્યથાપૂર્ણ સ્મિત પણ તેના ચહેરા પર પથરાતું હતું. બીજી ક્ષણે નિસાસો નાંખતા બબડતી, 'જુવાનજોધ દીકરાના અવસાનનો કોઈ ખેદ પણ જણાય છે મહારાણીના ચહેરા પર? જાણે લગ્નનો આનંદ માણતી હોય એમ મહારાણી બનીઠનીને ઘૂમી રહ્યાં છે.'

અંબિકા ભલે શોકમગ્ન હોય, પણ તેનેય આ રાજ્યાભિષેકના આનંદમાં ગમ-સાથે સામેલ થવું જ પડ્યું. મહારાણી સત્યવતી તેને ખેંચી ગઈ. વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક થયો. હસ્તિનાપુરના નવા મહારાજા વિચિત્રવીર્યના જયઘોષથી આભ ભરાઈ ગયું. ઉત્સવ પણ રંગભર્યો બની રહ્યો. સત્યવતીના આનંદને કોઈ જ સીમા ન હતી. મનોમન તે ભીષ્મની પ્રશંસા કરતી હતી. 'ભીષ્મ જો તેની પ્રતિજ્ઞાને સંપૂર્ણપણે વફાદાર ન હોત તો વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક શકય ન હોત.'

'ધન્ય, ધન્ય, ગંગાપુત્ર ભીષ્મ ધન્ય!' હર્ષાન્વિત બનતાં સત્યવતી એકલી એકલી બબડતી હતી.

તેણે વિચિત્રવીર્યને સલાહ દીધી, 'જો બેટા, મોટાભાઈની સલાહની કદી અવગણના કરતો નહિ.' ને પછી સખેદ કહેતી,

'ચિત્રાંગદે જો ભીષ્મની સલાહ માનીને રણમેદાનમાં જવાની ઇચ્છાનો ત્યાગ કર્યો હોત તો તેને જિંદગીથી હાથ ધોવા ન પડ્યા હોત.' ને સાથે જ પોતે પણ ભીષ્મની સલાહ સમજી શકી નહિ. ચિત્રાંગદને દુશ્મનનો મુકાબલો કરવા જવાની રજા આપી તેનો અફસોસ કરતાં બોલી રહી, 'હું પણ ભીષ્મની વાત સમજી શકી નહિ. મને પણ મારો ચિત્રાંગદ પરાક્રમ બતાવે તે ગમતું હતું. પરાક્રમી રાજા તરીકે ચોપાસ તેની કીર્તિ ફેલાઈ તેની ઝંખના કરતી હતી. એટલે મેં પણ તેને દુશ્મનોનો મુકાબલો કરવા ઉત્તેજન દીધું.' પછી ભગ્નાવશ બનતાં બોલી, 'મૂઈ હું જ મારા દીકરાના મૃત્યુ માટે જવાબદાર છું ને?'

પણ હવે અફસોસ કરવાની જરૂર શી છે? સત્યવતી જાતે જ તેના મનદુઃખને હળવું બનાવવા પ્રયત્નશીલ હતી. હવે તો વિચિત્રવીર્ય હસ્તિનાપુરનો મહારાજા છે. પોતે તો રાજમાતા તરીકે સન્માનિત છે એવા વિચારે તે દુઃખનો ભાર હળવો કરતી હતી.

પણ તેના દુર્ભાગ્યની ઘડીઓ હજી ઘૂમતી હતી. વિચિત્રવીર્ય મહારાજા બન્યો તેનો મનોઆનંદ ઝૂંટાઈ જતો હતો.

એક મધરાતે વિચિત્રવીર્યની પત્ની અંબાલિકાએ સત્યવતીના દ્વાર ખખડાવ્યા. આંસુભીની આંખે અને કરુણાભર્યા સ્વરે તેણે સત્યવતીને વિચિત્રવીર્યની માંદગીના સમાચાર દીધા, 'મા, મહારાજા ઘણાં ગંભીર બીમાર છે. થોડા દિવસથી તેઓ બીમાર તો છે જ, રાજવૈદની દવા પણ ચાલે છે, પણ બીમારીનો જુસ્સો હળવો થતો જ નથી. રાજવૈદ પણ પોતાની નિષ્ફળતાથી મૂંઝાય છે ને મહારાજા અત્યારે બેભાન હાલતમાં છે.' આંસુભરી આંખે ને દર્દઘેરા શબ્દોએ અંબાલિકા પ્રાર્થતી હતી, 'મા, તમે કાંઈ કરો, એમને બચાવો મા! તમારા ચરણોમાં પડું છું મા!'

અંબાલિકાની વેદનાભરી વાણી કાકલૂદીથી સત્યવતી પણ હલબલી ઊઠી. તેનો માતૃપ્રેમ પણ ઉત્તેજિત બન્યો. તે દોડતી

અંબાલિકાનો હાથ પકડીને વિચિત્રવીર્ય પાસે પહોંચી ગઈ.

પલંગમાં વિચિત્રવીર્ય બેભાન હાલતમાં પડચો હતો. રાજવૈદને તત્કાલ તેડું થયું હોવાથી તેઓ પણ માવજતમાં પરોવાયા હતા. વિચિત્રવીર્ય સામે થોડી ક્ષણો દર્દભીની નજર માંડી રહ્યા પછી સત્યવતીએ રાજવૈદને પૂછ્યું, 'શું થયું છે મહારાજાને? કેમ દવા કોઈ અસર કરતી નથી? હવે શો ઉપાય છે?'

રાજવૈદ પણ હતાશામાં હતો. તેનો કોઈ કીમિયો કામ આવતો ન હતો. તેણે છેલ્લા ત્રણ દિવસમાં તેનાં જાણમાં ને બીજા દર્દીઓ પર સફળતાપૂર્વક અજમાવેલો કીમિયો પણ વિચિત્રવીર્ય પર અજમાવ્યો, પણ નિષ્ફળતા જ મળી. વિચિત્રવીર્ય તેના દેહમાંના વિવિધ દર્દો વિષે વૈદ સમક્ષ ફરિયાદ કરતો હતો.

'હમણાં દર્દ હળવું થશે મહારાજ, ધીરજ ધરો!' વૈદ પોતાના સફળ કીમિયાનો ઉપયોગ કરવાની તૈયારી કરતો હતો. તેણે દર્દીને વિશ્વાસ દીધો, 'આ ઓસડિયું તૈયાર કરું છું. મહારાજ બે વખત તેનું સેવન કરશે એટલે દર્દ જાણે સદાને માટે ભાગી જશે. ફરીથી દેખાશે પણ નહિ.'

વૈદ તેનાં ઓસડિયાં ખલમાં ઘૂંટતો હતો. વિશ્વાસનું વાતાવરણ જમાવવા અંબાલિકાને પણ વિશ્વાસપૂર્વક કહેતો, 'રાણીસાહેબા! તમે નચિંત રહો. મહારાજા પૂર્વવત્ સાજાસમા થઈ જશે.'

અંબાલિકા પણ દવા ઘૂંટતા વૈદ સામે શ્રદ્ધાપૂર્વક નજર નાખતી બેસી રહેતી.

પણ વૈદના કીમિયાને વિચિત્રવીર્યની બીમારીએ દાદ દીધી નહિ. વૈદની આશાભરી દૃષ્ટિમાં પણ હવે હતાશા વ્યાપી રહેતી હતી, ને પોતાની પાસેની બીજી દવા ઘૂંટવા બેસી ગયો.

જેમ જેમ દિવસો પસાર થતા હતા તેમ તેમ વિચિત્રવીર્યની માંદગી લંબાતી હતી. એ રાત્રે તો અંબાલિકા સાથે વાતો કરતાં બેભાન બની જતાં અંબાલિકા ચીસ પાડી ઊઠી. તેની ચીસ

સાંભળતાં દાસ-દાસીઓ દોડી આવ્યાં.

'જાવ, વૈદને તત્કાળ લઈ આવો.' અંબાલિકાએ હુકમ કર્યો ને સેવકો વૈદને બોલાવવા દોડ્યા. વૈદ પણ ગાભરો ગાભરો આવી પહોંચ્યો. મહારાજાને બેભાન હાલતમાં જોતાં તે દવા તૈયાર કરવા લાગ્યો.

અંબાલિકા સત્યવતીને જાણ કરવા દોડી. સત્યવતીના સહારાની તેને પણ જરૂર હતી. દિવસો થયા તે પણ વ્યથાપૂર્ણ જીવન જીવતી હતી. સત્યવતીની હાજરી તેને માટે થોડા ઘણાં પ્રમાણમાં આશ્વાસનસમ હતી.

સત્યવતીએ વૈદને પ્રશ્નો કર્યા ને વૈદે તેના જવાબમાં બીમારીનું વિશ્લેષણ કરતાં કહ્યું, 'મહારાજાને માનસિક રોગ છે. શારીરિક કોઈ બીમારી નથી એટલે તેઓ બેભાન થઈ ગયા છે. ચિંતા ન કરો, બાસાહેબ! હમણાં દવા આપું છું ને કલાકમાં તેઓ ભાનમાં આવી જશે.'

'સારું ત્યારે, હું પણ અહીં જ બેઠી છું.' સત્યવતીએ બેઠક જમાવતાં કહ્યું.

વૈદ ઘણી બધી જહેમત કરતો હતો, પણ વિચિત્રવીર્યને વળગેલી બીમારી દૂર થવા માંગતી જ ન હોય એમ વૈદના બધા પ્રયત્નો નિષ્ફળ જતા હતા. સત્યવતી વૈદની નિષ્ફળતા પામી ગઈ હતી, પણ તેના મનોપ્રદેશમાં વૈદે વિચિત્રવીર્યની માંદગીનું પૃથક્કરણ કરતા માનસિક તનાવ જણાવ્યો તેને વિષે સત્યવતી ગંભીરતાથી વિચારતી હતી. વિચિત્રવીર્યને વળી માનસિક તનાવ શો હોઈ શકે? રાજ્યના વહીવટમાં કોઈ એવા ગંભીર પ્રશ્નો ઊભા થયા નથી. કોઈના આક્રમણમાં ભય નથી તેમ વિચિત્રવીર્ય પોતે પણ કોઈનો મુલક પચાવી પાડવા માટેની ઇચ્છા પણ કરતો નથી. હસ્તિનાપુરને વળી બીજાના મુલક પડાવી લેવાની ખ્વાહિશ શાને હોય?

'તો માનસિક તનાવનું કોઈ કારણ તો હશે જ ને?'

ગંભીરતાથી સત્યવતી વિચારતી હતી. લાંબી વિચારણા પછી એક તર્ક ઊઠયો, 'કદાચ ભીષ્મ અને વિચિત્રવીર્ય વચ્ચે કોઈ પ્રશ્ન અંગે વિવાદ જાગ્યો હોય ને તેમાંથી મનદુઃખ ઊભું થયું હોય તો માનસિક તનાવ સ્વાભાવિક છે. પણ એવી કોઈ દુર્ઘટનાની તેને જાણ નથી. ભીષ્મ તો તરત જ તેનું ધ્યાન ખેંચ્યા વગર રહે જ નહિ. પણ—' આ કલ્પનાતંતુ આગળ લંબાય તે પહેલાં તે સ્વગત બબડી, 'ના, ના, ભીષ્મ વિષે કોઈ અનિષ્ટ કલ્પના કરવી ન જોઈએ. ભીષ્મ તેની પ્રતિજ્ઞાને પૂરતો વફાદાર છે. એટલે તો મારા દીકરા ગાદીપતિ થયા. ભીષ્મ બંને દીકરાઓનાં વહીવટને સફળ બનાવવા સતત જહેમત પણ કરે છે. તેને વિષે કોઈ દૂષિત વિચાર મારા મનમાં ઉદ્ભવવો જ ન જોઈએ.' મનોમન તે પસ્તાવો પણ કરી રહી.

હવે વૈદ પણ થાકયો હતો. તેના સર્વોત્તમ ઓસડિયાં ને સર્વોત્તમ ઉપચારો વિચિત્રવીર્યની બીમારીને દફે કરવામાં નિષ્ફળ જતા હતા. હવે તો તેની મૂંઝવણ પણ વધી પડી હતી. અંબાલિકા પણ વૈદની હતાશાને પામી ગઈ હોય તેમ દર્દનાક સ્વરે વૈદને પ્રાર્થતી હતી, 'મારા સ્વામીને બચાવો વૈદરાજ, તમારો ઉપકાર કદી નહિ ભૂલું.' તેની આંખમાંથી અશ્રુપ્રવાહ પણ વહેતો હતો.

વૈદ પણ દ્રવી ઊઠતો હતો. તે અંબાલિકાને શાંત્વન દેતો હતો, 'હું મારાથી બનતાં બધા જ પ્રયત્નો કરું છું.' પોતાની પાસેની એક જડીબુટ્ટી તેની સામે ધરીને કહી રહ્યો, 'આ જડીબુટ્ટીનો છેલ્લો સહારો છે.' તે જડીબુટ્ટી વિષેની સિદ્ધિઓ-સફળતા વિષે બયાન કરતાં કહેતો, 'આ જડીબુટ્ટીએ છેલ્લો સહારો લીધો છે, બા સાહેબ!' પછી વિશ્વાસ સ્થાપિત કરવા મથતો હોય એમ કહેતો, 'એક વખત સદ્ગત મહારાજાને આ જડીબુટ્ટીથી તંદુરસ્તી પ્રાપ્ત થઈ હતી. એટલે હવે આ જડીબુટ્ટીની અજમાયશ કરું છું. પ્રભુની દયા હશે તો મહારાજા ફરી હરતાંફરતાં તંદુરસ્ત થઈ જશે.'

વૈદ તેની જડીબુટ્ટીનો ઉપયોગ કરતો હતો. અંબાલિકા તેના પ્રતિ આશાભરી મીટ માંડી રહી હતી. વૈદ પણ જડીબુટ્ટીનો ચમત્કાર જોતો બેઠો હતો, પણ તેનો ઉત્સાહ ઠરી ગયો. જડીબુટ્ટીની અસર તત્કાલ થવી જોઈએ. પાંચ-દશ મિનિટમાં જ દર્દીના નયનો ઊઘડવા જોઈએ. વધુ દશ મિનિટમાં તે સ્વસ્થતાપૂર્વક વાત કરવો જોઈએ. પણ વિચિત્રવીર્ય પર તેની કોઈ જ અસર જણાતી ન હતી. કેટલોય સમય આશાભરી દષ્ટિ માંડી રહ્યા પછી જ્યારે કોઈ અસર જણાઈ નહિ ત્યારે વૈદ ઊભો થયો. તેણે ખિન્ન સ્વરે અંબાલિકાને કહ્યું, 'બા, હવે તમે બીજા કોઈને બોલાવો. મારા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા છે.'

વૈદ વિદાય થયો ને અંબાલિકા પણ વ્યથાભરી સત્યવતીના આવાસ ભણી દોડી. સત્યવતીને વૈદની નિષ્ફળતા વિષે જણાવી બીજા કોઈ વૈદને લઈ આવવા પ્રાર્થના કરી. સત્યવતી પણ ગભરાઈ ગઈ હતી. તેણે તત્કાલ ભીષ્મને બોલાવ્યો. ભીષ્મ વિચિત્રવીર્યની બીમારી વિષે જાણતો હતો. એકબે વાર તે જાતે બીમાર વિચિત્ર-વીર્ય પાસે ગયો પણ હતો, ત્યારે વિચિત્રવીર્યે તેની સાથે વાતો પણ કરી હતી. એટલે સામાન્ય બીમારી છે એવા વિશ્વાસે ભીષ્મ નિરાંત અનુભવતો હતો.

જ્યારે સત્યવતીએ વેદનાભરી વાણીમાં વિચિત્રવીર્યની હાલત વિષે જણાવ્યું ત્યારે ભીષ્મ પણ હલબલી ઊઠયો. તેમાં પણ રાજવૈદે અંબાલિકા સમક્ષ પોતાની નિષ્ફળતા સાથે જ બીજાને બોલાવવાની સલાહ આપી હોવાની વાત જાણતાં તે પણ મૂંઝાતો હતો. હસ્તિનાપુરમાં વૈદો તો ઘણા હતા, પણ બધા જ વૈદોમાં રાજવૈદ જ વધુ કુશળ હતો. એટલે હવે કોનો આશરો લેવો તેની સૂઝ તેને પડતી ન હતી.

'ભીષ્મ! ભાઈ!' આંસુની અખંડ ધારા વહેતી કરતી સત્યવતી ભીષ્મને કહી રહી હતી. 'કોઈ પણ ઉપાયે મારા વિચિત્ર-

વીર્યની જિંદગી બચાવવી જ જોઈએ.'

'જાણું છું, મા!' ભીષ્મ પણ દ્રવી ઊઠચો હતો. તેણે વિશ્વાસ દીધો, 'બીજા વૈદને તત્કાળ લઈ આવું છું. મા, તમે શાંત રહો. ઈશ્વરની ઇચ્છા હશે તો સૌ સારું થશે.'

ભીષ્મ બીજા વૈદને પણ લઈ આવ્યો. તેણે પણ ઘણાં ઘણાં ઉપચારો કર્યા. તેને માટે પણ આ માંદગી ભાવિની ઉજ્જવળતાને પામવા માટેની એક તક હતી. જો તે વિચિત્રવીર્યને માંદગીમાંથી હેમખેમ બેઠો કરી શકે તો રાજવૈદનું સ્થાન તેને માટે નક્કી જ હતું. એ સ્થાન પામવા માટેની આ તકને સફળ બનાવવા તે પણ ઘણાં ઘણાં પ્રયત્નો કરતો. અરે! રાત્રિ પણ તે બીમાર સાથે જ ગાળતો, પણ તેનેય નિરાશ થવું પડતું. તે પણ વિદાય થયો. હવે માત્ર કોઈ ચમત્કાર થાય તો જ વિચિત્રવીર્ય સ્વસ્થ થઈ શકે. એવો કોઈ ચમત્કાર થયો જ નહિ ને વિચિત્રવીર્ય પણ વિદાય થયો.

સત્યવતીને બીજા દીકરાના અવસાનનો સખત આઘાત લાગ્યો. તેનાં સ્વપ્નાં રોળાઈ ગયાં હતાં. તેની મનોવ્યથા પણ ઘણી હતી. ભીષ્મ તેને આશ્વાસન દેતાં કહેતો, 'મા! ઈશ્વરની ગતિનો કોઈ પાર પામ્યું છે? આપણે લાચાર છીએ.'

'જાણું છું, ભીષ્મ! જાણું છું!' અશ્રુભીની આંખો સાફ કરતાં સત્યવતી દર્દભીના સ્વરે કહી રહી. 'કોઈના હક્ક, અધિકાર છીનવી લઈને પોતે તેનો ઉપભોગ ક્યાં સુધી રહેવાનો હતો? ઈશ્વરનો ન્યાય ભલે મને ન ગમે, પણ તેનો ન્યાય તો સાચો જ છે ને?'

ભીષ્મ સત્યવતીના વચનોનો મર્મ બરાબર સમજી ગયો હતો, પણ તેનો આનંદ તે માણતો ન હતો. સત્યવતીના શબ્દો તેના દિલ પર ભારે ચોંટ મારતા હોય એમ થોડીક ક્ષણો તે હલબલી ઊઠચો ને સત્યવતી પ્રતિ પ્રશ્નાર્થ દૃષ્ટિ માંડી રહ્યો.

'મા, આ તમે શો બકવાસ કરો છો?' તેણે પૂછ્યું, 'મારા

ભાઈઓએ ક્યાં કોઈનો હક્ક છીનવી લીધો હતો? તેઓ પોતે જ હક્કદાર હતા. તેમણે તેમના હક્ક ભોગવ્યા તેમાં ઈશ્વરના ન્યાયની વાત ક્યાં આવી?'

'ભીષ્મ, તું ભલે તારા છીનવાઈ ગયેલા હક્ક વિષે શાંત હો, તારા પિતાની જિંદગી કાજે તેં ભલે તારા હક્કનું બલિદાન દીધું પણ હકીકતમાં તો તારો હક્ક છીનવાઈ જ ગયો હતો ને? તું ભલે એમ માનતો ન હોય પણ લોકો તો એમ જ માને ને?'

'લોકો શા માટે એવી કલ્પના પણ કરે? ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય શાન્તનુના જ સંતાનો છે. શાન્તનુનો એ અધિકાર હતો કે પોતાનો ગાદીવારસ તેને ઠીક લાગે તેને બનાવે. તેમણે ચિત્રાંગદને ગાદીવારસ બનાવ્યો, યુવરાજપદે સ્થાપ્યો તેમાં બીજાઓ શા માટે ટિકા કરે?' બોલતાં બોલતાં ભીષ્મ પણ દ્રવી ઊઠ્યો હતો. સત્યવતી પ્રત્યે તેણે હંમેશા પૂજ્યભાવ જ રાખ્યો હતો. તેને પોતાની માતા જ માની હતી. તેની કોઈ પણ ઇચ્છાની પોતે ક્યારેય અવગણના પણ કરી ન હતી, છતાં સત્યવતીના મનમાં આવો ભાવ કેમ જાગ્યો હશે?

તેણે સત્યવતીને પ્રશ્ન કર્યો, 'મા, તમારા દિલમાં આજે આવો ભાવ કેમ જાગ્યો? મારી કોઈ ઊણપ છે? મેં તમને કદી દુભવ્યા છે, મા?' ભીષ્મ ગદ્‌ગદ કંઠે પૂછતો હતો.

ભીષ્મની હાલત જોતાં સત્યવતી પણ દ્રવી ઊઠી. તેણે ઊભા થઈ ભાંગી પડેલી હાલતમાં બેઠેલા ભીષ્મના મસ્તક પર પ્રેમાળ હાથ મૂકી તેને હૈયાધારણ દેતાં કહી રહી, 'ભીષ્મ! તમને દુભવ્યા તેનો મને ઘણો જ અફસોસ છે. તમે મારા પ્રત્યે પુત્રવત્ ભાવ જ રાખ્યો છે તે હું જાણું છું. તમે કદી પણ મારી આજ્ઞા અમાન્ય કરી નથી તે પણ હું જાણું છું. જે કાંઈ બન્યું તેનો અફસોસ કરતાં મારા મનમાં અપરાધભાવ જાગ્યો તેને હું વાચા આપું છું. તમને કોઈ દોષ દઈ શકે તેમ નથી. તમે મારા બંને પુત્રોને

બંધુભાવથી જાળવ્યા, તેમના માટે તમે ઘણાં ઘણાં પુરુષાર્થો પણ કર્યા, એ પછી મારા દિલમાં તમારા વિષે કાંઈ શંકા પણ કેમ જાગે?' તેણે આવેશમાં આવી ભીષ્મના કપોલપ્રદેશ પર ચુંબન દેતાં કહ્યું, 'હવે આજની સ્થિતિનો જ આપણે વિચાર કરવો જોઈએ. તમારી સલાહની મને ખૂબ જ જરૂર છે, ભીષ્મ!'

'સલાહ નહિ, આજ્ઞા કહો મા. તમારો ભીષ્મ તમારી આજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન નહિ કરે મા! ખાતરી છે ને?'

'હા, ખાતરી જ કેમ, પૂરતો વિશ્વાસ પણ છે, ભીષ્મ!'

'તો કહો, શું ઇચ્છો છો?'

'ઇચ્છા તો એટલી જ છે કે હવે હસ્તિનાપુરની ગાદીનો વારસ હોવો જોઈએ. બંને ભાઈઓ નિઃસંતાન ગુજરી ગયા છે એટલે આપણી સમક્ષ વિકટ સમસ્યા ઊભી થઈ છે. કુરુવંશનો વેલો વધતો જ રહેવો જોઈએ અને હસ્તિનાપુરની ગાદી સૂની ન રહેવી જોઈએ.' ને ઉદ્વેગપૂર્ણ સ્વરે બોલી, 'મને બે દીકરા ગુમાવ્યા તેનો અફસોસ છે, પણ તેના કરતાંય કુરુવંશ અને ગાદી સૂની રહે તેને વિશે વિશેષ ચિંતા છે.' ને ભીષ્મને પ્રશ્ન કર્યો, 'તમે કોઈ માર્ગ બતાવશો?'

ખભા ઊંચા કરતાં ભીષ્મે જવાબ દીધો, 'હું શો માર્ગ બતાવું મા! મને તેને વિશે વિચારવાની પણ જરૂર શી છે?'

'શું કહો છો તમે?' અચંબાભરી સત્યવતી પૂછી રહી.

'સાચું કહું છું મા! તમે બેઠાં છો પછી તમારે જ જે યોગ્ય અને વ્યાજબી હોય તે નિર્ણય કરવો જોઈએ.' ભીષ્મે કહ્યું.

'તમે મારો નિર્ણય માનશો ખરા?'

'મા, તમને હજી પણ ભીષ્મનો વિશ્વાસ નથી?' સત્યવતીના પ્રશ્નથી આઘાત અનુભવતો હોય એમ ભીષ્મે પ્રશ્ન કર્યો.

'વિશ્વાસનો પ્રશ્ન જ નથી, ભીષ્મ!'

'તો શું છે, મા?'

'વિકટ સમસ્યા છે. તેમાં તમારા સહકારની જરૂર છે.'

'સહકાર નહિ મા, તમે આજ્ઞા કરો. તેનું પાલન ભીષ્મ જરૂર કરશે.'

'તો સાંભળો, ભીષ્મ!' પૂર્ણ સ્વસ્થતા જાળવતાં સત્યવતી સહેજ ટટ્ટાર થતાં બોલી, 'હવે આ બધી જ સમસ્યાનો ઉકેલ તમે લાવી શકો છો!'

'એટલે?' સાશ્ચર્ય ભીષ્મે પૂછ્યું.

'હસ્તિનાપુરની ગાદી તમે જ સંભાળો. તમારી હતી તે તમને પાછી મળે છે. ગાદીનો વારસ જ નહિ, પણ કુરુવંશનો વેલો વધતો રહે એ માટે તમે લગ્ન કરી લો.' જાણે સહજભાવે બોલતી હોય એમ સત્યવતી ભીષ્મને કહી રહી તેણે ઉમેર્યું, 'મારી આજ્ઞા માનવી હોય તો માનો.'

સત્યવતીની આજ્ઞા સાંભળતાં ભીષ્મના રોમરોમ સળગી ઊઠ્યા. માતાની આજ્ઞાની તેમણે કદી અવજ્ઞા કરી જ નથી, પણ હવે અવજ્ઞા કરવી જ પડશે. તેનું ભારોભાર દુઃખ હોય એમ થોડીક ક્ષણો ચેતનવિહીન સ્તબ્ધપણે ઊભા રહ્યા.

સત્યવતી પણ ભીષ્મ સામે આશાભરી દૃષ્ટિ માંડી રહી હતી. બંને વચ્ચે ગંભીર શાંતિ હતી.

'બોલો, માની આજ્ઞાનું પાલન કરવા તમે ટેવાયેલા છો એટલે આ આજ્ઞાની અવગણના તો નહિ જ કરો તેવો વિશ્વાસ છે.' સત્યવતીએ શાંતિનો ભંગ કરતાં કહ્યું.

'માફ કરો મા, તમારી આજ્ઞાની અવગણના કરતાં જે પાપ મને લાગે ને પ્રતિજ્ઞાનો ભંગ કરતાં જે પાપ લાગે તેના કરતાં ઘણું હળવું હશે. એ પાપની સજા ભોગવી લઈશ, પણ પ્રતિજ્ઞાભંગ કદી નહિ થાઉં.'

'પણ કુરુવંશનો તમે અંત લાવી દેશો? હસ્તિનાપુરની ગાદી સૂની રહેવા દેશો? હસ્તિનાપુરનો કોઈ રાજા-મહારાજા નહિ હોય?

કોઈ યુવરાજ પણ નહિ હોય?' સત્યવતીનો આક્રોશ વધી પડ્યો. તેણે પૂછ્યું, 'શાન્તનુનો મોટો પુત્ર હોવા છતાં આવું દુર્ભાગ્ય સર્જાશે.' સત્યવતી જાણે હૈયાની અકળામણ ઠાલવતી હોય ને પશ્ચાત્તાપ કરતી હોય એમ બોલી, 'મહારાજા શાન્તનુ મત્સ્યગંધાના સૌંદર્ય પર મોહી પડ્યા હતા. તેનો લાભ મારા બાપે લીધો ત્યારે હું પણ અસમજ હતી. મારે પણ મહારાણી બનવું હતું એટલે બાપની હઠની હું અવગણના કરી શકી નહિ. તમે મહારાજાની ઇચ્છા પૂર્ણ કરવા બાપની શરતોનો સ્વીકાર કરી પ્રતિજ્ઞા લીધી. પણ હવે?'

વેદનાભર્યો શ્વાસ ખેંચતા બોલી, 'ભીષ્મ, તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે. તમે ગાદીત્યાગ કરીને મારા બંને પુત્રોને ગાદી દીધી. પણ કમભાગ્યે તેઓ મૃત્યુ પામ્યા. તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. હવેનો ધર્મ જુદો છે.'

'ના, મા, ના! ભીષ્મ દેવોની સાક્ષીએ લીધેલી પ્રતિજ્ઞામાંથી સહેજ પણ પીછેહઠ કરવા તૈયાર નથી. ગાદી અને લગ્ન મારા માટે જિંદગીના અંત સુધી વર્જ્ય છે, મા!'

સત્યવતી સમક્ષ મસ્તક નમાવી દીનભાવે ભીષ્મ બોલતો હતો. 'મા, મને ક્ષમા કરો. તમારી આજ્ઞાની અવગણના કરતાં મને ખૂબ દુઃખ થાય છે. મા, પ્રતિજ્ઞાભંગ થઈ હું રાજવૈભવ ભોગવવા ઇચ્છતો નથી.'

સત્યવતી નિઃશબ્દ સ્તબ્ધ હતી.

ભીષ્મ બે હાથ જોડી સત્યવતીની ક્ષમા માંગતા ઊભા હતા.

# ૧૦

ભીષ્મના અણનમ નિર્ણયે સત્યવતીની મૂંઝવણ વધારી દીધી. તેનું મન પશ્ચાત્તાપની અગનજ્વાળાઓમાં શેકાતું હતું. શાન્તનુ સાથેનું તેનું લગ્ન આવી ગંભીર સમસ્યામાં પરિણમશે તેની તેને કલ્પના પણ ક્યાંથી હોય? તેના બાપની તેના ભાણ્યા હસ્તિનાપુરના રાજા થાય તેવી પ્રબળ ઇચ્છા પૂર્ણ પણ થઈ, પણ આજેય બંને પુત્રો જુવાનજોધ વયે અવસાન પામ્યા. તેના બાપની મુરાદ ભલે પૂર્ણ થઈ, પણ કેટલી વિકટ સમસ્યા પેદા થઈ?

તેણે ભીષ્મને સમજાવવા મંત્રીને પણ આગ્રહ કર્યો. તેની નજરમાં ગાદીપતિ અને ગાદીવારસનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો હતો. જો બંને પુત્રોમાંથી કોઈને પણ પુત્ર હોત તો એ ગાદીવારસ પુખ્ત વયનો થાય ત્યાં સુધી ગાદી સંભાળવાની જવાબદારી ભીષ્મ પર મુકતા ને ભીષ્મ તે અદા પણ કરત, પણ બંને પુત્રોને કોઈ સંતાન જ ન હતું.

'તમે ભીષ્મ પર દબાણ કરો, મંત્રી!' સત્યવતી આર્દ્રસ્વરે મંત્રીને વિનવતી હતી. તેનું હૈયું ભરાઈ આવ્યું હતું. તેણે દર્દ-ભર્યા સ્વરે કહ્યું, 'મંત્રી, હસ્તિનાપુરની ગાદી અને કુરુવંશની વેલ જો અટકી પડશે તો તેને માટે જવાબદાર સત્યવતી જ હશે. હું જ દુર્ભાગી આજની સમસ્યાના મૂળમાં છું, મંત્રીજી!'

સત્યવતીની મનોવેદનાની આર્દ્ર વાણીથી મંત્રી પણ હલબલી ઊઠયો હતો. ભીષ્મના દૃઢ મનોબળથી તે પરિચિત હતો. ભૂતકાળમાં

તેને ભીષ્મ સાથે જે વિવાદ થયો હતો તેમાં તેને ભીષ્મના અણનમ વલણનાં દર્શન થયાં હતાં.

તેણે કહ્યું, 'તમારી આજ્ઞા પ્રમાણે હું ભીષ્મને સમજાવવાનો પ્રયત્ન કરીશ. પણ મને શંકા છે, ભીષ્મ મને દાદ દેશે નહિ!'

'જાણું છું, છતાં પણ તમે પ્રયત્ન તો કરો. બીજાને કારણે નહિ, પણ હસ્તિનાપુરની પ્રજાને કારણે ભીષ્મે પ્રતિજ્ઞાનો આગ્રહ છોડી દેવો જોઈએ. હું તેમને પ્રતિજ્ઞાબંધનમાંથી મુક્ત કરું છું પછી પ્રતિજ્ઞાને વળગી રહેવાની જરૂર નથી.'

ભીષ્મને સમજાવવા મંત્રીને મોકલ્યા છતાં સત્યવતીને ખાતરી હતી કે ભીષ્મ તેની પ્રતિજ્ઞામાંથી ચલિત થશે જ નહિ. તે ચિંતામાં પડી જતી. પોતાની જાતને જ ફિટકાર દેતી હોય એમ બોલતી, 'કુરુવંશનો અંત સત્યવતી તારા પાપે જ આવશે ને? હતભાગિની. તું જ હસ્તિનાપુરની ગાદીને પણ સૂની રહેવા દઈશ ને?'

સત્યવતીની આંખમાંથી સતત અશ્રુધારા વહેતી હતી. ખુદ ભીષ્મ સામે વાત કરતાં પણ તેના હૈયાનાં વલોણાંમાંથી આંસુ વહેતાં હતાં.

માની હાલત જોઈ ભીષ્મ પણ હલબલી ઊઠતો હતો. સત્યવતીની ચિંતાને પણ સમજતો હતો. બે ભાઈઓ નિઃસંતાન વિદાય થયા પછી હવે વંશ અને ગાદી બંનેના પ્રશ્નો ગંભીર હતા, પણ પોતે શું કરી શકે તેમ હતો? પ્રતિજ્ઞાનાં બંધન તોડવા તે તૈયાર ન હતો. કોઈ પણ પ્રલોભનને વશ થઈ દેવોની, ધરતીની, સૂરજની સાખે લીધેલી પ્રતિજ્ઞા કેમ તોડી શકાય?

'તો માનું દિલ દુભાતું હોય તેનો કોઈ ઉપાય પણ નહિ?' ભીષ્મના મનમાં પણ પ્રશ્ન ઊઠતો હતો, પણ તેનો કોઈ જવાબ તેને મળતો ન હતો. પોતે અસહાય હતો. માએ પણ હવે તેને આગ્રહ કરવો ન જોઈએ.

તેણે મંત્રીને પણ પોતાની પ્રતિજ્ઞામાં માની ગમે તેટલી છૂટ

મૂકવા તૈયાર હોય પણ પોતે લડવા તૈયાર નથી. એમ સ્પષ્ટપણે જણાવી દીધું. મંત્રી પણ ગમગીન હતો. તેને આ વિમાસણભરી સ્થિતિનો કોઈ ઉકેલ જણાતો ન હતો.

'તો હવે શું થશે ભીષ્મ?' મંત્રીએ પ્રશ્ન કર્યો, 'તમે મહારાજા શાન્તનુના પુત્ર મોજુદ છો, છતાં વંશનો અંત આવશે? આ સૂની ગાદી પર કોઈ બીજો આક્રમણ કરી તેના પર બિરાજશે તે તમારા માટે ઠીક ગણાશે? ભાવિનો ઇતિહાસકાર પણ તમારી જિદ્દ માટે તમને જવાબદાર નહિ ગણે?' મંત્રી પણ ભીષ્મને આ આફતની સ્થિતિમાં હઠ છોડવા સમજાવતો હતો. બોલતાં બોલતાં તે પણ ગદ્‌ગદ થઈ ગયો હતો. તેણે કરુણામિશ્રિત સ્વરે ઉમેર્યું, 'તમારો હઠાગ્રહ હસ્તિનાપુરની પ્રજાનો દ્રોહ કરવા જેવો છે. હજી પણ સમજો ભીષ્મ!' ને ભય વ્યક્ત કરતાં કહ્યું, 'ચિત્રાંગદને હાથે પરાજિત થયેલાં રાજવી પણ હવે હસ્તિનાપુરને સહેલાઈથી જીતી શકશે ને? પેલો શાલ્યરાજ પણ તેના અપમાનનો બદલો લેવા હસ્તિનાપુર પર ધસી આવશે તો? સાવ આસાનાથી તેઓ હસ્તિનાપુરનો કબજો પ્રાપ્ત કરી શકશે.'

દ્રવી ઊઠેલાં દિલે મંત્રીએ ભીષ્મને છેલ્લી પ્રાર્થના કરી: 'હજી સમજો, હસ્તિનાપુરની જનતા પણ તમને જ ગાદીનશીન જોવા માગે છે.' ને પૂછ્યું, 'પ્રજાની ઇચ્છાની પણ તમે અવગણના કરી શકશો?'

મંત્રી કરુણાસભર શબ્દો ઠાલવતો હતો. તેના દિલની આરઝુ વ્યક્ત કરતો હતો. ભીષ્મનું દિલ પણ મંત્રીની દલીલથી દ્રવી જતું હતું. મંત્રીની દલીલમાં ઘણું તથ્ય હતું. સૂની ગાદી પર હકૂમત જમાવવા હસ્તિનાપુર પર કોઈ પણ આક્રમણ કરી શકે છે ને સહેલાઈથી તેને સફળતા પણ મળે તેમ છે. પોતે જીવતો છે, ગમે તેવા બળવાન શત્રુનો મુકાબલો કરવાની તાકાત પણ પોતાનામાં છે. પણ તે કોને મદદ કરે? લશ્કરની દોરવણી પોતે શી રીતે કરી

શકે? લશ્કર પણ તેની આજ્ઞાનો સ્વીકાર કેમ કરે? પોતે લશ્કરને આજ્ઞા દેનાર કોણ હતો?

ભીષ્મ પણ હતાશામાં સરી પડ્યો હતો. શૂન્યમનસ્ક મંત્રી સામે સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાં બેઠો હતો. આંખનાં પોપચાં પણ હળી પડતાં ન હતાં.

મંત્રી હવે ભીષ્મનો આખરી જવાબ સાંભળવા ઉત્સુક હતો. જોકે તેને ભીષ્મનો જવાબ શો હશે તેની ખબર હતી, પણ ભીષ્મ પર પોતાની દલીલોની કોઈ અસર થઈ છે કે નહિ તે જોવાની તેની ઇચ્છા પણ હતી.

આખરે ભીષ્મ મંત્રીની દલીલો સામે પોતાની અણનમ સ્થિતિ વિષે સ્પષ્ટતા કરતાં ગમગીન અવાજે બોલ્યા, 'મંત્રીજી, તમારી દલીલોમાં પણ ઘણું તથ્ય છે.'

'બસ, તો હવે સ્વીકાર કરો ને આજની વિમાસણભરી સ્થિતિનો અંત લાવો!' ભીષ્મ તેનું વાક્ય પૂરું કરે તે પહેલાં વચ્ચે જ મંત્રી ઉત્સાહઘેલો બનીને બોલી ઊઠ્યો. તેણે ઉત્સાહના આવેગમાં પોકાર કર્યો, 'મહારાજા ભીષ્મનો જય.' ને ફરીથી જયઘોષ કરવા ઉતાવળો હતો, પણ ભીષ્મે તેને અટકાવ્યો.

'સબૂર, મંત્રીજી!' ભીષ્મે કહ્યું, 'ભીષ્મ તેની પ્રતિજ્ઞામાં મક્કમ છે. બાંધછોડને કોઈ જ અવકાશ નથી.'

મૂંઝવણમાં પડી ગયેલાં મંત્રીએ પૂછ્યું, 'તો વંશ ને રાજ્ય બધું જ જવા દેવા માંગો છો તમે?'

'ના, વંશ અને રાજ્યની સેવા કરવા ભીષ્મ સદા તૈયાર હશે, પણ પોતાની પ્રતિજ્ઞામાંથી કોઈ લાલચને વશ થઈ કદી પણ ચલિત નહિ થાય.'

'જેવી આપની મરજી!' હતાશાભર્યો મંત્રી હાથ ખંખેરી ઊભો થયો. ભીષ્મની વિદાય લઈ સીધો સત્યવતીના મહેલે પહોંચ્યો.

મંત્રીના ચહેરા પરની ઉદાસીનતા જોતાં સત્યવતી મંત્રીની

નિષ્ફળતા વિષે સમજી ગઈ હતી. તે સ્વગત બબડી, 'ભીષ્મ ભારે હઠીલો છે. તેના બાપનું રાજ્ય જશે, તેના બાપનું નામ પણ રહેશે નહિ. તેની પણ તેને ચિંતા હોય એમ જણાતું નથી.'

મંત્રી તેને કાંઈ પણ જણાવે તે પહેલાં સત્યવતીએ પ્રશ્ન કર્યો, 'ખાલી હાથે જ પાછા ફર્યા છો ને મંત્રી?' ને બોલી, 'હું જાણતી જ હતી, ભીષ્મના હઠાગ્રહને કોઈ પણ દૂર કરી શકે તેમ નથી.' ને નિસાસો નાંખતા બોલી, 'તો કુરુવંશનો અંત ભલે આવે ને આ રાજ્ય પણ ભલે બીજાના હાથમાં જાય.' પોતાની લાચારી વ્યક્ત કરતાં બોલી રહી, 'હું શું કરી શકું મંત્રીજી?'

મંત્રી પણ શો જવાબ દે?

'જેવી પ્રભુની ઇચ્છા!' મંત્રીએ જવાબ દીધો. ને કહ્યું, 'હજી પણ ભીષ્મને સદ્‌બુદ્ધિ સૂઝે તો સારું નહિ તો—'

મંત્રી તેનું વાક્ય પૂરું કરે તે પહેલાં સત્યવતી બોલી ઊઠી, 'ના, કુરુવંશનો અંત નહિ આવવા દઉં, મંત્રીજી! ગાદી પર કોઈ પરદેશી રાજવી ગોઠવાય તે પણ કદી બનશે નહિ.' બોલતાં બોલતાં સત્યવતીના મનનો આવેગ વધી પડ્યો હતો. તેણે કહ્યું, 'ભીષ્મના પગમાં પડી હું મારા બાપની ભૂલ માટે ક્ષમા માંગીશ, પણ વિનાશ થવા નહિ દઉં.' તેણે વહી ગયેલાં આંસુથી ભીની થયેલી આંખો સાફ કરતાં કહ્યું, 'જો વિનાશની સ્થિતિ કાયમ રહેશે તો સત્યવતી પ્રાણત્યાગ કરશે.'

મંત્રી સત્યવતીના ઇરાદાથી હલબલી ઊઠ્યો. તેણે કહ્યું, 'ના, ના, મહારાણી આવો કોઈ વિચાર મનમાં ન લાવતાં. હસ્તિનાપુરની ગાદીના પુણ્ય હજી પરવાર્યા નથી.' ને વિશ્વાસ વ્યક્ત કર્યો, 'કોઈ ને કોઈ માર્ગ જરૂર મળી આવશે.'

મંત્રીની વિદાય પછી સત્યવતી પણ વિચાર ચકરાવે ઘૂમતી હતી. ફરી ફરીને ભીષ્મની સહાયતાની તેને આવશ્યકતા જણાતી હતી.

તો ભીષ્મની મનોદશા પણ એવી જ હતી. મંત્રીની દલીલોમાં

રહેલાં તથ્યનાં દર્શન તેની નજર સમક્ષ ઊપસી રહ્યા હતા. તેનાં અંગો ધ્રૂજતાં હતાં. સત્યવતીની સ્થિતિથી પણ તે ચિંતાતુર હતો. ભારે વિમાસણમાં મુકાયેલી સત્યવતી કોઈ અનિષ્ટ પગલું ભરી બેસે નહિ તેની ચિંતાથી પણ તે પિડાતો હતો.

તે એકદમ સત્યવતીના મહેલે પહોંચી ગયો ત્યારે ખિન્નતામાં સરી પડેલી સત્યવતી સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાં બેઠી હતી. તેના ખુલ્લા નયનો દીવાલ પ્રતિ મંડાયા હતા. કદાચ દીવાલ પર ભાવિનાં દશ્યો અંકિત થતા હશે.

અસ્વસ્થ હાલતમાં બેઠેલી સત્યવતી પ્રત્યે થોડી ક્ષણો અપલક નજરે જોઈ રહ્યા પછી તેણે સત્યવતીને ભાનમાં લાવવા સાદ દીધો, 'મા, તમે આમ કેમ થઈ ગયાં છો ?'

સત્યવતી જાગ્રત થઈ. તેની નજર સમક્ષ ભીષ્મ ઊભો હતો. તેની કીકીઓમાં આશ્ચર્ય જાગ્યું.

'કોણ ભીષ્મ ?'

'હા, મા, તમારી હાલત જોઈ શકતો નથી.'

'તો તેનો ઉપાય કર ભીષ્મ! કુરુવંશનો વેલો વધતો જ રહે તેવો માર્ગ અપનાવ.'

'મા, હું શું કરું ! તમે જાણો છો કે હું પ્રતિજ્ઞાબદ્ધ છું.'

'જાણું છું ને મારા બાપની ભૂલ માટે પસ્તાવો પણ કરું છું. તમે કેમ સમજતા નથી ?'

'મા, હવે ભીષ્મને જવા દો. બીજો માર્ગ શોધો.' દીનભાવે ભીષ્મે કહ્યું, 'ભીષ્મ તેની પ્રતિજ્ઞામાંથી પીછેહઠ કરવા તૈયાર નથી. તમે બંધનમુક્ત કરવા તૈયાર છો. એ માતાના દિલની નિજ સંતાન પ્રત્યેની ઉદારતા છે એ જાણું છું મા !'

'ભલે, હવે બીજો માર્ગ શો છે ? તમે કોઈ માર્ગ બતાવી શકશો ખરા ?'

ભીષ્મ ઊંડા વિચારમાં પડી ગયો હતો. તેને કોઈ માર્ગ

સૂઝતો ન હતો. સત્યવતી પણ વિચારણામાં ગરક હતી. બંનેના નિરાશાભર્યાં નેનાં ક્યારેક ટકરાતા ત્યારે ભીષ્મનાં નેનાં ઢળી પડતાં.

નિરવતા, સ્તબ્ધતા ને ગમગીન વાતાવરણમાં વીજળીનો ઝબકારો થયો હોય એમ સત્યવતી બોલી ઊઠી, 'હવે એક જ માર્ગ મને સૂઝે છે.'

'તો અમલ કરો, આજ્ઞા કરો મા!'

'પણ તમે માન્ય રાખશો, ભીષ્મ?'

'વાહ, તમે જે માર્ગ બતાવશો તે વંશ ને રાજ્યના ભલા માટે જ હશે ને? પછી મારે સ્વીકારવો જ જોઈએ.' ભીષ્મ હૈયાધારણ દેતાં પૂછી રહ્યો, 'કહો શો માર્ગ છે?'

'માર્ગ છે, વંશ અને ગાદી પર કુરુવંશનો જ કુમાર ગોઠવાઈ એ જરૂરી છે. એટલે મને વિચાર આવે છે નિયોગનો માર્ગ જ હવે સ્વીકારવો પડશે.'

'નિયોગ?' ભીષ્મ જાણે નિયોગ શબ્દ સાંભળતાં છળી ઊઠયો હોય એમ પૂછી રહ્યો, 'પરપુરુષ સાથેનો પુત્રવધૂઓનો દેહસંબંધ?' તેણે પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું, 'મા, તમે આ શું બોલો છો?'

'હા, હું બોલું છું.' સત્યવતીએ સ્વસ્થતાપૂર્વક જ જવાબ દીધો. નિયોગ સિવાય બીજો કોઈ વિકલ્પ છે ખરો? સિવાય કે ભીષ્મ તૈયાર થાય તો? પણ ભીષ્મ તૈયાર નથી. કુરુવંશ ને ગાદી બંને જાળવવા છે એટલે નિયોગ દ્વારા સંતાનપ્રાપ્તિનો માર્ગ અનિવાર્યપણે સ્વીકારવો જ પડશે.'

પોતાની લાચારી વ્યક્ત કરતાં ભીષ્મે જવાબ દીધો, 'જેવી માની ઇચ્છા!'

'ના, માની ઇચ્છાની આ વાત નથી ભીષ્મ!' ઉગ્રતાથી સત્યવતી બોલી ઊઠી, 'મારી ઇચ્છાની વાત નથી, આપણા સૌની ઇચ્છાની વાત છે. હવે તમારે જ દોર પકડવાનો છે, ભીષ્મ!'

ભીષ્મ વિષેનો પોતાનો અહોભાવ ઠાલવતાં સત્યવતી બોલી, 'મહારાજા શાન્તનુએ જ્યારે તમારા વિષેનો અહોભાવ પ્રથમ વખત મારી સામે ઠાલવ્યો ત્યારે હું શંકાશીલ હતી. મને તમારો ભય પણ હતો, વિશ્વાસ ન હતો. મહારાજાના અવસાન પછી તમે પ્રતિજ્ઞાનો ભંગ કરી ગાદી પર ગોઠવાઈ જશો એવો અવિશ્વાસ પણ હતો. વર્ષોના અનુભવ પછી, ને તેમાં પણ મહારાજાના અવસાન પછી તમે ચિત્રાંગદ અને વિચિત્રવીર્યને ગાદી પર બેસાડ્યા, તેમના લગ્ન માટે શાલ્યની રાજકુમારીઓનું અપહરણ કરીને ભારે સાહસ ખેડ્યું તેથી મારો વિશ્વાસ અનેકગણો વધી ગયો છે. હવે સત્યવતી તમારી સલાહ પર ચાલશે, ખાતરી રાખજો.'

'ખરું પણ—' સત્યવતીના મનોભાવ જોયા પછી તેની વાતનો સ્વીકાર કરતાં ભીષ્મ પૂછી રહ્યો.

'પણ નિયોગ માટે કયો પુરુષ તમે પસંદ કરવા માંગો છો?'

'હા, પ્રશ્ન જરૂર વિચારણીય છે, પણ તેનોય જવાબ પ્રાપ્ત થશે જ ને?'

'અંબિકા અને અંબાલિકાને તમારી વાત મંજૂર હશે?'

'તેમની મંજૂરીની જરૂર નથી.'

'ભીષ્મ તેમનું કર્તવ્ય તેમને સાદ દઈ કહી રહ્યો છે એટલે તેઓ જરૂર તૈયાર થશે.' સત્યવતીએ વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું, 'આખરે તેમના ખોળામાં તેમના સંતાન રમતા હશે ત્યારે પૂર્ણ રીતે તેઓ પણ ખીલી ઊઠશે.'

'ભલે, તો તમે હવે નિર્ણયને અમલમાં મૂકવાની તૈયારી કરો.'

'તમારા સહકાર વિના એ શક્ય નથી.'

'મારો સહકાર એટલે?' સત્યવતીના ઇરાદાનો જાણે અણસાર મળી ગયો હોય એમ ભીષ્મ ધ્રૂજી ઊઠ્યો. તેણે ધ્રૂજતા સ્વરે પ્રશ્ન કર્યો.

'પણ તમે ધ્રૂજી કેમ ઊઠ્યા?'

'તમારો અણસાર હું પામી ગયો છું, મા!' ધ્રુજતા સ્વરે

ભીષ્મ બોલી રહ્યો, 'ના, મા, ના. એવી કલ્પના પણ કરશો નહિ.'

સત્યવતી ભીષ્મના ધ્રૂજતા દેહ સામે જોઈને ખડખડાટ હસી પડી. ભીષ્મ અચંબાથી તેના હાસ્યને જોતો હતો, પ્રાર્થતો હતો, 'તમે મને પાપમાં નાખશો નહિ, મા.'

'પાપ કે તાતી જરૂરિયાત?'

'જરૂરિયાત તાતી ભલે હોય, તમે તમારા નિર્ણયનો અમલ ભલે કરો, પણ મારે માટે તો તમારી કલ્પના ભારોભાર પાપ સમાન છે.' કાકલૂદી કરતો હોય એમ બોલ્યો, 'મારા માટે કોઈ અમંગલ વિચાર કરશો જ નહિ, મા!'

'પાપ નથી, આપદ્‌ધર્મ છે ભીષ્મ!' સત્યવતી અતિ ગંભીરતાથી કહી રહી, 'તમે મોટાભાઈ છો એટલે અંબિકા અને અંબાલિકા પણ તૈયાર હશે. વળી હસ્તિનાપુરની ગાદીનો વારસ તમારા જેવો પરાક્રમી હોવો જોઈએ, ખરું ને?'

સત્યવતીના શબ્દે શબ્દે ભીષ્મ ધ્રૂજતો હતો. તેણે ફરીથી દર્દભીના સ્વરે કહ્યું, 'ના, મા, ના. એવો અનર્થ આચરશો નહિ.'

'આમ પ્રતિજ્ઞાભંગ તો થતો નથી ને?' સત્યવતી પૂછી રહી, 'આ કયાં લગ્ન છે? વંશ અને રાજ્ય માટે તમે કુરબાની આપી રહ્યા છો એમ સમજો ને?'

'મારે કાંઈ સમજવું નથી, મા!'

'તો તમારા જેવો પરાક્રમી બીજો કોઈ બતાવો?' સત્યવતીએ પ્રશ્ન તો કર્યો પણ તરત જ શંકા વ્યક્ત કરી, 'બીજો તૈયાર થશે ખરો?'

'મને તેની કોઈ જાણકારી નથી, મા!' ભીષ્મે કહ્યું, 'પણ મને સંડોવશો નહિ.'

'સંડોવતી નથી, તમને આપદ્ ધર્મ અદા કરવા વિનંતી કરું છું.'

'વિનંતી? ના, મા, વિનંતી ન કરો.'

'તો શું કરું ભીષ્મ! તમને આજ્ઞા કરી શકતી નથી એટલે હવે તમને વિનંતી કરવા સિવાય બીજો કોઈ માર્ગ હોય તો બતાવો.' સત્યવતીના શબ્દોમાં દર્દ હતું. તેને પોતાને પણ કાંઈ સમજાતું ન હતું. કેવી વિમાસણભરી સ્થિતિ પેદા થઈ હતી? તે મનોમન પોતાની જાતને જ ઠપકારતી હતી.

'મા, તમે મને શા માટે સમજતા નથી?'

'સમજું છું ભીષ્મ, તમને તમારી પ્રતિજ્ઞાનું ભૂત મારી સીધી-સાદી વાત સમજવા દેતું નથી.' સત્યવતી કહી રહી. ફરી ભીષ્મને સમજાવવાનો પ્રયત્ન કરતી હોય એમ બોલી, 'નિયોગમાં તમે જ સામેલ થાવ તો કુરુવંશની જ ઓલાદ પેદા થશે. વારસાગત સંસ્કારો પણ હશે.'

ઘણાં ઘણાં પ્રયત્નો છતાં ભીષ્મ ભાઈઓની પત્ની સાથે નિયોગમાં સામેલ થવા તૈયાર થયો નહિ. તેમની દલીલમાં ઘણું જ તથ્ય હતું. તેઓ કહેતાં, 'મારા નાના ભાઈની પત્નીઓ મારે માટે કાં તો બહેન હોય યા દીકરી હોય, મા! તેમની સાથે મારો વ્યવહાર ન હોય. એવો પાપાચાર મારાથી આચારી શકાય પણ નહિ.'

સત્યવતી હવે ભીષ્મને કાંઈ પણ કહી શકે તેમ ન હતી. ભીષ્મ જ તેના ભાઈઓ માટે રાજકુમારીઓને ઉઠાવી લાવ્યો હતો, ત્યારે તેનો વ્યવહાર દીકરીઓ પ્રત્યે જેવો વ્યવહાર હોય તેવો હતો. ત્રણે રાજકુમારીઓને તેમણે જે આશ્વાસન દીધું, વિશ્વાસ દીધો એ બધું વાત્સલ્યપૂર્ણ હતું. આ તર્ક સાથે જ સત્યવતીએ હવે ભીષ્મની સાથે કોઈ દલીલબાજીમાં ઊતરવાનું મૂકી દીધું હતું.

તે ખૂબ ચિંતિત હતી. શાન્તનુનો વંશવેલો અહીંથી અટકી જાય એ તેને ગમતું ન હતું. તેને માટેની પોતાની જવાબદારી વિષે પણ તે સભાન હતી. શાન્તનુ જો તેના મોહપાશમાં જકડાયો ન હોત, તેણે પોતે જ શાન્તનુને ભૂલી જવાનો પ્રયત્ન કર્યો હોત, સ્પષ્ટપણે નન્નો સંભળાવી દીધો હોત તો આજની વિષમતા પેદા

થઈ ન હોત.

'પણ હવે શું?' અફસોસ કરતાં સત્યવતી તેની જાતને પૂછતી હતી, 'કોઈ માર્ગ તો શોધવો જ પડશે ને?'

તે દિવસો થયા ખૂબ મૂંઝવણમાં હતી. તેની દૃષ્ટિમર્યાદામાં ઘણાં ઘણાં ઉપસ્થિત થયા પણ તે કોઈને પસંદ કરી શકતી ન હતી. નિયોગ દ્વારા પેદા થયેલા સંતાન પર પિતા તરીકેનો પોતાનો હક્કનો દાવો કરે તો વળી વધુ મુસીબત પેદા થાય. એક તો બંને રાણીઓની પ્રતિષ્ઠા જોખમાય. તેમણે નિયોગ દ્વારા સંતાન પેદા કરીને કુરુવંશની ભારે સેવા કરી છે. એ ભૂલી જઈને લોકો તેમની નિંદા કરવા બેસી જાય એટલે એવા કોઈ ઝંઝાવાતમાં પોતે સંડોવવા માંગતી ન હતી.

'તો હવે?' ચિબુક પર આંગળી મૂકી દૂર દૂર સુધી નજર નાખતી સત્યવતીના મનમાં પ્રશ્ન ઊઠતો હતો, 'નિયોગ માટે તે પુત્રવધૂઓને તો સમજાવી શકાશે, પણ સર્વથા યોગ્ય પાત્ર મળવું મુશ્કેલ હતું.'

કાળાં વાદળોમાં જેમ વીજળી ચમકીને ક્ષણ માટે ચોપાસ પ્રકાશ પથરાઈ જાય તેમ સત્યવતીના મનોપ્રદેશમાં વીજ ચમકી. તેને વેદવ્યાસનું નામ યાદ આવ્યું. તેની સાથે જ તેના રોમરોમ પુલકિત બની રહ્યા.

'સર્વથા યોગ્ય પસંદગી છે.' હર્ષભરીને મન સાથે વાતો કરવા લાગી. તેની સાથેના સંબંધથી જે પુત્રો પેદા થશે તે પણ તેના જેવા જ પ્રભાવશાળી હશે. જેમ જેમ વેદવ્યાસની પસંદગી વિષે તે વધુ ને વધુ વિચારતી ગઈ તેમ તેમ તેનો હર્ષ વધતો જ ગયો.

તેણે ભીષ્મની મંજૂરીની ઇચ્છાથી તત્કાલ ભીષ્મને તેડું મોકલ્યું. આખરે તેને સલાહ આપી શકે તેવી બીજી કોઈ વ્યક્તિ હતી જ ક્યાં? ભીષ્મ વિષેની તેની શ્રદ્ધા, તેનો વિશ્વાસ અનેકગણો હતો એટલે આવી નાજુક બાબતમાં ભીષ્મની સલાહ જરૂરી હતી. ભીષ્મે

નિયોગની તેની દરખાસ્તનો વિરોધ કર્યો હતો. તેને નિયોગમાં પાપાચાર જણાતો હતો, પણ નિયોગનો આશરો લેનાર તે પહેલી જ ન હતી. ભૂતકાળમાં પણ જ્યાં અનિવાર્યપણે જરૂરી જણાયું ત્યાં તેનો સહારો લઈ દીધો તો પ્રકાશ જાળવ્યો છે. તેને એની પણ જાણ હતી કે આર્યલોકમાં જ્યારે લગ્નનો રિવાજ ન હતો, ને સ્ત્રી-પુરુષ નિરંકુશ ફરતાં હતાં એટલે એક ઋષિના આશ્રમમાંથી ઋષિ, તેની પત્ની ને તેમનો પુત્ર ત્રણે બેઠાં હતાં. ત્યાં બહારથી ધસી આવેલા એક બીજા ઋષિ ઋષિપત્નીનું કાંડું પકડી વિદાય થયો એટલે નિયોગની પ્રથા અકારણ અસ્તિત્વમાં નથી આવી.

ભીષ્મ તેની સમક્ષ અદબથી ઊભો હતો. જ્યારે તેને બોલવવા સેવક તેની સમક્ષ ઉપસ્થિત થયો ત્યારે ભીષ્મના મનમાં તરંગો ઊઠતા હતા, 'માને કોઈ માર્ગ જડ્યો જ હશે.'

તે સેવકની સાથે જ સત્યવતીના મહેલમાં પહોંચી ગયો. તે પણ માના ઇરાદા વિષે જાણવા ઉત્સુક હતો.

'મા, આપે મને બોલાવ્યો?'

'હા, ભીષ્મ. મારા મનમાં એક વિચાર ઉદ્ભવ્યો છે તેને વિષે તમારી સલાહની જરૂર છે.'

'તમે જે નિર્ણય કરો તે વ્યાજબી જ હશે, મા! મારી સલાહની જરૂર પણ શી છે?'

'ભીષ્મ, આ મહેલમાં મને સલાહ આપે તેવી કોઈ વ્યક્તિ છે ખરી? જે ગણો તે તમે જ છો. તમારી સલાહ વિચારપૂર્ણ હોય છે એટલે તમારી સલાહ વિના હું કોઈ નિર્ણય લઈ શકતી નથી.'

'આપનો વિશ્વાસ હું પામી શક્યો છું તેનો મને અનહદ આનંદ છે, મા!' ભીષ્મ આભારવશ કહી રહ્યો ને પછી પૂછ્યું, 'ફરમાવો, શી વાત છે?'

'ભીષ્મ, વાત જરા ગંભીર છે. એ સાથે મને આનંદ પણ છે.'

'તો જરૂર અમલમાં મૂકો.'

'તમારી સલાહ વિના તો કોઈ નિર્ણય હું કરતી નથી એ તો તમે જાણો છો ને?'

'જાણું છું મા!' ભક્તિભાવે ભીષ્મે જવાબ દીધો, 'હવે વાત મૂકો. તમારી વાતમાં ઘણું જ તથ્ય હશે તેવો મારો વિશ્વાસ પણ છે, મા!'

આખરે સત્યવતી પણ ભીષ્મ સમક્ષ દિલના ભાવો વ્યક્ત કરવા તૈયાર થઈ. તેણે ગંભીરતા ધારણ કરતાં કહ્યું, 'કુરુવંશની કૂચ અટકી ન જાય, તે સતત ચાલુ રહેવી જ જોઈએ એમ તો તમે પણ સ્વીકારો છો.'

'હા, જરૂર. તમારી વાત બરાબર છે.'

'સાથે જ મારા પતિનું નામ પણ ગાજતું રહેવું જોઈએ એવા પરાક્રમી સંતાનની જરૂર પણ છે જ ને?'

'જરૂર છે જ, પણ તે પ્રાપ્ત કરવાનો પ્રશ્ન જ મહત્ત્વનો છે. તમે જ સૂચવો છો તેમ નિયોગ માટે પરાક્રમી સંતાન આપી શકે એવા પુરુષના સહકારની જરૂર છે જ ને?'

'મને સર્વથા યોગ્ય પુરુષની સ્મૃતિ થઈ છે.'

'કોણ છે? કહો તો ખરા?' સત્યવતીની સ્પષ્ટતા પછી સર્વથા યોગ્ય વ્યક્તિ વિષે જાણવા ભીષ્મ ઉત્સુક બન્યો.

'વેદવ્યાસ.' સત્યવતીએ સ્પષ્ટતા કરી.

'વેદવ્યાસ!' સાશ્ચર્યપૂર્વક ભીષ્મ પૂછી રહ્યા.

'હા, તે સર્વથા યોગ્ય વ્યક્તિ છે જ ને?'

'જરૂર, તેમની યોગ્યતા વિષે કોઈ પ્રશ્ન જ નથી. પણ તેઓ તૈયાર થશે? તેઓ તો વેદોના શાસ્ત્રના દાતા છે. તેઓ નિયોગને અધર્મ નહિ માને?' ભીષ્મે શંકા વ્યક્ત કરતાં પૂછ્યું, 'તમે તેમને સમજાવી શકશો?'

'હા, ભીષ્મ!' સત્યવતીના ચહેરા પર મક્કમતા હતી. તેની આંખોમાં પણ ઉજાસ હતો. તેણે વધુમાં કહ્યું, 'ભીષ્મ, તમે

જેમ મારા દીકરા છો, તેમ વેદવ્યાસ પણ મારો દીકરો છે.' સત્યવતીએ ઘટસ્ફોટ કરતાં કહ્યું, 'તમે મારા પતિના પુત્ર છો એ નાતે હું તમારી માતા છું. તમે મને મા તરીકે સન્માનો છો, મારી આજ્ઞાનું પાલન કરો છો છતાં હું તમારી જનેતા નથી.'

'વેદવ્યાસ ?' ભીષ્મે પૂછ્યું.

'વેદવ્યાસની જનેતા હું છું ભીષ્મ !' સત્યવતીએ વધુ ઘટસ્ફોટ કરતાં કહ્યું, 'યૌવનના ઉન્માદની એ યાદ મૂર્તિ જ સમજો ને !'

'પછી તમારી સાથે કેમ નથી રહેતાં ?'

'હું તેને મારી પાસે રાખી શકતી ન હતી.' સત્યવતીએ સ્પષ્ટ કરતાં કહ્યું, 'વિશ્વામિત્રથી મેનકાને સંતાન થયું, પણ મેનકા તેને પોતાની સાથે લઈ ગઈ હતી ? તેના પિતા વિશ્વામિત્રને હવાલે કરી તે વિદાય થઈ હતી. વિશ્વામિત્રે તેનો ઉછેર પણ કર્યો હતો ને ?'

'તો હવે ?'

'હું તમને સમજાવવામાં નિષ્ફળ ગઈ છું, પણ વેદવ્યાસને સમજાવી શકીશ. મને ખાતરી છે કે વેદવ્યાસ તેની માતાની ઇચ્છાની કદી પણ અવગણના નહિ કરે.' સત્યવતીએ વેદવ્યાસ વિષેનો પોતાનો વિશ્વાસ કરતાં કહ્યું, 'મારી ઇચ્છા આ નિયોગ વિષેની ઘટના ગુપ્ત રહે તેવી હોય. વેદવ્યાસને લઈ આવવા તમને મોકલવા માગું છું.'

'પણ વેદવ્યાસ આવવા તૈયાર થશે ?'

'જરૂર થશે. એની જનેતાની ઇચ્છાની તેઓ કદી પણ અવગણના નહિ કરી શકે. તમારે કોઈ જ વાત તેમને કરવાની જરૂર નથી. તેમને બોલાવવા પાછળનું કારણ તેમના આગમન પછી હું જાતે જ જણાવીશ.'

'જેવી આપની આજ્ઞા, મા !'

'તો સિધાવો, સફળ થઈ વહેલાં પાછા ફરો.'

ભીષ્મે ગંભીરતાથી ડગ દીધા.

# ૧૧

વેદવ્યાસની યાદ સાથે જ સત્યવતી ભૂતકાળમાં સરી પડી.

ત્યારે એ મત્સ્યગંધા હતી, પિતા પથારીવશ હતા એટલે પિતાની કામગીરી તેને સંભાળવી પડી. ગંગા નદીના તટપર હોડીમાં મુસાફરોને સામે કાંઠે લઈ જવાની કામગીરી તેમની આજીવિકાનું સાધન હતું.

ગંગા નદીના કિનારે હોડીમાં બેઠી બેઠી મત્સ્યગંધા મુસાફરોની પ્રતિક્ષા કરતી શૂન્યમનસ્ક બેઠી હતી. સવારથી તેને કોઈ મુસાફર મળ્યો નહોતો તેની ચિંતામાં હતી જ, પણ ઘેર બિછાનાવશ પિતાની સ્થિતિ વિષે ચિંતા હતી. હોડીમાંના હલેસાં પર ચિબુક ટેકવી મત્સ્યગંધા બેઠી હતી, ત્યાં પરાશર ઋષિ તેની સમક્ષ ઊભા હતા.

'કોઈ ગંભીર વિચારણામાં છો કે શું? કેટલો વખત થયો હું તમારી સમક્ષ ઊભો છું. મને ઉતાવળ છે.' એમ બોલતાં પરાશર ઋષિ હોડીમાં ગોઠવાયા. મત્સ્યગંધાએ હલેસાં મારી ગંગાના જળમાંથી માર્ગ કરવા માંડયો.

સૂરજનો તડકો હજી શીળો હતો. તેનાં કિરણો મત્સ્યગંધાના દેહ પર પથરાતાં તેનું સૌંદર્ય વધુ મોહક બની રહ્યું. પરાશર ઋષિ પણ પોતાની સામેની બેઠક પર બેઠી બેઠી હલેસાં મારતી મત્સ્યગંધાના લાવણ્યભર્યા દેહના વિવિધ અંગોના હલનચલનની પ્રક્રિયા સામે દૃષ્ટિ માંડી રહ્યા હતા. જેમ જેમ ઋષિની દૃષ્ટિ

મત્સ્યગંધાના સૌંદર્ય પર સ્થિર થતી ગઈ તેમ તેમ તેમનાં વૈરાગ્યના, ત્યાગના, તપના, મનોભાવ પર મત્સ્યગંધાના સૌંદર્યના જાદુની અસર જામવા લાગી.

હલેસાં મારતી મત્સ્યગંધા પણ આ ઋષિના ભરાવદાર દેહ ને આંખોના કામણને ઉત્સુકતાપૂર્વક નિહાળતી હતી. તેમને વિષે તે જાણવા ઉત્સુક હતી. બંને મૌન હતાં. ગંગાના જળ પર હોડી દોડતી હતી, પણ બંનેના મનોપ્રદેશ પર સ્વપ્નાં અંકિત થતાં હતાં.

આખરે પરાશર ઋષિએ જ મૌનનો ત્યાગ કરીને પ્રશ્ન કર્યો : 'શું નામ તમારું ?' ઋષિના પ્રશ્નથી જાણે લજ્જિત થઈ હોય એમ મત્સ્યગંધા નીચી નજરે એનું નામ સંભળાવી રહી : 'મત્સ્યગંધા' તેણે કહ્યું.

વાહ ! જેવું અદ્દભુત મોહક સૌંદર્ય તેના દેહને મઢી રહ્યું હતું તેવી જ મૃદુ, મીઠી વાણી પણ હતી. ઋષિને મત્સ્યગંધામાં રસ પડવા માંડ્યો.

'ઘરમાં કોઈ પુરુષ નથી તે તારે આ તાપમાં હોડી ચલાવવી પડે છે ?'

'પિતાજી છે, પણ હમણાં બિછાનાવશ છે એટલે તેમની કામગીરી મારે સંભાળવી પડે છે.' મત્સ્યગંધાને પણ મૌન અકળાવતું હતું એટલે ઋષિએ મૌનનો ભંગ કર્યો તેથી તે ઉત્સાહી બની રહી. તે પણ ઋષિએ આરંભેલા વાર્તાલાપને ચાલુ રાખવા માંગતી હતી.

તેણે પણ ઋષિનો પરિચય મેળવવાનો પ્રયત્ન કર્યો, 'આપ ક્યાં જશો ?'

'સામે કાંઠે. ત્યાંથી થોડે દૂર મારો આશ્રમ છે.' ઋષિએ જવાબ દીધો ને પ્રશ્ન કર્યો, 'તેં કદી પરાશર ઋષિનું નામ સાંભળ્યું છે ?' ને પોતે જ કહ્યું, 'તેં ક્યાંથી મારું નામ સાંભળ્યું હોય ? આ હોડીમાં હું પ્રથમ વાર જ બેસું છું. આશ્રમ છોડીને

ક્યાંય જતો જ નથી ને?'

'ધન્ય ભાગ્ય મારા!' મત્સ્યગંધાએ આભારવશ જવાબ દીધો. ને ઉમેર્યું, 'મારી હોડી પાવન થઈ.'

બંને શાંત હતાં, છતાં બંનેના મનમાં ભાવો જાગતા હતા. બંને વાર્તાલાપ લંબાવવા ઇચ્છતા હતા, પણ કોણ પ્રારંભ કરે તેની પ્રતિક્ષા કરતાં હતાં.

હોડી ગંગાના જળ પર દોડતી હતી. મત્સ્યગંધા હળવે હાથે હલેસાં મારતી હતી ત્યાં વિરુદ્ધ દિશામાંથી પવનના સુસવાટા શરૂ થયા. હવે મત્સ્યગંધા પણ સાવધ થઈ હોય એમ જાણે તેણે જોર-જોરથી હલેસાં મારવા માંડ્યાં, પણ પવનના સુસવાટા ઘણાં જ જોરદાર હતા. હોડી પણ અસ્થિર બનીને આમતેમ ડોલતી હતી. આ તોફાન સામે મત્સ્યગંધાની તાકાત ખૂટી પડી. તે ખૂબ થાકી ગઈ હોવા છતાં પણ તેને હલેસાં મારવા પડતાં હોવાથી તેના ખૂબસૂરત ચહેરા પર હતાશાની વાદળી છવાઈ ગઈ. તેની ગતિ ધીમી પડી ને પરિણામે પવનની જોરદાર થપાટોથી હોડી અસ્થિર બની ગઈ હતી.

મત્સ્યગંધાના સોહામણા ચહેરા સામે અપલક દૃષ્ટિ નાખી બેઠેલા ઋષિ પણ મત્સ્યગંધાની સ્થિતિથી અકળાતો હતો. હોડીની ગતિ સાવ મંદ પડી ગઈ હતી, ને પવનની ઉપરાઉપરી પડતી થપાટોથી તેની અસ્થિરતા પણ વધી ગઈ હતી.

'લાવો, હલેસાં મને દો. તમે ખૂબ થાકી ગયાં લાગો છો. પવન પણ ખૂબ જોરથી થપાટો લગાવે છે. મને ભય છે કે કદાચ હોડી જળસમાધિ લે.' ખૂબ થાકી ગયેલી મત્સ્યગંધાના હાથમાંથી હલેસાં લેવા તેની નજદિક બેસીને ઋષિ કહી રહ્યા, 'મારે હજી ઘણું કરવાનું બાકી છે એટલે હોડીને જળસમાધિ લેવા દેવી નથી.'

ખૂબ શ્રમિત થયેલી મત્સ્યગંધાએ પણ ઋષિના હાથમાં હલેસાં દેતાં નિરાંત અનુભવતી હોય એમ બોલી, 'તમારો સથવારો

સમયસરનો મળ્યો. હું પણ થાકી ગઈ હતી. હોડીની અસ્થિરતાનો મને પણ ભય હતો.'

'હવે નિરાંતે આરામ કરો. હું તમામ તાકાતથી હોડીને સામે કાંઠે જરૂર લઈ જઈશ.' સામા પવન સામે હોડીની ગતિને વધારવા જોરજોરથી હલેસાં દેતાં ઋષિ બોલ્યા.

પરાશર ઋષિને પણ હલેસાં દેતાં ઘણું જ જોર કરવું પડતું હતું. બંને હોઠ ભીડીને પોતાની તમામ તાકાતથી હોડીની ગતિ વધારવાનો પ્રયત્ન કરતા હતા. મત્સ્યગંધા ચિંતાભરી નજરે તેની સામે જોઈ રહી હતી. ઋષિ પણ થાકી ગયા છે એમ તેને લાગતું હતું.

તે ઊઠી જ્યાં ઋષિ બેઠાં બેઠાં હલેસાં દેતા હતા ત્યાં તેમની નજદીકમાં પહોંચી. તેમના એક હાથમાંના હલેસાને પકડતાં બોલી, 'તમે થાકી ગયા છો. લાવો એક હલેસું હું દઉં ને બીજું તમે દો. બંને થઈને આપણે હોડીને સલામત સ્થાને લઈ જઈશું.'

ઋષિને મત્સ્યગંધા તેની પડખે ગોઠવાઈ તેનો અપૂર્વ આનંદ હતો. હવે તે મત્સ્યગંધાના સ્પર્શસુખનો પણ અનુભવ કરી રહ્યા. આ સ્પર્શસુખનો આસ્વાદ વધુ ને વધુ માણવા ક્ષણે ક્ષણે મત્સ્ય-ગંધાના બીજા હાથ પર પોતાનો હાથ મૂકીને કહેતાં, 'તમે થાકી જાવ ત્યારે મને આપી દેજો.'

'તમે બંને હાથે હલેસાં મારશો?' સ્મિત રેલાવતી મત્સ્યગંધા પૂછતી, 'તમે પણ થાકી જશો પછી?'

'પછી આશ્રમમાં જઈ આરામ કરીશ, પણ તમે તો પાછા આ પવનના તોફાન સામે થઈને હોડીને સામે કાંઠે લઈ જશો ને? ખૂબ શ્રમિત થશો. આરામ ક્યાં મળશે?'

ઋષિના દિલનો ઉમળકો જાણે ઊછળી પડયો હોય એમ બોલ્યો, 'હવે આપણે કાંઠા નજદિક છીએ.' ને ઉમેર્યું, 'તમે હોડીને કાંઠા પર લંગારીને થોડો આરામ કરવા આશ્રમમાં આવો.

પવન શાંત થાય પછી પાછાં ફરો તો ?'

મત્સ્યગંધા ઋષિના નિમંત્રણથી ઉત્તેજિત થઈ. તેને પણ હવે ઋષિનો સમાગમ ગમતો હતો. ઋષિ તેના હાથ પર પોતાનો હાથ મૂકતો ત્યારે તે રોમાંચ અનુભવતી. તે ઇચ્છતી કે ઋષિનો હાથ તેના હાથ ઉપર જ રહે! એટલે ઋષિના નિમંત્રણથી તેની ઊર્મિ ઊછળી પડી. તેના રોમરોમ પુલકિત થઈ ગયા.

'પણ મારે સામા કાંઠે તરત જ પાછા ફરવું જોઈશે.' મત્સ્યગંધા આશ્રમમાં ઋષિ સાથે થોડી ક્ષણોનો સહવાસ માણવા ઉત્સુક હતી. છતાં તેણે વિવેક કર્યો, 'તમને પરેશાન કરવાની જરૂર પણ શી છે? આખરે આશ્રમમાં સ્ત્રીને સ્થાન પણ ન હોય ?' તેણે ઋષિ સામે પ્રશ્નાર્થ દૃષ્ટિ માંડીને કહ્યું, 'પવનનું તોફાન શાંત થાય ત્યાં સુધી હું કાંઠા પર બેસી રહીશ.' ને ઉમેર્યું, 'અમારા જીવનમાં આવી ક્ષણો તો રોજની હોય છે.'

ઋષિ મત્સ્યગંધાના સૌંદર્યને પામવા માટે ઘણો ઉત્સુક હતો. આશ્રમમાં તે આ સૌંદર્ય મઢેલી યૌવના સાથેનું સાંનિધ્ય માણવા તેને ઈજન દેતો હતો.

'કાંઠે બેસીને પવનની થપાટોનો અનુભવ કરવો તેના કરતાં આશ્રમમાં શાંતિથી થોડો વખત આરામ કરવામાં કોઈ મુશ્કેલી તો નથી ને ?' ઋષિએ પ્રશ્ન કર્યો ને સ્પષ્ટતા કરી, 'આશ્રમમાં મહિલાઓ નથી, પણ કોઈ વખત મુશ્કેલીમાં મુકાયેલી મહિલા થોડો સમય આશ્રમમાં આરામ કરે તેથી આશ્રમની પવિત્રતા અભડાઈ જતી નથી.' તેણે સ્પષ્ટતા કરતાં ફરીથી આગ્રહ કર્યો, 'પવન શાંત થાય ત્યાં સુધી તમે આશ્રમમાં નિરાંતે આરામ કરી શકો છો.' ને પૂછ્યું, 'આવો છો ને ?'

'તમે મને આ તોફાનમાં પણ સલામત રીતે આ કાંઠે પહોંચતો કર્યો તેનું ઋણ હું ક્યારે ચૂકવવાનો હતો ?'

મત્સ્યગંધા પણ ઋષિનો સહવાસ માણવા તત્પર હતી.

ઋષિની છાયા તેના દિલદિમાગ પર પથરાઈ ગઈ હતી. ભરાવદાર કાયા, તેજભર્યો ચહેરો ને મુગ્ધકર નેનાંથી મત્સ્યગંધા પણ તેના પર વારિ ગઈ હતી. ક્ષણે ક્ષણે તેના હાથના સ્પર્શના સ્પંદનઃ સુખનો અનુભવ કરતી હતી.

'ભલે, આપ જેવા પરમ તપસ્વી ઋષિની ઇચ્છાની અવગણના કરવાની મારામાં તાકાત નથી.' આખરે મત્સ્યગંધા ઋષિના આશ્રમમાં જવા તૈયાર થઈ. પવનના સખત તોફાનમાંથી હોડીને સલામત કિનારે લાંગરીને બંને જણાં આનંદ અનુભવી રહ્યાં. બંનેની આંખોમાં આનંદનું અનોખું દશ્ય રમતુ હતું. બંને જણાં જાણે કાંઈ પામ્યાં હોય તેવો સંતોષ અનુભવતા હતાં.

પરાશર ઋષિનો આશ્રમ પ્રથમ દૃષ્ટિએ જ ગમી જાય તેવો હતો. વૃક્ષોની ઘટા વચ્ચે આશ્રમ હતો. વૃક્ષોની ડાળો પર પંખીઓ કલરવ કરતાં હતાં. નદીકાંઠાથી થોડે દૂર એકાંતમાં આશ્રમ આવ્યો હતો.

તપસ્વી તપમાં સદા મસ્ત રહે, દુન્યવી કોઈ પ્રલોભન તેને સ્પર્શે નહિ ને નિજાનંદમાં જ જીવન વ્યતિત થાય એટલા માટે તપસ્વીઓ, ઋષિમુનિઓ સંસારની માયા તેમને સ્પર્શે નહિ એ માટે પોતાનો આશ્રમ દૂર રાખે છે. પોતાનો આશ્રમ નદી-કાંઠાથી દૂર હતો તેની સમજ દેતાં ઋષિએ કહ્યું, 'તમે નિરાંતે આરામ કરો. હું ફળાહાર માટેની વ્યવસ્થા કરું છું.'

'મારે માટે કોઈ શ્રમ ઉઠાવવાની જરૂર નથી.' આશ્રમની પરમશાંતિને શીતળતાનો અનુભવ કરતી મત્સ્યગંધા જમીન પર આસન જમાવતાં બોલી.

'મારે પણ ફળાહાર કરવાના જ છે ને!' ઋષિએ કહ્યું. 'તમને ઠીક લાગે તે લેજો. તમને પણ ક્ષુધા તો લાગી જ હશે ને?' બોલતાં બોલતાં ઋષિને જાણે જ્ઞાન થયું હોય એમ કહી રહ્યા. 'બપોર થયા છે. તમે હજી સામે કાંઠે જશો, હોડીને ત્યાં

જ લંગારશો ને પછી ઘેર જશો. ત્યાં સુધીમાં તો ઘણો જ સમય જશે.' ને પ્રશ્ન કર્યો, 'ઘેર પહોંચ્યા પછી રસોઈ તો તમારે જ કરવાની હશે ખરું ને?' ને ઉમેર્યું, 'એટલે તમે અહીં ફળાહાર કરો એ જરૂરી છે.'

ઋષિ ફળાહાર માટે ફળો લેવા ગયા. હવે આશ્રમમાં એકલી પડેલી મત્સ્યગંધા મનોમન ઋષિ વિષે વિચારી રહી. તેણે આશ્રમમાં ચોપાસ દૃષ્ટિ ફેરવી લીધી ને મનોમન બોલી, 'આ તે કાંઈ જિંદગી છે? વનવગડાનાં પશુપંખીઓ સાથે જિંદગી જીવતા આ ઋષિઓ પણ કેવા રૂક્ષ બની જાય છે?' તે ઊભી થઈ ને આશ્રમમાં પરાશરની સંપત્તિ વિષે જાણવા પ્રયત્ન કર્યો, પણ ત્યાં કોઈ જ નહોતું.

'આવી જિંદગીનો શો અર્થ હશે?' તે મનોમન પ્રશ્ન કરતી હતી પણ તેનો જવાબ મળતો નહોતો.

ત્યાં વિવિધ ફળો સાથે પરાશર ઋષિ આવી પહોંચ્યા, ને મત્સ્યગંધા સમક્ષ ફળોનો ઢગલો કરતાં બોલ્યા, 'જે ઠીક લાગે તે આરોગો!' ને તેમણે જ એક ફળ ઉઠાવી, મત્સ્યગંધા સમક્ષ ધરતાં કહ્યું, 'લો, આ ફળ આરોગો, તમને ગમશે જ.'

મત્સ્યગંધા માટે તો આ એક સ્વપ્ન હતું. રોજ તે ઘેર ભોજન બનાવતી ને બાપા સાથે તે ભોજન આરોગતી. ક્યારેય બાપાએ પણ તેની સમક્ષ કોઈ ચીજ મૂકી તેને આરોગવા જણાવ્યું નહોતું. આજે આ તપસ્વી ઋષિ તેને ભોજન માટે પોતાનું પ્રિય ફળ ધરતા હતા. તેના મનોપ્રદેશમાં પ્રશ્ન ઊઠચો, 'પોતે કેટલી ભાગ્યશાળી છે?' ને તરત જ મન સાથે આ ભાગ્યને સતત જાળવી રાખવાનો નિર્ણય કર્યો.

બીજા દિવસે મત્સ્યગંધા ઋષિના આશ્રમમાં પહોંચી. તેને આમ અચાનક આવેલી જોતાં ઋષિને નવાઈ લાગી. તે કોઈ પ્રશ્ન કરે તે પહેલાં મત્સ્યગંધાએ આશ્રમની સફાઈનું કામ કરવા માંડ્યું.

આમ મત્સ્યગંધા રોજ ગંગા કાંઠે પોતાની હોડી માટેના મુસાફરોની પ્રતિક્ષા કરવાના બદલે હોડીને સામે કાંઠે લઈ જતી. ઋષિના આશ્રમે પહોંચી જતી હતી.

ઋષિ પણ મત્સ્યગંધાના સાંનિધ્યની ઝંખના તો કરતાં જ હતા. મત્સ્યગંધાના દેહમાંથી આવતી સુગંધ તેમને ગમી ગઈ હતી. પરિણામે બંને વચ્ચે નિકટતા વધી પડી. ઘણી વખત મત્સ્યગંધા મોડી ઘેર પહોંચતી. તેનો બીમાર બાપ તેની બદલાયેલી રીતથી ચિંતિત હતો. આખરે તેણે જ મત્સ્યગંધાને પ્રશ્ન કર્યો :

'હમણાં હમણાં તું ખૂબ મોડી આવે છે ને નાણાં પણ ઓછાં આવે છે. શું થયું છે? હોડીને કાંઈ નુકસાન થયું છે? મુસાફરો મળતાં નથી? આમ કેમ થયું?'

મત્સ્યગંધા લજ્જાથી ગરદન ઝુકાવી બાપની સામે ઊભી મનમાં જવાબ શોધતી હતી. બાપની ફરિયાદમાં વજુદ હતું. ઘણી વખત મોડી ઘેર પહોંચ્યા પછી તે ભોજન પણ તૈયાર કરતી નહોતી. ઘણી વખત બીમાર બાપ પાસે એકાદ માછલી મૂકીને પોતે જાણે ખૂબ થાકી ગઈ હોય એવો દેખાવ કરી, તરત જ બિછાનાવશ થતી. બિછાનામાં પડ્યા પડ્યા તે પરાશર ઋષિના સાંનિધ્ય સુખનાં સ્વપ્નાંમાં ખોવાઈ જતી. બીમાર પિતા અસહાય હતો. એ પોતે હોડી ચલાવીને રોજી મેળવે તેટલો સ્વસ્થ નહોતો, પરિણામે તે મનની પીડા ભોગવતો હતો.

મત્સ્યગંધા માતા બનવાની હતી. તેની હાલત વિષે જાણ થતા તેના બાપે પૂછ્યું, 'કોનો ભારબોજ તું ઉઠાવે છે, મત્સ્યગંધા?'

શરમના શેરડા ગાત્રો પર જાંમી પડ્યા. લજ્જા નયનોમાં પથરાઈ ગઈ અને બોજના ભારથી ગરદન પણ ઝૂકી પડી.

તેનો બાપ ક્રોધની જ્વાળામાં સળગતો હતો. તે પરિસ્થિતિ સમજી ગયો હતો. ક્રોધથી તેની કાયા થરથરતી હતી. સક્રોધ તેણે કહ્યું, 'તો તેની સાથે લગ્ન કરવા હતા ને?'

પરાશર ઋષિ લગ્ન કરવા તૈયાર ન હતા. મત્સ્યગંધા સાથેના વ્યવહારથી તેના તપોબળનું સ્ખલન થયું હતું. તેનો સદમો પણ તેના દિલને કોરી ખાતો હતો. તેની બેચેની પણ ખૂબ વધી પડી હતી. તપ, યજ્ઞ, પ્રાર્થના, ભક્તિ બધી જ ક્રિયાઓ સ્થગિત થઈ હતી. આશ્રમના ખૂણામાં બેઠો બેઠો તે પણ પસ્તાવાના અગ્નિમાં શેકાતો હતો.

'કેવું પાપબળ ઊછળી પડ્યું? તપોભંગ માટે જ મત્સ્યગંધાને જાણે મારા તપોબળથી ડરતા હોય એવા કોઈ દેવતાએ જ તેને મોકલી હશે.' પરાશર ઋષિ મન સાથે વાત કરતાં હતા. તેમના રોમરોમ પતનથી સળગી રહ્યા હતા. આશ્રમના વાતાવરણમાં પણ જાણે ઉદાસીનતા છવાઈ હતી.

મત્સ્યગંધા તેની સમક્ષ દીનપણે ઊભી હતી. તેના મનમાં પણ ભય હતો. પોતે અપરિણીતા છે. બાપ તેને માટે સુપાત્ર શોધે છે તેનાથી તે અજ્ઞાત ન હતી. બે દિવસ પહેલાં જ માછીમારના પંચનો અગ્રણી તેની દીકરીના માગા માટે આવ્યો હતો. અગ્રણી હતો એટલે તેની વાતની અવગણના નહિ થાય તેવી શ્રદ્ધા પણ હતી.

'ના, મારી દીકરી એને ન દેવાય હો મોવડી? બીજે તપાસ કરો.' મત્સ્યગંધાના બાપે મોવડીને સાફ નન્નો ભણ્યો. મોવડી આ જવાબથી ઉશ્કેરાઈ ગયો. મોવડાની કોઈ વાતનો હજી સુધી કોઈએ અસ્વીકાર કર્યો ન હતો. તેનું જમાતમાં માન હતું. જમાત પર પ્રભુત્વ પણ હતું એટલે મત્સ્યગંધા માટેની પોતાની માગણીનો આવો અસ્વીકાર થતાં તેનો રોષ ભભૂકી ઊઠ્યો.

'જમાતમાં તારી કન્યા નહિ વળાવે તો કોને દઈશ?' મોવડી બોલી ઊઠ્યો. ને સાથે જ કટાક્ષ કર્યો, 'કોઈ રાજકુમાર નજરમાં ભરી બેઠો છું કે પછી કોઈ સાધુડાને દઈશ?'

'જેવા તેના નસીબ હશે તેવું થશે, મોવડી!' મત્સ્યગંધાના બાપે જવાબ દીધો ને ઉમેર્યું, 'દારૂડિયાને મારી દીકરી દેવા

માગતો નથી.'

'દારૂડિયો? મારો દીકરો દારૂડિયો છે ખરું ને? મોવડીનો ઉશ્કેરાટનો પારો વધતો હતો. 'કોણ દારૂ નથી પીતું કહે તો!' ને પૂછ્યું, 'તું દારૂ નથી પીતો?' ને ફરી કટાક્ષ કર્યો, 'તો તારું મોં જરા અરીસામાં જો ને પછી બીજાને કહે!'

ગમે તેમ પણ મત્સ્યગંધાના રૂપાળા દેહ સામે જોતાં તે સગર્વ બબડ્યો, 'મારી દીકરી તો દેવકન્યા છે. કોઈ પણ દેવ તેનો હાથ ઝાલવા તૈયાર થશે.' પણ મત્સ્યગંધાના વ્યવહારે તેનાં સ્વપ્નાં પણ રોળાઈ જતા જણાયા. 'હવે આ પાપને કોણ સ્વીકારે?' તેની અકળામણ પણ અસહ્ય હતી.

ફરી ફરીને તે મત્સ્યગંધાને પૂછતો હતો, 'તો તારે એની જ સાથે લગ્ન કરવા હતા ને? જો તેં લગ્ન કર્યાં હોત તો પેલા મોવડીને પણ ઊંચી ગરદને મૂછો પર તાવ દઈને કહી શકયો હોત, જો મારી મત્સ્યગંધા કેવાને પરણી? દારૂડિયા કરતાં તો ઘણો મજાનો છે ને? પણ હાયરે નસીબ! આ તો આત્મહત્યા કરવા જેવું તેં કર્યું.'

મત્સ્યગંધા પણ જે કાંઈ બની ગયું તેની વિષમતાથી પિડાતી હતી. પરાશર ઋષિએ તેને જાકારો દેતાં કહ્યું અને ગુસ્સામાં સંભળાવી દીધું, 'તેં મારો સર્વનાશ કર્યો. હવે મને ભરખવા જવો છે? જા, હવે અહીં આવતી નહીં.'

'પણ મારા પેટે જન્માર બાળકનું શું કરું? મત્સ્યગંધાએ પ્રશ્ન કર્યો, 'તેના બાપ તો તમે જ છો ને? લોકો સમક્ષ તમારું જ નામ દઉં.'

'ના. મારું નામ દીધું છે તો ખબરદાર!' ક્રોધથી તેની કાયા કાંપતી હતી.

'ઠીક છે, તમે ના ભણો છો તો હું પણ કાંઈ તેને સંઘરવાની નથી.'

'જા, તને ફાવે તે કરજે!' ઋષિએ સંભળાવી દીધું.

રોમરોમ જેના ક્રોધથી સળગી રહ્યા હતા તે પિતાને કહી રહી, 'બાળક જન્મશે તેને તેનો બાપ સંભાળશે. હું તો તેના બાપને સુપ્રત કરીને પછી ભૂલી જઈશ. તેને કદી યાદ પણ નહિ કરું.'

બાપ પણ હવે પરિસ્થિતિ થાળે પાડવા માંગતો હતો. તેણે તેની જમાતમાં મત્સ્યગંધાના આ પાપાચારની વાત જાહેર ન થાય તે માટે જરૂરી તમામ તકેદારી રાખતા મત્સ્યગંધાને કહ્યું, 'હવે તું બહાર નીકળતી નહિ, હોડી પર હું જઈશ.'

'પણ તમારી તબિયત બગડશે તો?'

'બગડશે તો ભલે બગડે, પણ હવે તને બહાર જવા દેવાય તેમ નથી.' બોલતાં બોલતાં બાપ દ્રવી ઊઠયો. તે ખિન્ન સ્વરે બોલ્યો, 'તારી મા મૂઈ આ બધું મારે માટે મૂકતી ગઈ.' ને તેણે પોતાના કપોલપ્રદેશ પર હાથ ઠોકતાં સક્રોધ હૈયાવરાળ ઠાલવી, 'હવે મારે જ દેખવાનું ને સતત દાઝતા રહેવાનું.'

મત્સ્યગંધા પણ તેના પગલા વિષે પ્રસ્તાવો કરતી હતી. તેણે ઋષિના બાહુપાશમાં જકડાઈ જવાનો આનંદોલ્લાસ માણતા પહેલાં તેના ભાવિ વિષે વિચારવું જોઈતું હતું. ઋષિ સમક્ષ દરખાસ્ત મૂકવી જોઈતી હતી. પણ મૂઈ તું જ ભાન ભૂલી હતી ને? ઋષિએ તેના બે હાથ લાંબા કર્યા એટલે તું પણ કેવી ઘેલી બનીને દોડતી તેના બાહુપાશમાં જકડાઈ ગઈ હતી?

હવે હું તેને બરાબરનો પાઠ ભણાવીશ. ભલે થોડા મહિના તે પોતાની પ્રતિષ્ઠા સલામત રાખે. પણ પછી તેને જ ભારે પડશે. મત્સ્યગંધાએ મનોમન નિશ્ચય કર્યો હતો.

સમય જતાં મત્સ્યગંધા બાળકની માતા બનીને તરત જ બાળક સાથે તે ઋષિના આશ્રમમાં પહોંચી ત્યારે ઋષિ ફરીથી તપ કરવા તૈયાર થતા હતા. બધો વખત ભૂતકાળને ભૂલીને પોતે તપસ્વી બનવા પ્રયત્ન કરતા હતા.

એમ તો વિશ્વામિત્ર પણ ક્યાં મેનકાના મોહમાં પડ્યા ન

હતા ? તેમેય મેનકા તેના પુત્રનો હવાલો આપવા ક્યાં નહોતી પહોંચી ? પણ વિશ્વામિત્ર તપસ્વી જ રહ્યા હતા ને ? આમ તે પોતાની જાતને સમજાવતો હતો.

'લો, આપના તપોબળનું સુંદર પરિણામ હું તમારા માટે લાવી છું.' ઋષિ સમક્ષ બાળક લઈને મત્સ્યગંધા ઊભી હતી. ઋષિનો ક્રોધ ફરી સળગી ઊઠ્યો. તેણે મત્સ્યગંધાના હાથમાંના બાળક પ્રતિ દૃષ્ટિ ના પડે એ માટે બે હાથ આંખો પર દેતાં કહ્યું, 'પાછી જા, આ પાપ મને બરબાદ કરશે.'

'બરબાદ શા માટે કરે ? તમારું નામ પણ રોશન કરશે.' મત્સ્યગંધા બોલી રહી, 'પરાશર ઋષિના તપનો પ્રભાવ તેના ચહેરા પર અત્યારથી જ દેખાય છે ને ?'

'હવે પાછા જવું છે ?' ઋષિ ક્રોધભરી વાણીમાં સંભળાવી રહ્યા, 'તારે તેનું જે કરવું હોય તે કરજે.' ને ઉમેર્યું, 'ગંગામાં પધરાવી દઈશ તોપણ મને વાંધો નથી.'

આમ કહી ઋષિ અંદરના ભાગમાં પહોંચી બારણાં બંધ કરતાં બબડ્યા, 'હવે મને ફરીથી મારું કાર્ય કરવા દે. જા, શાંતિથી પાછી જા. આ બોજ ફગાવી દેવો હોય તો ફગાવી દેજે, પણ ફરીથી અહીં આવતી ના.'

'ભલે,' જવાબ સાથે મત્સ્યગંધા બાળકને લઈ વિદાય થઈ. પણ જતાં જતાં કહી રહી, 'આ બાળક તમારું નામ રોશન કરશે. તમારે જ તેના તન-મનનું ઘડતર કરવું પડશે.'

જતાં જતાં તેણે તેના હાથમાંના માસુમ બાળકને આશ્રમના એક વૃક્ષની ડાળે પોતાની સાડી બાંધી. તેને ઘોડિયા જેવી બનાવીને બાળકને તેમાં મૂકી દીધું. વૃક્ષોની ડાળીઓ પર બેઠેલાં પંખીઓને પ્રાર્થના કરતી હોય એમ બે હાથ જોડી નમ્રભાવે, લાગણીસભર સ્વરે કહી રહી, 'આ બાળકનું જતન કરજો. પરાશર ઋષિના તપનું ફળ છે. તેનું જતન કરજો.' તેણે વનપશુઓને પણ બાળકની રક્ષા કરવા, તેનું

પાલન કરવા પ્રાર્થના કરીને અશ્રુભીની આંખે વિદાય લીધી.

ઋષિના આશ્રમમાં પશુપંખીને સહારે બાળકને સુપ્રત કરી ફર્યા છતાં તેનું માતૃત્વ તેને વિષે જાણવા માટે સતત બેચેન રહેતું હતું. ઘણી વખત તેની બેચેની વધી જતાં તે ગુપ્તપણે તપાસ પણ કરતી હતી ને તેને સંતોષ થયો હતો. ઋષિએ વૃક્ષની ડાળે સાડીના ઘોડિયામાં ઝૂલતાં બાળકનો સ્વીકાર કર્યો. હવે તે પોતાના પાપ પર પડદો નાખી શકશે તેવા વિશ્વાસે તેનું જતન કરવા માંડ્યું. તે બાહ્ય દેખાવ કરતાં કહેતો કે, કોઈ તેને આ આશ્રમના વૃક્ષે મૂકી ગયું હશે. આશ્રમને સુપ્રત થયેલ માનવબાળની કાળજી લેવી એ પણ એક પ્રકારનું તપ જ છે ને?

મત્સ્યગંધા હરખાતી હતી. એ બાળક રંગે કાળો હતો. આશ્રમ ગંગા નદીની વચ્ચે આવેલા દ્વીપ પર રહેતો હતો. બાળક ત્યાંથી મળી આવ્યું હોઈ તેનું નામ કૃષ્ણદ્વૈપાયન પાડ્યું. ઋષિએ તેને વેદ-વેદાંતનો અભ્યાસ પણ કરાવ્યો. તેના મનમાં પણ આ બાળક પોતાનું નામ રોશન કરશે એવા મત્સ્યગંધાના વેણ રમતાં હતાં. તેણે પણ મત્સ્યગંધાના વેણ સફળ બનાવવા સારી એવી જહેમત પણ ઉઠાવી.

સમય જતાં પરાશર ઋષિના હાથે ઉછેરેલો કૃષ્ણદ્વૈપાયન તમામ શાસ્ત્રોનાં અભ્યાસ પછી મહાપંડિત તરીકે ઓળખાતો થયો.

જેમ જેમ પોતે ત્યજી દીધેલા બાળકની ખ્યાતિ વધતી ગઈ તેમતેમ મત્સ્યગંધાનું મન પણ પ્રસન્નતા અનુભવતું હતું. માત્ર અફસોસ એટલો જ હતો કે આ મહાપંડિતની જનેતા તરીકે તે જગત સમક્ષ ગૌરવ લઈ શકતી ન હતી.

મહાપંડિતે વેદના વિભાગ કર્યા એટલે તેનું નામ કૃષ્ણદ્વૈપાયન બદલાઈ ગયું ને વેદવ્યાસની પદવી મળી.

ભલે લોકો ન જાણે પણ વેદવ્યાસ તો જાણતા હતા કે પોતે માછીકન્યાનો દીકરો છે. ઋષિ પાસેથી તેણે મત્સ્યગંધા તેની માતા વિષે વિગતથી જાણ પણ મેળવી હતી. વેદવ્યાસ પણ તેની માતાને

મળવા ઘણો ઉત્સુક હતો, પણ ઋષિ તેને આગળ વધતો અટકાવતા હતા.

'વેદવ્યાસ જેવું બિરુદ પામનાર એક માછીની કન્યાનું સંતાન છે એમ જાણતાં લોકોમાં તારી પ્રતિષ્ઠા છે તે નાબૂદ થશે ને તપસ્વી પરાશર ઋષિનો ઉછેર પામેલો હોવા છતાં માછીમારની હલકી જાતિનો હોવાથી તારો કોઈ આદરભાવ પણ નહિ કરે. માટે હવે તું માછી કન્યાનો દીકરો છે એ વાત મનની પાટી પરથી સદાને માટે ભૂંસી નાખજે.'

વેદવ્યાસ ભૂતકાળ ભૂલી જઈ પરાશર ઋષિની જેમ તપસ્વી બનવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

જેમ મત્સ્યગંધા તેના સંતાનને વિસારે પાડીને શાન્તનુના પ્રેમમાં ખોવાઈ ગઈ હતી, તેમ વેદવ્યાસ પણ તેની જનેતાને વિસારે પાડી બેઠો હતો. પરાશર ઋષિ તેને શીખ દેતા હતા, 'તું તારી જનેતાને હવે ભૂલી જજે. હવે તે શાન્તનુની પ્રિયતમા બની હસ્તિનાપુરના રાજમહેલના વૈભવોમાં આળોટતી હશે. કદાચ તે પણ મહારાજા શાન્તનુના સંતાનોની માતા પણ બની હશે, એટલે તને યાદ કરવાની પણ તેને ફુરસદ નહીં હોય. માટે તું પણ તેને સદંતર ભૂલી જા અને વેદોના અભ્યાસમાં જ સમગ્ર ચિત્ત પરોવીને તારું કર્તવ્ય અદા કરજે. આ આશ્રમ હવે તને જ અર્પણ કરી, હું પણ હવે વિદાય થઈશ.'

પરાશર ઋષિની વિદાય પછી વેદવ્યાસ આશ્રમમાં રહી વેદોનો અભ્યાસ કરતા રહ્યા.

સત્યવતી ભૂતકાળને યાદ કરી તાજગી અનુભવતી હતી. તેની દૃષ્ટિ સમક્ષ વેદવ્યાસની પ્રતિમા ખડી થતી હતી. ઘણાં વર્ષો પછી તેને વેદવ્યાસની જરૂર પડી હતી. કદાચ તે તેની માતાને વિષે જાણતો પણ નહિ હોય. તેને ખબર પણ નહિ હોય કે આજની હસ્તિનાપુરની મહારાણી સત્યવતી જ્યારે મત્સ્યગંધા હતી ત્યારે તેની માતા હતી.

સહસા તેનું હૈયું વલોવાઈ જવા લાગ્યું. તેની આંખોમાં પાણી ભરાયાં. પોતે પોતાના સંતાનને ઋષિના હવાલે કરી આવી. એ માતૃભાવ વિહોણા બાળકને ઋષિએ જો સાચવી લીધો ન હોત તો વૃક્ષની ડાળી પરના પારણામાં તેનું શું થયું હોત?

હવે તેને તેના પુત્રનું મિલન થશે એવી આશાના તેજે તેનો ઉમળકો વધી પડચો. વેદવ્યાસ જેવા મહાપંડિતની જનેતા હોવાનો ગર્વ પણ તેને વળગી પડચો.

પુત્ર મિલનની આશામાં રમતી સત્યવતીના મનમાં એકાએક શંકાની વાદળી જામી. કદાચ વેદવ્યાસ નિયોગની વાતનો સ્વીકાર નહિ કરે તો? કદાચ વેદવ્યાસ ભીષ્મ સાથે આવવાનો જ ઇન્કાર કરે તો? ભીષ્મ સાથે આવ્યા પછી, તે તેની જનેતાને કડવા શબ્દોથી દઝાડશે તો?

હા, વેદવ્યાસ સત્યવતીને ઓળખે પણ નહિ, પોતે જ મત્સ્યગંધા હતી. પરાશર ઋષિના સહવાસથી તેનો જન્મ મત્સ્ય-ગંધાની કુંખે થયો છે, એ હકીકતનો સ્વીકાર કરવાની પણ તે ના ભણશે તો?

આ તરંગો તેની માનસિક શાંતિ હણી રહ્યા હતા. તેની સ્વસ્થતા પણ થોડા સમય માટે હણાઈ ગઈ હતી. તરત જ તેણે પ્રયત્નપૂર્વક સ્વસ્થતા ધારણ કરીને ભીષ્મ સાથે વેદવ્યાસના આગમનની પ્રતિક્ષા કરતી રહી. પોતાના પુત્રના મિલન માટેનો તેનો તલસાટ પણ વધી પડચો.

ઘણો સમય થયો છતાં હજી ભીષ્મ પાછા ફર્યા ન હતા, એટલે વિચાર તરંગો ફરી દોડવા લાગ્યા. પણ જ્યારે ભીષ્મ વેદવ્યાસ સાથે તેની સમક્ષ ઉપસ્થિત થયા ત્યારે તેના હૈયાનો હિલોળો વધી પડચો. તે એકદમ ઊભી થઈને વેદવ્યાસને હૈયાસરસા દબાવતાં હર્ષઘેલી બનીને કહી રહી, 'બેટા! તું મહાપંડિત થયો તેનું મને ગૌરવ છે. ઘણાં વર્ષો પછી તારી જનેતા તને એક મહત્ત્વના

કામ માટે બોલાવે છે. બોલ બેટા, તું તારી માતાની આજ્ઞાનું પાલન કરીશ ને ?'

વેદવ્યાસ પણ પહેલી જ વાર તેની માતાનું દર્શન કરતાં આનંદ અનુભવતો હતો. તેણે સત્યવતીને વંદન કરતાં કહ્યું, 'જીવનમાં પહેલી જ વાર માતાનું મિલન થાય ને એ સુભગ ક્ષણે માતા મને આજ્ઞા કરે તેનું પાલન ન કરું એ કદી બની શકે જ નહિ.'

'આજ્ઞા કરો. માતા, શી કામગીરી કરવાની છે મારે?' નમ્રતાપૂર્ણ સ્વરે વેદવ્યાસે કામગીરી વિષે પ્રશ્ન કર્યો.

સત્યવતી તેની કામગીરી વિષે નિર્દેશ કરતા અચકાતી હતી. આવા મહાપંડિત તપસ્વી પરાશરના પરાક્રમી પુત્ર નિયોગની તેની દરખાસ્ત વિષે સંમત થશે ખરા? તેના મનમાં મૂંઝવણ હતી.

'કહો માતા, ગમે તેવી આજ્ઞાનો પણ તમારો પુત્ર જરૂર અમલ કરશે. તેમાં તેનું પંડિતપણું કે તેનું જ્ઞાન, તપ કાંઈ આડે આવશે નહિ.' વેદવ્યાસ ગંભીર ચિંતામાં પડેલી સત્યવતીને ખાતરી દેતાં હતા.

આખરે સત્યવતીએ તેની વાત મૂકી. કુરુવંશ હસ્તિનાપુરના ગાદીવારસ માટે નિયોગ વિષેની દરખાસ્ત મૂકતાં તે હલબલી ઊઠી હતી.

વેદવ્યાસે હિંમત દીધી, 'મા, તમારી આજ્ઞાનું અવશ્ય પાલન કરીશ.'

# ૧૨

સત્યવતીની નિયોગની દરખાસ્ત સાંભળતાં બન્ને પુત્રવધૂઓ ખિજાઈ પડી. સત્યવતી પોતે જ તેના દીકરાની વિધવા પત્નીઓને અધર્મના માર્ગે દોરી રહી હતી. પરપુરુષગમન સામે તેમનો વિરોધ પણ સખ્ત હતો.

'ના, ના, હજાર વાર ના. ભલે અમે નિઃસંતાન હોઈએ. ખોળા ન ખૂંદનારની ખોટ અમને જીવનભર દુઃખી કરશે. અમે એ :ખ બરદાશ કરશું, પણ નિયોગ દ્વારા ખોળામાંના ખૂંદનારને પ્રાપ્ત :વાની અમારી ઇચ્છા નથી.' ને ઘૃણાસ્પદ સ્વરે પૂછી રહી, મા, તમે જાતે થઈને તમારી પુત્રવધૂઓને અધર્મના પાપના માર્ગે દોરવા કેમ તૈયાર થયા છો ?'

સત્યવતી આવી વિષમ પરિસ્થિતિ પેદા થવાની શકચતા વિષે શંકાશીલ હતી જ એટલે પુત્રવધૂઓનાં રોષભર્યાં વેણ સામે તે હિમશી શાંત હતી. કયારેક પુત્રવધૂઓની દલીલ સામે મુસ્કાન પણ કરતી હતી.

'હવે તમે મને સાંભળશો ?' બન્ને પુત્રવધૂઓ ઘણું ઘણું બોલી ગઈ હતી. સત્યવતીએ શાંતિથી, પૂરી ખામોશીથી તેમને સાંભળી હતી. જ્યારે તેઓ શાંત થયા ત્યારે સત્યવતીએ પ્રશ્ન કર્યો :

'શું સંભળાવો છો તમે ? નિયોગની વાત પડતી મૂકી દો મા.' અંબિકા પૂછી રહી.

'તમે જો શાંતિથી સાંભળવા હવે તૈયાર હો તો કહું !' સત્ય-

વતીએ જવાબ દીધો, 'મારી વાત સાંભળો પછી તમે મારા નિર્ણયનો સ્વીકાર કરવા તૈયાર થશો.' તેણે પોતાની આશા વ્યક્ત કરી.

'કહો તો ખરા, પછી નિર્ણયની વાત છે ને મા?'

'હા, મારે પણ નિયોગના માર્ગે તમારો ખોળો ભરાય તે જોવાની તાતી જરૂર પાછળ ચોક્કસ કારણો છે. હું તમને પાપના માર્ગે અધર્મના માર્ગે દોરી જવા માગતી નથી. મારો માર્ગ કર્તવ્યનો છે. ફરજને અદા કરવા માટે જે કરવું પડે તે કરવાનો છે.' સત્યવતી જુસ્સાપૂર્વક બોલતી હતી. તેણે કહ્યું, 'મેં દુર્ભાગીએ મારા બન્ને પુત્રો ગુમાવ્યા. મહારાજા શાન્તનુના દીકરા ભીષ્મ તેની પ્રતિજ્ઞાને દૃઢતાપૂર્વક વળગી રહે છે. પરિણામે કુરુવંશનો અહીં જ અંત આવે છે.' બોલતાં બોલતાં સત્યવતીની આંખોમાંથી અશ્રુ-પ્રવાહ વહેતો થયો. સત્યવતીની આંખમાંથી વહેતાં થયેલાં અશ્રુપ્રવાહે પુત્રવધૂઓના દિલમાં હમદર્દી થઈ. તેઓ પણ અસ્વસ્થ બની રહી.

ભીની આંખ સાફ કરતાં સત્યવતીએ તેનું કથન આગળ ચલાવ્યું. તેણે કહ્યું, 'માત્ર કુરુવંશના અંતનો જ પ્રશ્ન હોત તો હું મારા દુર્ભાગ્યને દોષ દઈ સદ્‌ગત સ્વામીની ક્ષમા માંગીને જીવતી રહેત. તેના કરતાં પણ વધુ ગંભીર પ્રશ્ન હસ્તિનાપુરની પ્રજાનો છે. બન્ને પુત્ર ગાદી પર હતા ત્યારે હસ્તિનાપુરની પ્રજા નિરાધાર ન હતી. ગાદીપતિ તેમના રક્ષણ માટે જવાબદાર હતા, પણ હવે તો ગાદી જ સૂની પડી છે. ગાદી પોતે પણ કોઈના સહવાસની પ્રતિક્ષા કરે છે.' ફરી તેની આંખમાંથી અશ્રુપ્રવાહ વહેતો થયો. વ્યથાપૂર્ણ હળવા હિબકાં પણ ભરી રહી ને ગદ્‌ગદ સ્વરે બોલી, 'મારે હસ્તિનાપુરની ગાદીનો વારસ જોઈએ છે. આ વારસ તમારે જ દેવાનો છે, બહારથી શોધવાનો નથી.'

સત્યવતી ઘણું બોલી ગઈ. દિલની વ્યથા પણ તેણે ઠાલવી. છેલ્લે તેનો નિર્ણય પણ સ્પષ્ટપણે જણાવી દીધો ને શાંત ગંભીરપણે પુત્રવધૂઓ પ્રતિ મીંટ માંડી રહી હતી.

ગંભીર શાંતિ છવાઈ રહી હતી. સત્યવતી પૂર્ણ સ્વસ્થતાથી શાંતિ ધારણ કરી, પુત્રવધૂઓનું મન જાણવા પ્રયત્ન કરતી હતી. 'તમારો ખોળો ભરાશે, તમે રાજમાતા બનશો. કુરુવંશને જીવતદાન દેનાર દાતા પણ હશો. કહો, તમને મારી વાતનો મર્મ સમજાય છે?'

બંને પુત્રવધૂઓનાં દિલ પણ હલબલી ઊઠયાં હતાં.

'આ પાપનો માર્ગ નથી, આ વ્યભિચાર નથી, પણ આપદ્ ધર્મ છે. કુળ અને રાજ્યની રક્ષા માટેનું આ બલિદાન છે. એક રીતે એ પુણ્ય કામ પણ કરી શકાય.' સત્યવતીએ ગંભીર ચિંતનમાં પડેલી પુત્રવધૂઓને છેલ્લી વાત સંભળાવી, 'તમે ના ભણશો તો એક દિવસ આપણને સૌને અહીંથી કોઈ બીજી હકૂમત હાંકી કાઢશે એ પણ નિશ્ચિત છે. સૂના તખ્ત પર આસન જમાવવા કોણ તૈયાર ન થાય?' સત્યવતી કામયાબ બની. પુત્રવધૂઓ તેની દરખાસ્ત સાથે સહમત થઈ. બંને પુત્રવધૂની નજર હવે ભીષ્મ પ્રતિ હતી. અંબિકા અને અંબાલિકા ભીષ્મ જેવા પ્રતાપી પુરુષના સહવાસ માટે ઝંખતી હતી પણ જ્યારે રાત્રિની નિંદ્રામાં પોઢેલાં અંબિકાના શયનકક્ષમાં વેદવ્યાસે પ્રવેશ કર્યો ત્યારે તેને જોતાં જ અંબિકા ગભરાઈ ગઈ.

અંબિકાના શયનકક્ષ સુધી વ્યાસને મૂકવા સત્યવતી જાતે આવી હતી. શયનકક્ષમાં વ્યાસ પ્રવેશ કરે તે પહેલાં સત્યવતીએ તેને સલાહ આપતાં જણાવ્યું હતું કે, 'અત્યારે વહુ નિંદ્રાધીન હશે. તેને પ્રેમસંવાદથી જગાડજે, તેની સાથે પ્રણયગોષ્ઠિ કરજે, તેને પ્રસન્ન કરજે, તેની લાગણીઓને પંપાળજે. પોતાને ખોળાનો ખૂંદનારો પ્રાપ્ત થવાનો છે તેનો આનંદ પણ તેના શુષ્ક, નિરસ, ઉદાસીન ચહેરા પર પથરાઈ જવો જોઈએ.'

માતાની શિખામણનો અમલ કરતાં પોતાની હાજરીથી ગભરાઈ ગયેલી અંબિકાને પ્રેમભીના શબ્દોથી રીઝવવા તેણે પ્રારંભ કર્યો. તેણે માતાએ શીખવેલાં પ્રણય શબ્દોનો ધોધ વહાવ્યો, પણ

અંબિકાના દિલમાં કોઈ ઉન્માદ જાગ્યો જ નહિ. ચિત્તશૂન્ય બની તે એકદમ કેટલીય ક્ષણો કાળા ડિબાંગ વાદળો જેવા કાળા દેહવાળા ભય પમાડે તેવા બેડોળ ચહેરાવાળા વ્યાસ સામે જોઈ રહી. 'મને માતાએ નિયોગ માટે મોકલ્યો છે, પ્રિયે!' વ્યાસે હળવેથી અંબિકાની પડખે આસન જમાવતાં તેના ખભા પર પોતાનો વજનદાર હાથ મૂકતાં કહ્યું. તેની લાગણીઓને ઉત્તેજતો પ્રારંભ કરતાં કહ્યું, 'હું મહાપંડિત છું. વેદોનો મેં અભ્યાસ કર્યો છે. લોકો મારો ભારે આદર-સત્કાર કરે છે.'

આટલી પોતાની પિછાન દીધા છતાં અંબિકા તેને કોઈ પ્રતિભાવ દેતી ન હતી.

'જરા મારી સામે તો જુઓ પ્રિયે?' એમ બોલતાં બીજી દિશા તરફ મોં કરીને બેઠેલી અંબિકાની ચિબુક પકડી તેના મોંને પોતાની નજર સમક્ષ લાવતાં અંબિકાએ બે હાથે પોતાનું મોં ઢાંકી દીધું.

વેદવ્યાસને પ્રેમના કોઈ પાઠ મળ્યા જ ન હતા. નારી સહવાસની કલ્પના પણ કરી શકતો ન હતો, એટલે સત્યવતીએ પઢાવેલો પાઠ ભણતાં મુશ્કેલી પણ પડતી હતી. પોતે કેટલું બધું બોલ્યો? અંબિકાને પ્રસન્ન કરવા તેણે કેટલો પ્રયત્ન કર્યો? પણ અંબિકાના હૈયામાં કોઈ ઊમળકો ઊઠતો જ ન હતો, એથી વેદવ્યાસ પણ મૂંઝાતો હતો.

'ત્યારે હું વિદાય થાઉં એમ જ ને?' આખરે પોતાની સામેથી નજર ફેરવી બેઠેલી અંબિકાને વ્યાસે પૂછ્યું ને ઉમેર્યું, 'પછી માનો ઠપકો મારે સહન કરવો પડે નહિ.'

અંબિકા પણ હળવે હળવે મનને શાંત કરવા પ્રયત્ન કરતી હતી. તેણે પૂછ્યું, 'માએ તમને મોકલ્યા છે અહીં?'

'હા. માની આજ્ઞાનું પાલન કરવા માટે તો હું તપ, ધર્મ, ધ્યાન, યજ્ઞ ને વેદોનો અભ્યાસ છોડી અહીં આવ્યો છું.' વેદવ્યાસે

સ્પષ્ટતા કરતાં કહ્યું, 'મને પણ અધર્મ આચરવો ગમતો નથી, પણ આ તો આપદ્ ધર્મ છે. માની આજ્ઞાનું પાલન કરવાનો મારો નિશ્ચય છે.'

'પણ અમે તો ભીષ્મને ઇચ્છતા હતા.' અંબિકાએ કહ્યું.

'મને તેની જાણ નથી, પણ મને તેડવા માએ મોકલ્યો. ભીષ્મ જ આવ્યો હતો.' વ્યાસે સ્પષ્ટતા કરતાં કહ્યું ને પછી ઉમેર્યું, 'કદાચ ભીષ્મે ના પાડી હશે. વેદવ્યાસ જેવા તપસ્વી પ્રતિભાવના પુરુષના જેવા મહાપ્રતાપી દીકરા મેળવવા માએ મને બોલાવ્યો હશે.'

ફરી પૂછ્યું, 'કહો તમારી શી ઇચ્છા છે?' જ્યારથી સત્યવતીએ તેના મનમાં આશાની જ્યોત પ્રગટાવી છે ત્યારથી તે પણ ખોળાના ખૂંદનારની પ્રતિક્ષા કરતી હતી. તેને પણ રાજમાતા બનવાની ખ્વાહિશ પણ હતી.

સત્યવતીનો રાજમાતા તરીકેનો પ્રભાવ તેની નજર સમક્ષ હતો. રાજમહેલમાં તો જાણે રાજમાતાનું સામ્રાજ્ય હતું. હવે તે પણ કલ્પના સેવતી હતી. પોતાનો દીકરો હસ્તિનાપુરની ગાદી પર હોય ને પોતે રાજમાતા તરીકે મહેલમાં પ્રભાવ પાથરી શકે.

દિવસો થયા તે રાજમાતાના સ્વપ્નામાં રાચતી હતી. એ સ્વપ્નાં સાકાર બનાવવા વેદવ્યાસનો સહવાસ માણવા તત્પર થઈ. તેણે મનમાં ભીષ્મ વિષે ક્રોધ પણ કર્યો. ભારે હઠીલા છે, જેઠજી! પોતાના કુળનો વંશ રાખવાને ગાદીને સલામત બનાવવા ભાભીઓ સાથે નિયોગ કરવાની ના પાડતાં તેમને જરા પણ વિચાર નહીં આવ્યો હોય? માતાને એમના હઠાગ્રહને કારણે આવા કાળા ડિબાંગ જેવાને બોલાવવો પડ્યો હશે ને?'

આખરે અંબિકા તૈયાર થઈ. તેણે બધો સમય આંખો બંધ રાખી કાળા ડિબાંગ સામે દૃષ્ટિપાત કરવાની પણ તેની ઇચ્છા ન હતી. નિયોગ એ તેને માટે માત્ર આપદ્ ધર્મ હતો. તેમાં તેની કોઈ ઇચ્છા કે ઉત્સાહ પણ નહોતો.

સવારે વ્યાસે અંબિકાના શયનકક્ષમાંથી બહાર ડગ દીધા

ત્યારે કેટલીય આંખો તેના પ્રતિ મંડાઈ હતી. અંબિકાની દાસી પણ કાળાડિબાંગ જેવા વ્યાસ સામે ભક્તિભાવ ભરી નજર માંડી રહી હતી. પોતાને પણ આવા પુણ્યશાળી પુરુષ જેવો પ્રતાપી દીકરો હોય તો? મનનો આવેગ વધી પડયો. વ્યાસ સમક્ષ પહોંચી જવા તે ઉતાવળી થઈ. આગળ ડગ દેતાં વ્યાસનાં ચરણોમાં પડીને તેને ઈજન દઈ રહી.

'મારે ત્યાં પણ એક રાત્રિ મહેમાન બનો તો?' એ કરુણાભર્યા શબ્દોમાં કાલાવાલા કરવા લાગી, 'હું અભાગણી એક એવા મહાજ્ઞાની પ્રતાપી દીકરાની ઝંખના કરું છું. લજ્જાના ભારે ઝૂકી ગયેલી ગરદન ઊંચી કરતાં ધ્રૂજતા સ્વરે બોલી, 'ક્ષમા કરશો, શાપ દેતાં નહિ. મારી માંગણીનો સ્વીકાર થશે ખરો?'

વેદવ્યાસ માતા સત્યવતી સમક્ષ ઉપસ્થિત થવા ઉતાવળા હતા. તેમણે દાસીના જવાબમાં સ્મિત વેરતાં કહ્યું: 'માતાની મંજૂરી હશે તો જરૂર આવીશ.'

દાસીના દિલમાં વિશ્વાસની ઝલક આવી. સત્યવતીની મંજૂરી મેળવવા પોતે પણ માતાને ખુશ કરશે જ તેવો તેનો આશાવાદ નિરર્થક તો ન હતો. સત્યવતીની તે પ્રીતિપાત્ર દાસી હતી એટલે તેની માંગણી મંજૂર થવા વિષે કોઈ શંકા નહોતી.'

અંબિકા, અંબાલિકા અને દાસી સાથેના નિયોગ પછી વેદવ્યાસ પાછા ફરતાં સત્યવતી સમક્ષ ઉપસ્થિત થતાં કહ્યું, 'મા, આપની આજ્ઞાનો અમલ કર્યો. હવે પ્રાયશ્ચિત્ત કરવા જવાની રજા આપો.'

પ્રાયશ્ચિત્ત શબ્દે સત્યવતી હલબલી ઊઠી. વ્યથાપૂર્ણ સ્વરે બોલી, 'પ્રાયશ્ચિત્ત? શાનું પ્રાયશ્ચિત્ત? આ મારા ભાઈઓની પત્ની છે એ તો તમે જાણો છો ને?' ને ઉમેર્યું. 'કુરુવંશ ખતમ થઈ જતો તમે અટકાવ્યો. હસ્તિનાપુરની ગાદી માટેના વારસના જન્મદાતા બની તમે ઉપકાર કર્યો છે. તેમાં પ્રાયશ્ચિત્તનો કોઈ પ્રશ્ન

જ નથી.'

વેદવ્યાસ માતાની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થયો ત્યારે તેના દિલમાં કંપ થતો હતો. અંબિકા અને અંબાલિકાના વ્યવહારે તે દાઝી ઊઠ્યો હતો. અંબિકાએ જેટલો સમય પોતે તેની સાથે રહ્યો તેટલો સમય આંખો બંધ રાખી હતી. ગમે તેમ પણ તેનેય માતા બનવાની ઇચ્છા ગમતી ન હોય એમ તેને લાગતું હતું. અંબિકા તેને જોતાં ધ્રૂજી ઊઠી હતી. તેનાં અંગેઅંગ ધ્રૂજતાં હતાં. તેના મનમાં પણ વેદવ્યાસ વિષે કોઈ પ્રેમભાવ નહોતો. માત્ર માતાની ઇચ્છાનું જાણે પાલન કરતી હોય એમ કશો ઉત્સાહ વિના તે જાણે વર્ષોથી બીમાર હોય તેવો વ્યવહાર રાખતી હતી.

જ્યારે દાસી તેના પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કરતી હતી. તેના પૂજન કર્યાં હતાં. તેની સેવામાં ઉપસ્થિત હતી.

આમ ત્રણેના ભિન્ન ભિન્ન વ્યવહાર હતા. વેદવ્યાસ આવા ભિન્ન ભિન્ન વ્યવહારનું પરિણામ માતાને જણાવી તેના દિલમાં અત્યારથી જ ચિંતાની ચિનગારી સળગતી કરવા ઇચ્છતા ન હતા. એટલે તેણે નિયોગના ભાવિ પરિણામ વિષે મૂંગા રહેવાનું ઉચિત માન્યું. પરસ્ત્રી સાથેનો સંબંધ એ પાપકૃત્ય છે એમ તો તેઓ માનતા હતા. એટલે તેમણે પ્રાયશ્ચિત્ત કરવાનો પણ નિર્ણય કર્યો હતો. જેની સત્યવતીને જાણ કરી તે ભારે પગલે પાછા ફરવાની તૈયારી કરતા હતા.

સત્યવતીના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું : 'મા, તપસ્વીનો તપોભંગ કરવા દેવો સ્વર્ગની સુંદરીઓને ધરતી પર મોકલે છે. વિશ્વામિત્ર જેવા તપસ્વી લપસી પણ પડે છે. મારે માટે કોઈ સ્વર્ગની સુંદરી ન હતી. માતાની આજ્ઞા – પ્રથમ વાર અને હવે છેલ્લી વારની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું શક્ય ન હતું એટલે તમારી આજ્ઞાને આપદ્ધર્મ માનીને વ્યવહારમાં મૂકી. પણ મા, મારું દિલ સાધુનું છે. મારું મન તપસ્વીનું છે. તેને માટે આ

કર્મ પાપના બોજ સમું છે. મારે એ બોજ હળવો કરવો જ જોઈએ. એ બોજ તળે હું દટાઈ જવા માંગતો નથી. જેમ તમારી આજ્ઞાનું પાલન કરી તમને સંતોષ દીધો, તેમ હવે આ પાપનો બોજ હળવો કરવા મારે પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈશે. એ વિના હું જીવી શકીશ નહિ.' બે હાથ જોડી સત્યવતીને વંદન કરતાં ગંભીરતા ધારણ કરતાં બોલ્યો, 'મા, મને પ્રાયશ્ચિત્ત કરવાનું બળ પ્રાપ્ત થાઓ એવી આશિષ આપો.'

સત્યવતી વેદવ્યાસ સમક્ષ ગંભીરતાપૂર્વક દૃષ્ટિ માંડી રહી. તેના મનમાં પણ રમખાણ જાગ્યું હતું. પોતાની જાત પ્રત્યે મનોમન ફિટકાર વર્ષાવતી રહી, પોતે કેવી અભાગી છે? તેણે પોતાના સુખ ખાતર ભીષ્મનો હક્ક છીનવી લીધો. આજીવન બ્રહ્મચારી બનાવી સંસારસુખથી વિમુખ કર્યો. પણ ઈશ્વરને તે મંજૂર ન હોય તેમ મારા બબ્બે પુત્રો અકાળે અવસાન પામ્યા ને કુરુવંશનું નિકંદન જવા બેઠું ત્યારે તેને સલામત રાખવા પુત્રવધૂઓને નિયોગનો ભોગ બનાવીને આ વેદવ્યાસ મારો ત્યજી દીધેલો દીકરો જેની મેં ક્યારેય, કદી પણ ભાળસંભાળ લીધી નથી. તેના ઘડતરમાં માતા તરીકે મારું કોઈ પ્રદાન પણ નથી. એણે તેની માતાને જોઈ પણ નથી, છતાં તેણે મારી વાત માની લીધી ને મારી ઇચ્છાનું પાલન કર્યું. હવે તેને પણ પ્રાયશ્ચિત્ત કરવાની વેળા આવી છે.

વિચારના વમળમાં ઘૂમતી સત્યવતીના ક્રોધનો આવેગ વધી પડતાં બે હાથે પોતાના ભાગ્ય પર જોરથી ઘા કરતાં ઉગ્રતાથી બબડી : હતભાગિની! મત્સ્યગંધામાંથી તું સત્યવતી બની. ઝૂંપડામાંથી તું મહેલમાં વૈભવ માણી રહી, પણ કેવા અધર્મ આચર્યા છે દુર્ભાગી! એક તપસ્વીના તપોભંગ માટે તું જ જવાબદાર છો ને! આના કરતાં ઝૂંપડામાં રહી, કોઈ માછી યુવક સાથે લગ્ન કર્યાં હોત તો આ બળાપો તો ન હોત ને?

ઉદાસીન વદને મૂંગા મૂંગા મનોતાપમાં શેકાતી સત્યવતીને

ફરી વેદવ્યાસ કહી રહ્યા, 'મા, આજ્ઞા આપો. મારું તપ સફળ થાય. પ્રાયશ્ચિત્તના પવિત્ર જળથી હું દોષમુક્ત થાઉં.'

આખરે સત્યવતીની રજા મળતાં વેદવ્યાસ રાજમહેલમાંથી પોતાની તપોભૂમિ પર પહોંચી પ્રાયશ્ચિત્ત કરવા વિદાય થયા.

*

'અરે, શાનો ગજબ થયો? મૂઓ આંધળો જન્મ્યો જ ન હોત તો? આ વેઠ હવે મારે કરવાની?'

પોતાની કુંખે જન્મેલા આંધળા દીકરા સામે જોઈ અંબિકા ચોધાર આંસુ સારતી હતી.

સત્યવતી પણ પારાવાર વેદના વેઠતી હતી. હસ્તિનાપુરની ગાદી પર આ આંધળાનો અભિષેક કેમ થઈ શકે?'

તો અંબાલિકાનો પુત્ર રોગિષ્ટ હતો. તેના દૂબળો દેહ સામે જોતાં સત્યવતી પણ વ્યથિત હતી. પણ એક વાતનો સંતોષ હતો. હસ્તિનાપુરની ગાદી પર આંધળો નહિ, પણ આ રોગિષ્ટ દીકરો બિરાજશે ને બાકીની જવાબદારીઓ તો ભીષ્મ અદા કરે જ છે ને?'

યથાસમયે રાજગાદી કોને સુપ્રત કરવી એ પ્રશ્ન ઊભો થયો. ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે તો ધૃતરાષ્ટ મોટો હોવાથી તેનો જ રાજ્યાભિષેક થવો જોઈએ. પણ તે અંધ હતો ને રાજના કારોબારને સંભાળી શકે તેમ ન હતો એટલે રોગિષ્ટ દેહવાળા પાંડુ પર સૌની નજર હતી.

ભીષ્મ સત્યવતીને મંત્રીગણ અને દરબારીઓનું મંતવ્ય રજૂ કરતાં પૂછી રહ્યા, 'મા, તમે જે નિર્ણય કરો તેનો અમલ થશે જ. ભલે મંત્રીગણને તે માન્ય ન હોય. પણ મા, તમે રાજ્યના હિતને લક્ષમાં રાખજો.'

સત્યવતી પણ જાણતી હતી. ધૃતરાષ્ટ્ર મોટો હોવાથી પ્રણાલિકા પ્રમાણે રાજગાદીનો તે હક્કદાર છે. પણ જેને જોવા નજર

નથી તે રાજ્યનો વહીવટ કઈ રીતે ચલાવશે ? 'ભીષ્મ, તમારી દલીલમાં ઘણું તથ્ય છે એટલે હક્કદાર ભલે ધૃતરાષ્ટ હોય, પણ તે અંધ છે એટલે તેનો રાજ્યાભિષેક થઈ શકે જ નહિ.' તે પછી ઊંડાણમાંથી નિસાસો નાંખતાં કહી રહી : 'જેવાં તેનાં કર્મ.'

હસ્તિનાપુરની ગાદી પર પાંડુનો રાજ્યાભિષેક થયો. ભીષ્મની રાહબરી હેઠળ પાંડુએ ઘણાં પરાક્રમો કર્યાં. હસ્તિનાપુરની સત્તાના સીમાડા વધાર્યા. હસ્તિનાપુરની રાજ્યની તિજોરીનાં તળિયાં દેખાતાં હતાં તે તિજોરી ધન, ઝવેરાતથી છલકાવી દીધી.

પરાક્રમી પાંડુના લગ્ન પણ ભીષ્મે જ ગોઠવ્યા. ભોજરાજની રાજકુમારી કુંતી સાથે તેના લગ્ન થયા. માદ્રી દેશની રાજકુમારી માદ્રીના લગ્ન પણ પાંડુ સાથે ગોઠવ્યા.

ઘણાં ઘણાં પરાક્રમોથી હસ્તિનાપુરની તાકાત ને ગૌરવ પાંડુએ વધાર્યાં હતાં, પણ જુવાનીની તમામ શક્તિ વેડફી નાખી હતી. જન્મથી જ રોગિષ્ટ પાંડુએ પરાક્રમોની સફળતા ભલે પ્રાપ્ત કરી, પણ દેહનાં કૌવત-શક્તિ ગુમાવી બેઠો હતો.

હવે તે દરબારમાં પણ જઈ શકતો ન હતો. ભીષ્મ પાંડુની શારીરિક બેહાલી વિષે સવિશેષ ચિંતાતુર હતો. તેની તબિયત સુધારવા માટેના બધા પ્રયત્નો નિષ્ફળ જતા હતા. ભીષ્મની ઉદાસીનતા વધી પડતી હતી.

તેની સારવારમાં રહેલા વૈદે કુંતી અને માદ્રીને તાકીદ કરી હતી, 'સોળ શણગાર સજી તમે કોઈ મહારાજા પાસે જશો નહિ. તેઓ ઉત્તેજિત થાય તેવી કોઈપણ પ્રક્રિયા કરશો નહિ.' ને પછી ગંભીરતાપૂર્વક જણાવ્યું હતું, 'તેઓ ઉત્તેજિત થશે તો કદાચ જોખમ થશે.'

ભીષ્મ, સત્યવતી પણ વૈદની સૂચના પછી વધુ ગંભીર બની ગયા હતા. સત્યવતી બધો જ વખત તેની જાતને જ દોષિત કરાવતી હતી. ભીષ્મ તેને સમજાવતો, હૈયાધારણ દેતો કહેતો, 'ના,

મા, ના ! તમે અકારણ વિલાપ કરો છો. પાંડુએ કેવા પ્રચંડ સાહસો કર્યાં છે? તેણે પિતાજીના રાજ્યની સીમા કેટલી બધી વધારી દીધી? હસ્તિનાપુરની તાકાત પણ કેટલી મોટી બની રહી છે, મા.' પછી પૂછતો, 'પછી ભાઈ, પાંડુને સંપૂર્ણ આરામની જરૂર પણ પડે જ ને?'

'જાણું છું ભીષ્મ, બધું જ જાણું છું!' દુઃખભર્યા સ્વરે સત્યવતી બોલતી હતી, 'પણ મારું દુર્ભાગ્ય તો જુઓ ભીષ્મ, તમારા હક્ક પર મેં તરાપ દીધી તેનું કેવું પરિણામ હું ભોગવી રહી છું?' તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી થઈ. ગદ્‌ગદ કંઠે બોલી, 'પાંડુને કાંઈ થયું તો?'

તેણે મોટાં ડૂસકાં પણ દેવા માંડ્યાં.

ભીષ્મ પણ ખિન્ન બની ગયો. વૈદની સૂચના પછી ભીષ્મના મનમાં પણ ભીતિ હતી, 'કદાચ પાંડુ ઢળી પડશે તો?

વૈદની સલાહનો મર્મ તેમણે તારવ્યો. તેમણે વ્યથાભરી સત્ય-વતી સમક્ષ વાત મૂકી, 'મા, તમે જો રજા આપો તો પાંડુને હિમાલયની ગોદમાં, ઋષિઓના આશ્રમના સાંનિધ્યમાં થોડો સમય આરામ કરવા મોકલીએ.'

ભીષ્મની વાત સત્યવતીને તરત જ જચી ગઈ. તેણે જાણવા માંગ્યું, 'પછી રાજગાદીનું શું?'

'એ માટે વ્યવસ્થા થઈ શકે તેમ છે.' એમ બોલતાં ભીષ્મે સૂચવ્યું, 'વિદુરજી, પાંડુની ગેરહાજરીમાં વહીવટ સંભાળે, રાજગાદી પર તો પાંડુ છે જ. તેની ગેરહાજરીમાં વિદુરજી ભલે વહીવટ સંભાળે. જરૂર હશે તો પાંડુની અનુમતી પણ લેવા કોઈકને દોડાવી શકાશે.'

સત્યવતી પણ ભીષ્મની દરખાસ્ત સાથે સંપૂર્ણપણે સહમત થઈ. પાંડુ પણ હવે રાજવહીવટથી થાકી ગયો હતો. બીમાર હોવા છતાં પણ રોજ કોઈ ને કોઈ પ્રશ્ન વિષે ચર્ચા કરવા માટે

મંત્રી દોડતાં આવતાં હતાં. પાંડુ વધુ શ્રમિત થતો હતો. તે પણ હવે સંપૂર્ણપણે ફારેગ થવા ઇચ્છતો હતો. તેણે ભીષ્મ સમક્ષ વાત મૂકી, 'મને હવે અહીંથી જવા દો, પિતામહ!' પાંડુએ ભીષ્મને પિતામહનું સંબોધન કર્યું ને પછી ભીષ્મને પિતામહના નામે જ બધા ઓળખતા થયા. પિતામહ પાંડુની વાત સાથે સહમત થયા. તેમને પણ ભય હતો. રોજિંદા વહીવટી પ્રશ્નોનાં કારણે કદાચ પાંડુની તબિયત વધુ બગડશે એટલે જેમ બને તેમ જલદીથી પાંડુ કોઈ શાંત, એકાંત સ્થાને પહોંચી જાય. ત્યાં સંપૂર્ણ આરામ કરે તે જરૂરી હતું.

હિમાલયની તળેટીમાં ઋષિમુનિઓના સાંનિધ્યમાં જ તેને માટેની ગોઠવણ કરી. પાંડુ, કુંતી અને માદ્રી હિમાલયની ગોદમાં ઋષિમુનિઓની તપોભૂમિમાં વસવાટ કરવા પહોંચી ગયાં.

પાંડુની ગેરહાજરીમાં રાજ્ય કારોબાર સંભાળવા ભીષ્મે વિદુરને જણાવ્યું પણ વિદુરે ના ભણી. મને આવા કામમાં રસ નથી. હું તો તમે કહો તે કરું છું. કારોબાર વિષેની મને કોઈ સમજ પણ નથી.'

વિદુરની ના પછી હવે ધૃતરાષ્ટ્ર પર જ ભીષ્મની નજર હતી. ધૃતરાષ્ટ્ર જો અંધ ન હોત તો ગાદી તેને જ પ્રાપ્ત થઈ હોત. પાંડુની ગેરહાજરીમાં રાજકારોબાર કોઈકે તો સંભાળવો જ જોઈએ.

'તો હવે તમે તૈયાર થાવ, ભીષ્મ!' સત્યવતી ભીષ્મને કહી રહી, 'પાંડુ સ્વસ્થ થઈને પાછો ફરે નહિ ત્યાં સુધી તમે ગાદી પર બેસો.' પછી હળવેથી સ્મિત રેલાવતાં બોલી, 'આખરે ગાદીના સાચા અધિકારી તો તમે જ છો ને? તો થોડા સમય તમે સંભાળો.'

'ના, મા, એવી કોઈ વાત કરશો નહિ.' ભીષ્મ બોલ્યા. વધુમાં સ્પષ્ટપણે જણાવી દીધું, 'જેનો ત્યાગ કર્યો તેની સામે દૃષ્ટિપાત કરવાની મારી ઇચ્છા નથી. મને ક્ષમા કરો, મા!

'તો હવે ધૃતરાષ્ટ્ર જ બાકી રહ્યો ને?' સત્યવતી સચિંત બોલી ને ઉમેર્યું, 'તે આંધળો છે એટલે તે કારોબાર શી રીતે

સંભાળી શકશે?' પ્રશ્ન કર્યો.

ભીષ્મના મનમાં ચિંતા હતી. ધૃતરાષ્ટ્ર અંધ છે એટલે પેલી કહેવત પ્રમાણે જેનો આગેવન આંધળો તેનું લશ્કર કૂવામાં જ પડે. પાંડુ વનમાં ગયો છે ને અંધ ધૃતરાષ્ટ્ર ગાદી પર બેઠો છે, તેની જાણ થતાં પાંડુની તાકાતથી જેઓ હજી પણ થરથરે છે તેઓ હિંમતવાન બનીને કદાચ હસ્તિનાપુર પર આક્રમણ કરે તો અંધ ધૃતરાષ્ટ શું કરી શકવાનો હતો? તેની આજ્ઞા પ્રમાણે જ સેના-પતિને વ્યૂહરચના કરવાની હોય. એ વ્યૂહરચનામાં તેણે પણ ભાગ લેવો જોઈએ. પણ હતાશા ઠાલવતાં ભીષ્મ સ્વગત બોલી રહ્યા. 'અંધ ધૃતરાષ્ટ્ર શું કરવાનો હતો? તેની સમજ પણ કેટલી?'

તેના ચહેરા પર ચિંતાની રેખાઓ રમતી હતી. સત્યવતી પણ દ્વિધામાં હતી. ભીષ્મના ચહેરા પરની ચિંતા જોઈ તેણે કહ્યું, 'ભીષ્મ, પ્રશ્ન ઘણો જ વિકટ છે ખરું ને?'

'હા, મા! પણ બીજો વિકલ્પ શો છે?' ભીષ્મે જવાબ દીધો.

'વિકલ્પ તો છે જ, પણ ભીષ્મ તૈયાર નથી એટલે મૂંઝવણ છે.' સત્યવતીએ તેના મનોભાવ ઠાલવતાં ફરી ભીષ્મને આગ્રહ કર્યો, 'થોડા સમય માટે તમે જ સંભાળો તો? આપદ્ધર્મ છે. તમે ક્યાં હંમેશ માટે ગાદીપર બેસો છો? માત્ર થોડા સમય માટે તમારે જવાબદારી સંભાળવી જોઈએ.' કાકલૂદી કરતી હોય એમ દ્રવિત સ્વરે કહી રહી, 'ભીષ્મ, તમે હઠાગ્રહી ન બનો. આફતની ક્ષણોમાં તમારે થોડા ઉદાર પણ થવું જોઈએ.'

સત્યવતીના સતત આગ્રહ છતાં ભીષ્મ તેમના નિર્ણયમાં મક્કમ હતા. 'પ્રતિજ્ઞાપાલનમાં કોઈ અપવાદ ન હોય, મા! તેનું સંપૂર્ણપણે પાલન થવું જ જોઈએ.'

'તો હવે ધૃતરાષ્ટ્રનો રાજ્યાભિષેક કરો.'

'રાજ્યાભિષેક નહિ, માત્ર ગાદી સંભાળે.' ભીષ્મે સત્યવતીની સલાહનો વિરોધ કરતાં કહ્યું, 'જો પાંડુએ ગાદીત્યાગ કર્યો હોય

તો ધૃતરાષ્ટ્રનો તમે કહો છો તેમ તેનો રાજ્યાભિષેક જરૂર કરવો જોઈએ. પાંડુ આરામ કરવા હિમાલયની તળેટીમાં ગયા છે. એટલે રાજા તો પાંડુ જ રહે છે. ધૃતરાષ્ટ્ર માત્ર પાંડુની ગેરહાજરીમાં ગાદી સંભાળે એ જરૂરનું છે.'

'ભલે એમ રાખો.' સત્યવતી ભીષ્મની વાત માન્ય કરતાં બોલી ને પૂછ્યું, 'આંધળાની લાકડી તો તમે જ બનશો ને?'

'ના, મા. હું નહિ, પણ વિદુર બનશે.'

'વિદુર તૈયાર થશે ખરો?'

'તૈયાર થવું જ પડશે.'

'તો તેને બોલાવો ને તેની મંજૂરી મેળવી લો.' વિદુર ભીષ્મની વાતનો સ્વીકાર કરતાં અચકાતો હતો. તેને રાજકાજમાં કોઈ જ ઉત્સાહ નહોતો. રસ નહોતો એટલે તે તૈયાર થતો નહોતો.'

ભીષ્મે તેને સમજાવ્યો, 'પાંડુની ગેરહાજરી કોઈ પણ રીતે જાહેર થવી ન જોઈએ. એ માટે તારે ધૃતરાષ્ટ્ર સાથે જ રહેવું પડશે.'

આખરે વિદુર તૈયાર થયો ને હસ્તિનાપુરની ગાદી પર ધૃતરાષ્ટ્રે આસન સંભાળ્યું.

ભીષ્મે ધૃતરાષ્ટ્રના હાથમાં રાજ્યની ધૂરી મૂકતાં કહ્યું, 'પાંડુ સ્વસ્થ થઈ પાછો ફરે ત્યાં સુધી આપણા પિતાજીની ગાદી તમે સંભાળો. વિદુર તમારી સાથે જ હશે. જરૂર પડે તો મને પણ બોલાવજો. પાંડુની સિદ્ધિઓની બરાબર જાળવણી કરવી જરૂરી છે.'

ધૃતરાષ્ટ્ર માટે આ પરમ આનંદની ઘડી હતી. પોતાનો જ હક્ક હોવા છતાં પોતાની અંધ સ્થિતિનો લાભ લઈને પાંડુને ગાદી દીધી. આખરે તેનો હક્ક હતો. તેને ગાદી સુપ્રત કરવી પડી ને? મનનો આનંદ દબાવીને ગંભીરતાથી ધૃતરાષ્ટ બોલ્યો, 'પિતામહના સાંનિધ્યનું બળ મને હંમેશા પ્રેરણા દેશે. વિદુર મારો ભોમિયો બનશે પછી હસ્તિનાપુરની ગાદી પર કોઈ ભય, જોખમ હશે નહિ.'

ધૃતરાષ્ટ ગાદી પર બેઠો.

# ૧૩

'ઓ હતભાગિની, ચિંતાની જ્વાલાઓમાં તારે ભરખાઈ જ જવાનુ છે.' સત્યવતી મનોદ્વેગમાં પોતાની જાતને જ તેના દુર્ભાગ્ય વિષે સંભળાવતી હતી.

પાંડુને બબ્બે રાણીઓ હોવા છતાં નિઃસંતાન હતો. વૈદની તાકીદનો અર્થ સ્પષ્ટ હતો. તેણે બન્ને રાણીઓને જે સલાહ આપી હતી તે પણ સ્પષ્ટ હતી. પાંડુ નિઃસંતાન હશે ને ધૃતરાષ્ટ્ર તો જન્મથી અંધ છે. આજ સુધી તેને પોતાની રાજકુમારી દેવા કોઈ આવ્યું નથી. અંધને કોણ પોતાની દીકરી દેવા તૈયાર થાય?

તો કુરુવંશ અટકી જશે. પોતે તો પુત્રવધૂઓને નિયોગના માર્ગે દોરી કુરુવંશની વેલ સલામત રાખી. પણ હવે?

દિવસો થયા તે આ ચિંતામાં સળગતી હતી. પાંડુની તબિયત વિષેના સમાચારો પણ હતાશાભર્યા હતા એટલે પાંડુને સંતાન થાય તેવી કોઈ જ શકયતા ન હતી. પરિણામે સત્યવતીની ચિંતાનો અંગારો વધુ પ્રજ્વલિત થતો હતો. તેના ચહેરા પર ગમગીની છવાઈ ગઈ હતી.

ભીષ્મ સત્યવતીની ગમગીની જોઈ મનમાં શંકા કરતો, મા કોઈ અદીઠ, કલ્પિત વિપદાથી મનોમન પિડાય છે. તેણે માની ચિંતાભરી હાલતનો ભેદ જાણવાનો પ્રયત્ન કર્યો.

'મા, હમણાં હમણાં તમે ઉદાસ કેમ રહો છો? કોઈ કલ્પના તમને મુંજાવી રહી છે? કહો તો ખરા? ભીષ્મ તેની તમામ શક્તિથી

એ કલ્પનાનો અંત લાવશે.' તેમણે પ્રશ્ન કર્યો, 'ધૃતરાષ્ટ્રના રાજવહીવટમાં કોઈ ક્ષતિ તમે જોઈ છે? વિદુર સતત ઉપસ્થિત જ હોય છે. ધૃતરાષ્ટ્રને પણ વિદુર ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે.' પછી અટહાસ્ય કરતાં ભીષ્મ બોલ્યા, 'મા, તમે કદાચ નહિ માનો, પણ ધૃતરાષ્ટ્ર વિદુરને પોતાના ખોળામાં બેસાડી તેના પર વાત્સલ્યભાવ વર્ષાવે છે.' પછી મૂળ પ્રશ્ન ઉપસ્થિત કરતા પૂછ્યું: 'કહો મા, તમને ચિંતા શાની છે? પાંડુની તબિયત પણ હવે સુધારા પર છે. થોડા મહિના સંપૂર્ણ આરામ કર્યા પછી પુનઃ પાછો ફરશે એમ લાગે છે. પછી ચિંતા શી છે, મા?'

સત્યવતી ભીષ્મની વાત ધ્યાનપૂર્વક સાંભળતી હતી. હમણાં છેલ્લા સમાચાર પ્રમાણે પાંડુની તબિયત થોડી સુધારા પર છે એટલે તેને વિશે કોઈ ચિંતા ન હતી. તેની ચિંતા કુરુવંશ વધતો જ રહે તે વિષેની હતી.

ભીષ્મ કદાચ તેની ચિંતા દૂર કરી શકે એવી આશાથી તેણે ભીષ્મ સમક્ષ પોતાની ચિંતા કાલ્પનિક નથી. એ હકીકત પર આધારિત છે તેવી સ્પષ્ટતા કરતાં કહ્યું:

'ભીષ્મ, ફરી ફરીને કુરુવંશ અને હસ્તિનાપુરની ગાદી વિષે જ મને ચિંતા રહે છે. ફરી ફરીને તમારી પર દૃષ્ટિ સ્થિર થાય છે.'

પોતાની સમક્ષ શાંત, સ્થિર, શૂન્યમનસ્ક ઊભેલા ભીષ્મ સમક્ષ પોતાની ચિંતા વિષે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'ભીષ્મ, ઈશ્વરનો સંકેત જ એવો છે કે કુરુવંશની વૃદ્ધિ અને હસ્તિનાપુરની ગાદીની જવાબદારી તમે જ ઉઠાવો. તમે જ હવે એક માત્ર આધારસ્તંભ છો.' પછી આગ્રહ કર્યો, 'હવે તમે હઠ પકડશો નહિ. ઈશ્વરની ઇચ્છાનો તમારે અમલ કરવો જ જોઈશે.'

ભીષ્મ પણ મનમાં મૂંઝવાતા હતા. સત્યવતી જે કાંઈ બોલતી હતી, તેની જાણે તેમને સમજ પડતી ન હોય એમ જિજ્ઞાસાભરી દૃષ્ટિ નાખી રહ્યા.

'હજી તમે સમજ્યા નથી?'

'હા, જરા સ્પષ્ટતાની જરૂર છે. ઈશ્વરની ઇચ્છા વિષે તમે શી વાત કહો છો, કહો તો ખરા?'

હવે ભીષ્મ સમક્ષ તેમની જવાબદારી વિષેનો ખ્યાલ આપવા સત્યવતી પણ વધુ સ્વસ્થતા ધારણ કરી રહી.

'જુઓ ભીષ્મ, જ્યારે મારા બન્ને પુત્રો નિઃસંતાન મૃત્યુ પામ્યા ત્યારે જ મને સમજાયું કે હું દુર્ભાગી છું. મેં તમારો હક્ક છીનવી લીધો. તેની સજા ઈશ્વર મને સતત કરતો જ રહે છે.' બોલતાં બોલતાં સત્યવતી દ્રવી ગઈ હતી.

'એમ ન બોલો મા, તમે દુર્ભાગી નથી. બડભાગી છો મા! ભીષ્મ જેવો દીકરો તમારી સેવામાં સતત ઉપસ્થિત હોવા છતાં તમે તમારી જાતને દુર્ભાગી કેમ માનો છો, મા?'

'બરાબર. ભીષ્મ, તમારો પ્રશ્ન બરાબર છે. તમારી સેવાથી હું પ્રસન્ન છું. મને વિશ્વાસ પણ છે કે તમારી સહાનુભૂતિ જ મારા દુર્ભાગ્યને ફેરવી શકશે.'

'તો હવે અવિશ્વાસ શા માટે?'

'અવિશ્વાસ નથી, પણ હકીકત સ્પષ્ટપણે અવિશ્વાસ પ્રેરે છે.'

'હકીકતો શી છે કહો તો ખરા? તેનો પણ ઉકેલ તો હશે ને?'

'હા, ઉકેલ જરૂર છે. તેમાં તમારી સહાયતાની જરૂર છે.'

'તો બતાવો ઉકેલ?'

'જુઓ ભીષ્મ, પાંડુને બબ્બે રાણીઓ હોવા છતાં તે સંતાનોનો પિતા બની શક્યો નથી.'

'હા, પણ તેનું દર્દ જ જો એવું હોય તો પાંડુ શું કરે?'

'ધૃતરાષ્ટ્ર અંધ છે એટલે તેને કોઈ દીકરી દેવા તૈયાર ન જ હોય એ પણ સ્વાભાવિક છે ને?'

'હા, તદ્દન સાચી વાત છે. જાણી જોઈને પોતાની દીકરી અંધને દેવા કોણ તૈયાર થાય?'

'ત્યારે કુરુવંશ પાંડુ-ધૃતરાષ્ટ્રથી જ સમાપ્ત થશે?' સત્યવતી જાણે કુશળ ખેલાડીની જેમ સોગટી મારતી હતી. તેણે ઉમેર્યું, 'ભીષ્મ તેની જિદ છોડવા તૈયાર નથી.' ને પૂછ્યું, 'પછી ભાવિ વિષે ચિંતા ન થાય.' ધ્રૂજતા સ્વરે બોલી, 'આ બનાવો જાણે ઈશ્વરે મને મારા અપરાધની સજા દેતા હોય એવા નથી?' એકદમ આવેશમાં આવી જતાં બોલી ઊઠી, 'ભીષ્મ, હું દુર્ભાગી છું, અભાગિની છું એટલે જ મારે આ પરિસ્થિતિ જોવી પડે છે ને ભાઈ? તમે જો થોડી સમજ બતાવો ને પ્રતિજ્ઞા કરતાં વંશનો વેલો વધતો જ રહે તેનું મહત્ત્વ સમજો તો સારું.'

હવે ભીષ્મ સત્યવતીની ચિંતાનો મર્મ બરાબર સમજી ચૂક્યો હતો. તે પોતે વિચારના ઊંડાણમાં ઊતરી પડતો હતો, પણ તેને કોઈ માર્ગ સૂઝતો નહોતો. તેણે જે પ્રતિજ્ઞા લીધી હતી તેમાંથી રજમાત્ર પણ પીછેહઠ કરવાની તેની તૈયારી ન હતી. સત્યવતીને તેણે કહી જ દીધું હતું, 'મા, કૃપા કરી મને પ્રતિજ્ઞામાંથી ચલિત કરવાનો પ્રયત્ન કરશો જ નહિ. પ્રતિજ્ઞાભંગ કરવાની મારી જરા પણ ઇચ્છા નથી. જો મારે પ્રતિજ્ઞાભંગ કરવો જ હોત તો નિયોગ દ્વારા ધૃતરાષ્ટ્ર-પાંડુના આગળ મને ઉત્તેજિત કરત ત્યારે પણ તમે તો મને જ સંભાળી લેવા આગ્રહ કર્યો હતો ને? ના, પ્રતિજ્ઞાનો ભંગ ભીષ્મ કદી પણ કરશે નહિ.'

અકળામણ ઠાલવતી સત્યવતીએ પૂછ્યું, 'તો બીજો માર્ગ શો?'

'ધૃતરાષ્ટ્રના લગ્ન કરવાનો!'

'આંધળાને કોણ અભાગી દીકરી દેવા તૈયાર હોય?'

'ચિંતા ન કરો મા, ભીષ્મ તેના લગ્ન માટે જરૂરી વ્યવસ્થા કરવા પ્રયત્નશીલ બનશે.' ભીષ્મે વિશ્વાસ દેતાં કહ્યું, 'કોઈ ને કોઈ મળી જ રહેશે.'

'શક્ય નથી ભીષ્મ, એ શક્ય નથી.' સત્યવતી દર્દભીના સ્વરે કહી રહી, 'ધૃતરાષ્ટ્ર અંધ છે, એ જાણ્યા પછી કોઈ યૌવના

તેની સાથે લગ્ન કરવા તૈયાર થાય જ નહિ.'

'છતાં પ્રયત્ન કરવામાં શો વાંધો છે, મા!' ભીષ્મ સત્યવતીના નિરાશાભર્યા ઉદ્‌ગારનો જવાબ દેતાં કહી રહ્યો ને ઉમેર્યું, 'હવે ધૃતરાષ્ટ્ર અંધ છે તેના કરતાં ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરનો ગાદીપતિ છે એ વાત ઘણી મહત્ત્વની છે. વળી હસ્તિનાપુરની મૈત્રી મેળવવા પણ ઘણાં રાજવીઓ ઉત્સુક છે. એટલે મને વિશ્વાસ છે કે કોઈ ઉત્સુક રાજવી ધૃતરાષ્ટ્ર સાથે પોતાની રાજકુમારી પરણાવવા તૈયાર પણ થશે.'

'ભલે, તમારી આશા સફળ થાઓ!' સત્યવતી બોલી. તેના સ્વરમાં આનંદ હતો. ભીષ્મની દલીલમાં તેને ઘણું તથ્ય પણ જણાતું હતું. તેણે ભીષ્મને કહ્યું, 'તો તમે જ પ્રયત્ન કરો.'

'હું પ્રયત્ન કરું છું. મારો પ્રયત્ન સફળ થશે જ તેવો વિશ્વાસ પણ છે.' ભીષ્મે દઢતાથી કહ્યું, 'ભીષ્મની શક્તિથી સત્યવતી અજ્ઞાત ન હતી. પોતાના પુત્રોને ગાદીપતિ હોવા છતાં કોઈ રાજવી તેમને કન્યા દેવા તૈયાર નહોતો. તેણે પોતે ઘણાં પ્રયત્નો કર્યા હતા, પણ ભીષ્મે બંનેના લગ્ન માટે કેવું પ્રચંડ સાહસ ખેડ્યું? યુદ્ધ પણ કર્યું ને બન્ને ભાઈઓના લગ્ન શક્ય બન્યા તેમ ધૃતરાષ્ટ્ર માટે પણ તે કોઈ બેત ગોઠવતા જ હતા.

આ કલ્પના સાથે જ સત્યવતીના મનમાં ભીષ્મ વિષેનો અનુરાગ ઘણો વધી પડ્યો. મનોમન તે ભીષ્મને, તેની પ્રતિજ્ઞા વિષેની દઢતાને પણ બિરદાવી રહી. નહિ તો પોતે તો ભીષ્મને જ હવાલે બધું કરવા માંગતી હતી ને? ભીષ્મે જો ગાદીપતિ થવાની તૈયારી બતાવી હોત, લગ્ન કરવા પણ તૈયાર થયા હોત તો કોઈ તેમને દોષ દઈ શકે તેમ નહોતું. મારા જ આગ્રહથી તેઓ તૈયાર થયા હોત, પણ શાબાશ છે તેની દઢતાને! પ્રતિજ્ઞામાંથી ચલિત થવા માટેના પ્રલોભનોને તેણે ઠોકર દીધી ને પ્રતિજ્ઞાને વળગી રહેવા છતાં તેનું બધું જ ઝૂંટવી લેનાર સત્યવતીની ઇચ્છા,

આજ્ઞાને આધીન રહીને સાહસો પણ કરે છે.

ધૃતરાષ્ટ્ર માટે ભીષ્મ પ્રયત્નો કરશે જ તેને વિષે તો તેના મનમાં શંકા ન હતી, તેમ જ તેના પ્રયત્નોની સફળતા વિષે ભારોભાર વિશ્વાસ પણ હતો.

ભીષ્મ પણ હવે ધૃતરાષ્ટના લગ્ન વિષે સતત ચિંતિત હતા. તેમણે ચોપાસ દૃષ્ટિ દોડાવી. નિર્બળ, સામાન્ય સતત ચિંતામાં વ્યસ્ત એવા નાના નાના રાજવીઓ પર નજર દોડાવી. તેમની નજરમાં ગાંધાર રાજ્ય વસી ગયું. તેમણે ગાંધારના રાજવીને કોઈ રાજકુમારી છે કે નહિ તેની તપાસ કરાવી ને ગાંધારી વિષેની માહિતી પણ પ્રાપ્ત કરી.

હવે સોગટી મારવી પડશે. દંતાવલી વચ્ચે અધરોષ્ટને દબાવતાં ભીષ્મ બબડયા. તેમણે વિદુરની સહાયતા લેવાનું પણ નક્કી કર્યું ને વિદુરને બોલાવ્યો.

'ભાઈ વિદુર !' પોતાની પડખે બેસાડી તેના ખભા પર હાથ મૂકી વિદુરના મનમાં ભાવો પેદા કરીને બોલ્યા, 'આપણે હવે ધૃતરાષ્ટ્રના લગ્ન કરાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તને શું લાગે છે ?' વિદુરનો અભિપ્રાય પૂછ્યો.

'પિતામહ, તમારી ચિંતા સકારણ છે એ હું જાણું છું. ધૃતરાષ્ટ્ર અંધ છે એટલે આપણી ઇચ્છા કાંઈ કામ આવે તેમ નથી.' વિદુરે ભીષ્મના પ્રશ્નના જવાબમાં નિરુત્સાહ બતાવ્યો. ભીષ્મ તેમના નિર્ણયમાં મક્કમ હતા. તેમણે વિદુરને વિશ્વાસ દેતાં કહ્યું, 'વિદુર, પ્રથમ દૃષ્ટિએ તારી વાત સાચી છે. જો ધૃતરાષ્ટ્ર અંધ ન હોત તો તે જ ગાદીનો અધિકાર હતો ને ? છતાં પાંડુને બેસાડવો પડ્યો. હવે તેના અંધાપાની અયોગ્યતા કરતાં તે હસ્તિનાપુરની ગાદી પર બેઠો છે તેની મહત્તા વધુ છે.'

'જરૂર, જરૂર. પણ તેની કોઈ રાજવી પર અસર થાય ને તેની દીકરી દેવા તૈયાર થાય ખરું ?'

'હા, પ્રયત્ન કરવો જોઈએ.'

'તો પ્રયત્ન કરવા તમારી સાથે હું તૈયાર છું.'

હવે ભીષ્મે તેમની યોજના વિદુરને વિસ્તૃત રીતે સમજાવી. ગાંધાર નાનું રાજ્ય છે. તેને હડપ કરવાનું કોઈ પણ રાજવી માટે ઘણું આસાન છે. તેને જો હસ્તિનાપુરનો સહારો પ્રાપ્ત થાય તો તેની સદાની ચિંતાનો અંત આવે.

'પણ તેથી ગાંધારનો રાજા તેની દીકરી અંધને દેવા તૈયાર થાય ખરો?' વિદુરે શંકા વ્યક્ત કરતાં કહ્યું, 'ના, એ શક્ય નથી.'

'જાણું છું શક્ય નથી, છતાં આપણે તેને શક્ય બનાવવું જ જોઈએ.' ભીષ્મે દૃઢતાપૂર્વક કહ્યું ને પછી તેની કામગીરી ચીંધતા કહ્યું, 'તમે ગાંધાર જાવ. તેના રાજવીને હસ્તિનાપુરની મૈત્રીની વાત કરો ને ધૃતરાષ્ટ્રના લગ્ન વિષેનો પ્રસ્તાવ પણ મૂકો.' ો વિશ્વાસપૂર્વક દૃઢતાથી કહ્યું, 'જરૂર તમારી કામગીરી સફળ થશે.'

ભીષ્મના જબ્બર આશાવાદ છતાં વિદુરના મનમાં આશાનો અંશ પણ પેદા થતો નહોતો, છતાં પિતામહની આજ્ઞાનું પાલન કરવા તે તૈયાર હતો.

તેણે કહ્યું, 'પિતામહ, તમે આજ્ઞા કરો છો તો હું ગાંધાર જવા તૈયાર છું. મને કોઈ આશા જણાતી નથી.'

'તમે જાવ, પ્રયત્ન કરો. નિર્બળને બળવાનનો સહારો પ્રાપ્ત થતાં ગાંધારનો રાજવી ધૃતરાષ્ટ્રને પોતાની કન્યા દેવા તૈયાર થશે જ.' ભીષ્મે તેમના આશાવાદ ને દૃઢતા વ્યક્ત કરતાં કહ્યું, 'ગાંધારની રાજકુમારી હસ્તિનાપુર જેવા મહાન રાજ્યની મહારાણી બનવાની કલ્પનાથી જ આનંદિત બની જશે. અરે, મને તો એમ પણ લાગે છે કે ગાંધારનો ઉત્સાહ ઘણો જ વધી જશે.'

વિદુર હવે દલીલબાજી કરવા ઇચ્છતો નહોતો. તેને પિતામહની આજ્ઞાનો અમલ કરવામાં જ રસ હતો. તેણે વિદાય થવા પગ ઉપાડ્યા ત્યારે ભીષ્મે તેને કહ્યું, 'મને ભાઈ વિદુરના આ કામમાં મારો

આશાવાદ તારી કુશળતા પર છે. તું કુશળતાપૂર્વક રજૂઆત કરીશ તો મારી આશા સફળ થશે. તારી કુશળતાની પણ પ્રસંશા થશે.'

'જેવી આપની આજ્ઞા.' વિદુરે ભીષ્મની રજા લીધી. ગાંધાર રાજ્ય પ્રતિ ડગ દેતાં તેના મનમાં પણ તરંગો ઊઠતા હતા. ભીષ્મે તેની કુશળતાની વાત કરીને તેનામાં ઉત્સાહ પ્રેર્યો. હવે તેનું મિલન ધૃતરાષ્ટ્રના લગ્ન માટેની ભૂમિકા તૈયાર કરવાનું નહિ, પણ પોતાની કુશળતા સિદ્ધ કરવાનું હતું. ભલે ભીષ્મ પણ વિદુરની કુશળતાનાં મોંફાટ વખાણ કરે.

વિદુરે તેની કુશળતા પુરવાર કરી. ભીષ્મે તેની પીઠ થાબડતાં કહ્યું, 'વિદુર, તું પણ હવે રાજ્યના વહીવટમાં પાવરધો થતો જાય છે એટલે ધૃતરાષ્ટ્રને ચિંતા ઓછી છે.'

સત્યવતી તો ધૃતરાષ્ટ્રના ગાંધારી સાથેના લગ્ન જોઈ આનંદભેર નાચી ઊઠી. તેના રોમેરોમ હર્ષથી ઊછળી રહ્યા. તેણે ભીષ્મને બોલાવીને તેમનું અભિવાદન કરતાં કહ્યું, 'ભીષ્મ, જે મારા પેટના દીકરા પણ ન કરી શકે તેવાં ભાગીરથ સાહસો તમે કર્યાં છે. તમે મને સાચે જ માતૃદેવોભવની ભાવનાથી ભીંજવી દીધી છે. તમે જ કુરુવંશના તારણહાર છો.'

ભીષ્મ શાંત હતા. તેમણે સત્યવતીના ભાવોદ્દ્ગારનો સ્વીકાર કરતાં કહ્યું, 'મા, તમે મારા માટે મારી જનેતા કરતાં પણ અધિક છો. મારી મા ગંગા મારા પિતાને અસહાય હાલતમાં છોડીને ચાલી ગઈ. ત્યારે તમે તમારા પ્રેમ સિંચનથી મારા પિતાને જાળવ્યા એ હું ભૂલી શકતો નથી. તમે જ મારા માટે સાચા અર્થમાં મા બની રહ્યાં છો.'

'ભીષ્મ, તમે કાંઈ સાંભળ્યું?' ધૃતરાષ્ટ્ર ભીષ્મની પાસે ચિંતાભર્યો બેઠો બેઠો પૂછતો હતો. તેણે સ્પષ્ટતા કરી, 'પાંડુની પત્ની કુંતીએ પુત્રને જન્મ દીધો. તમે જાણો છો?'

ભીષ્મે આનંદભર્યા સ્વરે જવાબ દીધો, 'હા, જાણું છું.

કુરુવંશની વેલ આમ પાંગરતી રહી તેનો આનંદ કેમ ન હોય?'

'પણ–' ચિંતાભર્યાં સ્વરે પોતાના માથા પરના મુગટને સંભાળતો હોય એમ ધૃતરાષ્ટ્ર પ્રશ્નો કરતો હતો.

'તો પાંડુપુત્ર યુધિષ્ઠિર જ હસ્તિનાપુરનો યુવરાજ બનશે ને?' ને ગમ ઠાલવતાં કહી રહ્યો, 'ગાંધારી બે વર્ષથી ગર્ભવતી છે પણ હજી પ્રસૂતા થઈ નથી. ત્યારે બીમાર પાંડુની પત્ની કુંતીએ દીકરાને જન્મ દીધો.'

શંકા વ્યક્ત કરી. જ્યારથી કુંતીના પુત્રના જન્મના સમાચાર તેને મળ્યા ત્યારથી તેના મનમાં શંકાનું વાવાઝોડું ઊઠ્યું હતું. વૈદે કુંતી અને માદ્રીને આપેલી ચેતવણીથી બધા જાણકાર હતા. પાંડુની ઉત્તેજના વધે તો મૃત્યુનો ભય હતો એ સ્પષ્ટ હતું. એટલે પાંડુ કોઈ પત્ની સાથે વ્યવહાર રાખી શકે તેમ નથી. ત્યારે કુંતીએ ત્રનો જન્મ કેવી રીતે આપ્યો, નિયોગ વિષેની પણ કોઈ માહિતી હતી. જેમ જેમ ધૃતરાષ્ટ્ર આશંકાને વાગોળતો હતો તેમ તેમ .ના મનમાં કુંતી વિષે અભાવ જાગતો હતો.

તેણે ભીષ્મ સમક્ષ તેની શંકા વ્યક્ત કરતાં પૂછ્યું, 'હે પિતામહ, પાંડુ પણ આવા અનર્થને સહી લેતાં હશે?' તેણે જ જવાબ દીધો, 'હા, શું થાય? ગમે તેમ પણ પોતાનું નામ તો રહેશે એટલે પાંડુ પણ કુંતીના પુત્રને હૈયે વળગાડતો જ હશે.'

ધૃતરાષ્ટ્રની ચિંતાનો મર્મ ભીષ્મ સમજી ચૂક્યા હતા. પાંડુ-પુત્ર હસ્તિનાપુરનો યુવરાજ બને તેની જ ચિંતા ધૃતરાષ્ટ્રને પરેશાની સતાવતી હતી. તે પણ જોઈ શકતા હતા.

ભીષ્મે શાંતિથી ધૃતરાષ્ટ્રને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'જો ભાઈ, કુંતીના પુત્રના જન્મ વિષેની તારી શંકામાં કોઈ તથ્ય હોય એમ હું માનતો નથી. કુંતી અને માદ્રીને બરાબર જાણું છું. કોઈ તપસ્વીના આશિષ વચનોનું આ પરિણામ હોય તે સ્વાભાવિક છે.'

બનાવો ઝડપથી બની રહ્યા હતા. ધૃતરાષ્ટ્રના મનની આગને

શાંત કરવા ગાંધારીએ દુર્યોધનનો જન્મ દીધો. ગાંધારીને વરદાન હતું, તે સો પુત્રોની માતા બનશે. તે વરદાન પણ હવે ઝડપથી દૃશ્યમાન થતું હતું. ધૃતરાષ્ટ્ર પણ સંતુષ્ટ હતો.

ત્યાં પાંડુના અવસાનના સમાચાર સાથે કુંતી પાંચ દીકરા સાથે ભીષ્મની સમક્ષ ઉપસ્થિત થઈ. ભીષ્મે પાંડવોને હૈયે વળગાડ્યા. પાંચેને જોતાં ભીષ્મનું મન પણ મલકી ઊઠ્યું.

'માદ્રી પાંડુની સાથે જ સતી થઈ. તેના બે પુત્રો સહદેવ અને નકુળને મને સોંપતી ગઈ. હવે મારે મન આ પાંચે મારા જ સંતાનો છે.'

તેણે ભીષ્મની સમક્ષ ધૃતરાષ્ટ્રે વ્યક્ત કરેલી શંકાને દૂર કરતાં કહ્યું, 'પિતામહ, મને દુર્વાસા મુનિએ પાંચ મંત્રો દીધા હતા. મં દ્વારા દેવોને આવાહ્‌ન દઈ પુત્રપ્રાપ્ત કરવાના એ મંત્રો હતા, પા પાંડુને તેની મેં જાણ કરી નહોતી. જ્યારે મૃત્યુશૈય્યા પર પાંડુ કુરુવંશના અંતની જાણે કલ્પનાથી અત્યંત વ્યથિત હતા, ત્યારે મેં તેમની સમક્ષ દુર્વાસા મુનિના મંત્રોની વાત મૂકી. તેઓ આનંદ-મગ્ન બની મને નદી તટે લઈ ગયા. નદીના મધ્યભાગમાં ઊભા ઊભા મેં ધર્મદેવનું આવાહ્‌ન કર્યું. તેમણે મને યુધિષ્ઠિરની ભેટ દીધી.

પિતામહ સમક્ષ કુંતી હૈયાના દ્વાર ખોલતી હતી. તે જાણતી હતી કે, પાંડુની શારીરિક હાલતના કારણે તેના પુત્રો વિષે આ લોકો શંકા કરતા હશે. કદાચ પિતામહના મનમાં પણ શંકાનું જાળું હાલતું હોય એટલે તેણે સ્પષ્ટતા કરવાની તક લીધી.

પિતામહ પૂરી ગંભીરતાથી કુંતીને સાંભળી રહ્યા હતા. તેમના મનમાં યુધિષ્ઠિરના જન્મ વિષે ધૃતરાષ્ટ્રે પૂછેલો પ્રશ્ન રમતો હતો એટલે કુંતીની વાતને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળતાં હતા. તેમણે પૂછ્યું, 'પછી બીજા ચાર ?'

'હા, યુધિષ્ઠિરના જન્મ પછી પાંડુની વધુ પુત્રો માટે પ્રબળ ઝંખના હતી. તે પૂછતાં, બીજા બે પુત્રો હોય તો ? મને દુર્વાસાએ

પાંચ મંત્રો દીધા હતા. એટલે પાંડુની ઇચ્છા પૂર્ણ કરવા ફરી મેં વાયુદેવનો મંત્ર ભણ્યો ને વાયુદેવે મને ભીમની ભેટ દીધી.

'પછી ત્રીજા દેવનો મંત્ર ભણ્યો હશે. અર્જુનની ભેટ મળી એમ જ ને?' વચ્ચે જ પિતામહ પૂછી રહ્યા.

કુંતીએ ડોક હલાવી હા ભણતાં કહ્યું, 'મારે ત્રણ-ત્રણ પુત્રો ને માદ્રીને એક પણ નહિ એથી પાંડુના દિલમાં થોડો ગમ હતો.' માદ્રી પણ પાંડુને પ્રાર્થતી હતી, 'મોટીબહેનને તમે કહો કે મને પણ નિદાન એક પુત્રની માતા બનવાની તક આપે. મારે તો એક જ પુત્ર હશે તોપણ પૂરતું છે. તેના સહારે હું પાછલી જિંદગીના દિવસો પૂરા કરીશ.'

પાંડુની ઇચ્છા હતી કે માદ્રી પણ પુત્રવતી બને. એટલે તેમણે મને આજ્ઞા કરી, 'હા, આજ્ઞા જ હતી. તેમના મનમાં ભય હતો. કુંતી માદ્રીને મંત્ર નહિ જ આપે.' કુંતી બોલી રહી. પછી ઉમેર્યું, 'પાંડુની આજ્ઞા તો મારે માથે ચઢાવવી જ જોઈએ ને? મેં તેને મંત્ર દીધો. પણ તે નસીબદાર કે તેને જોડિયા પુત્રોની ભેટ મળી.' ને કહ્યું, 'સહદેવ અને નકુળ માદ્રીના સંતાનો, પણ માદ્રી પાંડુની સાથે જ સતી થઈ. તેના પુત્રને મેં મારા જ પુત્રો ગણ્યા છે.'

'હાસ્તો, તમારા જ ગણાય ને? માદ્રીને મંત્ર તો તમે જ દીધેલો ને?' પિતામહ મજાક કરી રહ્યા. પછી તરત જ શાંત થયા. 'તમે જ હવે પાંડવોની માતા છો. બધા દીકરાની સાચા અર્થમાં માતા બનશો તો પાંડવોને કોઈ જીતી શકશે નહિ.'

'પિતામહ, કુંતી પાંડવોની માતા છે ને માતા જ રહેશે.' કુંતી ભારપૂર્વક કહી રહી. 'સહદેવ અને નકુળ પાંડવોમાં છે, જુદા નથી. યુધિષ્ઠિર મોટાભાઈ તરીકે તેમની પણ એટલી જ કાળજી રાખે છે.'

'ભલે. તમે હસ્તિનાપુર આવ્યા તે પણ ઠીક થયું.' પિતામહે

કુંતીના આગમનને યોગ્ય ઠરાવતાં કહ્યું.

'હવે?' કુંતી પૂછી રહી, 'બાપ વિનાના પાંડવોનું ભાવિ શું?' કુંતીએ તેની ચિંતા વ્યક્ત કરતાં કહ્યું, 'પાંડુના અર્ધા બળેલાં દેહ સાથે પાંડવોને લઈને હસ્તિનાપુર જવાની આશ્રમના ઋષિઓએ સલાહ દીધી. તત્કાળમાં મને એ સલાહ રુચિ નહિ, અર્ધા બળેલા દેહના પ્રદર્શન કરવાની જરૂર મને તો સમજાતી ન હતી. પણ ઋષિઓએ કહ્યું, 'પાંડુ હસ્તિનાપુરના મહારાજા છે એટલે મહારાજાની સ્મશાનયાત્રા હસ્તિનાપુરમાં નીકળવી જોઈએ. રાજશાહી રીતે તેમનો અગ્નિસંસ્કાર થવો જોઈએ એટલે તેમની સલાહ પ્રમાણે અહીં આવી.' સાડીના પાલવડે ભીની આંખ સાફ કરતાં કુંતી તેના આગમન વિષે કહી રહી.

'બરાબર છે, પાંડુના અર્ધ બળેલા દેહને અહીં જ હસ્તિનાપુરના પૂરા રાજશાહી દબદબાથી અંતિમ વિદાય અપાય જ ને? મેં જ ધૃતરાષ્ટ્રને સૂચના કરી હતી.' પિતામહે કહ્યું ને ઉમેર્યું, 'હવેના પ્રશ્નો વિષે હું જાગ્રત છું. તમે જરા પણ ચિંતા ન કરો.'

આભારવશ કુંતીના વદન પર હાસ્ય ચમકી ઊઠયું. તે નિરાંત અનુભવતી હોય એમ કહ્યું, 'મારે ચિંતા શા માટે હોય, પિતામહ! તમે માથે બેઠા છો પછી પાંડુના પુત્રો રખડી પડે નહિ તેની તમે ચિંતા કરતાં જ હશો એમ તો હું જાણું છું. પાંડુ હસ્તિનાપુરનો મહારાજા હતો. એ રીતે જ તેમના પુત્રોની ગણના થવી જોઈએ.'

'હા, હા, પાંડુનો મોટો દીકરો યુધિષ્ઠિર જ હસ્તિનાપુરનો યુવરાજ હોઈ શકે, બીજો કોઈ નહિ.' પિતામહે તેમનો નિર્ણય વ્યક્ત કરતાં કુંતીના ચહેરા પર સંતોષની રેખા છવાઈ.

તેના મનમાં શંકા હતી જ. ધૃતરાષ્ટ્ર અત્યારે ગાદી પર છે એટલે તે તેના દીકરા દુર્યોધન માટે આગ્રહ રાખશે જ.

તેણે પિતામહ સમક્ષ પોતાની શંકા વ્યક્ત કરતાં કહ્યું, 'કદાચ જેઠજી તૈયાર નહિ થાય તો?'

પિતામહે કુંતીને વિશ્વાસ દેતાં કહ્યું, 'તમે કોઈ જ શંકા ન કરો. ધૃતરાષ્ટ્ર રાજા નથી. રાજા તો પાંડુ જ છે. ધૃતરાષ્ટ્રનો રાજ્યાભિષેક થયો નથી એટલે તે તેના પુત્ર માટેનો હક્કદાવો રજૂ કરી શકે નહિ. કદાચ કરે તો તે ચાલે પણ નહિ.'

હવે કુંતીને નિરાંત થઈ. પિતામહ જેવા વડીલ માથે બેઠા છે. હકીકતે ધૃતરાષ્ટ્રનો રાજ્યાભિષેક થયો નથી એટલે ગાદી પર તો પાંડુ છે. એ ન્યાયે પાંડુનો પુત્ર જ યુવરાજપદનો અધિકારી છે.

આમ છતાં ધૃતરાષ્ટ્ર વિષેનો અવિશ્વાસ તેના મનમાં શંકા-આશંકાનાં વાદળોની જમાવટ કરતો હતો. તેની શંકા બીજા દિવસે તેને વજુદવાળી જણાઈ. ધૃતરાષ્ટ્રને મળીને પાછા ફરેલા પિતામહના ચહેરા પર ગહરી ઉદાસીનતા હતી. તેને શંકા થઈ કે ધૃતરાષ્ટ્રે પિતામહની વાત માન્ય રાખવાની ના પાડી જ હશે.

તે પણ પિતામહ સમક્ષ પરિસ્થિતિ જાણવા ઉત્સુકતાભરી ઊભી હતી.

પિતામહ ગંભીરતાપૂર્વક કુંતી સામે જોઈ રહ્યા. તેમનાં દિલમાં ઉકળાટ હતો, પણ તેઓ શાંત હતા.

'શું થયું પિતામહ?' આખરે કુંતીએ જ પ્રશ્ન કર્યો, 'જેઠજી, યુધિષ્ઠિરને યુવરાજપદે સ્થાપવા તૈયાર થયા ખરા?'

પિતામહે તેમના માથા પર હળવે હળવે હાથ ફેરવતાં એક-બે ખોંખારા ખાઈને જાણે શબ્દોને પ્રયત્નપૂર્વક બહાર ફેંકતા હોય એમ બોલ્યા, 'થોડી ગૂંચ છે પણ ઊકલી જશે. ચિંતા કરવાની જરૂર નથી.'

પિતામહે કુંતીને ચિંતા રહીત બનાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમના મનોપ્રદેશમાં ચિંતાના અંગારા ધીખતા હતા. ધૃતરાષ્ટ્રે તેમની વાતનો જે જવાબ દીધો તે હજી પણ તેમને પરેશાન કરતો હતો.

ધૃતરાષ્ટ્રે કહ્યું હતું, 'પિતામહ, તમે હંમેશાં પાંડુની જ

ચિંતા કરી છે. ધૃતરાષ્ટ્ર પ્રત્યે કદી પણ તમે હમદર્દ બન્યા છો ખરા? હસ્તિનાપુરની ગાદી પર મારો હક્ક હતો, પણ તમે પાંડુને બેસાડ્યો. ઈશ્વરને ત્યાં વિલંબ થાય છે, પણ અન્યાય નથી.' મર્માળુ હસતાં બોલ્યો, 'જોયું ને? તમે મારો રાજ્યાભિષેક ભલે ન કર્યો પણ ઈશ્વરે તો જેનો હક્ક હતો તેને જ સ્થાપિત કર્યો ને?' પછી યુધિષ્ઠિરને યુવરાજપદે સ્થાપિત કરવાની પિતામહની વાતનો ઉપહાસ કરતાં બોલ્યો, 'પિતામહ, યુવરાજપદ યુધિષ્ઠિરને નહીં પણ દુર્યોધનને મળવું જોઈએ.'

પિતામહ ધૃતરાષ્ટ્રની દલીલ સાંભળતાં સ્તબ્ધ થઈ ગયા. ધૃતરાષ્ટ્ર તેમની સામે તોહમતનામું ફરમાવતો હતો. પાંડુના મૃત્યુને તે લાભદાયી સમજતો હતો.

'નરાધમ દુષ્ટ, આંધળો થયો છે છતાં હજી સમજતો નથી? પાંડુના હક્ક પર તરાપ મારવા બેઠો છે, પણ ભીષ્મ પાંડવોને અન્યાય નહિ થવા દે.' તેમણે નિશ્ચય કર્યો.

એ આખી રાત્રિ પિતામહ નિંદ્રાસુખ માણી શક્યા નહિ. અજંપો, ચિંતા ધૃતરાષ્ટ્ર પ્રત્યેના માનસિક રોષથી પિડાતા જ રહ્યા.

હવે તો હસ્તિનાપુર રાજ્યના ભાગલા પડે એ એક જ માર્ગ છે. તેમણે વિચાર કર્યો, ધૃતરાષ્ટ્રનું વલણ જોયા પછી પાંડવો તેની સાથે રહી શકશે નહિ એટલે પાંડવો તેમનું રાજ્ય શાંતિથી ભોગવે અને ધૃતરાષ્ટ્ર-દુર્યોધન પણ તેમનું રાજ્ય શાંતિથી ભોગવે એ જ કુરુવંશની શાંતિ માટે જરૂરી છે. પિતામહે માર્ગ શોધ્યો ને બીજા દિવસે ધૃતરાષ્ટ્ર પાસે પહોંચ્યા.

ધૃતરાષ્ટ્ર પિતામહના આગમન પછી વિમાસણમાં હતો. તેના પિતા પિતામહની શેહશરમમાં તણાઈને તેમની માંગણીનો સ્વીકાર કરી બેસે નહિ એ માટે દુર્યોધન પણ ધૃતરાષ્ટ્રની પડખે જ બેઠો હતો. તેણે પણ પિતામહનો આદર-સત્કાર કરતાં કહ્યું, 'આપ અમ સૌ ભાઈઓને માટે શી વ્યવસ્થા વિચારો છો? યુધિષ્ઠિર

યુવરાજપદે સ્થાપિત થાય એટલે હસ્તિનાપુરની ગાદી તેને જ મળે. પછી અમારું શું? અમારે પાંડવોની કૃપા દૃષ્ટિ પર જ જીવવાનું?' સહેજ ઉશ્કેરાટમાં પૂછી રહ્યા, 'આ ન્યાય છે તમારો? પાંડવોને રાજ્ય મળે અને કૌરવો તેમના આશ્રિતો તરીકે જીવન વ્યતિત કરે એવું તમે ઇચ્છો છો પિતામહ?'

ધૃતરાષ્ટ્ર વચ્ચે જ બોલી ઊઠ્યો, 'ના દુર્યોધન, ના! પિતામહને તો બન્ને આંખો સરખી છે. તેઓ કૌરવોને પણ અન્યાય ન થાય તેમ જ ઇચ્છે છે.' હૈયાધારણ આપતો હોય એમ બોલ્યો, 'તું જરા શાંતિ રાખ બેટા!'

તેણે પિતામહને પ્રશ્ન કર્યો, 'કહો, પિતામહ! હવે શું કરવું છે? ગઈકાલે મેં તમને સ્પષ્ટપણે જણાવી દીધું કે યુધિષ્ઠિરને યુવરાજપદે સ્થાપિત કરી, દુર્યોધનની અવગણના કરવાની મારી કોઈ તૈયારી નથી. તમને તેથી દુઃખ જરૂર થયું હશે, પણ હું અત્યારે હસ્તિનાપુરનો રાજા છું. એ ન્યાયે પણ મારો દુર્યોધન જ યુવરાજપદે હોય, પાંડુપુત્ર નહિ.'

પિતામહ શાંત હતા. ગઈકાલનું પુનરાવર્તન કરવાની તેમની કોઈ ઇચ્છા ન હતી, છતાં તેઓ પાંડવોને તેમના હક્કનું પ્રાપ્ત થાય એ માટે કૃતનિશ્ચયી હતા. ધૃતરાષ્ટ્રે કહ્યું, 'દુર્યોધને કહ્યું તે તમે સાંભળ્યું ને?'

હવે પિતામહે જવાબ દીધો, 'ધૃતરાષ્ટ્ર, ગઈકાલની વાતમાં ક્યાંય દુર્યોધનની અવગણનાનો પ્રશ્ન હતો ખરો?' ધૃતરાષ્ટ્ર તેનો જવાબ દે તે પહેલાં જ પિતામહે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'મારે પાંડવોની વતી વાત કરવી પડે છે. તેનો અર્થ એવો નથી કે કૌરવોની હું અવગણના કરું છું. પાંડવોનો પિતા પાંડુ જીવતો હોત તો મારે તમારા ભાઈઓના પ્રશ્નમાં દરમ્યાન થવું પણ ન પડત. પાંડુનું અસ્તિત્વ નથી એટલે પાંડવો માટે મને ચિંતા થાય એ સ્વાભાવિક છે.'

ત્યાં ધૃતરાષ્ટ્ર વચ્ચે બોલી ઊઠ્યો, 'પિતામહ, પાંડુપુત્રો મને મારા પુત્રો જેટલા જ પ્રિય છે. તેમને માટે જરૂરી વ્યવસ્થા મેં કરી જ છે.' ગુરુદ્રોણુ પાસે કૌરવોની સાથે પાંડવોને પણ તાલીમ મળે તેવી વ્યવસ્થા થઈ છે ને?'

'હા, તમે જ પાંડવોના વડીલ છો. હું તો વૃદ્ધ છું. હું શું કરી શકું?' પિતામહે ધૃતરાષ્ટ્રની લાગણીનો પડઘો પાડતાં કહ્યું, 'તમારે જ તેમને ન્યાય આપવો જોઈએ.'

'હું તૈયાર છું પિતામહ.' ધૃતરાષ્ટ્ર તરત બોલી ઊઠ્યો ને પૂછી રહ્યો, 'કહો, પાંડવોને ન્યાય આપવા મારે શું કરવું જોઈએ?'

હવે પિતામહે પોતાની યોજના રજૂ કરવાની તક ઝડપી. તેમણે પૂરી ગંભીરતાથી પણ મૃદુસ્વરે કહ્યું, 'જો ભાઈ ધૃતરાષ્ટ્ર, તમે પાંડવોના સર્વસ્વ છો. તમારા પુત્રોની જેમ જ તમે તેમને સાચવો પણ છો. ભવિષ્યમાં કોઈ વિગ્રહ ન થાય ને ભાઈભાઈની વચ્ચે ઝઘડો ન થાય, બધા શાંતિથી સુખમય રીતે જીવે એ માટે મારી યોજના છે.'

વચ્ચે જ ધૃતરાષ્ટ્ર બોલી ઊઠ્યો, 'હું પણ એમ જ ઇચ્છું છું. મારે માટે તો મારા સો દીકરા નહિ પણ એકસો પાંચ દીકરા છે. સૌ શાંતિથી સાથે જીવે એવી મારી ઇચ્છા પણ છે.'

'તમારી ઇચ્છાને અનુકૂળ થવા માટે હું એક દરખાસ્ત મૂકું છું. ઇચ્છું કે તમે તેનો સહર્ષ સ્વીકાર કરશો.'

'જરૂર, જરૂર.' ધૃતરાષ્ટ્રે જવાબ દીધો પણ મનમાં બબડ્યો, 'કૌરવોના ભોગે કાંઈ નહિ થાય.'

'તો સાંભળો...'

'કહો, જરૂર કહો.'

'હું ઇચ્છું છું કે હસ્તિનાપુરના રાજવી પાંડુના પુત્રોને તેમનો અર્ધો ભાગ મળવો જોઈએ.'

'એટલે હસ્તિનાપુર પાંડવોને આપું?'

'ના. હસ્તિનાપુરની ગાદી ભલે તમે ભોગવો.'

'તો શું દેવાનું છે પાંડવોને ?'

'રાજ્યનો અર્ધો ભાગ. પાંડવો તેમની ગાદી બીજે જ્યાં અનુકૂળ હશે ત્યાં સ્થાપશે.' પિતામહે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'આમ બન્ને વચ્ચે સુમેળ પણ રહેશે. ઝઘડાની કે મનદુઃખ થવાની કોઈ શક્યતા પણ નહિ રહે.'

પિતામહની દરખાસ્તથી ધૃતરાષ્ટ્રને સંતોષ થયો. હસ્તિનાપુરની ગાદી દુર્યોધનને મળતી હોય તો પાંડવોને અર્ધો હિસ્સો દેવામાં કોઈ ઇતરાજ ન હતો.

પિતામહની દરખાસ્તને કુંતી પણ વધાવી રહી. પાંડવોને તેમના ભાગનું મળતું હોય પછી મનદુઃખનો કોઈ પ્રશ્ન જ ન હતો.

# ૧૪

'પિતામહ, આપને જાણીને આનંદ થશે કે દુર્યોધને પાંડવોનાં મનમાં પાંડુના અવસાન અંગેની ગમગીની દૂર કરીને તાજગીભર્યા વાતાવરણમાં તેમના રાજ્યનો પ્રારંભ કરે એ માટે વાતાવરણમાં તેના પોતાના આરામ માટે બંધાવેલા નવા મહેલમાં પાંડવો થોડો સમય વિશ્રામ કરે એવી ઇચ્છા પ્રદર્શિત કરી છે. વાતાવરણનું કુદરતી સૌંદર્ય પાંડવોની ગમગીની દૂર કરીને તાજગી બક્ષે એવી છે. ચોપાસ નયું સૌંદર્ય પથરાયેલું છે. વળી ત્યાંની પ્રજા પણ પાંડુના પુત્રોનું સન્માન કરવા ઉત્સુક છે. તો ભલે તેમને ગમે ત્યાં સુધી વારણાવતમાં રહે.'

પિતામહ સમક્ષ ધૃતરાષ્ટ્ર તેના પુત્ર દુર્યોધનની ઉદારતાના દર્શન કરાવતો હોય એમ પાંડવોને વારણાવત મોકલવા માટેની દરખાસ્ત મૂકતો. જાણે બંને પિતાપુત્ર પાંડવોના હમદર્દ જ નહિ, પણ હિતેચ્છુ એવો દેખાવ કરતાં હતા.

ધૃતરાષ્ટ્રની દરખાસ્ત સાંભળતાં પિતામહ પણ પહેલાં તો આશ્ચર્યમાં ડૂબી ગયા. ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન પ્રત્યેનો ભાવ પણ વધી પડ્યો. તેમણે સહર્ષ કહ્યું, 'ધૃતરાષ્ટ્ર, ભાઈઓ વચ્ચે આવા ભાવ સદા રહે એમ હું ઇચ્છું છું.'

'તો તમે યુધિષ્ઠિરને સમજાવશો ?'

'એમાં સમજાવવાની શી જરૂર છે ? યુધિષ્ઠિરને તેના કાકા અને ભાઈ પ્રત્યે ઘણો ભાવ છે. એટલે તેઓ આ દરખાસ્ત ખુશીથી

સ્વીકારશે.' પિતામહે પણ આનંદભેર પાંડવો વતી ખાતરી દેતાં કહ્યું, 'હા, કુંતી અને પાંડવો હજી પણ પાંડુના અવસાનથી ગમગીન છે. તેમને થોડો સમય કુદરતના સાંનિધ્યમાં રહેવાની તક મળતી હોય તો તેમણે તેનો સ્વીકાર કરવો જોઈએ.'

'પ્રફુલ્લ ચિત્તે પછી તેમના નવા રાજ્યનો પ્રારંભ કરે.' ધૃતરાષ્ટ્ર બોલી ઊઠ્યો, 'જરૂરી તમામ સહાય કરવા દુર્યોધન તૈયાર છે.' પિતામહ અને ધૃતરાષ્ટ્ર વચ્ચેનો આ સંવાદ એક બાજુ શાંતિથી બેઠેલો વિદુર સાંભળતો હતો. ધૃતરાષ્ટ્રની દરખાસ્ત વિષે તેના મનમાં અજાણતાં પણ શંકા જાગી. પાંડવોને વારણાવત મોકલવાની યોજના એ કોઈ દુષ્ટ બુદ્ધિનું કાવતરું હોય આવી શંકા પણ જાગી. તે સાવધ થયો. પિતામહે કુંતી સમક્ષ ધૃતરાષ્ટ્રની પાંડવો પ્રત્યેની લાગણી વિષે વાત કરતાં વારણાવતના મહેલમાં થોડો સમય આરામ કરવા જવાની ઇચ્છાને વ્યક્ત કરતાં કહ્યું.

'ગમે તેમ તોપણ એક જ લોહી છે ને, કુંતી?' પિતામહે કહ્યું. 'પાંડવો તેમના અલગ રાજ્યની સ્થાપના કરે તે પહેલાં તેઓ તનમનથી વધુ સ્વસ્થ હોય, વધુ તાજગીભર્યા હોય એ જરૂરી છે. ધૃતરાષ્ટ્રની સાથે હું પણ સંમત છું.'

કુંતી તો ધૃતરાષ્ટ્રની દરખાસ્ત વિષે સાંભળતાં એકદમ હર્ષાન્વિત બની ગઈ. તેણે ધૃતરાષ્ટ્રની પ્રસંશા ગાતાના પાઠ શરૂ કર્યા, 'આખરે જેઠજી સમજે છે ને કે પાંડવોના પિતાના કારણે જ તેઓ ગાદી પર ગોઠવાયા અને દુર્યોધનને હસ્તિનાપુરનું રાજ્ય પ્રાપ્ત થયું છે. પછી પાંડવોની આટલી પણ કાળજી ન લે તો કેમ ચાલે?

કુંતીની દલીલ પિતામહ સ્મિત વેરતાં સાંભળી રહ્યા. 'ગમે તેમ પણ કુરુવંશના ઉજ્જવળતાના મને આજે દર્શન થયા, કુંતી.' તેમણે પ્રત્યુત્તરમાં પોતાનો મનોઆનંદ વ્યક્ત કરતાં કહ્યું ને સહર્ષ ઉમેર્યું, 'હવે કોઈ તાકાત હસ્તિનાપુર સામે આંગળી ઊંચી કરી શકશે નહિ. પાંચ નહિ, સો નહિ, પણ એકસો પાંચ કુરુવંશના

સંતાનો એ ઊંચી થયેલી આંગળીનો કૂચો વાળી દેશે.'

વિદુરનું મન શંકાથી ભરેલું હતું. ધૃતરાષ્ટ્રની તે સાવ નજદિક હતો. ધૃતરાષ્ટ્રનો તેના પર વિશ્વાસ પણ હતો એટલે યુધિષ્ઠિરના જન્મના સમાચાર જ્યારે ધૃતરાષ્ટ્રને મળ્યા ત્યારે ધૃતરાષ્ટ્રે હૈયાવરાળ ઠાલવી હતી. તેનાં દર્શન કરતાં વિદુર ઠરી ગયો હતો.

ધૃતરાષ્ટ્રે ત્યારે વિદુરને કહ્યું હતું, 'વિદુર, હસ્તિનાપુરની ગાદી યુધિષ્ઠિરને કેમ દેવાય? આ ગાદી તો મારી છે. ભલેને મારો વિધિવત્ રાજ્યાભિષેક થયો ન હોય, પણ પ્રત્યક્ષ રાજા તો ધૃતરાષ્ટ્ર છે ને? પછી ગાદીવારસ પણ ધૃતરાષ્ટ્રનો દીકરો જ હોય ને?' સાથે અફસોસ પણ ઠાલવતો હતો, 'ગાંધારી બે વર્ષથી ગર્ભ ધારણ કરી રહી છે, પણ પ્રસૂતા થશે જ ને? હસ્તિનાપુરની ગાદીનો વારસ યુધિષ્ઠિર નહીં પણ ગાંધારીનો પુત્ર જ હશે.'

વિદુરના મનમાં ત્યારે ધૃતરાષ્ટ્ર વિષે જે ચિત્ર અંકિત થયું હતું તે વિચિત્ર હતું. એ ચિત્ર અત્યારે વધુ સ્પષ્ટપણે તેના મનોપ્રદેશમાં અંકિત થતું હતું.

પાંડવોને વારણાવત મોકલવા પાછળ ચોક્કસ કોઈ મેલી રમત છે એમ પણ તેને સમજાતું હતું, એટલે તે પિતામહને સાવધ રહેવા સમજાવતો હતો.

'પિતામહ, મને તો ધૃતરાષ્ટ્રની દરખાસ્તમાં કોઈ અમંગળ ઘટનાની શંકા આવે છે.' વિદુરે પોતાની શંકા વિષે જાણ કરતાં કહ્યું, 'કદાચ પાંડવોનો કાંટો દૂર કરવાનો ખેલ હોઈ શકે.'

વિદુરની શંકાનો લાંબો ઉપહાસ કરતાં હોય એમ પિતામહ હસી પડ્યા. પછી ઠપકાભરી ભાષામાં તેમણે વિદુરને સમજાવ્યું, 'ભાઈ-ભાઈને વિષે લાગણીભર્યો વર્તાવ કરે તેમાં શંકાને ક્યાં સ્થાન છે?' ને ઉમેર્યું, 'બધું શાંતિથી પતી ગયું છે. ધૃતરાષ્ટ્રને હસ્તિનાપુરની ગાદી જોઈતી હતી તે પ્રાપ્ત થઈ. પાંડવો તો હજી હવે પોતાની 'ગાદી માટેના 'સ્થાનની પસંદગી કરશે. તેને સહાય

કરવા પણ ધૃતરાષ્ટ્ર તૈયાર છે. પછી શંકાને સ્થાન ક્યાં છે?'

પિતામહના લાંબા પ્રવચન છતાં પણ વિદુરના મનની શંકા શાંત થતી ન હતી. તેણે ફરીથી આગ્રહપૂર્વક કહ્યું, 'તમે હમણાં પાંડવોને વારણાવત જવાની સલાહ ન આપશો.'

'કેમ? શો વાંધો છે? દુર્યોધનનો નવો મહેલ તૈયાર થઈ ગયો હોય તો પાંડવો ભલે જાય.' પિતામહે કહ્યું. પિતામહની દલીલથી વિદુર મનમાં ખિજાયો હતો. કદાચ તેમના સ્થાને કોઈ બીજી વ્યક્તિએ આવી દલીલ કરી હોત તો તે ઉશ્કેરાઈ પણ ગયો હોત. પણ પિતામહની દલીલ સામે ગંભીરતા ધારણ કરી શાંત રહ્યો હતો.

'પણ થોડાં અઠવાડિયાં મોડા જશે તો?' વિદુરે તેની શંકાના નિવારણ માટે પ્રયાસ કરતો હતો. તે ધૃતરાષ્ટ્રને જાણે તેમ વારણાવત જવા ઇચ્છતો હતો, પણ તેની યોજના જાહેર થવાના ભયે તે પિતામહને કહી શકતો ન હતો.

કુંતી પણ ઉપસ્થિત હતી. વિદુરના મનની શંકાથી તે પણ થોડીઘણી શંકાશીલ બની હતી. તેણે કહ્યું, 'ભલે હમણાં જવાની ઉતાવળ નહિ કરીએ.' ને વિદુરને પૂછ્યું, 'હવે શાંતિ થઈ?'

'શાંતિ ક્યાંથી થાય ભાભી?' દંતાવલી વચ્ચે અધરોષ્ઠને દબાવતાં વિદુર બોલી રહ્યો, 'ધૃતરાષ્ટ્રને તમે જાણતાં નથી. પિતામહ તો તેમના જેવા જ બીજાને પણ જુએ છે. હું તો ધૃતરાષ્ટ્રની રગરગનો જાણકાર છું, પિતામહ!'

વિદુર જ્યારે બોલતો હતો ત્યારે પિતામહ ધ્યાનપૂર્વક તેની સામે જોઈ રહ્યા હતા. વિદુર વિષે તેમના મનમાં ભારે આદરભાવ હતો. તે ભાગ્યે જ બોલતો. પણ જ્યારે બોલતા ત્યારે તેના શબ્દોનું વજન પડતું હતું. પિતામહના મન પર વિદુરના શબ્દોનું વજન પડતું હતું. તેઓ પણ વિદુરની શંકા વિષે ગંભીર હતા.

'વિદુર, તારી શંકા અસ્થાને તો નહિ જ હોય. પણ હવે

બીજો માર્ગ શો ? ધૃતરાષ્ટ્રની વાત મેં માન્ય રાખી. હવે તેને ના પણ કેમ કહેવાય ?' પિતામહે પ્રશ્ન મૂકયો ને ઉમેર્યું, 'ના ભણુવા જતા ધૃતરાષ્ટ્રને માઠું લાગે. ભાઈ, તું જાણે છે કે હજી પાંડવો માટે જે કાંઈ લેવાનું છે તે તેની પાસેથી લેવાનું છે. હસ્તિનાપુરનો રાજા તે છે એટલે તેને નિરાશ કરવાની જરૂર નથી.'

'જાણું છું પિતામહ !' વિદુરે પિતામહની ચિંતા વિષે કહ્યું, 'તમે ચિંતિત છો, પણ હું ના ભણુવાનું કહેતો નથી. તમારી ચિંતા સકારણ છે. હું તો તત્કાલ થોભી જવાની સલાહ આપું છું.'

'પછી ?'

'પછી હું વારણાવત જઈને દુર્યોધને નવા બંધાવેલા રાજભવનની તપાસ કરી આવું. પછી જવાની ગોઠવણ કરો એટલી જ મારી વાત છે.' વારણાવત જઈ તપાસ કરવાની વિદુરની વાતે પિતામહના મનમાં શંકા જાગ્રત કરી. તેમને પણ શંકા થઈ કે, કદાચ વિદુરની વાતમાં તથ્ય હોઈ શકે. પાંડવોને અર્ધું રાજ્ય આપવું પડે તેના કરતાં પાંડવોનો જ નાશ થાય તો હસ્તિનાપુરનું આખું રાજ્ય તેને જ મળે તેવી કોઈ દુષ્ટ વિચારણા હોય.' પણ તરત જ એમના મનમાં પ્રશ્નો ઊઠયા, ધૃતરાષ્ટ્ર આવો વિચાર કરી જ કેમ શકે ? હસ્તિનાપુરનું રાજ્ય ખોબા જેટલું હતું. તેનો વ્યાપ, વિસ્તાર તો પાંડુએ જ કર્યો ને યુદ્ધોમાં તેની જિંદગી તબાહ થઈ એ પણ તે ભૂલી ગયો હશે ?

શંકા-કુશંકાનાં વાદળો પિતામહના મનોપ્રદેશ પર જામતાં હતાં. વિદુર પિતામહની અનુમતી માંગતો તેમની સામે બેઠો હતો. તેઓ કોઈ નિર્ણય પર આવી શકતા નહોતા. વિદુરની વાતો પર તેમને વિશ્વાસ હતો, પણ ધૃતરાષ્ટ્ર આવી યોજના કરે એ વાતનો સ્વીકાર કરવા તેઓ તૈયાર નહોતા.

વિદુર અને પિતામહને ગંભીર મૌન ધારણ કરી બેઠેલા જોઈ કુંતીના મનમાં પણ સળવળાટ થવા લાગ્યો. તેને પણ વિદુરની શંકા

વિષે સમાધાન જોઈતું હતું. એટલે મૌન અને નિરવતાનો ભંગ કરતાં તેણે વિદુરને કહ્યું, 'હા, દિયરજી! તમે તપાસ કરી આવો પછી જવાનો નિર્ણય કરીશું.' અને પિતામહને જણાવ્યું, 'પિતામહ, તમે ચિંતા છોડો. હું જાતે ધૃતરાષ્ટ્ર પાસે જઈને હમણાં વારણાવત જવાની કોઈ ઉતાવળ નથી, પછી નિરાંતે જઈશું એમ જણાવી દઉં છું. તમે ચિંતા ન કરશો.'

'ચિંતા કરવાથી તો થતી નથી ને કુંતી?' પિતામહે પ્રશ્ન કર્યો, 'કારણ પેદા થાય ત્યારે ચિંતા થાય.'

'ધૃતરાષ્ટ્ર કહે એટલે તરત જ જવું પડે એવું ઓછું છે?' કુંતી કહી રહી, 'હમણાં પાંડવોની તાલીમ પૂરી થઈ નથી. એ પૂરી થતાં જઈશું એમ તો કહી શકાય ને?' કુંતીની દલીલ જોરદાર હતી. તેણે ઉમેર્યું, 'એ દરમ્યાન વિદુરજી તેમની શંકાનું સમાધાન શોધી લેશે ને અમને પણ નિરાંત થશે.'

હવે પિતામહ પણ વિશેષ દલીલ કરવા ઇચ્છતા નહોતા. તેમણે કુંતીની વાતનો સ્વીકાર કરતાં કહ્યું, 'ભલે, તમે જ ગોઠવણ કરી લેજો. ધૃતરાષ્ટ્રને પણ કોઈ ઉતાવળ ન હતી. જોકે દુર્યોધન ઉતાવળો થતો હતો. તેણે મંત્રી પુરોચનને પણ તાકાદ કરી: 'હવે વારણાવતના રાજભવનની કામગીરી ત્વરે પૂર્ણ કરો. મારા ભાઈઓ ત્યાં રહેવા જવાના છે. કોઈ કમીના તેમને ન જણાય તેવી બધી જ વ્યવસ્થા થઈ જવી જોઈએ.'

પુરોચન દુર્યોધનને વિશ્વાસ દેતો હતો: 'રાજભવન સંપૂર્ણ-રીતે વસવાટ માટે સજ્જ છે. છતાં પાંડવો ત્યાં વસવાટ કરશે એટલો સમય હું ત્યાં રહીશ. તેમની જરૂરતો પૂરી કરી દઈશ. તમે ચિંતા ન કરો, મહારાજા!'

'મહારાજા, હમણાં ન કહો હજી વાર છે.' દુર્યોધને મુસ્કાન કરતાં પુરોચનને કહ્યું, 'હમણાં તો ભાઈઓની ખિદમત કરવા દે ને ભાઈ?'

વિદુર થોડા દિવસમાં વારણાવતની મુલાકાતેથી પાછો ફર્યો. તેની વારણાવતની મુલાકાત વિષે દુર્યોધન અજાણ હતો. તે જાણે નહિ તેની વિદુરે પૂરતી કાળજી લીધી હતી.

'કહો વિદુરજી, હવે પાંડવો વારણાવત જવાની તૈયારી કરે ને?' પિતામહ વિદુરની સમક્ષ ઉપસ્થિત થતાં પૂછી રહ્યા.

'ભલે જાય!' વિદુરે અનુમતી આપી, પણ તેનામાં કોઈ ઉત્સાહ ન હતો. તેના ચહેરા પર ખિન્નતા હતી. તેણે વધુમાં કહ્યું, 'પાંડવોની સાથે મારે થોડો વખત વારણાવતના રાજભવનમાં રહેવું પડશે.'

'તમે શા માટે રહેવા જાવ?'

'જરૂર છે, પિતામહ!' વિદુરે આગ્રહ જારી રાખતાં કહ્યું, 'ત્યાં પાંડવો તદ્દન અજાણ્યા, લોકો પણ તેમને જાણે નહિ. વળી રાજભવનમાં તેમને કોઈ તકલીફ હોય તો તેનું નિવારણ કરવા પણ મારી જરૂર પડે. એટલે થોડો સમય રોકાઈને પાંડવોને ત્યાં જ બધું બરાબર ગોઠવી જાય પછી હું પાછો ફરીશ.'

'પણ ધૃતરાષ્ટ્ર હા ભણશે?'

'શા માટે હા ન ભણે?' વિદુરે કહ્યું, 'હું જાતે જ મોટાભાઈને સમજાવીશ. પાંડવો વ્યવસ્થિતપણે ત્યાં ગોઠવાઈ જાય એ માટે તેમને મૂકવા હું જવાનો છું. એમ કહી તેમની રજા લઈશ. પછી ચિંતા ખરી?' પિતામહ વિદુરની બુદ્ધિપ્રતિભા પર ખુશ થયા. તેમને ખાતરી હતી કે વિદુર સમજપૂર્વકનો દાવ ખેલે છે. તેની શંકા વધુ દૃઢ થઈ હશે એટલે પાંડવોની સાથે જવાની તે તૈયારી કરે છે.' મનોમન પિતામહ વિદુરની પ્રસંશા કરતાં રહ્યા.

આખરે કુંતી અને પાંડવો વારણાવત જવા તૈયાર થયાં. ધૃતરાષ્ટ્રે તેમને સલાહ દીધી, 'જો ભાભી, તમે જરા પણ ઉતાવળા ન થતાં. પાંડવોના મનમાં પાંડુના અવસાનની જે વેદના છે, જે હતાશા છે, તે દૂર થાય નહિ ત્યાં સુધી પાછા ફરવાની કોઈ

ઉતાવળ ન કરતાં.' ને ઉમેર્યું, 'હમણાં દુર્યોધનને પણ આરામ કરવા ત્યાં દોડી જવાની જરૂર નથી. હું તેને સમજાવીશ. તમે ને પાંડવો નિરાંતે ત્યાં અનુકૂળ હોય ત્યાં સુધી રહેજો.'

કુંતીની પડખે ઊભેલા યુધિષ્ઠિરના માથા પર હાથ મૂકી વાત્સલ્ય ઢોળતો હોય એમ અંધ ધૃતરાષ્ટ્ર તેને સમજાવતો હતો: 'જો દીકરા, તમે બધા સંપૂર્ણપણે સ્વસ્થ થાવ. પછી જ પાછા ફરજો. અહીં આવ્યા પછી નવા રાજ્યની રચનામાં તમને અનેક પ્રશ્નોનો સામનો કરવો પડશે. જોકે હું અને દુર્યોધન તમને બનતી બધી જ મદદ કરીશું. નવું પાટનગર પણ તમારે બનાવવું પડશે જ ને? તેની કોઈ ચિંતા ન કરશો. બધું જ થઈ રહેશે.'

યુધિષ્ઠિરે આભારવશ વડીલની અદા રાખીને કહ્યું, 'બધું તમારે જ કરવાનું છે ને વડીલ? અમારા માટે તો તમારો જ સહારો છે ને કાકા?'

'હા, હા, હું બેઠો છું ત્યાં સુધી તમારી બધી જ ચિંતા મારે કરવાની હોય એ હું જાણું છું.' મુશ્કાન કરતાં ધૃતરાષ્ટ્રે વિશ્વાસ દીધો.

સૌ વારણાવત પ્રતિ કૂચ કરી રહ્યાં.

'વિદુર, તું પણ એમની સાથે જા. તેમને નવા, અજાણ્યા સ્થાને કોઈ પરિચિતના સહારાની પ્રારંભમાં જરૂર પડે એટલે તું ત્યાં હો તો તેમને પણ થોડી રાહત રહે.'

ધૃતરાષ્ટ્રે વિદુરને પાંડવો સાથે જવાની આજ્ઞા કરી.

'જેવી આપની આજ્ઞા, મોટાભાઈ!' વિદુરે ધૃતરાષ્ટ્રની આજ્ઞા માથે ચઢાવતાં કહ્યું, 'હું પાંડવોની સાથે જાઉં છું. પછી પાછો ફરીશ.'

'પાછા ફરવામાં ઉતાવળ ન કરતો. તેમનું ગોઠવાઈ જાય પછી જ ભાભીને પૂછીને પાછો ફરજે.' ધૃતરાષ્ટ્રે સલાહ આપી.

વિદુરને પાંડવોની સાથે મોકલવાની વાત દુર્યોધનને ગમતી ન હતી. તેણે દલીલ પણ કરી, 'કાકાને નાહક દોડાવવાની શી જરૂર

છે, પિતાજી? ત્યાં મંત્રી પુરોચનને ભાઈઓની સેવામાં ગોઠવ્યો જ છે ને?'

ત્યાં કુંતી બોલી ઊઠી, 'ભલે હમણાં વિદુરજી અમારી સાથે આવે. થોડો વખત અમારી સાથે રહેશે પછી પાછા ફરશે.' ને ઉમેર્યું, 'હમણાં તેમને કામ પણ શું છે?'

'ભલે વિદુરને જવા દે, દુર્યોધન!' ધૃતરાષ્ટ્રે આદેશ દેતાં દુર્યોધનને કહ્યું. 'હમણાં અહીં પણ તેનું શું કામ છે? ભલે થોડો વખત પાંડવોની સાથે રહે. તેમની જરૂરતોનો તેને ખ્યાલ આવે ને તે પૂરી પણ કરી શકે ને?'

વિદુર પાંડવોની સાથે વારણાવતમાં ગયા. પછી પિતામહની ચિંતા અકારણ બની રહી. હવે તે વિદુરના પાછા ફરવાની રાહ જોતાં હતા. વિદુર પાસેથી તેઓ હકીકત જાણવા માંગતા હતા. જેમ જેમ તેમની ઇંતેજારી વધતી હતી, તેમતેમ તેમની ચિંતા પણ વધી રહી. તેમના મનમાં પણ તર્કવિતર્કો થયા કરતા હતા. આ તર્કવિતર્કોમાં ધૃતરાષ્ટ્રની કોઈ મેલી રમતનો આભાસ પણ થતો હતો.

ઘણી રાહ જોવડાવ્યા પછી વિદુર પાછો ફર્યો. પિતામહ સમક્ષ તેમણે ગંભીરતાથી મનની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું, 'પિતામહ, હું જો ગયો ન હોત તો પાંડવો કદી પાછા ફરી શક્યા ન હોત. ને ઉમેર્યું', 'મારી શંકા અકારણ ન હતી.'

બોલતાં બોલતાં વિદુરનું હૈયું ભરાઈ આવ્યું. તેના કંઠે ડૂમો બાઝ્યો ને આંખમાંથી અશ્રુપ્રવાહ વહેતો થયો.

વિદુરની હાલત જોતાં પિતામહ પણ દ્રવી ઊઠ્યા. તેમના મનના તરંગો, કલ્પના અને તર્કો વધી પડ્યાં.

તેમણે વ્યથાપૂર્ણ સ્વરે ચિત્કાર કર્યો, 'ધૃતરાષ્ટ્ર આવો નરાધમ, દુષ્ટ નીકળ્યો?'

'ના, પિતામહ, ધૃતરાષ્ટ્ર કદાચ વારણાવતના રાજભવનની ખૂબીઓથી અજ્ઞાત હશે.' પિતામહની શંકાનું નિવારણ કરતાં

વિદુર બોલ્યા, 'તેઓ બિચારા અંધ છે. દીકરો દુર્યોધન દોરે તેમ દોરાય છે. તેમને ગતાગમ પણ શી પડે? સાચી વાત કરે પણ કોણ?'

'તો આ કાવતરું દુર્યોધનનું જ હશે ખરું ને?'

'હા!' વિદુરે પિતામહની કલ્પનાને અનુમતી દેતાં કહ્યું. 'પણ હવે ચિંતાનું કોઈ કારણ નથી. મેં પાંડવો ગમેતેવી આફતમાંથી પણ સરળતાથી બચી શકે તેવી પાકી વ્યવસ્થા કરી છે.' ને પછી ઉમેર્યું, 'એ વ્યવસ્થા દુર્યોધનના મંત્રી પુરોચનની જાણ બહાર કરવાની હતી એટલે થોડો વધુ સમય ત્યાં રોકાવું પડ્યું.'

'શાબાશ, વિદુર!' વિદુરની હકીકત જાણ્યા પછી પ્રસન્નતા અનુભવતાં પિતામહ બોલ્યા ને પૂછ્યું, 'શી વ્યવસ્થા કરી છે તેં?'

'જુઓ, પિતામહ, દુર્યોધને જે રાજભવન બંધાવ્યું છે તે તેના પોતાના ઉપયોગ માટે નહિ.'

'ત્યારે દુર્યોધનના આરામ માટે બંધાવ્યું હોવાની ધૃતરાષ્ટ્રની વાત ખોટી એમ?' પિતામહ સાશ્ચર્ય પૂછી રહ્યા. 'ધૃતરાષ્ટ્રે મને એમ કહ્યું હતું કે દુર્યોધને પોતાના આરામ માટે વારણાવતમાં રાજભવન બંધાવ્યું છે. તેમાં પાંડવો પ્રથમ રહે ને આરામ કરે તેવી તેની ઇચ્છા છે.' વાત કરતાં એકદમ રોષપૂર્ણ સ્વરે પિતામહ બોલી ઉઠ્યા, 'એ હકીકત જુઠ્ઠી કહી હરામખોર આંધળાએ.'

વિદુરે પિતામહના રોષને શાંત કરતાં કહ્યું, 'પણ ધૃતરાષ્ટ્ર શું કરે? તેને દુર્યોધને જે જણાવ્યું હશે તે તમને કહ્યું હશે. તેઓ જાતે તો કાંઈ જોવા ગયા નથી ને?'

'પછી?'

'એ રાજભવનની દીવાલોમાં લાખનાં પૂરણ થયાં છે.'

'લાખનાં પૂરણ? શા માટે?' પિતામહ બરાડી ઊઠ્યા.

'લાખ હોય એટલે એકાદ અંગારો પણ રાજભવનને અગ્નિની પ્રચંડ જ્વાલાઓમાં ધકેલી દે ને રાજભવનનો સર્વનાશ થાય. તેમાં આરામ કરનારા પણ ભરખાઈ જાય.' વિદુરે વારણાવતના રાજ-

ભવનની વિષે જણાવતાં પિતામહ ચોંકી ઊઠયા ને તેમનું દિલ દ્રવી ઊઠયું. કરુણાભર્યાં દિલે ખિન્ન સ્વરે બોલ્યા, 'પાંડવોને અર્ધું રાજ્ય આપવું ન પડે એટલા માટે જ આવો ઘાટ ઘડયો હશે પેલા હરામખોર દુર્યોધને ?' એકદમ ઊભા થતાં કહી રહ્યા, 'હું દુર્યોધનનો હમણાં જ હિસાબ લઉં છું.'

ત્યાં વિદુરે બે હાથ જોડી તેમને પ્રાર્થના કરતાં કહ્યું, 'ના, પિતામહ! હમણાં કોઈ વાત કરશો નહિ. જે થાય તે જોયા કરો.' ને ખાતરી દેતાં ઉમેર્યું, 'પાંડવોને કોઈ જફા થવાની નથી. તેમની સાથે ગોઠવણ કર્યા પ્રમાણે તેઓ ત્યાંથી સલામત રીતે બહાર નીકળી ગંગા પાર કરીને એકાદ વર્ષ હસ્તિનાપુરમાં દાખલ થાય નહિ.'

'શા માટે હસ્તિનાપુર ન આવે ?' રોષભરી વાણીમાં પિતામહ પૂછી રહ્યા.

'જો પાંડવો બચી ગયા છે એમ દુર્યોધન જાણશે તો તેમને મોતને ઘાટ ઉતારવાના બીજા દાવ ખેલશે ને પાંડવો અજાણતાં આફતમાં મુકાશે.' વિદુરે ભય વ્યક્ત કરતાં ઉમેર્યું, 'એટલે એકાદ વર્ષ પછી તેઓ પાછા ફરે ત્યારે તેમને તેમનું અર્ધું રાજ્ય અપાવી દેવું જોઈએ.'

'હા, જુદા થાય પછી નિરાંતે રહી શકે તો ખરા?' વિદુરની સલાહનો સ્વીકાર કરતાં પિતામહ બોલ્યા.

'નિરાંત! પાંડવો નિરાંતે રહે એવી કોઈ શકયતા મને દેખાતી નથી.' પિતામહના આશાવાદનો પ્રતિકાર કરતાં વિદુર બોલ્યો, 'દુર્યોધનની દુષ્ટતાથી હું અજ્ઞાત નથી.' ને નિસાસો નાંખતાં ઉમેર્યું, 'ગાંધારી ભાભીએ આંખે પાટા ભલે બાંધ્યા, પણ ભાવિ તેઓ જોઈ શકે છે.' ને કહ્યું, 'દુર્યોધનના જન્મટાણે જ તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું હતું, આની ડોક મરડી નાંખો. કુળનો વિનાશ કરશે આ પાપી!' પણ ધૃતરાષ્ટ્રે તેને હૈયે વળગાડતાં ગાંધારીને કહ્યું હતું, 'ના, હવે હસ્તિનાપુરની ગાદી યુધિષ્ઠિરને મળી

રહી. મારો દુર્યોધન જ ગાદી પર બિરાજશે.'

પિતામહ માટે વિદુર જે કાંઈ કહેતો હતો એ બધી જ હકીકતો નવી હતી. તેઓ પણ વિસ્મય પામ્યા.

સમય ઝડપથી પસાર થતો હતો. ધૃતરાષ્ટ્ર અવારનવાર વિદુરને કુંતી અને પાંડવો વિષે પૃચ્છા કરતો હતો. વિદુર તેને વિશ્વાસ દેતો હતો. વારણાવતની જનતાએ પાંડુના પુત્રોનું જે ઉમળકાભેર સ્વાગત કર્યું તેનું વિસ્તારથી વર્ણન પણ કરતો હતો. ત્યારે ધૃતરાષ્ટ્ર આનંદ પામતો હતો. તેના દિલમાં ભાવિની અમંગળ ઘટના વિષે કોઈ સંકેત પણ નહોતો.

ત્યાં એક સવારે હસ્તિનાપુરમાં સમાચાર ફરી વળ્યા : વારણાવતના રાજભવનને પ્રચંડ આગની જ્વાલાએ ભરખી લીધું. પાંડવો અને કુંતી પણ તેમાં હોમાઈ ગયાં.

આ સમાચારે સન્નાટો ફેલાયો. ધૃતરાષ્ટ્રે મોટા સાદે પોક મૂકવા માંડી, 'મારા દીકરાઓને આગ ભરખી ગઈ.' એમ બોલતાં તેણે જ છાતી કૂટવા માંડી.

દુર્યોધન પણ અશ્રુ પાડતો, જોરજોરથી કલ્પાંત કરતો, મોટે સાદે બોલતો, 'ઓ, મારા બાંધવો, તમે ક્યાં ગયા? શું થઈ ગયું?' પાંડવોના અવસાનના સમાચારે હસ્તિનાપુરમાં ગમગીની વ્યાપી રહી હતી.

પિતામહ પૂછતાં, 'દુર્યોધન, તેં તપાસ કરાવી છે ખરી?'

'હા, પિતામહ, હા. રાજભવનની આગમાં પાંચ પુરુષો અને એક સ્ત્રી શેકાઈને ભડથું થયાં છે. મેં પૂરતી તપાસ કરાવી છે. એ પાંડવો અને કુંતીમા સિવાય બીજું કોણ હોય?'

પિતામહ આ કલ્પાંતના કરતૂતો જોઈ ખિન્ન બની ગયા હતા. તેમના ચહેરા પર ઉદાસીનતા હતી. હૈયાફાટ વલોપાત કરતાં ધૃતરાષ્ટ્રને શાંત્વન દેતાં કહી રહ્યા, 'મને શંકા છે, કદાચ પાંડવો સલામત પણ હોય.'

'ના, પિતામહ, ના. પાંડવો જ અગ્નિદેવની જ્વાલાઓમાં હોમાઈ ગયા છે.' ધૃતરાષ્ટ્ર જવાબ દેતો ને પછી જોરજોરથી ડૂંઠવો મૂકતો.

વિદુર પણ શાંત હતો. તે મનમાં હસતો હતો. તેણે જ પિતામહને ખાતરી આપતાં કહ્યું, 'પિતામહ, તમે પાંડવો વિષે કોઈ જ ચિંતા ન કરશો. તેઓ સલામત ગંગા પાર કરીને વનમાં પહોંચી ગયા હશે. યથા સમયે જરૂર પાછા આવશે જ.'

પિતામહને વિદુરના વચનોમાં વિશ્વાસ હતો, છતાં આગમાં ભડથું થયેલાં પાંચ પુરુષો અને એક સ્ત્રીના શબો વિષેની વાત તેમના મનમાં પણ શંકાનાં જાળાં હલાવતી હતી.

સમય જતાં પાંડવો ઉપસ્થિત થશે જ એવો વિદુરના વિશ્વાસ વિષે શ્રદ્ધા પણ હતી. તેઓ પોતે વનમાં તપાસ પણ કરાવતાં હતા. પછી જ્યારે પંચાલના રાજવીની દીકરી દ્રૌપદીના સ્વયંવરમાં ગયેલા રાજાઓ નિષ્ફળ ગયા ત્યારે બ્રાહ્મણ જુવાને સફળતા મેળવીને રાજાઓની સામે હિંમતપૂર્વક લડનાર જુવાન વિષેની હકીકત તેમણે જાણી ત્યારે તેમના હોઠ પર સ્મિત ફરકી રહ્યું.

'જોયું ને પિતામહ!' વિદુર પિતામહને કહેતો હતો, 'દ્રૌપદીના સ્વયંવરમાં જ્યાં ભલભલા રાજાઓ નિષ્ફળ ગયા ત્યાં બ્રાહ્મણ જુવાને પરાક્રમ કર્યું. એ બ્રાહ્મણ જુવાન અર્જુન સિવાય બીજું કોણ હોય? બ્રાહ્મણ જુવાન પર એક સામટા તૂટી પડેલા રાજાઓનો મુકાબલો કરનાર ભીમ સિવાય બીજું કોણ હોય?'

દુર્યોધન અને ધૃતરાષ્ટ્રને પણ હવે ખાતરી થઈ કે લાક્ષાગૃહમાં પાંડવો બળી ગયાની વાત ખોટી હતી.

ધૃતરાષ્ટ્રે પિતામહ સમક્ષ સખેદ કહ્યું, 'પિતામહ, પરમાત્માની કૃપા તો જુઓ! પાંડવો સલામત છે. દ્રૌપદીના સ્વયંવરમાં અર્જુને સફળતા મેળવી.' બે હાથ જોડી ભગવાનને ગદ્દગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યો. દુર્યોધન તેની યોજનાની નિષ્ફળતા વિષે ગંભીર

હતો, પણ બાહ્ય દેખાવ આનંદનો કરતો હતો. આમ છતાં પાંડવોનો નાશ કરવા તે બીજી યોજના વિષે પણ ગંભીરતાથી વિચારતો હતો.

પાંડવોએ હવે દુષ્ટ બુદ્ધિ ધૃતરાષ્ટ્ર અને મહાપાખંડી દુર્યોધનથી દૂર રહેવાની જરૂરત પર ભાર મૂકી રહ્યા.

'ભલે જુદું પાટનગર વસાવતાં સમય જાય પણ હવે દુર્યોધનની સાથે રહેવાની હું તમને સલાહ આપતો નથી.' પિતામહ યુધિષ્ઠિરને કહી રહ્યા હતા. 'હા, ધૃતરાષ્ટ્ર કાકો છે. તમારા પર દીકરા જેવો પ્રેમ ઢોળે છે પણ એ બધા હાથીના દાંત છે. તેના પેટમાં પીડા છે એટલે તેનો પણ વિશ્વાસ રાખવાની જરૂર નથી સમજ્યા ભાઈ?'

ધૃતરાષ્ટ્રે પાંડવોને અર્ધું રાજ્ય આપવાની જાહેરાત કરી તે સાથે જ સ્પષ્ટતા કરી, 'પાંડવો તેમના પિતાની ગાદી પરનો હક્ક નહિ કરી શકે. આ ગાદી પાંડુની નથી. હવે મારી છે એટલે આ ગાદી પર મારા પુત્ર દુર્યોધનનો જ અધિકાર સ્વીકારવો પડશે.'

પિતામહે દેખીતો અણગમો બતાવ્યો. કુટુંબમાં કલેશ પેદા ન થાય એ હેતુથી ધૃતરાષ્ટ્રની જાહેરાતને તેમણે વધાવી લેતાં પૂછ્યું, 'તો પાંડવોની ગાદી ક્યાં રાખવી? નવું પાટનગર ક્યાં વસાવવું એ તો કહો?'

ધૃતરાષ્ટ્ર તેના મન સાથે દુર્યોધનની યોજનાને કામિયાબ બનાવવા ગંભીર મથામણ કરતો હતો. પછી હળવેથી બોલ્યો, 'પાંડવો તેમની રાજધાની ખાંડવવનમાં જ વસાવે તો?'

પિતામહ ધૃતરાષ્ટ્રની આ ખાંડવવન વિષેની દરખાસ્ત વિષે ગંભીર હતા. ખાંડવવનમાં રાજધાની વસાવવાનું કામ આસાન નહોતું. પાંડવોના જાનનું જોખમ પણ હતું. તેઓ તેનો સ્વીકાર કરતાં અચકાતા હતા. ત્યાં યુધિષ્ઠિરે ઊભા થઈ ધૃતરાષ્ટ્રને બે હાથ જોડી વંદન કરતાં તેમની દરખાસ્તનો સ્વીકાર કરતાં કહ્યું:

'વડીલ, આપની ઇચ્છા મને માન્ય છે.'

'ધન્ય યુધિષ્ઠિર, ધન્ય !' ધૃતરાષ્ટ્રના મનનો આનંદ સોળે કળાએ ખીલી ઊઠચો હતો. યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની દરખાસ્તનો સ્વીકાર કર્યા પછી પિતામહ શાંત રહ્યા. તે જાણતા હતા કે ખાંડવવનમાં રાજધાની સ્થાપવામાં રહેલા જોખમોથી ધૃતરાષ્ટ્ર સારી પેઠે પરિચિત હોવા છતાં તેણે પાંડવોને રાજધાની સ્થાપવાની સૂચના કરી તેની પાછળ ધૃતરાષ્ટ્રનો બદઇરાદો સ્પષ્ટ હતો.

યુધિષ્ઠિર ભયસ્થળોથી અજ્ઞાત નહોતો, પણ ધૃતરાષ્ટ્રે કોઈ વિવાદ સિવાય પાંડવોને રાજ્યનો અર્ધો ભાગ આપ્યો. તેને તેનું ઘણું જ મહત્ત્વ હતું.

'પિતામહ, વડીલ કાકાની ઇચ્છા પ્રમાણે અમે ખાંડવવનમાં જ ઇન્દ્રપ્રસ્થની સ્થાપના કરીશું.'

પાંડવો ભારે પુરુષાર્થ દ્વારા ધૃતરાષ્ટ્રની સૂચના પ્રમાણે ખાંડવવનના ઇન્દ્રપ્રસ્થની સ્થાપના કરી. ધૃતરાષ્ટ્રે જ યુધિષ્ઠિરના માથે રાજ્ય મુગટ મૂકચો. પાંડવોના રાજ્યનો પ્રારંભ થયો.

# ૧૫

પિતામહના દિલ અને દિમાગ પશ્ચાત્તાપના અગ્નિમાં શેકાતા હતા. તેમની મનોવ્યથા અપાર હતી. ક્ષણે ક્ષણે તેમની નજર સમક્ષ દ્રૌપદીનાં વસ્ત્રાહરણનાં દૃશ્યો ખડાં થતાં હતાં. તેમના કાનમાં વસ્ત્રાહરણનો ભોગ બનેલી દ્રૌપદીના કરુણ ચિત્કારો અથડાતા હતા.

'પિતામહ, તમે કેમ શાંત છો? તમારી નજર સમક્ષ તમારી કુલવધૂની લાજ લૂંટાય છે ને તમે શાંત કેમ છો?' કાન પર દ્રૌપદીના કરુણાભર્યા શબ્દો સતત અથડાતા અને તેમની મનઃશાંતિ તૂટી જતી. તેમની આંખમાં પાણી ભરાતાં હતાં.

તેઓ પોતાની જાતને જ પૂછતાં, 'હા, તું કુરુવંશનો રખેવાળ ત્યાં બેઠો હતો. તારી કુલવધૂનાં વસ્ત્રો પેલો દુઃશાસન ખેંચતો હતો. દ્રૌપદી લાજ સાચવવા પોતાની તમામ તાકાતથી સાડીને પકડી રાખતી. દુઃશાસન પણ તેની તમામ તાકાતથી સાડી ખેંચતો હતો. પેલો કર્ણ તેને ઉત્તેજતો હતો. દ્રૌપદી તારી મદદ માંગતી હતી ત્યારે તું નીચી મૂંડીએ મૂંગો મૂંગો કાન બહેરા કરીને બેઠો હતો.'

જાણે તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હોય એમ પોતાની જાતને કડવા વેણ સંભળાવી રહ્યા.

'તું તો કુરુવંશનો રખેવાળ હતો, છતાં કુરુવંશની લાજ લૂંટાતી હતી ત્યારે તારું ક્ષાત્રતેજ શાંત કેમ હતું? તારે ઊભા થઈને દુઃશાસનના હાથ પકડવા જોઈતા હતા. દુર્યોધનને પડકારવો

જોઈતો હતો. ધૃતરાષ્ટ્રને તેની આંખ ન જોઈ શકે તેવા ભયંકર દશ્યો અટકાવવા ઢંઢોળવો જોઈતો હતો, પણ તું સાવ નિર્માલ્યની જેમ શાંત રહ્યો. દ્રૌપદીના કરુણાભર્યા શબ્દોની પણ કોઈ અસર તને થઈ જ નહિ?' પોતાના બે હાથ પહોળા કરી ટીખળ કરતાં હોય એમ બોલ્યો, 'વાહ રે, પિતામહ ! તમે તો કુરુવંશના પિતામહ છો ને ?' ખડખડાટ હસી પડ્યા.

પિતામહની સ્વસ્થતા પર પણ તેની અસર થઈ હતી. પશ્ચાત્તાપનો દવ સતત તેમને દઝાડતો હતો.

'હા, હું જ નિર્માલ્ય બનીને બેઠો રહ્યો. પાંડવો પરાજીત હોવાથી દ્રૌપદીની લાજની રક્ષા કરવા અસમર્થ હતા, ત્યારે નોંધારી દ્રૌપદીની લાજની રક્ષા કરવાની જવાબદારી તમારી જ હતી ને પિતામહ ?'

'તમે યુધિષ્ઠિરને જુગાર રમતાં કેમ અટકાવ્યો નહિ ? તમે દુર્યોધનની દુષ્ટતાથી અજ્ઞાત હતા ? અરે, જુગાર રમતાં યુધિષ્ઠિરની સામે દુર્યોધન નહિ પણ શકુનિ દાવ ખેલતો હતો. એ ભારોભાર અન્યાય સામે પણ તમે વાંધો કેમ ન ઉઠાવ્યો ?'

'હા, હા. વિદુરે યુધિષ્ઠિરને જુગાર રમવાની સલાહ આપી હતી. પણ જ્યારે ધૃતરાષ્ટ્રે તેને જુગાર રમવાની સલાહ દીધી ત્યારે તમારે ધૃતરાષ્ટ્રનો ઊધડો લેવો જોઈતો હતો. એ વખતે તમે ધૃતરાષ્ટ્રનો ઊધડો લીધો હોત તો અને પાંડવોને વનમાં જવા દ્રૌપદીની લાજ લૂંટવા જેવા બનાવો જોવા મળ્યા ન હોત. પણ ત્યારે દુર્યોધન તમારો મુકાબલો કરવા તૈયાર થાત ? જાણો છો ને દુર્યોધનને ? કેવા કડવા, અપમાનભર્યા શબ્દો તમારા વિષે ઉચ્ચારે છે તે ? જેમનું લૂણ ખાઓ છો તેમના જ તમે બેવફા બનો છો ખરું ને ? તમે અમારા આશ્રિત છો એ ભૂલતાં નહિ. આવા હૈયું વીંધી નાંખે તેવા શબ્દો દુર્યોધન બોલે છે. એ તમે જાણતાં હોવાથી કદાચ એ ભીતિએ તમને મૂંગા બનાવી દીધા હશે, ખરું ને ?'

જેમ જેમ વિચારના ઊંડાણમાં તેઓ ગરક થતાં તેમ તેમ તેમનો પસ્તાવો વધી પડતો હતો. તેઓ બીમાર પડ્યા, પથારી-વશ થયા ને પોતાની નિષ્ફળતા પર સંતત બળાપો કરતાં રહ્યા.

તેમની બીમારીના સમાચાર જાણતાં ધૃતરાષ્ટ્ર તેમને મળવા ગયો. પિતામહ તેને જોતાં જ જાણે એકદમ સ્વસ્થ થયા હોય એમ પથારીમાં બેઠાં થયા. ધૃતરાષ્ટ્ર તેમને કોઈ પ્રશ્ન કરે તે પહેલાં જ તેઓ ઘૂરકી ઊઠ્યા :

'ધૃતરાષ્ટ્ર, તારા દીકરા પાંડવોનું કાશળ કાઢવા માંગે છે ખરું ને?' ધૃતરાષ્ટ્ર પિતામહનો પ્રશ્ન સાંભળતાં ડઘાઈ ગયો હોય એમ પિતામહને પૂછવા લાગ્યો, 'તમે આવા શબ્દો કેમ બોલો છો પિતામહ?' પછી દુર્યોધનનો બચાવ કરી રહ્યો, 'પાંડવો જુગાર રમવા તૈયાર કેમ થયા? પહેલી વાર જુગારમાં બધું જ ગુમાવી દીધું. તે મેં દ્રૌપદીને પાછું દીધું પછી ફરીથી વનવાસની શરતે ધિષ્ઠિર રમવા કેમ બેઠો?' તે પોતે હતાશ થયો હોય એમ લ્યો, 'પછી હું શું કરું? યુધિષ્ઠિર આમ તો ધર્મની વાતો કરે છે ત્યારે જુગાર જેવા અધર્મનો સ્વીકાર કેમ કર્યો?'

પિતામહ સમજતા હતા. ધૃતરાષ્ટ્રની દલીલોમાં ઘણું વજુદ હતું. ધૃતરાષ્ટ્રે પ્રથમ રમતમાં યુધિષ્ઠિર જે હારી બેઠો હતો તે બધું જ ધૃતરાષ્ટ્રે પાછું દીધું હતું. દુર્યોધન ત્યારે તેના પિતા પર ગુસ્સે પણ થયો હતો. ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને જે દીધું હતું તે પાછું લેવાની તેની ઇચ્છા જ નહોતી. ત્યારે દુર્યોધને યુધિષ્ઠિરને ફરી રમવાનું ઈજન દીધું. તેની શરત હતી, 'હારે તે બાર વર્ષ વનમાં જાય. એક વર્ષ ગુપ્તવાસ વેઠે ને ગુપ્તવાસ દરમ્યાન જો તે પકડાઈ જાય તો ફરી બાર વર્ષ વનમાં જાય.' આ શરતની પાછળ દુર્યોધનની યોજના સ્પષ્ટ હતી. બાર વર્ષના વનવાસ દરમ્યાન નિઃશસ્ત્ર નિરાધાર પાંડવોનો ખાત્મો બોલાવવાની તેની ગણતરી હતી.

છતાં યુધિષ્ઠિર ફરી જુગાર રમવા કેમ બેઠો? પિતામહના

મનમાં પણ ધૃતરાષ્ટ્રના પ્રશ્નો વાગોળાતા હતા. તે સાથે જ પોતાની સ્થિતિ વિષે પણ દુઃખી થતા હતા. નિદાન તેમણે તો સભામંડપ વચ્ચે ઊભા થઈ ફરી જુગાર રમવા તત્પર થયેલા યુધિષ્ઠિરનો હાથ પકડી તેને બેસાડી દેવો જોઈતો હતો.

અફસોસ, પોતે જ જ્યાં નિર્બળ હતા ત્યાં ધૃતરાષ્ટ્રને દોષ દેવાની વાત જ ક્યાં હતી ?

પિતામહના દિલદિમાગની સળગતી આગને જાણે શાંત થવા દેવી જ ન હોય એમ ધૃતરાષ્ટ્રની વિદાય પછી દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ પિતામહ સમક્ષ ઊભો.

વિકર્ણ જુગારની રમત વખતે સભામંડપમાં હાજર હતો. દુર્યોધન યુધિષ્ઠિરની સામે પોતે દાવ ખેલવા બેસવાને બદલે શકુનિને બેસાડ્યો ત્યારથી તેના મનમાં રોષ હતો. જ્યારે શકુનિની રમતનો યુધિષ્ઠિર ભોગ બની રહ્યો ત્યારે તેની અકળામણ વધી પડી. તેણે અવાજ ઉઠાવ્યો પણ દુર્યોધને તેને ચૂપ કરી દેતાં તેણે સભામંડપમાંથી વિદાય લીધી. વિકર્ણના અવાજની, પોતે તેની વિદાયની ગંભીરતા પિતામહ કેમ પિછાની શક્યા નહિ ? તેઓ કેમ મૂંગા મૂંગા આ દૃશ્યો જોઈ રહ્યા તેનું આશ્ચર્ય તેને થતું હતું. એટલે તે પિતામહ સમક્ષ ફરિયાદ કરવા આવ્યો હતો.

વિકર્ણને જોતાં પિતામહ લજ્જાના ભારથી ઝૂકી ગયેલી ગરદનને પ્રયત્નપૂર્વક ઊંચી કરીને તેને આવકાર દેતાં પોતાનો અફસોસ ઠાલવી રહ્યા.

'અત્યારે ક્યાંથી વિકર્ણ ?' અસ્વસ્થ મને પિતામહે તેને પ્રશ્ન કર્યો, 'કાંઈ કામ છે ? હમણાં તો હું બીમાર છું એટલે કાંઈ જ કરી શકું તેમ નથી ભાઈ !' દબાતાં સ્વરે પિતામહે સ્પષ્ટતા કરી.

'ના, પિતામહ ! હું કોઈ કામ લઈને આવ્યો નથી.' વિકર્ણે જવાબ દીધો. પછી કટાક્ષ કરતો હોય એમ ઉમેર્યું, 'હવે મને

તમે કાંઈ કરી શકો તેમ પણ ક્યાં છો?'

આ કટાક્ષ પિતામહની વજ્ર જેવી છાતીને પણ વીંધી ગયો. તેમણે પૂછ્યું, 'એમ કેમ બોલે છે, વિકર્ણ?'

'તો શું બોલું પિતામહ!' વિકર્ણ પણ જાણે દુઃખી હોય એમ પૂછી રહ્યો. પછી કહ્યું, 'ઘેર ચેન પડતું ન હતું. મનોવ્યથા ઘણી વધી પડી હતી એટલે શાંત્વન મેળવવા અહીં આવ્યો.'

'શી મનોવ્યથા છે તને?' પિતામહે આતુરતાપૂર્વક પ્રશ્ન કર્યો.

'મનોવ્યથા તો ઘણી છે, પિતામહ!'

'હા, પણ કહે તો ખરો? કોઈ ઉકેલ મળી પણ આવે.'

'ના, અસંભવ. હવે ઉકેલની વાત જ નથી.' વિકર્ણ પણ વ્યથાપૂર્ણ સ્વરે બોલતો હતો.

વિકર્ણની વ્યથા, નિરાશા જોઈ પિતામહની જિજ્ઞાસા વધી પડી.

'છતાં પણ કહે તો ખરો?'

'શું કહું પિતામહ?' પોતાનો મનોસંતાપ વ્યક્ત કરતાં વિકર્ણે પૂછ્યું, 'દ્રૌપદીના ચીર ખેંચાયા ત્યારે તમે અને દ્રોણાચાર્ય શાંત કેમ રહ્યા?' વળી કટાક્ષ કર્યો, 'દુર્યોધનનો ભય હતો તમને?'

વિકર્ણના પ્રશ્ને પિતામહની મનોવ્યથા અનેકગણી વધી પડી. તેમના ચહેરા પર ગમગીની હતી. વિકર્ણ પણ પિતામહની આ હાલત જોતાં સ્તબ્ધ બન્યો. પોતે પિતામહને દઝાડવા તો માંગતો ન હતો, છતાં તેના પ્રશ્નથી પિતામહની અસ્વસ્થતા અવશ્ય વધી પડી. તેને પણ પસ્તાવો થતો હતો.

'પિતામહ, મારા પ્રશ્નથી આપને દુઃખ થયું ખરું ને?' ગદ્‌ગદ કંઠે પિતામહની ક્ષમા યાચતો હોય એમ બોલ્યો, 'નાના મોંએ ઘણું બોલ્યો. મને ક્ષમા કરો!'

વિકર્ણની દુઃખભરી વાણી સાંભળતાં પિતામહે પણ સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો. પ્રયત્નપૂર્વક ચહેરા પર હાસ્ય જમાવ્યું ને બોલ્યા, 'વિકર્ણ, તારા પ્રશ્નથી મને કોઈ દુઃખ થતું નથી, ઊલટું

મને તારી વાતમાં તથ્ય પણ લાગે છે.'

'એટલે તમને દુર્યોધનનો ભય હતો?' વિકર્ણે સાશ્ચર્ય પ્રશ્ન કર્યો.

'ના, દુર્યોધનનો મને શો ભય હોય? તું જેવી કલ્પના કરે છે તેવી કલ્પના બીજા પણ કરતાં હશે ને? તેને વિષે વિચારું છું ત્યારે મને પણ એમ થાય છે કે વિકર્ણ જે કરી શક્યો તે હું ન કરી શક્યો. કેવી કમનસીબી છે?'

'તમે શાંત કેમ રહ્યા? મને એ સમજાતું નથી કે કુરુવંશના ધ્રુવતારક જેવા પિતામહ દ્રૌપદીના વસ્ત્રાહરણ જેવાં નિર્લજ્જ દૃશ્યો શાંતિથી જોઈ કેમ રહ્યા?' તેમનું ક્ષાત્રતેજ ઝંખવાયું કેમ?

'વાત સાચી છે, વિકર્ણ!' વ્યથાભરી વાણીમાં પિતામહ બોલતા હતા, 'મને તો આ બધી જ ઘટના વિનાશના સંકેત સમી ભાસે છે. કદાચ તેનો સંકેત મારા મૌનમાં હોય તો કોણ જાણે?'

પિતામહના દિલની વ્યથા ખૂબ વધી ગઈ હતી. તેમણે વિકર્ણને કહ્યું, 'જ્યારે જ્યારે જરૂર જણાઈ છે ત્યારે ત્યારે હું તારા બાપા અને ભાઈને ચેતવું પણ છું. પાંડવોને અર્ધું રાજ્ય આપવાની ધૃતરાષ્ટ્રની ઇચ્છા ન હતી. દુર્યોધન હસ્તિનાપુરનો મહારાજા રહે ને પાંડવોને માટે તે તેમના જીવનનિર્વાહ માટે વ્યવસ્થા કરે તેવી વાતો તેઓ કરતા હતા ત્યારે મારો રોષ વધી પડ્યો. મેં તરત જ કહ્યું, "ધૃતરાષ્ટ્ર, હસ્તિનાપુરનો રાજા તું નથી, પાંડુ છે. તેના જ્યેષ્ઠ પુત્ર યુધિષ્ઠિર યુવરાજ છે એ હકીકત મારે જાહેર કરવી પડે તેવી સ્થિતિ જો તમે પેદા કરવા ઇચ્છતા હો તો મારે ન્યાય ખાતર કાલે જ એવી જાહેરાત કરવી પડશે. પછી તમે ને તમારા પુત્રો બધા પાંડવોના આશ્રિત બની જશો. સમજો છો ખરા ને?"
'મારી આ વાત ધૃતરાષ્ટ્રને ગળે ઊતરી હશે એટલે બીજા દિવસે તેણે પાંડવોને અર્ધું રાજ્ય આપવાની તૈયારી બતાવી.'

'પણ દુર્યોધને તે છીનવી લીધું ને?' વિકર્ણે પ્રશ્ન કર્યો ને

સાથે જ ચિંતા પણ વ્યક્ત કરી રહ્યો. તેણે કહ્યું, 'ઇન્દ્રપ્રસ્થમાંથી બધી સંપત્તિ હવે હસ્તિનાપુર ભેગી કરવાની દુર્યોધનની યોજના છે.' ને પૂછ્યું, 'તમે કદાચ જાણતાં નહિ હો પણ ઇન્દ્રપ્રસ્થમાં જ્યારે રાજસૂય યજ્ઞ વખતે દુર્યોધને ઇન્દ્રપ્રસ્થની જે જાહોજલાલી જોઈ, યુધિષ્ઠિરના રાજદરબારનો જે વૈભવ જોયો ત્યારથી તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ હતી.' પછી હતાશ થતો હોય એમ બોલ્યો, 'હવે ઇન્દ્રપ્રસ્થ ખાલીખમ થશે ને હસ્તિનાપુરનો વૈભવ વધી જશે.'

'શું કહે છે તું વિકર્ણ?' વિકર્ણની વાત સાંભળતાં પિતામહ ધ્રૂજી ઊઠ્યા અને પૂછ્યું, 'ધૃતરાષ્ટ્ર પણ સંમત હતો.'

'તદ્દન સાચું કહું છું, પિતામહ!' વિકર્ણે કહ્યું, 'પેલા દુષ્ટ બુદ્ધિ શકુનિની યોજના છે. હવે તેનો અમલ પણ થશે.'

રોષભર્યા નેત્રે પિતામહ બોલ્યા, 'નહીં, નહીં, એવો અનર્થ થઈ શકે. મારે ધૃતરાષ્ટ્રને ચેતવવો પડશે.'

'તમારી ચેતવણીની કોઈ અસર ભૂતકાળમાં થઈ છે ખરી? હવે થશે?' વિકર્ણે શંકા વ્યક્ત કરતાં કહ્યું, 'માત્ર શબ્દોની સખ્તાઈ હવે કામ નહિ આવે, પિતામહ!'

'તો શું કરું ભાઈ?' જાણે હતાશામાં ઘેરાઈ ગયા હોય એમ પિતામહ પૂછી રહ્યા. પોતાની અશક્તિનો એકરાર કરતાં કહી રહ્યા, 'હું એકલો શું કરું? મારી ઉત્તરાવસ્થા છે એ તો જાણે છે.'

વિકર્ણ પણ પિતામહની અશક્તિ વિષે અજ્ઞાત નહોતો. છતાં તેની દૃઢ માન્યતા હતી કે જો પિતામહ ધૃતરાષ્ટ્રની નીતિ-રીતિનો ખુલ્લો વિરોધ કરે તો હસ્તિનાપુરમાંથી તેમને સમર્થન મળતાં વાર નહિ લાગે. આ સમર્થનની અવગણના કરવાની ધૃત-રાષ્ટ્ર હિંમત પણ નહિ કરે. એટલે તેણે પિતામહની નજદીક પહોંચીને કહ્યું, 'પિતામહ, આપની શક્તિ જતે ક્ષીણ થઈ હોય પણ આપનું ક્ષાત્રતેજ હજી ઝંખવાતું નથી. મને યાદ છે આપને આપની પ્રતિજ્ઞામાંથી ચલિત કરવા માટે સત્યવતીએ ઘણાં પ્રયત્નો

કર્યા. પ્રલોભનો પણ સામે હતા છતાં આપ હિમાલયના ખડગ જ રહ્યા. જો આપ પ્રલોભનને વશ થયા હોત તો આજે ધૃતરાષ્ટ્ર પણ નહોત.' પછી ઉત્તેજિત સ્વરે બોલ્યો, 'તમે આજે પણ એ જ પિતામહ છો. આપે જો ધાર્યું હોત તો જુગારને અટકાવી શક્યા હોત. ધૃતરાષ્ટ્રને સભામંડપમાં આકરા વાણીપ્રવાહથી ઘાયલ પણ કર્યો હોત ને પેલા શકુનિને હસ્તિનાપુરમાંથી હાંકી કાઢ્યો હોત. તમે ઊભા થઈને ગર્જના કરી હોત તો દુઃશાસન દ્રૌપદીના ચીરનો છેડો પણ પકડી શક્યો ન હોત.' ઘણું ઘણું બોલી ગયા પછી જાણે ખૂબ શ્રમિત થયો હોય એમ વિકર્ણ આખરી શબ્દો બોલી રહ્યો, 'પણ તમે કાંઈ કર્યું જ નહિ ને મહાઅનર્થ સર્જ્યો.'

પોતાના મનની શંકા વ્યક્ત કરતો હોય એમ વિકર્ણ બોલ્યો, 'હવે તમારી વાત કોઈ કાને ધરશે પણ નહિ.'

'તો હું શું કરી શકું ? જેવાં તેમના કિસ્મત ?' પિતામહ પણ ખેદપૂર્વક કહી રહ્યા, 'તેઓ હાથે કરીને જ જો વિનાશ નોતરતા હોય તો હું શું કરી શકવાનો હતો ?'

પિતામહ ખૂબ શ્રમિત થયા હતા. તેમણે આડે પડખે થતાં કહ્યું, 'વિનાશ કાળે વિપરિત બુદ્ધિ !'

તેમણે આંખો મીચી દીધી. હતાશાભરી વાણીમાં બોલ્યા, 'વિકર્ણ, તું સભામાંથી ઊઠીને ચાલ્યો ગયો. તું જુવાન હતો. મારાથી એમ સભામાંથી વિદાય કેમ થવાય ?'

'તો નિર્લજ્જ દશ્યોના સાક્ષી પણ કેમ બનાય પિતામહ ?' વિકર્ણના અવાજમાં ઉત્તેજના હતી. તેણે કહ્યું, 'તમે કુરુવંશના વડીલ છો. તમે જ આ અનર્થ અટકાવી શક્યા હોત. તમે શાંત રહ્યા તેનો અર્થ ધૃતરાષ્ટ્ર તમારી અનુમતી છે એવો ગણશે. દુર્યોધન પણ પિતામહની સંમતિ માની ખુશ થતો હશે.'

'ખોટી વાત, હું કદી સંમત થતો નથી.'

'તમે કહો છો ને ? પણ હસ્તિનાપુરનો સામાન્ય માનવી તો તમારી અનુમતી જ માની બેસે ને ? દ્રૌપદીની કાકલૂદીઓ છતાં તમારું રૂંવાડું પણ ફરક્યું નહિ. તેનો અર્થ સામાન્ય માનવી તો તમારી અનુમતી હતી એવો જ અર્થ કરે ને ?' વિકર્ણ ઉશ્કેરાટમાં બોલતો હતો.

વિકર્ણની દલીલોમાં જુસ્સો હતો. પિતામહ તેના જુસ્સા સમક્ષ શાંત હતા. તેમને પણ તેમના મૂંગા વલણ વિષે પસ્તાવો તો થતો જ હતો. વિકર્ણની વાણી તેમનાં દિલદિમાગને બરાબર સ્પર્શી ગઈ હતી. તેઓ અનુત્તર બેઠા હતા. વિકર્ણ હવે પોતાની ભૂમિકા બરાબર અદા કરવા કૃતનિશ્ચયી હોય એમ હજી પણ ભૂતકાળમાં જે પિતામહ તેણે જોયા હતા એ પિતામહની તસ્વીર તાજી રવાનો તેનો પ્રયત્ન ચાલુ હતો.

નિઃશબ્દ બેઠેલા પિતામહને વિકર્ણ યાદ અપાવતો હોય એમ ડી રહ્યો, 'યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે પહેલું પૂજન કૃષ્ણનું થાય એવા આપના નિર્ણય સામે શિશુપાલ અને જરાસંધે ઓછો ઉત્પાત મચાવ્યો હતો ? તમે કેવા સ્થિતપ્રજ્ઞ હતા ! કૃષ્ણે શિશુપાલનું મસ્તક ધડથી જુદું કર્યું ત્યારે પણ તમે સ્વસ્થ હતા. એ ભૂતકાળના પિતામહને હું જોવા આતુર છું. પણ દ્રૌપદીના ચીર ખેંચાય ત્યારે પિતામહ શાંતિથી આ ભીષણ દૃશ્ય જોઈ રહ્યા હતા એ માનવા કોણ તૈયાર હોય ?' નિસાસો નાખતાં વિકર્ણ બોલ્યો, 'હકીકત કહે છે કે ભૂતકાળના પિતામહ ત્યાં હાજર નહોતા.'

'વિકર્ણ, તારા વેણ મારા કાળજાને વીંધે છે. તારી વાતમાં ઘણું તથ્ય છે. પણ શું કરું ? ધૃતરાષ્ટ્ર મારું માનવા જ તૈયાર ન હોય તો ? છતાં મને થોડો ઘણો વિશ્વાસ છે કે હું જીવતો કૌરવો સાથે બેઠો છું એટલે દુર્યોધન હજી પણ મર્યાદામાં રહેશે.'

વિકર્ણ જાણે ઠઠ્ઠા કરતો હોય એમ હસતાં હસતાં બોલ્યો, 'હવે દુર્યોધને તેનાં દુષ્ટ કર્મો વિષે બેમર્યાદા બની જશે. આ બનાવે

તેનો વિશ્વાસ પણ વધી જશે! પિતામહ તેને કાંઈ જ કહી શકે તેમ નથી.'

'તો કુરુવંશનો આખરી અંજામ પણ નિશ્ચિત હશે.' પિતામહે દુઃખભર્યા સ્વરે કહ્યું, 'હું પણ તેની જ ચિંતામાં છું. કોઈ પણ રીતે જો કુરુવંશ સલામત હશે તો આવા આપસમાંના કલહ-ઝઘડા-વેર શાંત થશે.' ઊંડાણમાંથી નિસાસો નાખતાં બોલ્યા, 'વિકર્ણ, એવી આશા પર તો હું જીવન ખેંચી રહ્યો છું.'

'ના, પિતામહ, ના. તમે ભલે આશાવાદી હો પણ દુર્યોધન તમને સાચવી રહ્યો છે, કારણ કે તમારી અને દ્રોણાચાર્યની આડમાં તે તેની મેલી મુરાદ પ્રાપ્ત કરવા માંગે છે.' વિકર્ણે પિતામહને આંચકો આપવાનો પ્રયત્ન કર્યો, 'તમારી સુખસગવડો, તમારી જરૂરતો, તમારા પ્રત્યેનો દેખીતો આદરભાવ તેની પોતાની સ્વાર્થ-વૃત્તિની નીપજ છે.'

'તો મારે તેનો ત્યાગ કરવો એમ તું કહે છે?' પિતામહ અકળામણ ટાળવતાં હોય એમ પૂછ્યું.

'તમે તેનો ત્યાગ કરવા માંગો તોપણ દુર્યોધન તમને જવા દે તેમ નથી. તેને પોતાનાં દુષ્ટ કૃત્યો માટે કોઈ ઢાલ જોઈએ છે.' વિકર્ણ પણ પિતામહ સમક્ષ તેના દિલનો ગમ ઠાલવતો હતો. પિતામહ પૂરી ગંભીરતાથી તેને દાદ દેતા હતા. તેઓ વિકર્ણના કથનનો મર્મ બરાબર સમજતા હતા.

તેમણે વિકર્ણને શાતા આપતાં કહ્યું, 'હવે પાંડવો તેમનો વનવાસ પૂરો કરી પાછા ફરે અને પછી સૌ શાંતિથી પોતપોતાનું સંભાળી લે એટલે કુટુંબ કલેશનો પણ અંત આવે એ જોવાની મારી ઇચ્છા છે.'

વિકર્ણને પિતામહની ઇચ્છાનો પ્રતિકાર કરવો પડ્યો. તેણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, 'પિતામહ! મારે મારા મોટાભાઈ વિષે કડવા શબ્દો બોલવા પડે છે. તમે હજી દુર્યોધનને પૂરી રીતે

જાણતાં હો એમ લાગતું નથી.'

'કેમ એમ બોલે છે, વિકર્ણ?'

'તો શું કહું?' મનનો અફસોસ ઠાલવતો હોય એમ વિકર્ણ બોલ્યો, 'દુર્યોધન તમારી ઇચ્છા પૂર્ણ થવા દે તેમ હું માનતો નથી.'

'એટલે?'

'એટલે દુર્યોધન પાંડવોને તેમનું રાજ્ય આપવા કદી પણ તૈયાર થશે નહિ.'

'શું કહે છે તું?' અચંબો પામતાં પિતામહે પૂછ્યું ને ઉમેર્યું, 'પણ ધૃતરાષ્ટ્ર તો છે ને? તે કેમ આવો અન્યાય સહન કરે?'

'ધૂળ અને ઢેફા!' વિકર્ણે કહ્યું, 'હવે ધૃતરાષ્ટ્રનું કાંઈ ઊપજે તેમ નથી. દુર્યોધન હવે સર્વેસર્વા છે. પિતાજી બિચારા અંધ એટલે બીજું કરે પણ શું?'

'તો તો આ કલહ કુટુંબને ભરખી જનારો દવ પેટાવશે.' ગમભર્યા સ્વરે પિતામહે ભવિષ્ય વાણી ભાખતાં કહ્યું ને દુઃખભર્યા સ્વરે ઉચ્ચાર્યું, 'તેના કરતાં મરી જવું શું ખોટું?'

વિકર્ણે ફરી પિતામહને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'તમે જ્યાં સુધી નિર્બળ-શાંત હશો ત્યાં સુધી દુર્યોધન તેની પ્રચંડલીલા કરતો જ રહેશે. તેના મનમાં તમારા વિષે કોઈ આદર-ભાવ હોય એમ માનશો નહિ.'

'વિકર્ણ, તું જે કહે છે તે તદ્દન સાચું છે. મારે જ હવે વધુ સજ્જ અને જાગ્રત થવું જોઈશે.' પિતામહ બોલી રહ્યા, 'કુરુવંશના રક્ષણ કાજે મારે જ હવે ધૃતરાષ્ટ્રને સમજાવવો પડશે.'

'પણ દુર્યોધનનું શું કરશો?'

'દુર્યોધનને પણ સમજાવીશ. હવે તેણે પણ કુરુવંશની રક્ષા કાજે સમજવું પડશે.'

'તમે માનો છો કે દુર્યોધન તમારી વાત માન્ય રાખશે?'

'રાખવી જ જોઈએ.' પિતામહે વિશ્વાસપૂર્વક કહ્યું ને પછી

હતાશાભર્યા સ્વરે કહ્યું, 'નહીં માને તો તેનો સર્વનાશ થશે.'

વિકર્ણ પણ હવે વધુ દલીલ કરવા ઇચ્છતો નહોતો. તેને પણ પિતામહની વેદના સમજાતી હતી. તેની આશા પિતામહની તાકાત પર હતી, પણ તેણે જોયું કે પિતામહ હવે કાંઈ જ કરી શકે તેમ નથી. કુરુવંશની રક્ષા કાજે તેણે તેના હકનો ત્યાગ કર્યો. લગ્નજીવન પર પ્રતિજ્ઞાનું તાળું લગાવી દીધું ને પિતામહનો હવે કોઈ પ્રભાવ જણાતો નહોતો.

વિદાય થતાં તેણે પિતામહને આદ્રસ્વરે પ્રાર્થના કરી : 'પિતામહ, કુરુવંશના રક્ષણ માટે સૌની દૃષ્ટિ આપના પર છે. આપ જો વધુ તાકાતથી દુર્યોધન અને તેની ચંડાળ ચોકડી પર અંકુશ નહિ જમાવી શકો તો કુરુવંશનો વિનાશ કોઈ અટકાવી શકશે નહિ. દુર્યોધન પાંડવોને તેમના હક્કનું પાછું દેવા તૈયાર નહિ જ થાય. ને પરિણામે પાંડવોને આખરી માર્ગ સ્વીકારવો જ પડશે.'

તેણે પિતામહની વિદાય લીધી. પિતામહ તેની પૂંઠ પાછળ દૃષ્ટિપાત કરી રહ્યા. વિકર્ણ સાચું જ કહેતો હતો. તેમના મનમાં ઘર્ષણ જાગ્યું. પોતે જો નિર્બળ ન હોત તો દુર્યોધનની કપટ યોજના છિન્નભિન્ન કરી શકયા હોત. જુગાર રમવા બેઠેલા યુધિષ્ઠિરનો હાથ પકડી તેને ઊભો કર્યો હોત તો આજની સ્થિતિ પેદા થઈ ન હોત, પણ પોતે જ નિર્બળ હતા. દ્રોપદીના કાલાવાલા અશ્રુભીની આંખોને દર્દભરી વાણી પણ તેમના દિલના પત્થરને પીગળાવી શકી નહિ.

ક્રોધાવેશમાં પોતાના કપાળ પર હાથ પછાડતાં પોતાની જાતને જ જાણે ઠપકાવતાં હોય એમ બોલ્યો, 'પિતામહ, તું તારો ધર્મ ચૂકયો. અધર્મને, અન્યાયને, કપટજાળને તું જોતો રહ્યો. તારું ક્ષાત્રલોહી વૃદ્ધાવસ્થાને કારણે ઠંડું પડી ગયું હશે એટલે તું બધો જ સમય મૂંગો રહ્યો. તારું રૂંવાડું પણ ફરકયું નહિ.'

'પણ હવે ?' તેમની વિચારધારા આગળ ચાલતી હતી. 'હવે

જાગ્રત થવું પડશે. દુર્યોધનનો આશ્રિત ભલે હોઉં પણ પાંડવો સામેના તેના કપટને હું હવે સહન કરી શકીશ નહિ. પાંડવો પાછા ફરે એટલે તેમનું રાજપાટ તેમને પાછું મળે એ માટે હું ધૃતરાષ્ટ્રને સમજાવીશ. દુર્યોધનને પણ દબાવીશ. હવે પાંડવોને કોઈ અન્યાય થવા નહિ દઉં.'

વિચારના વમળમાં ગોથા ખાતાં ખાતાં પિતામહ ઢળી પડ્યા. તેમની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેતો હતો. તેમના હોઠમાંથી શબ્દો સરી પડતા હતા, 'ના. હવે પાંડવોને અન્યાય નહિ થવા દઉં.'

# ૧૬

ઘણાં ઘણાં પ્રયત્નો પછી પિતામહ સ્વસ્થતા મેળવી શક્યા હતા. સમય પસાર થતો હતો. પાંડવોની વનવાસની દિનચર્યા વિષે જાણવા તેઓ સદા આતુર હતા. કુંતી પણ વિદુરની સાથે તેમની પાસે આવી. હૈયાની દારુણવેદના ઠાલવતાં પ્રાર્થતી, 'પિતામહ, હવે હદ થાય છે. મારા પાંડવોને સંતાપવામાં દુર્યોધને પાછી પાની કરી નથી. હવે પાંડવો સુખથી રહે તે માટે કોઈ નવા કરતૂતો કરતાં તમારે દુર્યોધનને અટકાવવો જોઈએ.' અશ્રુભીના સ્વરે પૂછ્યું, 'તમે રજા દેતા હો તો જેઠજી ધૃતરાષ્ટ્ર પાસે મારા દીકરાઓની રક્ષા માટે માંગણી કરવા હું જાતે જાઉં.'

કુંતીના દેહ પર વેદનાની આભા છવાઈ ગઈ હતી. પિતામહ પાંડુ સાથે વનમાં વિદાય થતી કુંતીનો તેજસ્વી ચહેરો વનના કપરા, કષ્ટોની જાણે તેને કોઈ પરવા જ ન હોય એવી ભવ્યતા ભરી કુંતી અત્યારે જાણે નિસ્તેજ ભાંગી પડી હોય એવી દેખાતી હતી. તેની સામે જોતાં પિતામહનાં નેનાં પણ ભીના થયાં. કુંતીની આરજૂ પ્રત્યે તેમના દિલમાં સંપૂર્ણ દિલસોજી હતી.

તેમણે ગમભર્યા સ્વરે કુંતીને વિશ્વાસ દેતાં હોય એમ કહેવા માંડ્યું, 'તારે ધૃતરાષ્ટ્ર પાસે જવાની જરૂર શી છે? હવે પાંડવોને કોઈ જફાં ન પહોંચે ને તેમનું રાજ્ય તેમને પાછું પ્રાપ્ત થાય એ માટે હું જાગ્રત છું. હવે પાંડવોને કોઈ અન્યાય નહિ થવા દઉં.'

પિતામહ પણ ગદ્‌ગદ થઈ ગયા હતા. કુંતીને તેમણે દિલાસો

દીધો પણ વિકર્ણના શબ્દોની સ્મૃતિ તાજી થતા તેઓ પણ વિહ્વળ બની જતાં હતા.

'કદાચ દુર્યોધન ન માને તો ?' તેમના મનમાં શંકા જાગી ને પછી હતાશા ઠાલવતાં હોય એમ સ્વગત બબડયા. 'વિનાશ કાળે વિપરિત બુદ્ધિ !'

થોડા સમયમાં જ કુંતીનો ભય શાંત પડતો જણાયો. તેર તેર વર્ષના વનવાસના આકરા તાપને બરદાસ કર્યા છતાં પણ યુધિષ્ઠિરના દિલમાં દુર્યોધન વિષે કોઈ દ્વેષભાવ વૈરવૃત્તિ જોવા મળતાં ન હતાં. તેણે પિતામહને વિનંતિ કરી, 'પિતામહ, તમે જ કુરુવંશના વડીલ છો. તમે જ અમારા રાજ્યનો અડધો ભાગ પણ અપાવ્યો. તમારી સલાહથી વડીલકાકાને હસ્તે હું ગાદીનશીન થયો. કાકાની ઇચ્છાનું પાલન કરવા જુગાર જેવા અધર્મના માર્ગે હું ચાલ્યો ને જે કાંઈ ભોગવવાનું નસીબમાં લખાયું હતું તે ભોગવ્યું.'

યુધિષ્ઠિર પણ પશ્ચાત્તાપની આગમાં સળગતો હોય એમ દર્દ-ભીના સ્વરે બોલ્યો, 'મારા અધર્મના પાપે મારા નિર્દોષ ભાઈઓ પણ ભોગ બન્યા. દ્રૌપદીની લાજ લૂંટવાનો પ્રસંગ પણ અમે નીચી મૂંડીએ જોતાં રહ્યા.

'બસ થયું યુધિષ્ઠિર, હવે બધું ભૂલી જા.' યુધિષ્ઠિરની દર્દ-ભરી વાણીથી ભાંગી પડેલાં પિતામહે તેને અટકાવ્યો. ભૂતકાળ ભૂલી જઈ વર્તમાનને વફા રહેવાની સૂચના કરતાં કહ્યું, 'તમે ઘણું જ સહન કર્યું છે. હવે તમે બધા શાંતિથી તમારું સંભાળો ને આ કલહને દફનાવી દો એમ હું ઇચ્છું છું.'

'હું તમારી ઇચ્છાને આધીન થવા તૈયાર છું.'

'મને તારે વિષે તો ખાતરી હતી જ.' બોલતાં બોલતાં પિતામહ અટકી પડયા. હોઠ પરના શબ્દો તેઓ બહાર ફેંકી શકયા નહિ.

યુધિષ્ઠિરના મનમાં પિતામહની મૂંઝવણ વિષે ખ્યાલ તો

આવી જ ગયો હતો. પિતામહને યુધિષ્ઠિર વિષે જે ખાતરી હતી તેવી ખાતરી દુર્યોધન વિષે ન હોય એમ તેને લાગતું હતું. પોતે કાંઈ કહેવા માંગતો નહોતો એટલે તે પિતામહ સામે જિજ્ઞાસાભરી દૃષ્ટિ નાંખી શાંત બેસી રહ્યો.

પિતામહ જાણે કોઈ ઊંડાણમાંથી બહાર આવતાં હોય એમ બોલ્યા, 'હું ધૃતરાષ્ટ્ર પાસે વાત મૂકું છું. તેઓ તમારું રાજ્ય અને સંપત્તિ પાછી દે તેમ જણાવવા માગું છું.'

'તો પછી ઝઘડો જ ક્યાંથી હોય?' યુધિષ્ઠિરે કહ્યું. પિતામહના વચનોથી યુધિષ્ઠિરને સંતોષ હતો. ખૂદ પિતામહના મનમાં શંકા હતી ધૃતરાષ્ટ્રને કદાચ તે સમજાવી શકે પણ દુર્યોધન...

'દુર્યોધનના જે સલાહકારો હતા તેઓ પાંડવોને તેમનું રાજ્ય અને સંપત્તિ પાછી દેવા તૈયાર થવા દેશે ખરા?' તેમના મનમાં શંકાનાં જાળાં હાલતાં હતાં. તેમની દૃષ્ટિ સમક્ષ મામો શકુનિ, કર્ણ, દુઃશાસન વિગેરેના ભયાનક ચહેરા ઊપસી રહ્યા. મામો શકુનિ જ પાંડવોને વનવાસમાં ધકેલવાના કાવતરાનો મુખ્ય સૂત્રધાર છે. કર્ણ તો અર્જુન પ્રત્યેના રોષભાવથી પિડાતો જ રહ્યો છે.

તેમની શંકા વધુ દૃઢ બનતી હતી. ધૃતરાષ્ટ્ર કદાચ વડીલની અદબ જાળવવા તેમની સલાહ માન્ય રાખે, પણ દુર્યોધન નહિ માને તો?

હૈયાની વેદના સ્વગત ઠાલવી રહ્યા, 'તો વિનાશ સિવાય બીજું શું હશે?'

જેમતેમ કરી તેમણે સ્વસ્થતા પ્રાપ્ત કરી ને ધૃતરાષ્ટ્ર પાસે પાંડવોનું રાજ્ય પાછું દઈ, સુલેહ શાંતિથી પાંડવો અને કૌરવો પોતપોતાનું ભોગવે ને કુટુંબ કલહનો અંત લાવે તેવી સલાહ આપી. ધૃતરાષ્ટ્ર પિતામહની સલાહ સાથે સહમત હતા, પણ તે કાંઈ કરી શકવા અસમર્થ હતા. તેણે પિતામહને ગદ્‌ગદ સ્વરે પોતાની લાચારી વ્યક્ત કરતાં કહ્યું, 'પિતામહ, તમારી સલાહ સાવ

સાચી છે, પણ હું શું કરું ? હવે બધો જ વહીવટ દુર્યોધનના હાથમાં છે. તે મારી વાત માનતો પણ નથી. શું કરું ? દિલગીર છું છતાં તમે તેને સમજાવો, જો માને તો ?'

પિતામહ હવે પરિસ્થિતિ સમજી ગયા હતા. તેમણે દુર્યોધનને બોલાવવાની ના પાડી દેતાં કહ્યું, 'ધૃતરાષ્ટ્ર, દુર્યોધન કુળ સંહારક ન બને તે જોજો.'

પિતામહ નિરાશ વદને વિદાય થયા. ધૃતરાષ્ટ્રને ગાંધારીના વચનોની યાદ આવી. દુર્યોધનના જન્મ પછી ગાંધારીએ ધૃતરાષ્ટ્રના હાથમાં તેને મૂકતાં કહ્યું હતું, 'આને દરિયામાં પધરાવી દો. એ આપણા કુળનો વિનાશ કરશે.'

જ્યારે ગાંધારી તેના દીકરાને દરિયામાં પધરાવી દેવાની સલાહ દેતી હતી, ત્યારે તેના હૈયામાં અપાર વેદના ભરી હતી. પણ જ્યોતિષોનાં વચનો તે ભૂલી શકતી નહોતી.

ગાંધારીની સલાહ સાંભળતાં ધૃતરાષ્ટ્ર બેચેન બન્યો હતો, પણ તેને હસ્તિનાપુરની ગાદીનો વારસ જોઈતો હતો. હસ્તિનાપુરની ગાદી પાંડુપુત્ર યુધિષ્ઠિરને મળે તે તેને ગમતું નહોતું. એટલે તેને દુર્યોધનને હૈયાસરસો દબાવતાં ગાંધારીને સંભળાવ્યું, 'દેવી, તારો પુત્ર જ હસ્તિનાપુરનો મહારાજા બનશે. તેને દરિયામાં ફેંકી કેમ દેવાય ? પછી પેલા પાંડુપુત્રને મહારાજા બનવા દેવો છે ?'

ધૃતરાષ્ટ્રને સમજાવવા અને દુર્યોધનને મનાવવા દ્રોણાચાર્યે ઘણાં પ્રયત્નો કર્યા, પણ દુર્યોધન તેના નિર્ણયમાં મક્કમ હતો. તેણે બંનેને સંભળાવી દીધું, 'પાંડવોને હું કાંઈ જ દેવા માંગતો નથી. રમતમાં હું જીત્યો છું. કોઈ જીતેલો પ્રદેશ પાછો દેવા તૈયાર થાય ખરો ?'

'પણ આ તો તારા ભાઈઓ છે.' દ્રોણે કહ્યું. 'શરત પ્રમાણે પાંડવો તેર વર્ષ વનવાસ પણ ભોગવી આવ્યા. હવે તેમને તેમનું રાજ્ય અને સંપત્તિ પાછી સુપ્રત કરવી એમાં ન્યાય છે.'

'ન્યાયની વાત ન કરશો, ગુરુદેવ!' દુર્યોધને દ્રોણાચાર્ય વધુ દલીલો કરે તે પહેલાં વિદાય લીધી.

ગુરુ દ્રોણ પણ દુર્યોધનની પાછળ આશ્ચર્યજનક દૃષ્ટિ નાંખતા ઊભા રહ્યા.

'ભારે હઠીલો છે.' ધૃતરાષ્ટ્રે કહ્યું.

'તો તેનો વિનાશ પણ નક્કી છે.' ગુસ્સાભરી વાણીમાં દ્રોણ બોલી રહ્યા, 'ગુરુની મર્યાદા પણ સમજતો નથી!'

'હવે કોઈ માર્ગ ન હતો.' પિતામહે યુધિષ્ઠિરને લાચારીભર્યા શબ્દોમાં કહ્યું, 'ભાઈ યુધિષ્ઠિર, દુર્યોધન ભારે હઠાગ્રહી છે. મારી વાત જવા દે, પણ ગુરુ દ્રોણ સાથેનું તેનું વર્તન કેવું બેઅદબી-ભર્યું હતું.'

'તો હવે?' યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યો.

'હવે તો શ્રીકૃષ્ણ સમજાવે તો?' પિતામહે સૂચન કર્યું, 'શ્રીકૃષ્ણ તમારા બંનેના હિતસ્વી છે. તેમનો પ્રભાવ છે એટલે કદાચ તેમની વાત દુર્યોધન સમજે તો?'

'દુર્યોધન સમજશે ખરો?' યુધિષ્ઠિરે ચિંતાભર્યા સ્વરે પૂછયું ને ઉમેર્યું, 'જો દુર્યોધન હઠાગ્રહી જ હોય તો શ્રીકૃષ્ણને તસ્દી દેવાની જરૂર પણ શી છે?'

'તો હવે તમે શું કરશો?' પિતામહ પાંડવોની ભાવિ યોજના વિષે જાણવા માગતા હતા.

'શું કરવાનું હોય હક્ક માટે. યુદ્ધ વિના બીજો કોઈ વિકલ્પ છે ખરો?' યુધિષ્ઠિરે સખેદ જણાવ્યું ને કહ્યું, 'ભાઈ અર્જુન તો આ વિષ્ટિની વાત જ સ્વીકારવા તૈયાર ન હતો. અમારા વનવાસ દરમ્યાન પણ દુર્યોધને અમારો નાશ કરવા માટેના પ્રયાસો ઘણા કર્યા. અરે, દ્રૌપદીનું અપહરણ કરવા જયદ્રથને મોકલ્યો પણ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા એટલે વિષ્ટિ પણ નહીં. યુદ્ધ માટે ભીમ ને અર્જુન આગ્રહી છે. મા કુંતીને યુદ્ધ નથી જોઈતું. હું પણ એમ જ ઇચ્છું

છું. જો દુર્યોધન અમારે માથે યુદ્ધ હોકી બેસાડવા માંગતો જ હોય તો અમે પણ ક્ષત્રિયો છીએ. પાંડુના પુત્રો છીએ.'

પિતામહ યુધિષ્ઠિર સામે નિગાહ માંડી રહ્યા તેમના દિલમાં યુધિષ્ઠિરની દલીલ આનંદ જગાડતી હતી. યુધિષ્ઠિરના નિર્ણયને ચકાસી જોવાના ઇરાદે પ્રશ્ન કર્યો.

'તમે જાણો છો યુધિષ્ઠિર, દ્રોણ જેવા સમર્થ યોદ્ધાઓ દુર્યોધનના પડખે ઊભા હશે!'

'જાણું છું પિતામહ, પણ હક્કની પ્રાપ્તિ માટે ન્યાયને ખાતર યુદ્ધ કરવું એ અનિવાર્ય ધર્મ છે. તેમાં જય-પરાજયનો કોઈ પ્રશ્ન મહત્ત્વનો નથી.'

'શાબાશ!' યુધિષ્ઠિરની પીઠ થાબડતાં પિતામહનો હર્ષોલ્લાસ ઊછળી પડ્યો.

'છતાં આપની સૂચના પ્રમાણે શ્રીકૃષ્ણને અમારા દૂત તરીકે મોકલવાની મારી ઇચ્છા છે. બને ત્યાં સુધી ભાઈઓ સામે શસ્ત્રો ઉઠાવવાની મારી ને મા કુંતીની ઇચ્છા નથી. મા કુંતી પોતે ધૃતરાષ્ટ્ર સમક્ષ જવા ઉત્સુક છે. પાંડુની પત્ની ને પાંડવોની માતા ધૃતરાષ્ટ્ર સમક્ષ ખોળો પાથરવા જાય તો અમારા ક્ષાત્રત્વને લાંછન લાગે.'

'સાચી વાત છે, યુધિષ્ઠિર.' પિતામહ યુધિષ્ઠિરની દલીલ સાથે સહમત થતાં બોલ્યા, 'કુંતીએ દયા માંગવા જવાની જરૂર શી છે? પાંડવો જેવા ધર્મનિષ્ઠ બળવાન સંતાનોને તેમના હક્ક માટે જરૂર પડ્યે યુદ્ધ માટે તેમણે ઉત્તેજવા જોઈએ.'

યુધિષ્ઠિરની વિદાય પછી પિતામહ કૃષ્ણના આગમનની પ્રતિક્ષા કરતા હતા. તેમના દિલમાં વિશ્વાસ જાગતો હતો. શ્રીકૃષ્ણની દરમ્યાનગીરીની સફળતા વિષે તેઓ ભારે આશાવાદી હતા ને સાથે જ કુરુવંશની સલામતી વિષેનો વિશ્વાસ પણ વધી પડ્યો હતો.

હવે શ્રીકૃષ્ણ પાંડવો વતી ન્યાય માંગવા હસ્તિનાપુર આવી રહ્યાની જાણ થતાં ધૃતરાષ્ટ્રે દુર્યોધનને સમજાવવાનો પ્રયત્ન કરતાં

કહ્યું, 'કૃષ્ણ પુરુષોત્તમ અને પૂજ્ય છે. તેમનું સન્માન કરજે.'

દુર્યોધને અંધ પિતાની આજ્ઞાનો બરાબર અમલ કર્યો. શ્રીકૃષ્ણના સ્વાગતની તૈયારીઓ થઈ. હસ્તિનાપુરે પણ અજબનો શણગાર ધારણ કર્યો હતો. શ્રીકૃષ્ણનાં દર્શન માટે રાજમાર્ગો પર માનવ મહેરામણ ઊમટ્યો હતો.

શ્રીકૃષ્ણે હસ્તિનાપુરમાં પ્રવેશ કરતાં વિદુરના નિવાસસ્થાનની મુલાકાત લીધી, જ્યાં કુંતીએ પુત્રોના વિયોગના વસમા ચૌદ વર્ષ વિતાવ્યા હતાં. કુંતીની કાયા ક્ષીણ થઈ ગઈ હતી. કૃષ્ણને જોતાં જ ખર્યા પાન જેવી કુંતી તેમને વળગી રહી. તેની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં. કૃષ્ણે તેને આશ્વાસન દેતાં કહ્યું, 'ફોઈબા, તમારા દીકરા પાંડવો નિંદા, ભય, ક્રોધ, હર્ષ, ભૂખ-તરસ, ઠંડી, ગરમી એ બધા પર વિજય મેળવીને અસાધારણ વીરપુરુષો થઈ ગયા છે. તમે ચિંતા ન કરો.'

વૃદ્ધાવસ્થામાં ભાંગેલા દેહે ઊભેલી કુંતી કૃષ્ણ સામે આશાભરી મીટ માંડી રહી હતી. પછી હળવેથી પૂછી રહી, 'મારા પાંડવોના નસીબમાં દુઃખ જ લખાયું છે શું?'

''પિતામહે રાજ્યનો અર્ધો ભાગ અપાવ્યો, પણ તેય દુર્યોધને યુધિષ્ઠિરને ભોળવી જુગારની કપટજાળમાં ફસાવી પડાવી લીધો. ચૌદ-ચૌદ વર્ષ દીકરાઓના વિયોગમાં મેં કેવા દિવસો પસાર કર્યા છે તે વિદુર જાણે છે.' બોલતાં બોલતાં કુંતીની આંખમાંથી શ્રાવણ-ભાદરવાનાં પાણી વહેતાં થયાં. પછી પ્રયત્નપૂર્વક સાડીના છેડે ભીની આંખો સાફ કરતાં પૂછ્યું, 'હવે પાંડવોને તેમનું રાજ્ય પાછું આપવા દુર્યોધન ના પાડે છે ખરું ને? તો હવે શું થશે?'

શ્રીકૃષ્ણે હિંમત દેતાં કહ્યું, 'ફોઈબા, પાંડવોને તેમનું અર્ધું રાજ્ય પાછું આપવા દુર્યોધનને સમજાવવા હું આવ્યો છું.'

'પણ નહિ સમજે દુર્યોધન તો શું?'

'તો પાંડવોને યુદ્ધ આદરવું પડશે.'

'એટલે કુરુવંશની બરબાદી એમ જ ને ?'

ફરી કુંતીની આંખો ભીની થઈ ને ધ્રૂજતાં સ્વરે બોલી રહી, 'બિચારા પિતામહને તેમની જિંદગીના છેલ્લા આરે કુરુવંશનો નાશ થતો જોવો પડશે ?'

શ્રીકૃષ્ણે વધુ ચર્ચા કર્યા વિના વિદાય લીધી. દુર્યોધનના નિમંત્રણથી તેના મહેલે પહોંચ્યા. દુર્યોધને તેમનું સ્વાગત કરતાં કહ્યું, 'યદુવંશ સાથે અમારા કુટુંબનો ઘણો જ જૂનો સંબંધ છે. એ રીતે પણ અમે આપનું પૂજન કરવાના અધિકારી છીએ.'

વિદુર શ્રીકૃષ્ણ સમક્ષ દુર્યોધનની દુષ્ટતા અને ધૃતરાષ્ટ્રની નિર્બળતા, ખંધાઈ વિષે ગંભીરતાથી કહી રહ્યા હતા. તેમણે સ્પષ્ટપણે ભાવિ ભાખતાં કહ્યું, 'તમારો પ્રયત્ન સફળ થવાનો નથી.'

વિદુરના મંતવ્યને જાણે પોતે પહેલેથી જ જાણી લીધું હોય તેમ શ્રીકૃષ્ણે હસતાં હસતાં કહ્યું, 'વિદુરજી, ભાવિ વિષે મને શંકા નથી. ધૃતરાષ્ટ્રના પુત્રોને સમજાવવા તેમ જ પાંડવોને ન્યાય મળે તે અર્થે હું અહીં ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને સમજાવવા આવ્યો છું. સંધિ કરાવવા માટે હું બધા પ્રયત્નો કરીશ. મને સફળતા નહિ મળે તોપણ મને મારો ધર્મ અદા કર્યાનો આનંદ જ હશે.'

શ્રીકૃષ્ણના આગમનથી ધૃતરાષ્ટ્ર ને દુર્યોધન પણ ચિંતીત હતા, છતાં તેમના નિર્ણયને વિષે મક્કમ હતા. કૃષ્ણને તેની કોઈ જાણ ન થાય એ માટે કૃષ્ણના સન્માન-સ્વાગતનો જબરો દંભ પણ કર્યો હતો. સભામંડપમાં શ્રીકૃષ્ણે પ્રવેશ કર્યો ત્યારે ધૃતરાષ્ટ્ર અને તેના સાથીઓએ ઊભા થઈ તેમનું સ્વાગત કર્યું. તેમને માટે તૈયાર થયેલા સુવર્ણના સિંહાસન પર શ્રીકૃષ્ણે આસન લીધું.

હવે સૌની નજર શ્રીકૃષ્ણ પર હતી. શ્રીકૃષ્ણ પણ ગંભીરતાપૂર્વક સભામાં બેઠેલાં સૌના પ્રતિ દૃષ્ટિ ફેરવી રહ્યા. પછી ગંભીરતાથી તેમણે ધૃતરાષ્ટ્રને સંબોધન કરતાં કહ્યું, 'રાજન્ ! હું કૌરવો અને પાંડવો બંને પક્ષોના શુભનો વિચાર કરીને આપની સમક્ષ

ઉપસ્થિત થયો છું.' એમ કહી તેમણે પાંડવોએ અત્યાર સુધી જે સહન કર્યું તેનો ઉલ્લેખ કરતાં કહ્યું, 'આમ છતાં પાંડવોના દિલમાં કોઈ વેરભાવ નથી, બદલો લેવાની કોઈ ઇચ્છા પણ નથી.'

'બદલો લેવા માંગે તોપણ લઈ શકે તેમ નથી. એનાથી પાંડવો અજ્ઞાત નથી.' વચ્ચે જ દુર્યોધન બોલી ઊઠ્યો ને તાકાતનું દર્શન કરાવતો હોય એમ બોલ્યો, 'પિતામહ, દ્રોણ જેવા સમર્થ અને કર્ણ જેવો કુશળ બાણાવળી અમારી પડખે છે તેની પાંડવોને જાણ છે.' દુર્યોધનના આ મદાંધ વચનો સાંભળતાં સભાજનોના મનમાં ભય પેદા થયો. હમણાં શ્રીકૃષ્ણ દુર્યોધન પર તૂટી પડશે.

શ્રીકૃષ્ણ શાંત હતા. તેમણે કોઈ જ પ્રતિવાદ કરવાના બદલે પાંડવો વતી સંધિ, શાંતિ સ્થાપવા માટે દરખાસ્ત મૂકી. 'પાંડવો યુદ્ધ કરવા માંગતા નથી. તેઓ શાંતિથી પોતાનું જીવન વ્યતીત કરે એ માટે માત્ર પાંચ ગામ તમે દેશો તોપણ તેમને સંતોષ થશે. હું તેમને સમજાવીશ.'

શ્રીકૃષ્ણની દરખાસ્તમાં ઉદારતા ભારોભાર હતી. તેની અસર સભામાં હાજર રહેલા પરશુરામ, પિતામહ, દ્રોણ સૌના મન પર થઈ. તેમણે ધૃતરાષ્ટ્રને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ ધૃતરાષ્ટ્ર લાચાર હતો. તેણે કહ્યું, 'કૃષ્ણ તમારી ઉદારતાથી હુ પ્રભાવિત થયો છું. તમે જાણો છો કે મારો દુર્યોધન મને દાદ દેતો નથી. પછી હું શું કરી શકું ?' ને ઉમેર્યું, 'હમણાં તમને જે કહી રહ્યો તે જોયું ને ?'

શ્રીકૃષ્ણે દુર્યોધનને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તેમને સફળતા મળી નહિ. પછી દ્રોણાચાર્યે પ્રયત્ન કર્યો. છેલ્લે પિતામહે પણ લાગણીસભર શબ્દોમાં દુર્યોધનને સમજાવતાં કહ્યું, 'મારું મોત કુરુવંશનો નિકંદન જોવા ન પામે તેવી મારી લાગણી છે. કુરુવંશને વધતો રાખવા મેં ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા છે. આજે પણ એ એક જ ઇચ્છાથી દુર્યોધનને કહું છું. તું શ્રીકૃષ્ણની વાત માની જા, નહિ તો તારું અભિમાન તને જ ભરખી જશે.'

'જે થવાનું હશે તે થશે પિતામહ, આપ ચિંતા ન કરો. હું જુગારમાં જે જીત્યો છું તેમાંથી પાંચ ગામો પણ પાછા દેવા ઇચ્છતો નથી.' દુર્યોધને તેનો નિર્ણય ફરીથી દોહરાવ્યો.

તેણે શ્રીકૃષ્ણ પ્રતિ દૃષ્ટિ કરતાં પૂછ્યું, 'તમે મને શા માટે વગોવો છો?' ને પછી ઉમેર્યું, 'હું નાનો હતો ત્યારે મારા અંધ પિતાએ પિતામહની સલાહ પ્રમાણે મૂર્ખતાભર્યું પગલું ભરી પાંડવોને અર્ધું રાજ્ય આપી દીધું. હવે મારે કાંઈ જ પાછું દેવાનું નથી. હું એક તસુ જમીન આપવા તૈયાર નથી, પણ યુદ્ધમાં જીતીને ભલે બધું જ રાજ્ય મેળવી લે.'

દુર્યોધનનો નિર્ણય જાણતાં શ્રીકૃષ્ણ પણ ઉત્તેજિત બનીને તેને પૂછવા લાગ્યા, 'પાંડવોનો વિનાશ કરવા તેં શું નથી કર્યું કહે તો? ભીમને વારંવાર ઝેર દેનાર પણ તું જ હતો ને? પાંડવોને લાક્ષાગૃહમાં જીવતાં બાળી દેવાની દુષ્ટ યોજના પણ તારી જ હતી ને? પાંડવોનું રાજ્ય પડાવી લેવા શકુનિના કાવતરાની કડી પણ તું જ છો ને? દ્રૌપદીને સ્વયંવરમાં પામવામાં નિષ્ફળ જનાર તું જ દ્રૌપદીને સભામાં ખેંચી લાવ્યો ને? તેને તારી ઉઘાડી જાંઘ બતાવનાર પણ તું જ છો ને?'

શ્રીકૃષ્ણ દુર્યોધનને તેના કાવતરાંની હકીકતો સંભળાવતાં હતા ત્યાં દુર્યોધન સભામાંનો ત્યાગ કરી ગયો. દુર્યોધનના આ વલણથી ધૃતરાષ્ટ્ર ઉદાસીન બન્યા. વિદુરને મોકલી તેને ફરી સભામાં લઈ આવ્યો. દરમ્યાન ગાંધારી પણ સભામાં ધૃતરાષ્ટ્રના બોલાવ્યાથી આવી પહોંચી.

ગાંધારીએ દુર્યોધનને સમજાવવાનો પ્રયત્ન કરતાં ધૃતરાષ્ટ્રને ગાદી કઈ રીતે મળી તેનો ઉલ્લેખ કરતાં પૂછ્યું, 'હસ્તિનાપુરની ગાદી પર તું શાનો દાવો કરે છે કહે તો ખરો? રાજ્ય પાંડુનું છે. તારો બાપ તો પાંડુની ગેરહાજરીમાં માત્ર વહીવટ સંભાળતો હતો. રાજા નહોતો એટલે હસ્તિનાપુરની ગાદી પર ખરો હક્ક તો યુધિ-

ષ્ટિરનો છે, છતાં પિતામહની ઇચ્છાથી તને અર્ધું રાજ્ય મળ્યું. હવે પાંડવોને તેમનું રાજ્ય પાછું દેવામાં આડો કેમ આવે છે દીકરા ?'

દુર્યોધન તેના હઠાગ્રહમાં મક્કમ હતો. હવે શ્રીકૃષ્ણ પણ દુર્યોધનના હઠાગ્રહ પછી સંધિની કોઈ શક્યતા જોઈ શકતા નહોતા. એટલે તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'રાજાજી! આપના પાપી પુત્રોનો તેવો જ નિર્ણય હોય તો ભલે તેમનો નિર્ણય તે અમલમાં મૂકે અને તેના પરિણામોનો પણ અનુભવ કરે. તેઓ અહંકારથી છકી ગયા છે. અત્યારે જ હું તેમના અભિમાનના ભુક્કા બોલાવી દઈ શકું, પણ મારે અહીં તેવું કાંઈ જ કરવું નથી.'

સભામાં પિતામહ પણ હાજર હતા. તેઓ દુર્યોધનના અભિમાનથી ચકિત થયા. શ્રીકૃષ્ણ ભાઈ-ભાઈઓ વચ્ચેનું ઘોર વિનાશક યુદ્ધ ટાળવા, પાંડવોને તેમનું રાજ્ય ભલે ન આપે. પણ તેમના જીવનનિર્વાહ માટે પાંચ ગામો દેવાની પણ જો દુર્યોધન ના પાડતો હોય તો તેનો વિનાશ જ નક્કી છે એમ તેમને લાગતું હતું. તેઓ અસહાય હતા. પોતે પણ સંધિ માટે પ્રયત્ન તો કર્યો જ હતો, પણ ધૃતરાષ્ટ્રે બે હાથ પહોળા કરી પોતાની લાચારી વ્યક્ત કરીને છૂટી પડ્યો. તેણે જ તેના દીકરાને સ્પષ્ટપણે પાંડવોનું રાજ્ય અને તેમની સંપત્તિ પાછી દેવા સખ્ત થઈને કહેવું જોઈતું હતું, પણ તે છૂટી પડ્યો. જાણે દુર્યોધનના હઠાગ્રહને તેનું સમર્થન હોય એમ.

હતાશાભર્યા કૃષ્ણ ખાલી હાથે સભામાંથી વિદાય થયા. ધૃતરાષ્ટ્રે તેમને ભોજન માટે આગ્રહ કર્યો, પણ કૃષ્ણે સ્પષ્ટ ના ભણી ને વિદુર સાથે સભાત્યાગ કર્યો. પિતામહ પણ તેમની સાથે જોડાયા. કૃષ્ણ પિતામહની ઉદાસીનતા જોઈ શકતા હતા.

પિતામહે ખિન્ન વદને કહ્યું, 'જે થયું તે સારું નથી થયું.' અંતરના ઊંડાણમાંથી નિસાસો નાંખતા બોલ્યા, 'જે કુરુવંશની રક્ષા કરવા મેં પ્રયત્નો કર્યા, ભાઈઓ એકબીજા સામે શસ્ત્રો ખખડાવતાં ઊભા ન થાય ને વિનાશ થતો અટકે તે માટે મેં ઘણાં

પ્રયત્નો કર્યા પણ...'

'દુર્યોધન ભારે હઠાગ્રહી છે.' વચ્ચે જ કૃષ્ણ બોલી રહ્યા. ને ઉમેર્યું, 'દીકરાનો હઠાગ્રહ કૌરવોનો વિનાશ કરશે એ હકીકતથી ધૃતરાષ્ટ્ર અજ્ઞાત હતા?' તેમણે દીકરાને અળગો કરીને પાંડવોને તેમનું રાજ્ય પાછું દેવાની તૈયારી બતાવવી જોઈતી હતી.'

'કમનસીબ એ છે, કૃષ્ણ!' અફસોસ ઠાલવતાં પિતામહ બોલ્યા, 'ભૂલ મારી છે. પાંડુ વનમાં ગયો ને મેં આંધળા ધૃતરાષ્ટ્રને ગાદી સોંપી. મને ખબર નહિ કે તેનું આવું ભયંકર પરિણામ આવશે.'

શ્રીકૃષ્ણ પણ પિતામહના દિલની અપાર વેદના જોઈ શકતાં હતા. તેમણે ગંભીરતાથી પિતામહને પ્રશ્ન કર્યો, 'તો આપ જ કહો મારે પાંડવોને શી સલાહ દેવી?' પછી વધુ સ્પષ્ટતા કરતા ઉમેર્યું, 'યુદ્ધમાં બંને પક્ષે ભારે ખુવારી થશે જ. તમે અને દ્રોણ જેવા સમર્થ યોદ્ધાઓ કૌરવોના પક્ષે જ હશો એટલે પાંડવોને પણ ભારે ખુવારી વેઠવી જ પડશે. બીજો કોઈ ઉપાય છે ખરો, પિતામહ!' જાણે પોતે પિતામહ પાસેથી સ્પષ્ટતા મેળવવા માંગતા હોય એમ પૂછી રહ્યા, 'તમે દુર્યોધનના પક્ષે જ હશો ને?'

શ્રીકૃષ્ણનો પ્રશ્ન સાંભળી પિતામહ ગંભીર બની રહ્યા. કેટલીય ક્ષણો શ્રીકૃષ્ણની સામે દૃષ્ટિપાત કરી રહ્યા. તેમના મનમાં પણ કૃષ્ણના પ્રશ્ને ભારે દ્વિધા જમાવી હતી.

શ્રીકૃષ્ણે ફરી બીજો પ્રશ્ન કર્યો, 'તમે જાણો છો કે દુર્યોધન પાંડવોને અન્યાય કરી રહ્યો છે. ન્યાય માટે પાંડવોને આખરી ઉપાય તરીકે કૌરવો સામે મેદાનમાં ઊતરવું પડે તેવી સ્થિતિમાં પણ તમે અન્યાયનું સમર્થન કરશો? પાંડવોના વિનાશ માટેની દુર્યોધનની યોજનાને તમે પણ વૃદ્ધાવસ્થામાં શસ્ત્રો ધારણ કરી પોતાનો વંશનો જ ઉચ્છેદ કરવા તૈયાર થશો?'

શ્રીકૃષ્ણના પ્રશ્નોથી પિતામહ ઘવાતા હતા. તેમની મનોવેદના પણ વધી પડી હતી. શ્રીકૃષ્ણની દલીલોમાં તથ્ય છે તેની તેઓ

અવગણના કરી શકે તેમ નહોતા; પણ જવાબ દેવો જ પડશે એવી સમજથી પિતામહે લાચારી વ્યક્ત કરતાં કહ્યું, 'કૃષ્ણ, તમે જાણો છો કે મારી સ્થિતિ કેવી છે? પાંડવોને દુર્યોધન અન્યાય કરી રહ્યો છે તે હું જાણું છું. તેમને ન્યાય મળે એ માટે મેં ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા. તમને મોકલવાની પણ મેં જ યુધિષ્ઠિરને સલાહ આપી હતી. જ્યારે તમે જાતે સંધિની દરખાસ્ત સાથે સભામાં હાજર થયા ત્યારે મારા મનમાં આશા હતી. તમારું કાર્ય સફળ થશે ને વિનાશનો વાયરો અટકી જશે. પણ—' ગદ્‌ગદ સ્વરે બોલ્યા, 'મારી આશા નિષ્ફળ ગઈ.'

'હવે વિનાશક યુદ્ધ નિશ્ચિત બન્યું છે.' કૃષ્ણે ઉમેર્યું, 'ત્યારે તમે ક્યાં હશો? એ પાંડવોને પણ જાણવા તો દો.'

'એથી શું થશે? પાંડવો પાછા વનમાં જશે?' પિતામહે પૂછ્યું. પોતાનો મત પ્રદર્શિત કરતાં હોય એમ બોલ્યા, 'ના, પાંડવો નિર્બળ નથી. મહાપરાક્રમી પાંડુના પુત્રો ક્ષાત્રતેજ ગુમાવી બેઠા નથી. અન્યાયનો પ્રતીકાર કરવા જો યુદ્ધ અનિવાર્ય હોય તો પાંડવોએ તેનો સ્વીકાર કરવો જ જોઈએ.'

'તમે તેમની સાથે રહેશો તો ખરા ને?' શ્રીકૃષ્ણ જાણે પિતામહનો તેજોવધ કરતાં હોય એમ પૂછતા હતા.

'ના, કૃષ્ણ, એ શક્ય નથી.'

'તો તમે કૌરવોના પક્ષે ઊભશો? પાંડવોનો પરાજય કરશો?'

'પાંડવોનો પરાજય નહિ થાય એવો મારો વિશ્વાસ છે.' પિતામહે કહ્યું ને ઉમેર્યું, 'શ્રીકૃષ્ણ જેવા પાંડવોના પક્ષે હોય ત્યાં પાંડવોનો પરાજય કરવાની કોઈની તાકાત નથી.'

'મારે તો પાંડવો ને કૌરવો બંને સરખા. બંનેની માંગણીને સંતોષવાનો મારો પ્રયત્ન હશે.' કૃષ્ણે કહ્યું.

પિતામહે પોતાની સ્થિતિની સ્પષ્ટતા કરતાં કહ્યું, 'કૃષ્ણ, તમે જાણો છો કે હું ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનના સહારે જીવું છું. તેમણે

મારી ઘણી ઘણી કાળજી લીધી છે. સેવા પણ કરી છે. મારી કોઈ વાતની તેમણે અવગણના પણ કરી નથી. પાંડવોને અર્ધું રાજ્ય આપવાની મારી વાતનો ધૃતરાષ્ટ્રે તરત જ સ્વીકાર કર્યો. દુર્યોધનના વિરોધની પણ અવગણના કરીને પાંડવોને અર્ધું રાજ્ય દીધું.'

'પાછું પડાવી પણ લીધું. હવે પાછું દેવા તૈયાર નથી એ પણ ખરું જ ને?' કૃષ્ણે વચ્ચે જ પ્રશ્ન કર્યો.

'હા, પડાવી લીધું પણ યુધિષ્ઠિર ફરીથી જુગાર રમવા કેમ તૈયાર થયો?' પિતામહે જવાબ દેતાં કહ્યું, 'પ્રથમના જુગારમાં યુધિષ્ઠિર બધું જ હારી ગયો હતો. ધૃતરાષ્ટ્રે તેને પાછું પણ દીધું. એ વખતે જ યુધિષ્ઠિરે સભામાંથી વિદાય લેવી જોઈતી હતી, પણ દુર્યોધનની શરતે તે ફરીથી રમવા બેઠો.'

'હાર્યો જુગારી બમણું રમે એમ જ ને?'

'હા, યુધિષ્ઠિરે દુર્યોધનની શરત સ્વીકારી ને ફરીથી રમત શરૂ કરીને પરાજય થયો.' બોલતાં બોલતાં પિતામહનો કંઠ ભરાઈ ગયો. તેમની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેતો થયો.

થોડીક ક્ષણો બંને વચ્ચે કરુણાભરી શાંતિ છવાઈ. પછી પિતામહે આર્દ્ર સ્વરે કહ્યું, 'કૃષ્ણ, દુર્યોધન ઇચ્છે તો મારે પાંડવો સામે મેદાનમાં ઊભવું જ પડશે.'

'તમે અર્જુનનો વધ કરી શકશો ને?'

'ના, કૃષ્ણ, ના. હું પાંડવોનો જ વિજય ઇચ્છું છું એટલે અર્જુનના હાથે મારો વધ થાય, તેના બાણોથી મારો દેહ વીંધાય તેવી આશા રાખું છું.'

પિતામહના આશાવાદમાં કૃષ્ણના પ્રશ્નોનો જવાબ પણ હતો. તેમણે પિતામહની આશાને બિરદાવતાં કહ્યું, 'તમે ભલે અર્થના દાસ હશો, પણ તમારું દિલ અન્યાયની સામે છે તે જોઈ મને સંતોષ થાય છે.'

કૃષ્ણ પાછા ફર્યા.

# ૧૭

'આખરે યુદ્ધ અનિવાર્ય બની રહ્યું ખરું ને ?' પિતામહ વ્યથિત દિલે ધૃતરાષ્ટ્રને પૂછતા હતા.

પિતામહ ધૃતરાષ્ટ્ર સમક્ષ તેમના દિલની વેદના ઠાલવતા હતા. ધૃતરાષ્ટ્ર શાંતિથી પિતામહના ઉદ્વેગભર્યાં વચનો સાંભળતો બેઠો હતો. પિતામહની વ્યથા વધતી હતી. તેઓ હજી પણ યુદ્ધ અટકાવવા ઇચ્છતા હતા. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'ધૃતરાષ્ટ્ર, આ યુદ્ધમાં હું ભારે વિનાશ જોઈ રહ્યો છું. હજી પણ સમય છે. તમે જો થોડા ઉદાર થઈ શકતા હો, દુર્યોધનને સમજાવી શકતા હો તો પાંડવોને સમજાવવા હું તૈયાર છું. પાંડવોની વાત સાફ છે. કૃષ્ણે પાંડવો માટે માત્ર પાંચ જ ગામની માગણી કરી, પણ દુર્યોધને તેનોય સ્વીકાર ન કર્યો. ત્યારે તમે તો વડીલ છો. પાંડુપુત્રો તમારા જ પુત્રો જેવા છે. ત્યારે તમે દુર્યોધનને સમજાવ્યો કેમ નહિ ? ધૃતરાષ્ટ્ર, કુરુવંશના વિનાશ માટે તમારી કુટિલનીતિ જ જવાબદાર હશે.'

પિતામહનાં અંગો ધ્રૂજતાં હતાં.

'કહો, હજી પણ સમય છે. તમે શ્રીકૃષ્ણની માંગણી સ્વીકારવા દુર્યોધનને સમજાવવા તૈયાર છો ?' પિતામહે ધૃતરાષ્ટ્રના મૌનને પડકાર દીધો ને ઉમેર્યું, 'પાંડુપુત્રો નબળા કે નિર્માલ્ય નથી. તમારી પડખે ઘણી મોટી તાકાત છે, તો પાંડવોના પડખે પણ ઘણી તાકાત છે. આ શ્રીકૃષ્ણની તાકાત ઓછી ન ગણશો ? માટે જ કહું છું હજી પણ સમય છે. તમે દુર્યોધનને સમજાવો.'

હવે ધૃતરાષ્ટ્રને મૌન રહેવું પડયું. પિતામહની વ્યગ્રતા ને ઉત્તેજના તેની મનઃશાંતિને હચમચાવી ગઈ હતી.

'પિતામહ !' ધૃતરાષ્ટ્ર ખિન્ન સ્વરે બોલી રહ્યો, 'તમારી મનોવેદના હું જાણું છું પણ હવે શું થાય ? કુરુક્ષેત્રના મેદાનપર બન્ને ભાઈઓ સામસામા ગોઠવાયા છે. બન્ને યુદ્ધની નોબતો ઠોકે છે. ત્યારે દુર્યોધનને પીછેહઠ કરવાની સલાહ પણ કેમ આપી શકાય ?'

પિતામહે ગંભીરતા ધારણ કરતાં કહ્યું, 'ધૃતરાષ્ટ્ર, હવે અસહાય બનવાની જરૂર નથી. ભાવિ જે નિર્માણ થયું છે તેમાં કોઈ ફેરફાર કરી શકે તેમ નથી.' ઊંડો નિસાસો નાખતાં બોલ્યા, 'મારું જીવનકાર્ય નિષ્ફળ જાય છે તેનો જ મને અફસોસ છે, ધૃતરાષ્ટ્ર ! પહેલાંથી જ દુર્યોધન પર અંકુશ રાખ્યો હોત, પાંડવો સાથેનો વ્યવહાર સદ્‌ભાવપૂર્ણ હોત તો કુરુવંશનું ગૌરવ વધુ પ્રભાવશાળી હોત. વિનાશકાળે વિપરિત બુદ્ધિ તે આનું નામ. આપ શાંતિથી ોકરાની કપટલીલા જોતાં રહ્યા.'

ધૃતરાષ્ટ્ર પિતામહને વિષે જાણવા ઉત્સુક હતો. દુર્યોધનને પણ પિતામહ અને દ્રોણની તાકાત પર ઘણી મોટી આશા હતી, પણ કર્ણે તેના મનમાં શંકાનાં જાળાં પાથર્યાં હતાં. તેણે દુર્યોધનને કહ્યું હતું : 'પિતામહનો કોઈ વિશ્વાસ કરવો ન જોઈએ. પિતામહ પાંડવોના પક્ષે હશે.'

દુર્યોધનની આ શંકાજાળ તોડવા ધૃતરાષ્ટ્ર પિતામહને શ્રીમુખે જ તેમના વલણ વિષે સ્પષ્ટતા કરવા ઇચ્છતો હતો. ધૃતરાષ્ટ્રે હળવેથી પૂછ્યું, 'પિતામહ, એક પ્રશ્ન પૂછું. માઠું તો નહિ લાગે ને ?'

'ભલે પૂછ !' પિતામહે અનુમતિ દેતાં કહ્યું, 'માઠું શા માટે લાગે ? શું પૂછવું છે તારે ?'

'હવે કૌરવો અને પાંડવો વચ્ચેનો સંગ્રામ નિશ્ચિત છે. ત્યારે તમે ક્યાં હશો ?' ધૃતરાષ્ટ્રે ડરતાં ડરતાં પ્રશ્ન કર્યો. હમણાં જ પિતામહના ક્રોધની જ્વાલા ભભૂકી ઊઠશે એવા ભયથી તે ધ્રૂજતો હતો.

'કેવો વિચિત્ર પ્રશ્ન છે, ધૃતરાષ્ટ્ર ?' પિતામહે આશ્ચર્ય વ્યક્ત કર્યું ને વળતો પ્રશ્ન કર્યો, 'કેમ, તને મારા વિષે કોઈ શંકા છે?' પછી તરત જ સ્પષ્ટતા કરી, 'ધૃતરાષ્ટ્ર, માણસ અર્થનો દાસ છે. અર્થ માણસનો દાસ નથી. એટલે હું તમારો આશ્રિત છું પછી પાંડવોના પક્ષે જવાની શંકા તમને કેમ જાગી ?'

પિતામહના સ્પષ્ટ જવાબથી ધૃતરાષ્ટ્ર છોભીલો પડી ગયો. તે કાંઈ પણ સ્પષ્ટતા કરે તે પહેલાં પિતામહે વધુ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું, 'ધૃતરાષ્ટ્ર, પાંડવો પ્રત્યે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. તેમણે ઘણું ઘણું વેઠયું છે. દુર્યોધને તેમને ખતમ કરવા ઓછા પેંતરા રચ્યા નથી, છતાં પાંડવોના દિલમાં દુર્યોધન પ્રત્યે કોઈ રોષભાવ નથી. તેમણે માત્ર પાંચ ગામની જ વાત મૂકી. દુર્યોધને એ વાતનો પણ સ્વીકાર કર્યો નહિ ને મહાભયંકર વિનાશક યુદ્ધ નોતર્યું. તેનો મને અફસોસ જરૂર છે, પણ તેથી હું તમને દગો દઈને પાંડવોના પક્ષે દુર્યોધન સામે લડવા જાઉં એવો નાદાન તો નથી જ.'

શ્વાસ શાંત કરવા થોડો ક્ષણ મૌન રહ્યા. પછી તેમણે વધુમાં ઉમેર્યું, 'પણ વિજય તો પાંડવોનો જ હશે.'

'પાંડવોનો વિજય હશે ? શું કહો છો પિતામહ ?' ધૃતરાષ્ટ્ર રાડ પાડી ઊઠ્યો હોય એમ બોલ્યો ને ઉશ્કેરાટમાં કડવા વેણ ઓકી નાંખ્યા, 'આશ્રિત થઈને તમે પાંડવોનો વિજય ઇચ્છો છો ?'

'ના, માત્ર ઇચ્છતો નથી પણ હકીકત છે. સત્ય, ન્યાય પાંડવોના પક્ષે છે. વિજય હંમેશા ધર્મનો, સત્યનો જ હોય છે.'

ધૃતરાષ્ટ્ર હવે કોઈ દલીલબાજીમાં ઊતરવા ઇચ્છતો નહોતો. તેને જે જાણવું હતું તે જાણી લીધું. પિતામહ ભલે પાંડવોના વિજય વિષે બકવાસ કરે પણ તેઓ પાંડવો સામે જ દુર્યોધનના પક્ષે ઊભા રહેશે. પછી પાંડવોનો વિજય શી રીતે કલ્પી શકે ? તેઓ પોતે નિર્બળ પુરવાર કેમ થઈ શકે ?

આખરે પિતામહ કૌરવસૈન્યની સાથે જોડાયા, તેનો પાંડવોના

દિલ પર જબરો આઘાત થયો. અર્જુન પિતામહ સામે યુદ્ધ કરવા તૈયાર ન હતો, પણ શ્રીકૃષ્ણે સલાહ આપી, 'યુધિષ્ઠિર, પિતામહ આપણા વડીલ છે એટલે યુદ્ધના પ્રારંભે તેમના આશિષ લેવા જોઈએ. તમે બધા તેમની પાસે જાવ ને આશિષ માંગો.'

કૃષ્ણની સલાહથી બધા વિમૂઢ બન્યા. પિતામહ કૌરવોના પક્ષે પાંડવોનો સંહાર કરવા મેદાનમાં આવ્યા છે તે પિતામહ પાંડવોને કેવા આશીર્વાદ દેશે? તેની સૌને શંકા હતી. છતાં કૃષ્ણની સલાહનો સ્વીકાર કરવા યુધિષ્ઠિર તૈયાર થયા. તેમણે બખ્તરો દૂર કર્યાં ને પિતામહની છાવણી તરફ પાંચે ભાઈઓએ ડગ દીધા.

પિતામહ જ્યાં ઊભા હતા ત્યાં પહોંચતા યુધિષ્ઠિર બે હાથે પિતામહના બે ચરણો પકડ્યા ને પ્રાર્થના કરી, 'પિતામહ! આપની સાથે યુદ્ધ કરવાની અમને રજા દો ને આશીર્વાદ આપો.'

યુધિષ્ઠિર રણમેદાનમાં તેની સામે પોતે ઊભા હોવા છતાં અહીં તેમના આશીર્વાદ લેવા આવ્યા તેથી પિતામહને પણ વિસ્મય તો થયું જ, પણ યુધિષ્ઠિરની ધર્મનિષ્ઠતા તેમના દિલને સ્પર્શી ગઈ. તેમણે પોતાનો આનંદ વ્યક્ત કરતાં યુદ્ધ કરવાની રજા આપી, 'તમે મારી સાથે ખુશીથી યુદ્ધ કરજો. પૂરી તાકાત તમે કામે લગાડજો. મારી તમને રજા છે ને તમારો જય થાઓ તેવા મારા આશીર્વાદ છે.' પોતાની સ્થિતિ વિષે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'કૌરવોના અર્થ વડે હું બંધાઈ ચૂક્યો છું, તેથી નાછૂટકે મારે તેમના પક્ષે રહી મારી શક્તિ પ્રમાણે યુદ્ધ તો કરવું જ પડશે.'

પાંડવોને પણ પિતામહના ઉદારતાભર્યાં સૌજન્યથી આનંદ થયો. તેઓ ત્યાંથી દ્રોણાચાર્ય, કૃપાચાર્ય પાસે ગયા. તેમને વંદન કરી યુદ્ધ માટે તેમની પણ અનુમતિ મેળવી લીધી.

યુદ્ધનો પ્રારંભ થયો. દુર્યોધન પિતામહની તાકાત, યુદ્ધચાતુર્ય ને તેમના કૌશલ્ય પર મુસ્તાક હતો. પિતામહ જ્યારે કૌરવસેનામાં જોડાયા ત્યારે દુર્યોધન વિજયનાં સ્વપ્નાં રમાડતો હતો. પિતામહ

રણમેદાનમાં પોતાના યુદ્ધ કૌશલ્યનો જાણે પરિચય દેતા હોય એમ પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળતા હતા. તો બીજી બાજુ ભીમ તેનો તમામ તાકાતથી કૌરવસેના પર તૂટી પડયો હતો. દુર્યોધન ભીમને ઝડપથી કૌરવસેનાની ખુવારી કરતો હતો તે જોઈ ગભરાઈ ગયો. આમ તો થોડા સમયમાં કૌરવસેનાનો ખાત્મો થઈ જાય.

યુદ્ધ ગણતરીના દિવસોમાં જ પૂરું કરી વિજયપતાકા લહેરાવવાની દુર્યોધનની આશા હતી. યુદ્ધ લંબાતું જ હતું. આઠ-આઠ દિવસો થયા છતાં કૌરવસૈન્યની તબાહી અટકી નહોતી. દુર્યોધનની ચિંતા હજાર ગણી વધી પડી. કર્ણે તેને સલાહ આપી, 'પિતામહને યુદ્ધમાંથી નિવૃત્ત થઈ જવા દે. પછી તો હું પાંડવ-સૈન્યને ધૂળ ભેગું કરી દેવા તૈયાર છું. પિતામહ જ્યાં સુધી લડતાં હોય ત્યાં સુધી હું કેમ પરાક્રમ બતાવું.'

હતાશ થયેલા દુર્યોધનના દિલમાં કર્ણની સલાહ પછી વિશ્વાસ જાગ્યો. તેણે પિતામહને મેદાનમાંથી હઠી જવાની સલાહ આપતાં કડવા દાહક શબ્દોનો મારો ચલાવ્યો, 'બહુ થયું હવે પિતામહ! આપ વૃદ્ધ થયા છો એટલે આપ પૂરી તાકાતથી લડતા નથી. પાંડવો કૌરવસેનાની ભારે ખુવારી કરી રહ્યા છે, છતાં તમે અર્જુનને પરાસ્ત કરી શકયા નથી.' પછી કટાક્ષ કર્યો, 'કદાચ આપના દિલમાં પાંડવો પ્રત્યેનો જ પક્ષપાત છે. તેના કારણે આપ અર્જુનને હણવા ઇચ્છતા પણ ન હો.'

દુર્યોધનના વચનો સાંભળતાં પિતામહ એકદમ બેઠા થયા. ક્રોધથી તેમનાં અંગો કાંપતાં હતાં. તેમણે જાણે દુશ્મન પર પૂરી તાકાતથી તૂટી પડતાં હોય એમ દુર્યોધનને પ્રશ્ન કર્યો, 'એટલે તું શું કહેવા માંગે છે? હું જાણી જોઈને અર્જુનને હણતો નથી એમ તું કહે છે?' ને પછી હળવાસથી કહ્યું, 'દુર્યોધન, અર્જુનને હણવો સહેલો નથી. તું જાણે છે કે શ્રીકૃષ્ણ તેના સારથી છે. મારા ગમે તેવા બાણને તે કુશળતાપૂર્વક રથનું પાલન કરીને નિષ્ફળ

બનાવે છે. હા, કૌરવસેનાનો નાશ થઈ રહ્યો છે તો પાંડવોને પણ ક્યાં ઓછું સહન કરવું પડ્યું છે?'

'પણ હવે તમે જો હટી જાવ તો?'

'શું બોલ્યો દુર્યોધન? ક્ષત્રિય બચ્ચો નામોશીભરી પીછેહઠ કદી કરતો નથી. કાં વિજય કાં મૃત્યુ જ તેને મેદાનમાંથી દૂર કરે છે તે જાણે છે ને? પિતામહ પોતાની પૂરી તાકાતથી પાંડવો સામે લડે છે. પાંડવો પ્રત્યેનો સમભાવ રણમેદાન પર દેખાતો નથી. રણમેદાન પર તો દુશ્મનોનો સંહાર એ એક જ ભાવ હોય છે.'

દુર્યોધન તો ઇચ્છતો હતો કે પિતામહ હવે નિવૃત્ત થાય. મહાવીર કર્ણને મોકો આપે, પણ પિતામહના ક્રોધાગ્નિ જેવા શબ્દો તેને છેલ્લી ઇચ્છા વ્યક્ત કરતાં અટકાવતા હતા.

ત્યારે પિતામહનો ક્રોધાગ્નિ શાંત થયો હતો. તેમણે શાંતિથી દુર્યોધનની શંકાનું નિવારણ કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'જો દુર્યોધન, હું વૃદ્ધ થયો છું પણ આ કાંડાં-બાવડાં નબળાં પડ્યાં નથી. હું મારી તમામ તાકાતથી યુદ્ધ કરું છું. તું શા માટે આવા કડવા વેણ મને સંભળાવે છે? મેં તને પહેલાં જ કહ્યું હતું કે પાંડવોને જીતવાનું કામ સરળ નથી.' બોલતાં બોલતાં એકદમ ઉશ્કેરાટ વધી જતાં તેમણે ઉગ્ર સ્વરે કહ્યું, 'આવતી કાલનું મારું યુદ્ધ એવું હશે કે પૃથ્વીના અંત સુધી લોકો તને યાદ કરતાં રહેશે.'

દુર્યોધનને પણ સંતોષ થયો.

બીજા દિવસે પિતામહે એવા અદ્ભુત પરાક્રમ અને વીરત્વનાં દર્શન કરાવ્યા. પાંડવસૈન્યનો કચ્ચરઘાણ વાળી દીધો. પિતામહના પરાક્રમ સામે પાંડવો હતાશ થયા. તેમણે વિજયની આશા છોડી દીધી. જ્યાં સુધી પિતામહ મેદાન પર હશે ત્યાં સુધી પાંડવોનો વિજય અશક્ય જ હશે એવી જ પ્રતીતિ પાંડવોને થવા લાગી.

હતાશામાં ઘેરાયેલા યુધિષ્ઠિરે તો નિરાશાવાદ વ્યક્ત કરતાં

કહ્યું પણ ખરું: 'આપણામાંથી કોઈ પિતામહને હરાવી શકે તેવો નથી. તેમનો પરાજય ન થાય તો આપણે યુદ્ધ જીતવાની આશા છોડી દેવી જોઈએ.'

આ ઘોર નિરાશામાંથી પાંડવોને બહાર કાઢવા કૃષ્ણ તૈયાર થયા. તેમણે સલાહ આપી, 'પિતામહને પાંડવો પ્રત્યે અપાર લાગણી છે, છતાં તેઓ અર્થના દાસ હોવાથી કૌરવ પક્ષે મેદાનમાં ઊતર્યા છે, પણ તેથી પાંડવો પ્રત્યેની તેમની લાગણી શાંત થઈ નથી.' પછી સલાહ દીધી, 'તમે જ પિતામહ પાસે જઈને માર્ગદર્શન મેળવો.'

'પિતામહ પરાજય માટેનું માર્ગદર્શન દેવા તૈયાર થાય ખરા?'

'હા. જરૂર. તેમને દુર્યોધનના મેણામાંથી મુક્ત થવું છે ને પાંડવોનો વિજય પણ ઇચ્છે છે. એટલે તેઓ જરૂર તમને માર્ગદર્શન આપશે જ.' કૃષ્ણે વિશ્વાસ દીધો.

અંધારી રાત્રે પાંડવો કૌરવસેનાની છાવણીઓ વચ્ચેથી ચૂપચાપ પિતામહની પાસે પહોંચ્યા.

પિતામહ પાંડવોને જોતાં વિસ્મય પામ્યા. તેમની કુશળતાના સમાચાર પૂછ્યા.

યુધિષ્ઠિરે લાગણીભર્યા શબ્દોમાં પોતાની વેદના વ્યક્ત કરતાં કહ્યું, 'પિતામહ, આપે આજે જે અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું તે જોઈ અમને તો અમારા પરાજયની ખાતરી થઈ છે. આપની સામે ઊભો રહે તેવો કોઈ યોદ્ધો જગતમાં મળે તેમ નથી. આપે જે સ્નેહ અને મમતાથી અમારું લાલનપાલન કર્યું છે તે અમારાથી પ્રાણાન્તે ભૂલી શકાય તેમ નથી. આપના ઉપર ઘા કરતાં અમારા હાથે ધ્રૂજે છે.'

પિતામહ પૂર્ણ શાંતિથી યુધિષ્ઠિરને સાંભળતાં હતા પણ તેમના મનમાં તો દિવસ દરમ્યાન પોતે જે પરાક્રમ બતાવ્યું તેના ભયથી પાંડવો પીડાતા હતા તેવો વિશ્વાસ હતો. તેમણે પણ પાંડવોને જણાવી દીધું, 'યુધિષ્ઠિર, જ્યાં સુધી હું જીવતો હોઈશ ત્યાં સુધી હું મારી પૂરી તાકાતથી યુદ્ધ કરવાનો જ. અને હું જીવતો હોઉં

ત્યાં સુધી તમારા વિજયની કોઈ આશા પણ રાખશો નહિ.' પછી ઉમેર્યું, 'માટે સૌથી પહેલાં મને હણવાનો પ્રયત્ન કરો. મારા પર ઘા કરતાં તમારે અટકવું શા માટે જોઈએ? મેદાનમાં આપણે દુશ્મનો છીએ એ જ રીતે આપણે વર્તવું જોઈએ. લાગ આવે દુશ્મનને હણતાં અચકાવું જોઈએ નહીં.' ને ઉત્તેજનાપૂર્ણ સ્વરે કહ્યું, 'મારા પર ઘા કરવાની તમને રજા છે. પિતામહ નહિ પણ મને દુશ્મન ગણીને હણી નાખો. મને જરાપણ દુઃખ નહિ થાય. મને હણશો એટલે વિજય તમારો નિશ્ચિત બનશે.'

'પિતામહને હણવાનું પાતક અમારાથી કેમ થાય, પિતામહ?' દર્દભર્યા સ્વરે યુધિષ્ઠિર બોલ્યા.

પિતામહ માત્ર હસતાં જ હતા. તેમણે પ્રશ્ન કર્યો: 'કેમ ન થાય? દુશ્મનને હણવામાં જ વીરતા છે.'

'દુશ્મન?' યુધિષ્ઠિરે સાશ્ચર્ય પ્રશ્ન કર્યો ને ઉમેર્યું, 'ના પિતામહ, તમે ભલે કૌરવપક્ષે લડો, અમારો નાશ કરો પણ તમે પિતામહ છો એ હકીકત અમે કદી ભૂલી શકીએ તેમ નથી.'

પિતામહ પાંડવોના પોતાના વિષેના ભક્તિભાવથી દ્રવિત થયા. તેઓ પાંડવોના વિજયની જ ઇચ્છા રાખતા હતા. સાથે પોતાના પરાક્રમની પાંડવસેના પર જે અસર પડી હતી તેનાથી પાંડવો હતાશ થયા હતા.

તેમણે સ્મિત કરતાં પૂછ્યું, 'તમે હતાશ કેમ છો?' પછી તરત જ ઉમેર્યું, 'તમારા પક્ષે શિખંડી તો છે ને? એક તો તે યુદ્ધમાં અપરાજિત છે. તેને મારી સામે લડવા મોકલો. તે પુરુષ નથી, પણ સ્ત્રી છે એ હું પહેલેથી જ જાણું છું. એટલે હું તેના પર ઘા કરી શકીશ નહિ.' પછી અર્જુન પ્રતિ દૃષ્ટિપાત કરતાં તેને સલાહ દેવા માંડી: 'અર્જુન, તું શિખંડીને આગળ રાખી પાછળથી મારા પર બાણવર્ષા કરવા માંડજે. હું અસહાય હાલતમાં ઊભો ઊભો તારા જ બાણોથી મારા દેહને વીંધાવા દઈશ.'

પિતામહે તો પોતાના પરાજયનો માર્ગ બતાવ્યો, પણ અર્જુન તેને માટે તૈયાર નહોતો. તેણે યુધિષ્ઠિર સમક્ષ પોતાની મનોવ્યથા ઠાલવતાં કહ્યું, 'ના, પિતામહનો એમ ઘાત કરવા હું તૈયાર નથી. તેમણે મને લાડકોડથી ઉછેર્યો. તેમણે દ્રોણાચાર્યને મારા માટે ખાસ ભલામણ કરી હતી એટલે દ્રોણ મારી વધુ કાળજી લેતા હતા.'

અર્જુનની મનોવેદના એટલી બધી વધી પડી હતી કે તે લગભગ ભાંગી પડ્યા જેવો થઈ ગયો હતો. ને બોલતો હતો, 'પિતામહને હું વીંધી નાંખીશ નહિ. ભલે આપણો પરાજય થાય.' યુધિષ્ઠિર હતાશ થયેલા અર્જુનને સમજાવતો હતો, પણ અર્જુનનો હરી ગયેલો ઉત્સાહ જાગતો નહોતો. 'ના, પિતામહે મને વાત્સલ્ય-ભાવથી ઉછેર્યો, તેમના ખોળામાં બેસીને લાડ કરતો. તેમણે જ મને કહ્યું હતું, "બેટા, અર્જુન, હું તારો બાપ નથી પણ તારા બાપનો બાપ એટલે પિતામહ છું." ત્યારથી હું તેમને પિતામહ કહું છું. તેમના પર હું બાણ કેમ ચલાવી શકું?'

અર્જુનના હઠાગ્રહ આગળ યુધિષ્ઠિર શાંત થયો. શ્રીકૃષ્ણ પણ ચિંતામાં હતા. કૌરવોના વિજયની શક્યતા તેમને પણ અકળાવતી હતી.

આમ રાત્રિ પૂરી થઈ. બીજા દિવસે યુદ્ધનો પ્રારંભ થયો. પિતામહે દુર્યોધનના કડવા મહેણાનો જાણે જવાબ દેવા માંગતા હોય એમ પાંડવસૈન્યની ભારે ખુવારી કરવા માંડી. પિતામહના ધસારા સામે ઊભવાની કોઈની તાકાત ન હતી. તેમણે દુર્યોધનના મનમાં તેમના વિષે જે શંકા હતી તે નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'આજ સુધી મેં તારું અન્ન ખાધું છે તેનું ઋણ હું પૂરેપૂરું ચૂકવી દઈશ. આજે કાં તો પાંડવો યમલોકમાં હશે અથવા કાં તો લડતાં લડતાં પિતામહ માર્યા જશે. તું ચિંતા ન કરતો.'

તેમણે ઝનૂનપૂર્વક પાંડવસેનાનો સંહાર કરવા માંડ્યો. પિતા-

મહના ઝનૂનના દર્શન પછી અર્જુનનો મોહ દૂર થયો. તેણે શસ્ત્રો ઉઠાવ્યા. પિતામહે ગઈ રાત્રે આપેલી સલાહ પ્રમાણે અપરાજિત ગણાતા શિખંડીને, અર્જુનના રથના આગળના ભાગમાં ઊભો રાખી પિતામહ ઉપર જોરદાર બાણનો ધસારો કર્યો. અર્જુનના જોરદાર ધસારાએ પાંડવસેનામાં પણ ચેતના પ્રગટી. પિતામહે પાંડવ-સેનામાં જે હાહાકાર ફેલાવ્યો હતો તેના કારણે પાંડવસેનામાં ઘોર નિરાશા ફેલાઈ હતી. સેના વેરવિખેર થતી હતી, પણ અર્જુનના પિતામહ પરના જોરદાર ધસારાથી સેના ફરીથી સજ્જ થઈ. કૌરવસેના પર જોરદાર આક્રમણ શરૂ કર્યું. પિતામહ શિખંડીને રથના આગળના ભાગમાં ઊભો રાખી અર્જુન પોતાની તરફ પવનવેગે ધસી રહ્યો છે તે જોતાં મનમાં મલકી ઊઠયા. તેમણે દુર્યોધનને જે વિશ્વાસ દીધો હતો તેનો તેમણે અમલ પણ કર્યો હતો. પાંડવોના પરાજયની કલ્પનાથી તે ધ્રૂજતા હતા. આટઆટલા સંહાર છતાં અર્જુન દેખાતો ન હતો, તેથી તેઓ ચિંતિત પણ હતા. ક્ષણેક્ષણે હાંક દેતાં : 'ક્યાં છે અર્જુન ? ક્યાં સંતાયો છે ?'

હવે અર્જુન તેમની પર પવનવેગે ધસી રહ્યો હતો એ જોઈ તેમણે નિરાંત અનુભવી. પોતે દુર્યોધનને વચન દીધા પ્રમાણે અર્જુનના હાથે જ ઘવાઈને જમીન પર પડે એમ તેઓ ઇચ્છતા હતા.

તેમની કલ્પના પ્રમાણે જ અર્જુને પણ જોરથી તેમના પર બાણવર્ષા શરૂ કરી. તેમના દેહમાં ઠામઠામ અર્જુનના બાણથી લોહી વહેતું થયું. પિતામહ વળતો પ્રહાર કરવા પ્રયત્ન કરતા હતા. શિખંડીની પાછળ ઊભા ઊભા પોતાના પર બાણવર્ષા કરતા અર્જુનને વીંધવા તેઓ ધનુષ્યનો ટંકાર કરતા. ત્યાં જ શિખંડીના બાણ તેમના દેહ પર ઘા કરતા હતા.

'શિખંડી પર પ્રહાર કેમ થાય ?' તેઓ જાણતા હતા કે શિખંડી સ્ત્રી છે. સ્ત્રી પર આક્રમણ થઈ શકે નહિ. શિખંડીને જોતાં તેમને ભૂતકાળનું સ્મરણ થયું ને બોલી ઊઠયા, 'કોણ ? કાશીરાજની

પુત્રી અંબા કે? હા, તું મારી સાથે લગ્ન કરવા માંગતી હતી. પણ મારી પ્રતિજ્ઞાના કારણે તારી દરખાસ્તનો હું સ્વીકાર કરી શકતો ન હતો એટલે તું વેરથી આગમાં શેકાતી બદલો લેવાની ધમકી દઈને વિદાય થઈ હતી.' મનમાં ઊંડેલા ભૂતકાળને વાગોળતાં પૂછી રહ્યા, 'કોણ? અંબા તું વૈરવૃત્તિનો આસ્વાદ માણવા અર્જુનના રથપર ઊભી ઊભી મને વીંધી રહી છે, ખરું ને? હા, તારું વેર જો સંતોષાતું હોય તો ભલે!' ત્યાં પિતામહની છાતી વીંધી નાંખવાના ઇરાદે શિખંડીએ બાણ છોડ્યું, પણ પિતામહે તેનું નિશાન ચૂકવ્યું.

શિખંડી પણ તેના નિશાનની નિષ્ફળતાથી ખૂબ વ્યગ્ર બન્યો હોય એમ બાણ ઉઠાવતાં પિતામહને કહી રહ્યો, 'અંબાનું તો અવસાન થયું છે, પિતામહ! આ અંબા નથી, પણ શિખંડી છે. અંબાના વેરની તૃપ્તિ માટે જ તે અત્યાર સુધી આથડતી હતી. આજે એ તક મળી. મહાપરાક્રમી અર્જુનની પડખે ઊભો ઊભો શિખંડી તેના વેરની તૃપ્તિ માણે છે.'

શિખંડી પર પિતામહ પ્રહાર કરી શકતા ન હતા એટલે તેને કોઈ ઈજા થઈ ન હતી, ત્યારે તે પિતામહના દેહને વીંધી રહ્યો હતો. પિતામહની આવી વિષમ સ્થિતિ જોઈને કૌરવસેનાના મહારથીઓ તેમની મદદે દોડી આવ્યા. પિતામહને સલામત રીતે ખસી જવા જણાવતા અર્જુન અને શિખંડી સામે પ્રહારો પણ કરતા હતા.

પિતામહ તેમના નિર્ણયમાં મક્કમ હતા. તેમણે મેદાનમાંથી હટી જવાનો ઇનકાર કરતાં જુસ્સાપૂર્વક કહ્યું, 'અર્જુનની સામે પૂંઠ ફેરવવાની સલાહ ન દેશો. અર્જુનનો ખાત્મો બોલાવીશ અથવા તેના બાણે હું જમીન પર ઢળી પડીશ. અર્જુનને પૂંઠ બતાવવા જેવો કાયર થવા તૈયાર નથી.'

આમ, પિતામહ અર્જુન સામે બાણવર્ષા કરતા હતા. અર્જુને અને શિખંડીએ તેમના દેહને છીદ્રોથી ચાળણી જેવો બનાવી દીધો હતો. લોહીની અસંખ્ય ધારા તેમના દેહમાંથી વહી જતી હતી છતાં

તેમનો જુસ્સો ને ઝનૂન સલામત હતા. તેમણે અર્જુનને ઘાયલ કર્યો હતો. અર્જુનના દેહમાં પણ પિતામહના બાણ ઘૂસી જતાં હતાં.

પિતામહ અને અર્જુન ઝનૂનપૂર્વક એકબીજા સામે બાણવર્ષા કરતા હતા. આખરે અર્જુને પિતામહના ધનુષ્યના જ ટુકડા કરી નાખ્યા. પિતામહ અર્જુનની આ કાબેલિયતથી ઝંખવાણા પડ્યા વગર તરત જ બીજું ધનુષ્ય ઉઠાવવા માંડ્યું. પણ અર્જુન પર બાણવર્ષા કરે તે પહેલાં અર્જુને તે બાણના પણ ટુકડા કરી નાખ્યા. તે સાથે જ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પિતામહના દેહને વીંધતાં અસંખ્ય બાણોની વર્ષા શરૂ કરી. અર્જુનના અભિજિત ગાંડીવ ધનુષ્યની પણછનો ધ્વનિ સતત ગાજતો જ રહ્યો. ત્યારે પિતામહ પણ અતિશ્રમથી દેહમાંના અસંખ્ય ઘામાંથી સતત વહેતાં રુધિરથી નિર્બળ બનતા ગયા. વેદના પણ તેઓ હવે બરદાસ કરવા જેટલી સ્વસ્થતા જાળવી શકતા નહોતા.

તેમણે દશ દિવસ સુધી યુદ્ધમાં તેમના જેવા વીર શિરોમણી જેટલી હદ સુધી બળ, વીર્ય, શૌર્ય ને પરાક્રમ બતાવી શકે તેટલા સંપૂર્ણપણે બતાવ્યા પછી આખા શરીરે વીંધાઈ જતાં હતાશ થયા વિના અર્જુનનો મુકાબલો કરતાં જ રહ્યા. હવે તેઓ ટકી શકે તેમ નહોતા. તેમની શક્તિ ખતમ થઈ હતી. તેમના મનોબળની દૃઢતા યથાવત હતી. તેઓ અર્જુન પર ક્રોધવર્ષા કરવા પણ તૈયાર નહોતા. આખરે તેઓ અર્જુનનો મુકાબલો કરતાં કરતાં રથમાંથી ઢળી પડ્યા. તે સાથે જ દુર્યોધન ચિત્કાર પાડી ઊઠ્યો. ઝડપથી પિતામહ પાસે પહોંચ્યો ને કૌરવસેનામાં ગભરાટ ફેલાયો.

દુર્યોધનને પોતાની પાસે ઊભેલો જોતાં પિતામહે પ્રયત્નપૂર્વક તેને કહ્યું, 'દુર્યોધન, તારું ઋણ અદા કર્યું છે. હવે મારા માટે બાણશૈય્યા તૈયાર કરો. તેના પર પડ્યો પડ્યો હું યુદ્ધ જોતાં જોતાં વિરમી જઈશ.

# ૧૮

અર્જુન સામે યુદ્ધ કરતાં કરતાં પિતામહ અર્જુનના બાણોથી વીંધાયા. લોહી નીગળતા દેહે રથમાંથી જમીન પર ઢળી પડચાના સમાચાર વાયુવેગે બન્ને સૈન્યમાં પ્રસરી જતાં ભારે સન્નાટો મચી ગયો. દુર્યોધન તો હતાશ થઈ ગયો. છેલ્લા બે દિવસથી પિતામહ જે રીતે પાંડવસૈન્યનો ખાત્મો બોલાવતા હતા, તે જોઈ તેના દિલમાં શ્રદ્ધા જાગી હતી. પિતામહના હાથે અર્જુનનો વધ થવાની આશા રાખતાં દુર્યોધનના દિલ પર જબ્બર ઘા થયો. પિતામહ જ્યાં ઢળી પડચા હતા ત્યાં એકદમ દોડી આવ્યો.

આખા શરીરે અર્જુનના બાણથી ઘવાયેલા પિતામહનો દેહ લોહીથી ભીનો થયો હતો. તેમના ચહેરા પર વેદના કે ખિન્નતા ન હતી પણ સંતોષની આભા પથરાઈ હતી.

'દુર્યોધન!' ધીમા શ્વાસે પિતામહે દુર્યોધન પ્રતિ નજર માંડતાં કહ્યું, 'તારું ઋણ મેં ચૂકવી દીધું. તેના સંતોષ સાથે હું વિદાય થઈશ.' ને પછી બોલ્યા, 'હજી પણ મારી સલાહ છે કે તમે અહીંથી અટકી જાવ. પાંડવોને તેમનું રાજ્ય પાછું આપીને શાંતિથી તમે બધા ભાઈઓ જીવન પૂરું કરો.' ને જાણે દુર્યોધન તેમની સલાહ કદી માનવાનો જ નથી તેની તેમને ખાતરી હોય તેમ અફસોસ કરતાં કહી રહ્યા, 'કુરુવંશને જીવંત રાખવા મેં ઘણા પ્રયત્નો કર્યા. મા સત્યવતીની જ ઇચ્છાનું મેં પાલન ન કર્યું. કૌરવો-પાંડવો કુરુવંશના રખેવાળ બની રહેશે તેવી આશામાં હું

જીવતો હતો. પણ આ દુર્દશા આજે કૌરવો-પાંડવો આપસમાં લડીને કુરુવંશનો જાણે અંત લાવી રહ્યા છે.'

પિતામહની વેદનાભરી વાણી દુર્યોધન સાંભળતો હતો, પણ તેમની સલાહ તેને ગમતી ન હતી એમ તેના ચહેરા પરના ભાવો દેખાતા હતા. 'દુર્યોધન, આ ધરતી પર મારો દેહ વધુ પીડા કરે છે. ધરતીનો સ્પર્શ મને પીડા આપે છે. મારે માટે બાણશૈય્યા તૈયાર કરાવ. તેના પર પડ્યો પડ્યો હું કુરુક્ષેત્ર પ્રતિ નજર રાખતાં દેહત્યાગ કરીશ.'

પિતામહ ઘવાયેલા દેહે રથમાંથી જમીન પર ઢળી પડ્યાના સમાચાર મળતાં યુધિષ્ઠિરે દેહ પરના બખ્તર ઉતારી દીધા. હાથમાંના શસ્ત્રો ફેંકી દીધા ને ગમભર્યા દિલે તે પિતામહ પાસે પહોંચ્યો. તેની પાછળ અર્જુન, ભીમ ને બીજા ભાઈઓ પણ પિતામહ પાસે પહોંચ્યા. સૌએ પિતામહને બે હાથ જોડી વંદન કર્યા. કૌરવસેનાના મહારથીઓ પણ આવી પહોંચ્યા હતા. યુદ્ધ બંધ પડ્યું હતું. સર્વત્ર સૂનકાર હતો. કુરુક્ષેત્રની લોહીભીની ધરતી પર પડેલા મૃતદેહોને હિંસક પશુઓ ને ગીધડાં ચૂંથતાં હતાં.

પિતામહના દેહમાં ઠામઠામ પડેલા ઘામાંથી સતત વહી રહેલાં લોહીની પીડાથી પીડાતા હતા. તેમની બન્ને બાજુ યુધિષ્ઠિર ને તેના ભાઈઓ, તો દુર્યોધન ને તેના મહારથીઓ નિસ્તબ્ધ ઊભા હતા. પિતામહે નેનાં ઉઘાડ્યાં. પોતાની બન્ને પડખે ઊભેલા પાંડવો ને કૌરવો પ્રતિ ઊડતી નજર નાંખી પછી બોલ્યા, 'મારું માથું લટકી રહે છે, માટે તેને ટેકો દેવા ઓશીકાની જરૂર છે.'

દુર્યોધને તરત જ મુલાયમ ઓશીકાની વ્યવસ્થા કરી, પણ પિતામહને તેની જરૂર ન હતી. તેમણે કહ્યું, 'આવા મુલાયમ ઓશીકા રાજમહેલમાંના પલંગ પર શોભે, અહીં બાણશૈય્યા પર નહિ.' તેમણે અર્જુન પ્રતિ નજર કરતાં કહ્યું, 'બેટા અર્જુન, મારી વીરશૈય્યાને યોગ્ય એવું ઓશીકું તૈયાર કરી દે.'

પિતામહ પ્રત્યેનો દુર્યોધનનો અવિશ્વાસ આથી વધી પડ્યો. જે અર્જુને તેમના દેહને ચાળણી જેવો બનાવી રથમાંથી જમીન પર ફેંકી દીધો, એ અર્જુનને જ ઓશીકું બનાવવા કહે છે. હજી પણ તેમના દિલમાં પાંડવો પ્રત્યે જ ભાવ છે. બાકી પોતાને પરાસ્ત કરનાર અર્જુનનું મોં જોવા પણ તૈયાર ન થાય. દુર્યોધનના દિલમાં દવ સળગતો હતો. તે અસહાય હતો. પિતામહ સામેનો રોષ પણ તે અહીં ઠાલવી શકતો ન હતો.

અર્જુન પિતામહની ઇચ્છા સમજી ગયો હોય એમ તેણે ત્રણ બાણ વડે પિતામહના મસ્તકને ઊંચકીને બાણના ઓશીકા પર ટેકવી દીધું.

'હાશ!' બાણના ઓશીકા પર માથું મૂકતાં પિતામહે નિરાંતનો દમ ખેંચ્યો. હવે તેમનું માથું લટકતું ન હતું ને પૂર્ણ સ્વસ્થતાથી બાણશૈય્યા પર પોઢ્યા હતા. તેમણે કહ્યું, 'આવી બાણશૈય્યા પર પોઢવું એ ક્ષત્રિયો માટે યોગ્ય છે.' ને પોતાનો નિર્ણય જણાવ્યો, 'સૂર્ય પાછો ઉત્તરાણનો થાય ત્યાં સુધી હું બાણશૈય્યા પર જ પોઢીશ. ત્યાર પછી હું દેહત્યાગ કરીશ.'

ખૂબ શ્રમિત થયા હોય એમ પિતામહે પોપચાં ઢાળી દીધાં. ધીમો શ્વાસ ચાલતો હતો. તેમની બન્ને પડખે ઊભેલાંના ચહેરા પર ઉદાસીનતા છવાઈ ગઈ હતી. ક્યાંય સુધી સૌ મૂંગામૂંગા પિતામહના ચાળણી જેવા દેહ સામે અપલક નજર માંડતા ઊભા હતા. ક્યારેક એ નજર અશ્રુભીની પણ થતી હતી.

થોડી ક્ષણોના વિસામા પછી ફરી પિતામહે પોપચાં ઊંચાં કર્યાં. તેમણે મંદ સ્વરે બન્ને પક્ષે ઊભેલા મહારથીઓને વિનવણી કરતાં કહ્યું, 'તમે હવે આપસના વૈરાગ્નિને શાંત કરો. બન્ને ભાઈઓ સાથે ઊભા રહો ને સૌ સૌનું સંભાળતા બંધુભાવને વધારો.'

દુર્યોધન જાણે પિતામહની કોઈ સલાહ કાને ધરવા તૈયાર ન હોય એમ ત્યાંથી હટી જઈને પિતામહના દેહ પરના ઘામાંથી વહી

રહેલાં લોહીને બંધ કરવા ને ઘા રૂઝવવા માટેની તાત્કાલિક સારવાર કરવા વૈદને લઈ આવ્યો. પિતામહને કોઈ સારવારની જરૂર નહોતી. તેમણે કહ્યું, 'દુર્યોધન, હવે મારે કોઈ સારવારની જરૂર નથી. આ બાણના જખ્મોથી મૃત્યુને શરણે થવું એ જ હવે મારું કર્તવ્ય છે. તમે વૈદને પાછા મોકલો.'

હવે પિતામહનો નિર્ધાર જાણ્યા પછી બધા ત્યાંથી ધીમે ધીમે વિખરાવા લાગ્યા. બાણશૈય્યાની ચારે બાજુ ખાઈ ખોદાવીને તેના રક્ષણ માટે પહેરેગીરની ગોઠવણ કરી. તેમની પ્રદક્ષિણા કરી તેમને વંદન કરી સૌ વિખરાયા.

બીજા દિવસે યુદ્ધનો શંખનાદ થાય તે પહેલાં પાંડવો ને કૌરવો બાણશૈય્યા પર પોઢેલા પિતામહના દર્શને આવ્યા ત્યારે સંખ્યાબંધ કુમારિકાઓ તેમનું પૂજન કરતી હતી. તેમના પર પુષ્પવૃષ્ટિ થતી હતી. થોડી ક્ષણોમાં તપસ્વીઓ, ઋષિ મુનિઓ પણ તેમનાં દર્શને ઊમટ્યા હતા. પિતામહ શાંત આંખો બંધ કરીને પોઢ્યા હતા. હજી પણ તેમના દેહમાંથી લોહી ટપકતું હતું ને ધરતી લોહીભીની બની રહી હતી.

ત્યાં પિતામહે નયનો ઉઘાડ્યા. યુધિષ્ઠિર ને દુર્યોધન સામે તેમણે નજર નાંખી. પછી હળવેથી બોલ્યા, 'ખૂબ તૃષા લાગી છે, ગળું સુકાઈ જાય છે, જળપાન કરાવશો ?'

પિતામહની તૃષા વિષે જાણતાં કૌરવો તેમના માટે વિવિધ પ્રકારના ભોજન સાથે હાજર થયા. પિતામહે ભોજન પ્રતિ નજર કર્યા વિના જ બૂમ પાડી, 'અરે, અર્જુન ક્યાં છે ?'

અર્જુન તરત જ પિતામહ સમક્ષ બે હાથ જોડી દીનભાવે ઊભો. પિતામહે તેના પ્રતિ ભાવભરી નજર નાંખતા કહ્યું, 'અર્જુન, તેં મારા આ દેહને બાણથી વીંધીને ચાળણી જેવો બનાવી દીધો છે. રક્તભીનો બની રહ્યો છે. તેની અસહ્ય વેદના પણ હું મૂંગા મૂંગા બરદાસ કરું છું. તૃષાની તીવ્રતાથી મારું ગળું સુકાય છે. મને પાણી દે. મારો કંઠ સુકાય છે.'

'દુર્યોધન ઊભો ઊભો પિતામહ ને અર્જુન વચ્ચેનો સંવાદ સાંભળતો હતો. તેના મનમાં પિતામહ વિષે કટુતા ઘૂંટાતી હતી.

અર્જુન પિતામહની બાણશૈય્યાની જમણી દિશા તરફ વળ્યો. બાણશૈય્યાની નજદિકની જમીનને બાણથી વીંધીને પૃથ્વીના ઊંડાણમાંથી નિર્મળ શીતળ જળનો ફુવારો ઊડતો કર્યો ને પિતામહને તે પાણીનું પાન કરાવ્યું.

દિવસોની તૃષા આમ શાંત થતાં જાણે તેમની ચેતના ફરી જાગ્રત થઈ હોય એમ તેમણે યુધિષ્ઠિરને કહેવા માંડ્યું, 'યુધિષ્ઠિર, તમને ન્યાય દેવા માટે મેં દુર્યોધનને ઘણો સમજાવ્યો, પણ તેણે મારું સાંભળ્યું જ નહિ. હું જાણતો હતો કે દુર્યોધન કોઈની સલાહ કે શીખ સ્વીકારતો નથી. હવે ભીમના પરાક્રમે તેનો પરાજય થશે ને તે પોતે પણ મૃત્યુ પામશે.'

દુર્યોધન ત્યાં ઉપસ્થિત હતો. પિતામહ તે જાણતા પણ હતા. તેમના દિલની દારુણ વ્યથા વ્યક્ત કર્યા વિના રહી શકયા નહિ. તેમણે દુર્યોધન પ્રતિ દૃષ્ટિપાત કરતાં કહ્યું, 'દુર્યોધન, તને મારા વચનોથી દુઃખ થયું જ હશે, પણ શું કરું ભાઈ! જે નિશ્ચિત્ત છે તેની જાણ કરવી એ મારી વડીલ તરીકે ફરજ છે. એટલે તને આ મૃત્યુશૈય્યા પર પડ્યો પડ્યો કહું છું. તું મારી વાતનો મર્મ બરાબર સમજી લે ભાઈ. પાંડવોની સાથે હજી પણ સુલેહ કરી લે. તેમનું જે હોય તે તેમને હવાલે કર.' પછી નિઃશ્વાસ નાંખતા પોતાની અંતિમ ઇચ્છા વ્યક્ત કરતા હોય એમ બોલ્યા, 'આ દેહ પડે તે પહેલાં તમે ભાઈઓ સાથે હો ને યુદ્ધની તબાહીનો અંત આવે એ જોવાની મારી ઇચ્છા છે.'

પિતામહ લાગણીનો ધોધ વહાવતા હતા, પણ દુર્યોધન જડશો ઊભો હતો. પિતામહના શબ્દો જાણે તેને સ્પર્શી જ શકયા ન હોય એમ યથાવત મૂંગો મૂંગો ઉઘાડી આંખે જોતો હતો. પિતામહના શબ્દો તેના દિલની વેદનાને ઉત્તેજતા હતા.

તે સ્વગત બબડ્યો, 'મરણ ક્ષણે પણ જેમના આશ્રયે જીવન સુખશાંતિમાં વહી ગયું તેને જ બેવફા થવાની જિંદગીની આદત હજી પણ જતી નથી. યુદ્ધમાં ભારે ખુવારી પછી મને સમાધાન કરવાની સલાહ દેતાં તેમને ખટકો પણ નથી થતો ?'

તે બબડ્યો, 'મારે હવે સમાધાન શા માટે કરવું ? પિતામહ ઢળી પડ્યા એટલે હું નિર્બળ થઈ ગયો ? ના, એમ નથી. હજી યુદ્ધમાં અપરાજીત ગણાતા દ્રોણાચાર્ય મારી સાથે છે. મહાવીર કર્ણ તો પાંડવોનો ખુરદો બોલાવી દેવાની તમન્ના સાથે મારી પડખે છે, છતાં પિતામહ મને શરણાગતિ સ્વીકારવાની સલાહ આપતાં લજવાતાં કેમ નથી ? પાંડવોને રાજ્ય આપવાની હવે કોઈ વાત જ નથી. શા માટે પિતામહ મૃત્યુ ટાણે પણ તેમનું ગાણું ગાતા હશે ?'

દુર્યોધન અનુત્તર હતો. પિતામહ પણ આંખો બંધ કરી નિઃસ્તબ્ધ બની ગયા હતા. પાંડવો અને કૌરવો પણ હવે પિતામહને નમન રી વિદાય થયા હતા. પિતામહના ચહેરા પર પરમ શાંતિ છવાઈ ગઈ હતી.

ત્યાં પિતામહ ઢળી પડ્યાના સમાચાર મળતાં કર્ણ દોડતો આવી પહોંચ્યો. છેલ્લા દિવસોમાં પિતામહ પાંડવસેના સામે જે ઝનૂનપૂર્વક લડ્યા હતા ને પાંડવસેનાનો ખુરદો બોલાવ્યો હતો. તેથી કર્ણના મનમાં પિતામહ વિષેનો કટુભાવ દૂર થયો હતો.

'પિતામહ !' શાંત બાણશૈય્યા પર પોઢેલા પિતામહ સમક્ષ વિનમ્રભાવે બે હાથ જોડી ઊભા રહેલા કર્ણે હળવેથી સાદ દીધો. પિતામહનાં નયનો ઊઘડ્યાં. કર્ણને પોતાની સમક્ષ ઊભેલો જોઈ તેમના સુક્કા હોઠ પર સ્મિતબિંદુ જાગ્યા. કર્ણે બે હાથ જોડી વંદન કર્યા. પિતામહના દેહની હાલત જોતાં તે પણ દ્રવી ઊઠ્યો હતો.

'આવ, મારી પાસે આવ, ભાઈ કર્ણ !' ધીમા ભાંગેલા સ્વરે પિતામહે કર્ણને પોતાની પાસે બોલાવ્યો. કર્ણ ગદ્‌ગદિત થઈ ગયો. પિતામહે કર્ણ પ્રતિ પોતાનો લોહીભીનો હાથ લંબાવ્યો. કર્ણે તે

પકડી લીધો. તે સાથે જ તેની આંખમાંથી અશ્રુધારા વહેતી થઈ.

પિતામહે તેને આશ્વાસન દેતાં કહ્યું, 'દુર્યોધનના ઋણનો ભાર હળવો કરી હું અહીં પડયો છું. ભાઈ કર્ણ, મારે તને કેટલીક વાત કરવી છે. અત્યાર સુધી તારા મનમાં મારા વિષે જે ભાવ હતો તે હવે દૂર થયો જ હશે એટલે તને કહું છું. ભાઈ કર્ણ, તું સૂતપુત્ર નથી, પણ કુંતીનો પુત્ર છે. યુધિષ્ઠિરનો મોટો ભાઈ!'

'જાણું છું પિતામહ!' કર્ણના સ્વરમાં પણ ખિન્નતા હતી.

'છતાં મા જણ્યા ભાઈઓના સંહારનો માર્ગ તેં સ્વીકાર્યો!' સાશ્ચર્ય પિતામહ પૂછી રહ્યા. તેને બિરાદાવતાં હોય એમ બોલ્યા, 'તારા સત્યનિષ્ઠા, વીર્ય, દાન પરાયણતા ને ધાર્મિકતાથી તારા માટે મને હંમેશા માન જ રહ્યું છે.' પછી દ્રવિત સ્વરે બોલ્યા, 'કુરુવંશનો વિનાશ થતો અટકાવવો જોઈએ. કર્ણ, તારે જ એ પરમ કર્તવ્ય હવે અદા કરવું જોઈએ.'

પોતાની લાચારી વ્યક્ત કરતો હોય એમ કર્ણ દીનભાવે કહી રહ્યો, 'હું અસમર્થ છું પિતામહ!' ને ઉમેર્યું, 'જો આપ ન અટકાવી શકયા ને આપે પણ શસ્ત્ર ધારણ કર્યાં તો કર્ણ કોણ?'

'હા. કર્ણ જ હવે આ વિનાશ અટકાવી શકે તેમ છે.' પિતામહ તેમના ઇરાદાને દોહરાવતાં બોલ્યા, 'કર્ણ પોતાના ભાઈઓનો સંહાર કરવાની દુર્યોધનને ના પાડી દે, શસ્ત્રો હેઠા મૂકી દે, પછી દુર્યોધન પણ પાંડવો સાથે સમાધાન શોધવા તૈયાર થશે.' ને સાથે જ વિશ્વાસ વ્યક્ત કર્યો, 'પાંડવો તો આજે પણ સમાધાન માટે તૈયાર છે.'

પિતામહની સલાહ સાંભળતાં કર્ણ હલબલી ઊઠયો. તેના મનોપ્રદેશમાં પ્રશ્નો ઊઠયા, 'જો પિતામહ દુર્યોધનના આશ્રિત હોવાના કારણે જ પાંડવો વિષે તેમના મનમાં ભારોભાર ભાવ હોવા છતાં દુર્યોધનના પક્ષે ઊભા ને પાંડવસેનાનો ધાણ વાળી દીધો ને ઋણભાર હળવો કર્યો. તેઓ મને કેમ નિમકહલાલ થવાની સલાહ આપતા હશે? તેણે પોતાના મનોભાવ છુપાવી રાખ્યા ને પિતામહને

જવાબ દીધો : 'પિતામહ, હું કુંતીનો પુત્ર છું એ જાણું છું, પણ મા કુંતી તેના દીકરાને મળવા આવી છે ખરી ? જે વાત આજે જાહેર થાય છે એ વાત કુંતીએ યુધિષ્ઠિરને કેમ ન જણાવી ?' ને અફસોસ ઠાલવતાં બોલ્યો, 'પિતામહ, તમે જેમ દુર્યોધનના આશ્રિત હતા ને આશ્રિત તરીકે દુર્યોધનની પડખે ઊભા રહી લડતાં લડતાં બાણશૈય્યા પર પોઢ્યા તેમ હું પણ દુર્યોધનનો આશ્રિત છું. આજ દિન સુધી મેં તેનું લૂણ ખાધું છે. તેના ઐશ્વર્યનો ભાગીદાર બન્યો છું. હવે તમે જ કહો આ કટોકટીની ક્ષણે મારાથી તેને છોડી કેમ દેવાય ? તેણે મારા પર જે અસંખ્ય ઉપકારો કર્યા છે તેનો બદલો વાળવાની મારા માટે તો આ પરમ સુભગ ઘડી છે.'

કર્ણ ઘણું ઘણું બોલી ગયો. હવે તે થંભ્યો હતો. થોડીક ક્ષણો શાંતિ છવાઈ રહી. પિતામહ પણ ગંભીરતાથી કર્ણને સાંભળતા હતા.

વળી પાછું કર્ણે કહ્યું, 'આ યુદ્ધમાં ઘોર વિનાશ થવાનો છે એવું તો આપે તે દિવસે ભરી સભામાં જાહેર કર્યું જ હતું. પણ પિતામહ, હું નિરુપાય છું. મારે અર્જુન સાથે અનિવાર્યપણે યુદ્ધ કરવું જ પડશે. દુર્યોધનની ઇચ્છા મારે પૂર્ણ કરવી જ પડશે.'

થોડી ક્ષણો પિતામહ સામે દૃષ્ટિ ઠેરવી રહ્યા પછી દીનભાવે બોલ્યો, 'હું તો આપની પાસે એટલું જ માગું છું કે, આપ મને અર્જુન સાથે યુદ્ધ કરવાની રજા આપો.'

બાણશૈય્યા પર પોઢેલા પિતામહ દેહની વેદનાથી તો પીડાતા હતા, પણ કર્ણના વચનો પછી તેમની માનસિક વ્યથા પણ વધી પડી હતી. કર્ણની દલીલો વ્યર્થ નહોતી. જે હકીકતો પોતાને વિષે સાચી હતી, તે જ હકીકતો કર્ણને વિષે પણ સાચી છે એમ તો તેઓ મનોમન સ્વીકારતા હતા. તેમના દિલની વેદના કુરુવંશના સંહાર વિષેની હતી એટલે તેમણે કર્ણને કહ્યું, 'ભાઈ કર્ણ, તારી દલીલમાં જોર છે; પણ મારા દિલનો સંતાપ તને કેવી રીતે કહું ?' ગમભર્યા સ્વરે કહ્યું, 'આસનદ્રોહ અત્યંત અપયશ અપાવનાર

અને અધમતાનો ઉત્પાદ કરે છે. સર્વ પ્રકારના વિનાશનો સર્જક છે. તેમાંથી બન્ને પક્ષે ખુવારી થશે. જે જીતશે તે પણ ગમભર્યો હશે, પણ મારી આ વાત કોણ સાંભળે?'

વળી પાછા પિતામહ અટક્યા ને નેત્રો પર પડળ ઢાળી દીધાં. કર્ણ ત્યાં મૂંઝવણ અનુભવતો ઊભો ઊભો પિતામહના ચહેરા પરના ભાવો વાંચવા પ્રયત્ન કરતો હતો.

ત્યાં હળવે હળવે પિતામહે પોપચાં ઉઘાડ્યાં ને કર્ણ પ્રત્યે સમભાવ ઠાલવતાં બોલ્યા, 'ભાઈ કર્ણ, મોડું ઘણું જરૂર થયું છે. છતાં જો તું પાંડવો પ્રત્યેના વૈરભાવનો ત્યાગ કરી શકતો ન હોય તો ખુશીથી યુદ્ધ કરજે. એવું યુદ્ધ કરજે કે, જેથી દુર્યોધનની જીત થાય. જા, તને મારી રજા છે. હું પણ યુદ્ધનું પરિણામ શું આવે છે તે જોયા પહેલાં દેહત્યાગ નહિ કરું.'

જાણે તેમનું હૈયું વલોવાઈ જતું હોય એમ બોલ્યા, 'આસન-દ્રોહના મહાપાપથી ભારતવર્ષનો સર્વનાશ ન થાય તે સારું હું ઘણા વખતથી મારા બને તેટલા પ્રયત્નો કરતો રહ્યો છું, પણ મારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા!' દુઃખદ સ્વરે કહ્યું ને ઉમેર્યું, 'ખરેખર ભારતવર્ષનો વિનાશ થશે!'

તેમની આંખમાંથી અશ્રુપ્રવાહ વહેતો થયો. કર્ણ દિગ્મૂઢ શો પિતામહના ચરણોને સ્પર્શ કરી વિદાય થયો.

કુરુક્ષેત્રમાં કૌરવો સાથેના યુદ્ધમાં પાંડવો વિજયી થયા. હસ્તિનાપુરની ગાદી પર યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો, પણ યુધિ-ષ્ઠિરના મનનો વિષાદ દૂર થતો નહોતો. વિજયનો આનંદ કે હસ્તિનાપુરની પોતાના પિતા પાંડુની ગાદી પોતાને પ્રાપ્ત થઈ તેનો રજમાત્ર ઉલ્લાસ પણ યુધિષ્ઠિરના મનમાં ન હતો.

યુધિષ્ઠિરની આવી હતાશા ભરેલી મનોદશા જોઈને શ્રીકૃષ્ણે તેમને સલાહ આપતાં કહ્યું, 'યુધિષ્ઠિર, તમારો વિષાદ વ્યર્થ છે. છતાં તમારા સમગ્ર કુળના પિતામહ ભીષ્મ હજી બાણશૈય્યા પર

પોઢેલા છે. તેમના જીવતરના હવે માત્ર ત્રીસ દિવસ જ બાકી છે. ચાલો, આપણે તેમની પાસે જઈએ ને તમારા વિષાદનું નિવારણ કરીએ. પિતામહ માત્ર એક એવા પુરુષ છે જે શાસ્ત્રદ્રષ્ટા સોળે કળાએ તમામ ધર્મોને યથાર્થ જાણે છે.'

શ્રીકૃષ્ણની સલાહ પ્રમાણે પાંડવો બાણશૈય્યા પર પોઢેલા પિતામહ સમક્ષ ઉપસ્થિત થયા. બાણશૈય્યા પર પોઢેલા પિતામહના ચહેરા પર વેદનાના, વ્યથાના કોઈ ચિહ્નો જણાતાં ન હતાં. છતાં એ મૂંગી પીડા પાછળ કોઈ નવા અવતારનું તેજ ઝળહળતું જણાતું હતું. શ્રીકૃષ્ણ અને પાંડવો તેમની સમક્ષ ઊભા એટલે તેમણે નેત્રો ઉઘાડીને સ્મિત રેલાવ્યું. સૌનાં વંદન ઝીલતા પિતામહે દર્દભર્યા સ્વરે પોતાની મનોવ્યથા વ્યક્ત કરતાં હોય એમ બોલ્યા, 'હું તો ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને કહેતો હતો. ધર્મનો વિજય થશે. પણ મદમાં છકેલો દુર્યોધન મારી વાત પર ધ્યાન દેવા તૈયાર ન હતો. તેને પિતામહ, દ્રોણ, કર્ણ વગેરેની શક્તિ પર ઘણો મદાર હતો. પરિણામ કેવું આવ્યું? આખરે ધર્મનો, સત્યનો જ જયકાર થયો ને?'

પિતામહ પોતાની લાગણી વ્યક્ત કરતાં હતા. ત્યાં જ નિસાસાભર્યા સ્વરે યુધિષ્ઠિરે કહ્યું, 'ભાઈઓનાં લોહીથી પ્રાપ્ત થયેલો વિજય એ વિજય નથી. મને હસ્તિનાપુરની ગાદી જોઈતી નથી.'

ત્યાં શ્રીકૃષ્ણે કહ્યું, 'યુધિષ્ઠિરનો આ વિષાદ દૂર થાય ને હસ્તિનાપુરની ગાદીનો પ્રભાવ વધે તેવી સલાહ તમે જ યુધિષ્ઠિરને આપો તો સારું.' પછી કૃષ્ણે ઉમેર્યું, 'તમારા જીવતરમાં પણ હવે માત્ર ત્રીસ દિવસ બાકી છે. તમારી વિદાય સાથે જ આર્યાવ્રતની સંસ્કૃતિ અને જ્ઞાનનો પણ લોપ થશે. આજે તમે જ બાણશૈય્યા પર સૂતા છો. ત્યાંથી આર્યાવ્રતની સંસ્કૃતિના સનાતન બીજ આ યુધિષ્ઠિરને દેતાં જાઓ કે જેથી જગતનું કલ્યાણ થાય તેવા માર્ગને અનુસરે. મહારાજ યુધિષ્ઠિરને તમારો જ્ઞાનભંડાર એક દિવસમાં આવી શકે તેમ પણ નથી. એટલે તે રોજ તમારી પાસે

આવશે. તમે તમારા જ્ઞાનભંડારનો વારસો આપતા રહો એવી મારી માંગણીનો આપ સ્વીકાર કરો એવી પ્રાર્થના છે.'

પિતામહે શ્રીકૃષ્ણની માગણીનો જવાબ દેતાં કહ્યું, 'આ બાણ-શૈય્યા મને પીડા કરે છે એટલે મારી પ્રતિભા કામ કરતી નથી, છતાં આપની આજ્ઞાનો હું સ્વીકાર કરું છું. મારી જે શક્તિ મહાન છે તે આજે અંત સમયે આપના ચરણમાં મૂકવાનો જે અવસર મને પ્રાપ્ત થયો છે તેને હું મારું અહોભાગ્ય ગણું છું.'

પિતામહ સાથે શ્રીકૃષ્ણે કરેલી ગોઠવણ પ્રમાણે યુધિષ્ઠિર પોતાના મનનો વિષાદભાવ શાંત કરવા રોજ બાણશૈય્યા પર પોઢેલા પિતામહ પાસે ભક્તિભાવપૂર્વક બેસી પ્રશ્નો કરતા ને પિતામહ તેના જવાબ દેતા હતા.

પિતામહ યુધિષ્ઠિરના મનનું સમાધાન કરતા હતા. દિવસો વ્યતીત થતા હતા. શ્રીકૃષ્ણે તેમના જીવતરના ત્રીસ દિવસો જ બાકી હોવાની વાત કર્યા પછી પિતામહ યુધિષ્ઠિરને ઉપદેશ દેવામાં પોતાના દેહની પીડા પણ ભૂલી જતા હતા.

આખરે વ્યાસે પિતામહને કહ્યું, 'હવે યુધિષ્ઠિરને, પાંડવોને જવાની રજા આપો.'

પિતામહે વ્યાસની સલાહ પછી યુધિષ્ઠિરની સામે જોઈને કહ્યું, 'યુધિષ્ઠિર, હવે તું પાછો જા. તારો માનસિક સંતાપ દૂર થાઓ. તું શ્રદ્ધાપૂર્વક ક્ષત્રિય ધર્મનું પાલન કરજે. આજે તારી પાછળ ઉત્તરાયણનો સૂર્યોદય હું જોઈ રહ્યો છું.' પિતામહે છેલ્લો શ્વાસ ખેંચતા કહ્યું, 'ભાઈ યુધિષ્ઠિર, તારા બાપદાદાએ ક્ષત્રિય ધર્મને ઉજ્જવળ ને યશસ્વી બનાવ્યો છે. તે સતત તારી નજર સમક્ષ રાખજે. મારા જેવાને છેલ્લે છેલ્લે જીવતર સાર્થક થવાનો સંતોષ મળે તે રીતે રાજ્યનો કારોબાર ચલાવજે. તારા કાર્યમાં પ્રભુની તને સહાયતા પણ પ્રાપ્ત થશે.'

પાંડવો પિતામહને વંદન કરી, તેમની પ્રદક્ષિણા કરીને તેમના

આશિષ વચનો સાથે પાછા ફર્યા. યુધિષ્ઠિરના મનનો વિષાદભાવ શાંત થયો હતો. ક્ષાત્રતેજથી તેમનો ચહેરો દેદીપ્યમાન લાગતો હતો.

બીજા દિવસે સૂર્ય ઉત્તરાયણના થયા. પિતામહના નિર્ધાર પ્રમાણે હવે તેઓ દેહત્યાગ કરવા માટેની માનસિક તૈયારી કરતા હતા ત્યાં ધૃતરાષ્ટ્ર, કુંતી, ગાંધારી, યુધિષ્ઠિર, બ્રહ્મર્ષિઓ, રાજાઓ, પિતામહની બાણશૈય્યા આગળ જમા થયાં.

હળવે હળવે પિતામહ પ્રાણત્યાગની ક્રિયા કરતા હતા, પણ ધૃતરાષ્ટ્રને જોતાં તેમણે ક્રિયા થંભાવી અને ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને કહી રહ્યા, 'હે ધૃતરાષ્ટ્ર, તું સર્વ ધર્મોનો જાણકાર છે. જે કાંઈ થઈ ગયું તેનો શોક હવે કરવો નકામો છે. આ પાંડવોનું તું સ્થિર બુદ્ધિ રાખીને રક્ષણ કરજે.'

પિતામહ હવે છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. તેમના દેહમાંથી પ્રાણ હવે વિદાય લઈ રહ્યો હતો. તેમની ગતિ પણ શાંત પડતી હતી. ત્યારે તેમણે શ્રીકૃષ્ણ પ્રતિ બે હાથ જોડી વંદન કરતાં કહ્યું, 'આપને મારા છેલ્લા નમસ્કાર! હવે હું મારા આ દેહનો ત્યાગ કરું છું. મને આજ્ઞા આપો.'

પોતાની આસપાસ જમા થયેલા સૌને છેલ્લા નમસ્કાર કરતાં તેમણે કહ્યું, 'હવે હું પ્રાણનો ત્યાગ કરું છું. તમે સૌ સત્યને જ વળગી રહેજો.' પિતામહે તેમના પિતા રાજા શાન્તનુએ જે વરદાન દીધું હતું તે પ્રમાણે તેમની ઇચ્છા પ્રમાણે જ તેમણે પ્રાણત્યાગ કર્યો.

* * *

પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ

# પિતામહ

